'આધ્યાત્મિક જીવનની સંપૂર્ણ સફળતાનું મૂળભૂત બીજરહસ્ય સાચા ગુરુની કૃપામાં જ પડ્યું છે' તે સત્યને પ્રકાશતું પુસ્તક....

# ગુરુમાતા


: લેખક :

પં. ચન્દ્રશેખરવિજયજી


૯


ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05



કમલ પ્રકાશન ટ્રસ્ટ

**'ગુરુમાતા'**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨/એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,
આનંદનગર પોસ્ટ ઓફિસ પાસે,
ભઠ્ઠા-પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૨૬૬૦૫૩૫૫, ૨૬૬૪૧૫૫૮

**લેખક - પરિચય**

સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્‌વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય

**પૂ. પં. ચન્દ્રશેખરવિજયજી.**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ નકલ : ૨૦૦૦
દ્વિતિય સંસ્કરણ નકલ : ૨૦૦૦
તૃતિય સંસ્કરણ નકલ : ૪૦૦૦
ચતુર્થ સંસ્કરણ નકલ : ૨૦૦૦
પંચમ્ સંસ્કરણ નકલ : ૧૦૦૦
તા. ૧૫-૭-૨૦૧૬, વિ. સં. ૨૦૭૨

મૂલ્ય રૂા. ૪૦/-

**ટાઈપસેટિંગ :**

**અરિહંત ગ્રાફીક્સ**

ખાડિયા ચાર રસ્તા,
અમદાવાદ.

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

૧૫-સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

**આ પુસ્તક જ્ઞાનખાતાનું હોવાથી કોઈ શ્રાવકે તેની માલિકી કરવી નહીં**

# ક્રમદર્શન...


| | | |
|---|---|---|
| | જીવનમાંથી જડેલું (આમુખ) | ૧ |
| ૧ | ગુરુમાતા | ૬ |
| ૨ | ગુરુ-સમર્પણ | ૧૦ |
| 3 | सद्गुरु शरणं मम | ૧૫ |
| ૪ | મારા જીવનસાથી : મારી મા | ૧૯ |
| ૫ | જીવનસાથીની જરૂર | ૨૪ |
| ૬ | પાપશુદ્ધિ | ૨૮ |
| ૭ | શાસનસેવાનો સરળતમ ઉપાય | ૩૬ |
| ૮ | आणाए धम्मो | ૪૨ |
| ૯ | શિષ્ય પરત્વે ગુરુનું વલણ | ૪૯ |
| ૧૦ | ગુરુપરત્વે શિષ્યનું વલણ | ૫૩ |
| ૧૧ | અંતરનો કકળાટ | ૫૮ |
| ૧૨ | સાધુ એટલે ? જગતની મા..... | ૬૧ |
| ૧૩ | અંગત વિચારણા | ૬૬ |
| ૧૪ | ઉદાસીનતા | ૭૨ |
| ૧૫ | અનંત સંસારનો અંત શેં થાય ? | ૭૬ |
| ૧૬ | આજ અને આવતી કાલ | ૮૧ |
| ૧૭ | ભારે ગૂંગળામણ | ૮૫ |
| ૧૮ | આજે આપણું કર્તવ્ય શું ? (૧) | ૯૧ |
| ૧૯ | આજે આપણું કર્તવ્ય શું ? (૨) | ૯૫ |
| ૨૦ | મન્ત્રજપ અને ગુરુકૃપા | ૯૮ |
| ૨૧ | મન્ત્રજપ સફળ ક્યારે બને ? | ૧૦૦ |
| ૨૨ | બ્રહ્મચર્ય અને ગુરુપારતન્ત્ર્ય | ૧૦૩ |
| ૨૩ | મુનિજીવનનો પ્રાણ : ગુરુ-સમર્પણ | ૧૦૭ |
| ૨૪ | યુગપ્રધાનના જન્મ પહેલાં આપણું કર્તવ્ય | ૧૧૧ |
| ૨૫ | સાધુજીવન કઠીન હૈ..... | ૧૧૫ |
| ૨૬ | અતીતમાં ડૂબકી | ૧૨૧ |
| ૨૭ | મુમુક્ષુને સંદેશ | ૧૨૮ |

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો તપોવનમાં મૂકો જ દર જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષની વયથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. ગંદું કહેવાય તે બધું તેમના જીવમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિ પ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારરસી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવન ગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને એકાએક કરમાઈ જાય તો એ માબાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાંખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવા બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં માબાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય મુખ્યપણે નજરમાં રખાય છે. મોક્ષલક્ષ અને સદાચારપક્ષ એ તપોવનનું મુખ્ય તત્ત્વ છે. પ્રત્યેક બાળકને શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તે માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને. એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે. એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા

(રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય, એવું તેના તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં એ એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમના બાળકોને વિકૃતિઓના ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ પાંચથી બાર) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવીના ભવ્ય ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ માબાપોએ બાળકોને સમગ્ર જીવનના હિતમાં તે ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં અપાવવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## ● યાદ રાખો ●

**લાડમાં કે લાગણીમાં માબાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના.... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ સ્કૂલમાં આપણા બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારાં બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

**સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ**
**સમ્યગ્જ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...**

શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**

# પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**

પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**

સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્ક સ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

**નોંધ :** પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

# જીવનમાંથી જડેલું

શું લખું ?

જીવનમાં અનેક ઝંઝાવાતો આવ્યા અને ગયા; બાહ્ય અને અભ્યન્તર- બે ય.

હજી તો સાધક જ હતો આ આત્મા, એટલે ક્યારેક ઠોકર પણ ખાધી. પણ પછી તો સાવધ બનીને સડસડાટ ચાલ્યો ય ખરો.

ઘણી રાત્રીઓ વીતી ઊંડા મથામણની.

ઘણા પ્રસંગો પડ્યા માંહ્યલાની સૂઝ પમાડી દે તેવા.

ઘણા આવી ગયા અંધારા અને ઘણા પથરાઈ ગયા અજવાળાં.

વર્ષો ઉપર વર્ષો બેઠા.

જીવનના સાર-અસારના છેદ ઊડાડતાં ઊડાડતાં અંતે એક સ્થિર આંક પ્રાપ્ત થયો :

કલ્યાણ શેમાં ? એક જ ઉત્તર આપો.

પ્રાપ્ત થતી પુણ્યશક્તિઓ વૈતરણીના જળ ન દેખાડી દે એવી પનોતી તાકાત કોનામાં ? એક જ શબ્દમાં કહી દો.

લોઢાના ચણા ચાવતાં બત્રીસે ય દાંત તૂટી ન પડે એવી સિદ્ધિ બક્ષવાની માંગલિકતા ક્યાં ? એક જ ધડાકે જણાવી દો.

પાપાત્માને માત્ર પુણ્યાત્મા જ ન બનાવે, ધર્માત્મા પણ બનાવે એવું અદ્‌ભુત શિલ્પ જીવનના પાષાણ ઉપર કંડારવાનું સામર્થ્ય શેમાં ? એક જ વાત કરી દો.

હું કહું ? વર્ષોના અનુભવનું તારવણ જણાવું ? આપને ગમશે કે નહિ ગમે, જચશે કે નહિ જચે, સ્પર્શશે કે નહિ સ્પર્શે તે તો હું જાણતો નથી છતાં કહી દીધા વિના રહી શકતો નથી.

સાધકના જીવનની સુરક્ષા, સફળતા અને સિદ્ધિ; જે કાંઈ કહો તે બધું ય ગુરુમાતાના ચરણોની પળપળની સેવામાં જ હોઈ શકે.

જ્યાં એ ચરણની સેવા નથી ત્યાં કશુંય નથી. છે માત્ર વિરાટ શૂન્યાવકાશ. જો કદાચ હોય જન્માંતરના પુણ્યનો વિપાક તો ભયાનક પાપના અનુબંધોને જીવન આપવા જ એ જન્મ્યો હોય.

શું કરવાનું એ પુણ્યના જીવનને, એ માન-સન્માનને, એ ભવ્ય સંસારને કે જ્યાં ભયાનક સ્વપ્નો સત્ય સ્વરૂપે પરિણમી જવાની સિદ્ધિને વરતાં હોય.

એના કરતાં તો એ પુણ્યવિહોણી દશા સારી. ભલેને ન મળે માનમરતબા કે ન મળે વિદ્વત્તા વગેરે પણ પેલી રાગ-રોષની ભડભડ બળતી જ્વાળાઓ તો શાન્ત, પ્રશાન્ત, ઉપશાન્ત તો રહેશે ને ! બસ, બસ, તો પછી સાધકને બીજું જોઈએ પણ શું ?

મુક્તિના સુખની યાદને ય વીસરાવી દે તેવી જીવનમાં શાન્તિ મળે, મરણમાં સમાધિ મળે, પરલોકમાં સદ્‌ગતિ મળે તો બીજું જોઈએ પણ શું ?

સુખ ક્યાં ? સુખની સામગ્રીમાં કે ચિત્તની શાન્તિમાં ?

સુખ આપશે જ્ઞાનાવરણાદિ કર્મોના હ્રાસ વગેરે, પણ શાન્તિ તો મોહનીય કર્મના હ્રાસમાં જ શક્ય છે. જ્ઞાનાવરણાદિ કર્મોના ભુક્કા બોલાવી શકશે સ્વાધ્યાયનો ધરખમ પરિશ્રમ, પણ મોહનીય કર્મના ભુક્કા બોલાવવાની તાકાત તો માત્ર દેવગુરુની કૃપામાં જ પડેલી છે.

કૃપાનો આ સો મૅગાટન બોમ્બ જ મોહનીયકર્મની ધરતીને ધણધણાવી દઈને એને કણકણમાં વેરવિખેર કરી દેવાનું પ્રચંડ આણવિક બળ ધરાવે છે.

મને તો મારા જીવનમાંથી આ જડ્યું છે.

જડેલું આ જીવનમાં જડી દીધું ત્યારે જ તિમિર ગયું અને જ્યોતિ પ્રકાશી, ઊકળાટ શમ્યા અને આનંદ ઊભરાયા, કમ્પનો ગયા અને સ્થિરતા સ્પર્શી.

આશ્ચર્યમુગ્ધ કરી દે તેવા ચમત્કારો અનુભવ્યા છે ગુરુકૃપાના !

વર્ષોના અણઊકલ્યા શાસ્ત્રપદાર્થ ગુરુમાતાના પુનિત સ્પર્શ માત્રથી ઊકલી ગયા છે ! એના પ્રણિધાનપૂર્વકના કાર્યોમાં તો સહેલાઈથી આરપાર ઊતરી જવાનું ઉદાત્ત કૌશલ પ્રાપ્ત થયું છે !

અને....વાસનાઓનો તો કાળ છે કાળ આ ગુરુમાતાની કૃપા ! શી રીતે સમજાવું ? અનુભવે જ સમજાય તેવી વાતો કલમના જોરે શી રીતે સમજાવવી ?

એ તો જે એ માતાને અને એની કૃપાને પામે છે તે જ એ ચમત્કારોની દુનિયાને સમજી શકે છે, એ જ એની રસમસ્તી માણી શકે છે, એ જ અનુત્તરદેવના સુખને ય થૂ કરવાની તાકાતનો સ્વામી બની શકે છે.

સહુ સાધકને કહું છું, "તમારે સફળ જીવન જીવી જવું છે ? તો આળોટી જાઓ તમારા ગુરુમાતાના ચરણોમાં !"

સહુને હું જણાવું છું, "કશું ય વિચાર્યા વિના સંપૂર્ણ રીતે સમર્પિત થઇ જજો એ માતાની આજ્ઞાને.... રે ! ઇચ્છાને જ."

વારંવાર ચેતવું છું, "કોઇ લોભ-લાલચમાં આપઘાત કરશો મા પારતન્ત્ર્ય સ્વરૂપ બ્રહ્મચર્યનો ! સ્વચ્છંદતાના આનંદ કરતાં એને ક્યાંય ટપી જાય તેવો આનંદ ગુરુમાતાની ઈચ્છાને સ્પર્શ કરવા માત્રથી છે. નાહક શાને ફસાઓ છો એ ભૌતિક સમૃદ્ધિની લોભામણીમાં !

જીવના જીવનને રેંસી-પીસીને સાફ કરી નાંખે તેવા જડ-જીવનના ચમકારામાં કોઇ ન અંજાશો, ના કદાપિ નહિ."

ગુરુમાતા પ્રત્યેનો અહોભાવ બધું જ આપે છે.

વિદ્વત્તા આપે છે ? હા, જરૂર.

વકતૃત્વશક્તિ આપે છે ? હા, જરૂર.

તપોબળ આપે છે ? બેશક.

રે ! એ શું આપે છે એમ ન પૂછો, એ અહોભાવ શું નથી આપતો એ જ પૂછો.

પણ એક વાત. ભૌતિક શક્તિઓ આપવાની તાકાત એ કાંઇ એની મોટી વિશિષ્ટતા નથી હોં ! એવી પ્રાપ્ત થતી શક્તિઓ પ્રત્યે પણ અનાસક્તિની અવ્વલ આરાધનાની સિદ્ધિ એ જ તો એની ખરેખરી વિશેષતા છે.

દિલ કહ્યા વગર રહી શકતું નથી કે શક્તિઓ સર્વત્ર ઊભરાઈ છે. હવે એ પરસ્પર ટકરાઇ ન જાય એની ખૂબ ગંભીરતા સાથે કાળજી લેવી ઘટે.

પેલો અહંકાર ચૂરચૂર કરશે શક્તિઓને ! અથડાવી અથડાવીને વિનાશ વેરશે એ પ્રચંડ તાકાતોનો ! પરમકૃપાળુ પરમાત્મશાસનનો ! સ્વનો ! સર્વનો !

છે કોઈ ચૂરચૂર કરનાર અહંકારને ય ચૂર કરી દેનારી ઉપાસના ?

હા, એનું જ નામ છે ગુરુમાતાના ચરણોની નિષ્કામ સેવા !

આવો.... ચાલો, આપણે સહુ મુમુક્ષુઓ આપણી જાતને સમાલી લઇએ, સ્વસ્થ બની જઈએ. સ્વની સર્વકામનાઓનું વિસર્જન કરીએ, મતભેદને તેમની મર્યાદામાં જ સીમિત રાખીએ, એમને મનભેદમાં ન પરિણમવા દઇએ.

વિજ્ઞાનનો વિલાસી વાયુ વીંઝાઇ રહ્યો છે.

સમ્યગ્દર્શનની ઈમારતના પાયામાં જ બુદ્ધિવાદના ઘણના ઘા ઝીંકાઇ રહ્યા છે.

ચારિત્ર્યનું પોલાદી બળ તૂટું તૂટું થઇ રહ્યું છે.

શાસન ખતરામાં છે, સર્વ જીવો આપત્તિઓના ઝંઝાવાત વચ્ચે શ્વાસ લઇ રહ્યા છે, 'સ્વ'ના વિનિપાતનું અપશુકનિયાળ રૂદન દૂર દૂરના કોઇ ખૂણેથી સંભળાઈ રહ્યું છે.

તો જાગો, સહુ જાગો, હવન કરો મતભેદોનો ! યજ્ઞ કરો એકતાનો... જિનાજ્ઞાના તંતુએ બંધાઇનેસ્તો !

એ માટેનું બળ પામો ગુરુમાતાની કૃપા મેળવીને.

કૃપા મેળવો એમની બિનશરતી ભક્તિ સાધીને.

જાગશું તો જીવન પામીશું, અનેકોને જગાડશું, અગણિતોને જીવન આપશું.

નહિ તો... જીવતા રહેવા છતાં મોતને ય મીઠું લગાડી દે તેવી કડવાશ આ જ જીવનમાં પામશું. અનેકોના જીવન એ પાપસંગે કડવા બનાવીશું.

મુમુક્ષુઓ ! ગુણોના વિશિષ્ટ જીવનથી આ તત્ત્વજ્ઞાન મને લાધ્યું નથી હોં ! પણ અવગુણોના અશિષ્ટ જીવનમાંથી જે જડ્યું તે સૂઝ્યું છે.

દર્દ અને દવાનો જાણકાર શું ડૉક્ટર જ હોય છે ? ના, ના, આજીવન દર્દી પણ દર્દોનો માર્યો દર્દ અને દવાનો એવો જ અઠંગ જાણકાર ક્યાં નથી બની જતો ? મારો નંબર એવા કોક દર્દીમાં જ હોઇ શકે.

ખૂબ મંથન કર્યું છે જીવનમાં અને અંતે નવનીત પામ્યો છું આ ત્રિભુવનમાં કે બીજું બધું કદાચ ગમે તેમ કરજો પરંતુ બધુંય પમાડી દે, બગાડેલું બધુંય સુધારી દે તેવી વિરાટ શક્તિ ધરાવતી ગુરુચરણસેવા તો એક પળ માટે ય વેગળી ન મૂકજો. ગુરુમાતા પ્રત્યેનો તમારો અહોભાવ મૃત્યુ વેળાએ પણ જીવતો જ રહેજો.

આપના મિત્રના નાતે કે આપના ભાઈના નાતે કે આપના સેવકના નાતે આજીવન દર્દીની આ આરઝૂ છે. આપ અવશ્ય એને સાંભળજો, વિચારજો અને એ વિચારને આત્મસાત્ કરજો.

મારા સંસારી નાના બહેન છે, જેઓ હાલ દીક્ષિત છે, તેમને ઉદ્દેશીને મેં

કેટલાક પત્રો લખ્યા હતા. લખતાં લખતાં ક્યારેક હર્ષના આંસુ વહાવ્યા હતા તો ક્યારેક મારી નિષ્ક્રિયતા ઉપર રડતી આંખોએ દુઃખના આંસુ ય વહાવ્યા હતા. ક્યાંક વળી કોઈ અણદીઠા અક્ષમ્ય શૈથિલ્યને પડકાર પણ કર્યો હતો. ક્યાંક વળી મુમુક્ષુભાવના ચમકારાઓને ભરપેટ વંદનાઓ અર્પી હતી.

એ પત્રો જેણે વાંચ્યા તેના દિલને એ અડી ગયા, રોમરોમમાં રમી ગયા!

મને ઘણા હિતૈષીઓએ પ્રેરણા કરી કે આ પત્રો અનેકોને માર્ગદર્શક કેમ ન બને ! શા માટે એને ભૂગર્ભમાં ભંડારી રાખવા ? એને સત્વરે પ્રકાશમાં મૂકવા જ જોઈએ.

અને... આજે એ પ્રેરણા સાકાર બની રહી છે. આ પ્રકાશન કરીને મેં સારું કર્યું કે ખોટું તે હું હજી નક્કી કરી શક્યો નથી. વાચકો જ જ્યારે મને એ વાત કરશે ત્યારે સમજાશે.

એ પત્રોના સંગ્રહના પાંચ વિભાગ કરવામાં આવ્યા છે. એક વિભાગમાં પરમકૃપાળુ પરમાત્માનું ભક્તિગીત ગોઠવ્યું છે. બીજા વિભાગમાં ગુરુમાતાને સમર્પિત બનવા પ્રેરણા કરી છે. ત્રીજા, ચોથા અને પાંચમા વિભાગમાં શ્રમણજીવનને અનુલક્ષીને વિધવિધ ચિંતનો રજૂ કર્યા છે. આ પાંચેય પુસ્તકોના નામો અનુક્રમે આ છે : (૧) વંદના (૨) ગુરુમાતા (૩) વિરાટ જાગે છે ત્યારે (૪) મહાપંથના અજવાળાં અને (૫) મહાભિનિષ્ક્રમણ.

પૂજ્યોના ચરણકમળમાં વંદના કરીને પ્રાર્થના કરું છું, "છદ્મસ્થભાવે કોઈ ક્ષતિ થઈ હોય, લખાણમાં ક્યાંક કર્કશતા હોય, સિદ્ધાન્તને ક્યાંક આંચ આવી હોય, દિલ કોઈનું દૂભવે તેવું સત્ય પ્રગટ થયું હોય તો આપ મને અવશ્ય જણાવશો. એથી મને ઘણો આનંદ થશે, ક્ષમા યાચીને શુદ્ધ થવાનો."

**લિ. પૂજ્ય ગુરુમાતાનો બાળ**

**ચન્દ્રશેખર**

**દાનસૂરિજી જૈન જ્ઞાનમંદિર,**
કાળુપુર રોડ, અમદાવાદ
સંવત્સરી-મહાપર્વ ૨૦૨૩

# ૧
# ગુરુ-માતા

તમને કોઇ દિવસ 'મા' યાદ આવે છે ? માવિહોણું તમારું જીવન છે એમ તમને ક્યારેય લાગ્યું છે ? માની યાદ તમને સાલે છે ? મા નથી તો જીવનમાં કંઇ જ નથી એવું આ મુનિજીવન માટે તો જડબેસલાક સાચું છે એમ તમે કહી શકશો ? જોજો, હું અહીં જન્મદાત્રી માની વાત કરતો નથી. મુનિને - સંસારત્યાગીને સંગના રંગ ન હોય ! એ રંગની યાદ પણ ન હોય !

અહીં તો ગુરુમાતાની હું વાત કરું છું. ગુરુમાતા વિના પળભર પણ ચાલી શકે ખરું ? એ જ મારો પ્રશ્ન છે. અહીં પણ દીક્ષા-દાતા ગુરુને જ ગુરુમાતા કહેવાનો મારો આશય નથી. અપેક્ષાએ હું તો તેને અહીં ગુરુ કહું છું જે પંચમહાવ્રતના ગુરુગુણથી ઉપેત હોય અને તે જ ગુરુને પછી માતા પણ કહું જો તેમના હૃદયમાં અસીમ વાત્સલ્ય સદૈવ ઊભરાતું હોય. તેવી શાસ્ત્રસાપેક્ષ -વાત્સલ્યમયી મૂર્તિને હું અહીં ગુરુમાતાના પદથી સંબોધું છું.

આવી ગુરુમાતા વિના આપણને પળભર પણ ચાલી શકે ખરું ? એ મારો પ્રશ્ન છે. મારું અંતર તો એમ કહે છે કે, જેને ગુરુમાતાની પ્રાપ્તિ થઇ નથી એને સંસારનો અંત આવવો અશક્ય છે. ગુરુમાતા વિનાનું મુનિજીવન સફળ બની ન શકે એવી મારી વિનમ્ર સમજ છે. જીવનમાં જો એક પણ એવી ગુરુમાતા ન હોય કે જ્યાં આપણે આપણા અંતરની તમામ વાતો મોકળા મને, નિર્દંભ ભાવે કરી ન શકીએ તો પાપશુદ્ધિ થાય શી રીતે ? પાપશુદ્ધિ વિનાનું સંયમ મુક્તિ આપે એ તો ત્રિકાળમાં ય શક્ય નથી.

આજનો કાળ કેટલો ભયાનક ! મોહની સર્વત્ર છાઇ ગઇ છે લીલા ! ચોમેર ઊભરાઇ ગયું છે વિલાસનું વાયુમંડળ ! ચોમેર વેરાયા છે શબ્દાદિ વિષયોના ભભકાદાર આડંબર ! એ બધાની વચ્ચે રહીને આપણે એ બધાયથી અનાસક્ત રહેવાનું ! ખાવાનું છતાં મોં ફિક્કું રાખીને, જોવાનું છતાં અસંગભાવને અવલંબીને, પહેરવાનું છતાં લાપરવા થઇને, શિષ્યાદિ કરવાના છતાં નિર્મોહીની સાધના સ્પર્શીને, ગીત રાગથી ગાવાના પણ વિરાગની સરગમ સાથે, ઉપદેશ શ્રોતાવર્ગને દેવાનો પણ સ્વને ઉપદેશ

દેવાની કળા શીખીને.

ભયાનક કાળ અને એમાં આવી લાક્ષણિક કળાઓ શીખવાની ! રહેવાનું પ્રવૃત્તિમાં અને જવાનું નિવૃત્તિના ધામમાં. સંગમાં રહી અસંગ સાધવાનો ! શક્ય છે ? એનું સામર્થ્ય પણ આપણામાં છે ? જો ના, તો તો પગલે પગલે ભૂલો થતી જ રહે ને ? અતિચાર-બહુલ જીવન ક્યારેક અનાચારને રવાડે ચડી ન જાય શું ? તો શું થાય ? જીવનનો કરુણ રકાસ જ ને ?

આરાધનાનો સર્વનાશ ! સત્વનો સત્યાનાશ ! મુનિવેષે ? અનંત સંસાર! દંભના આંચળે ? વિશ્વની વંચના ! છે બચવાનો કોઈ ઉપાય ? પાપ થઈ ગયા વિના રહેતું નથી. પાપ ન ગમવા છતાંય થઈ જાય ! દુઃખનો પાર નથી, છતાં પાપોની પરંપરા જરૂર ચાલુ છે. છતાં ઊગરવું છે ? પાપ કદી ન થાય એવા ધન્યતમ જીવનને અવશ્ય આલિંગવું છે ? નિષ્પાપ જીવનની મંગળમય પળો આ જીવનમાં જ અવશ્ય જોવી છે ?

શેં જોવાય ? કોણ બતાવે ? કોણ બચાવે ? કોણ રક્ષે ? કોણ આંખના આંસુ લૂંછે ? કોણ આશ્વાસન આપે ?

એક જ ઉત્તર છે : ગુરુમાતાને મેળવી લ્યો.

કોઈ શાસ્ત્રસાપેક્ષ-શુદ્ધ પ્રરૂપક નિર્દંભ આત્માનું શરણું સ્વીકારી લો.... સદૈવ એના પડખાં સેવ્યા કરો. તમારા જીવનની તમામ વાતોથી એને માહિતગાર કરો. તમારા સર્વ પાપોની એને નોંધ કરાવો, શુદ્ધિ માંગો, શુદ્ધિનો રાહ માંગો, શુદ્ધિના સાધનો માંગો.

ફરી ભૂલ થઇ ? ભલે થઈ. ત્યાં જ જાઓ. ગુરુમાતાનો ખોળો તમારા આંસુથી ભીંજવી નાંખો. પાપનો એકરાર કરો, રોતી આંખે ! રડતે હૈયે ! ગુરુ તો ઘણા મળશે પણ માતૃત્વ તો ક્યાંક જ મળશે; જ્યાં તમે તમારી તમામ અંગતતાને ઉઘાડી મૂકી દેશો, અલગતાને દફનાવી શકશો. બેશક, ત્યાં વાત્સલ્યનું ઝરણું ઊભરાઇ જશે અને એ તમારી ગુરુમાતા બનશે. એવું કોઇ એક સ્થાન આજથી દૃઢ કરો.

ગુરુમાતાના પદે વહેલામાં વહેલી તકે કોઇને સ્થાપી દો. અને તમે વિશુદ્ધ-જીવનના સ્વામી બની રહો. તમારું હૃદય અને એ માતાનું હૃદય અભિન્ન બની રહેવું જોઇએ. તમારો એક પણ વિચાર એને અજ્ઞાત ન રહેવો જોઇએ. તમારી કોઇ પણ પ્રવૃત્તિ એની નજરબહાર ન જવી જોઇએ.

પાપનો ડર જેટલો વધુ લાગશે એટલી વધુ જરૂર ગુરુમાતાની જણાશે. જ્યાં સુધી જીવનમાં ભૂલ થવાની શક્યતા છે ત્યાં સુધી ગુરુમાતા વિના એક પળ પણ નહિ ચલાવી લેવાય. વિશુદ્ધિ વિનાનું, પાપના એકરાર વિનાનું, પશ્ચાત્તાપના આંસુ વિનાનું મુનિજીવન એટલે કારમા સંસારનું બીજ-વપન! માટે જ વિશુદ્ધિ રહેવી જોઇએ. અશુદ્ધિ થયા વિના નથી રહેતી તો પણ તેને પુનઃ પુનઃ ટાળવી જોઇએ. શુદ્ધ તો થઇ જ જવું જોઇએ, નહિ થવાય તે ન ચાલે. દંભમય જીવન-પાપમય જીવન એ મુનિજીવન નથી, એ તો હત્યારાનું જીવન કહેવાય ! તો શુદ્ધિ માટે ગુરુમાતા વિના પણ નહિ જ ચાલે ને ?

ગમે ત્યાં શુદ્ધિ થઇ શકે તેમ નથી. ગમે ત્યાં શુદ્ધિ થાય પણ નહિ. ગુરુ હોય પણ એ આપણા પ્રત્યેના વાત્સલ્યભાવવિહોણા હોય તો ગુરુમાતા તો નહિ જ બની શકે. માત્ર ગુરુ પાસે શુદ્ધિ શક્ય નથી, એ માટે તો ગુરુમાતા જોઇએ જ, જોઇએ.

જન્મદાત્રી માતા માંસપિંડને ઉત્પન્ન કરે છે, જ્યારે ગુરુમાતાને આપણે ઉત્પન્ન કરવાની હોય છે. આપણા પરિબળે જ એ ઉત્પન્ન થાય છે. આપણું સ્વાર્પણ જ એને જન્મ આપે છે. આ બહુ વિચિત્ર લાગે તેવી વાત છે, પણ વિચારશો તો સમજાઈ જશે. બીજું બધું બધેય બનશે પણ પાપશુદ્ધિ ક્યાંય નહિ બને. પળે પળે પાપ બનતાં રહે અને શુદ્ધિ ક્યારેય ન થાય તો એ જીવન શું મૃત્યુથી પણ બદતર નથી થઇ જતું ? એવા પાપભર્યા જીવન તો અનેકના જીવનને ઝેર નહિ બનાવતા હોય ? ના, એના કરતાં તો જાતે જ ઝેર...

ના, ના, પણ તેમ કરવાની શી જરૂર છે ? ગુરુમાતાને પ્રાપ્ત કરો. જાતે આબાદ બનશો, બરબાદ બનતા અનેકોને આબાદ કરશો, કુળદીપ થશો, શાસનદીપ બનશો.

તમને વિદ્વત્તા મળશે, કીર્તિ મળશે, શિષ્યોનો વિશાળ ગણ પણ મળી જશે, ખાનપાનની વિપુલ સામગ્રી મળશે, ભક્ત-ભક્તાણીના ટોળાં તમારી આસપાસ ફરતાં જોવા મળશે પણ માતા-ગુરુમાતા મળી જનારી ચીજ નથી. એ તો અઢળક પુણ્યે જ મળી શકે, આત્મવિલોપનના પ્રચંડ પુરુષાર્થે જ મળી શકે. ગુરુમાતા મળી ન જાય, એને તો મેળવવી પડે.

બધું લૂંટાઇ જાય તો લૂંટાઇ જવા દેજો પણ ગુરુમાતાને મનમાંથી પળભર

પણ જવા ન દેશો. યશકીર્તિ ભલે ચાલ્યાં જતાં, વિદ્વત્તા ભલે વટાઇ જતી, શિષ્યો છો ને રિસાઇ જતા, શરીર ભલે લેવાઇ જતું પણ... પણ ગુરુ-માતાને પળભર પણ વેગળી ન કરશો. સદૈવ એના ખોળામાં આળોટજો, સદૈવ એની પાસે કાલું કાલું બોલજો, સદૈવ તમારી ભૂલોનો બાળક બનીને એકરાર કરી લેજો.

વિદ્વત્તાદિની ખાતર ગુરુને મેળવવાનું ગૌણ કરશો નહિ. 'મા' મળતી હોય તો વિદ્વત્તાની ઉપેક્ષા પણ કરી શકાશે. રે ! વિદ્વત્તા મેળવેલી ખોવાઇ જતી હોય તો ખોવાઇ જવા દેજો પણ ગુરુમાતાને ખોશો નહિ. વિદ્વત્તાદિ તો ચાર પૈસાની વસ્તુ છે. એની ખાતર માતાને વેચી દેવાય નહિ. કલંક લાગે જીવનને, શ્રમણસંઘને ! જો પાપનો ભય હોય, શુદ્ધિનો ખપ હોય તો આ વાત અંતરમાં બરોબર ઉતારી દેજો કે, ગુરુમાતા વિના જરાય ચાલી ન શકે.

અરે ! મા નહિ હોય તો સંવેગભરી અદ્ભુત વાતો કહેવાને કયું દિલ તમારી સામે ઉછાળા મારે ? નિત્ય નવા મનોરથોનું સર્જન મા વિના કોણ કરશે ? કોણ તમારા અંતરને રડાવી મૂકે તેવી વાતો કરશે ? કોણ તમારા પાપોને પશ્ચાત્તાપના આંસુથી પખાળીને તમને શુદ્ધ, બુદ્ધ, મુક્ત બનાવશે ? એ તો કહો.

જ્યાં સુધી જગતમાં રાગ-દ્વેષનું અસ્તિત્વ છે ત્યાં સુધી જીવનમાં રાગ-દ્વેષના લેપ અવશ્ય સંભવિત છે, તો પછી ત્યાં સુધી એ પાપ-લેપને નિર્મૂળ કરવા માટે ગુરુમાતાની પ્રતિ સમયની હાજરી કેમ આવશ્યક ન માનવી ?

તમને મળી છે એવી કો'ક 'મા' ? તો તમારી પુણ્યાઇની દેવેન્દ્રો પણ ઈર્ષ્યા કરશે. પછી મસ્તાન બની રહેજો જીવનમાં ! મનમાં ! રે, વનમાં !

તમે નથી મેળવી 'મા' ? તો યત્ન કરો. ઉદાસ રહેશો તો તમારા જેવો આત્મઘાતી આ જગતમાં કોઇ નહિ હોય.

# ૨
# ગુરુ-સમર્પણ

ગુર્વાજ્ઞાને નિરપવાદ શિરસાવંદ્ય કર્યા વિના સાધુજીવનની સફળતા શક્ય જ નથી.

આપણી તો વાત છે ગુર્વાજ્ઞાપાલનની. પંચમહાવ્રતધારી અને શુદ્ધ સંયમના ચુસ્ત પક્ષપાતી ગુરુ હોય જ. એવા ગુરુની આજ્ઞાના અણિશુદ્ધ પાલન ખાતર જીવન કુરબાન કરી દેવાની આપણી તૈયારી હોવી જ જોઈએ.

ગુર્વાજ્ઞાપાલનમાં અપવાદ હોઈ શકે નહિ.

શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં ગુરુપારતન્ત્ર્યને જ બ્રહ્મચર્ય કહ્યું છે.

જો બ્રહ્મચર્ય નિરપવાદ છે તો તત્સ્વરૂપ ગુરુપારતન્ત્ર્ય પણ નિરપવાદ બની જ રહે છે. ગુરુ પંચમહાવ્રતધારી હોય, વિશુદ્ધ સંયમના ચુસ્ત પક્ષપાતી હોય પછી ભલે કદાચ ગાંડા પણ હોય, ક્રોધી પણ હોય, લોભી પણ હોય, લાલચુ પણ હોય, ઉત્તરગુણની કોઈ ને કોઈ ખામીવાળા હોય છતાં આપણા માટે તો તે ગૌતમ સમા જ હોય. એમના છદ્મસ્થ પર્યાયથી નીપજેલા ક્ષુલ્લક દોષોને લક્ષમાં લઈને એમને ગુરુ-પદેથી ભ્રષ્ટ કરવા જેવું ભયાનક પાપ એ શિષ્યમાં બીજું કયું સંભવી શકે ? પોતે દોષબહુલ છતાં ગુરુના સામાન્ય કષાયાદિ દોષોને મહત્ત્વ આપીને એમના તરફ અસદ્ભાવ કરવો એટલે અસીમોપકારીના ઉપકારભાવ, વાત્સલ્યભાવને દ્રોહ દેવો, છેહ દેવો, તિરસ્કારવો. આ દ્રોહાદિ તીર્થંકરદેવના જ દ્રોહાદિમાં પરિણમી જાય છે.

ગુરુની આજ્ઞા પાળવી એવી જિનાજ્ઞા છે. ગુરુના લઘુદોષને આગળ કરીને ગુર્વાજ્ઞાનું પાલન નહિ કરનાર શિષ્ય જિનાજ્ઞાનું ઘોર અપમાન કરે છે. અનંત જિનેશ્વરોની એ આજ્ઞા છે કે શિષ્યે ગુરુની આજ્ઞા પાળવી. માટે ગુરુની અવજ્ઞા કરનાર શિષ્ય અનંત તીર્થાધિપતિઓની કારમી અવજ્ઞા કરે છે.

ગુરુપદ એ કાંઈ સાધારણ બાબત નથી. શ્રી જૈનશાસનની અવિચ્છિન્ન પરંપરાને ટકાવી રાખનારું એ પદ છે. શાસનપતિની તારક વ્યવસ્થાની અંગભૂત એક વ્યવસ્થા છે.

આથી જ ગુરુ ગમે તેવા હોય પણ તેમની પાછળ શાસનપતિની યોજનાનું, ભાવનાનું, વ્યવસ્થાનું પ્રચંડ બળ છે. આથી જ કોઇ પણ ભવભીરુ ગુરુ ગૌતમતુલ્ય છે.

ગુરુમાં ગૌતમત્વ આપણા ભાવથી નીપજે છે. આપણા જ અશુભ ભાવોથી ગુરુમાં ગોશાળાપણું દેખાય છે. ગુરુ તો છે નિર્મળ સ્ફટિકસમા ! ગમે તે ગુરુ હોય તો ય જો તે પાપભીરુ છે, વિશુદ્ધ સંયમના કટ્ટર પક્ષપાતી છે તો તેમના શિષ્ય માટે તે બેશક ગૌતમશા છે.

ગુરુના લઘુતમ દોષને જોવાનો શિષ્યને કોઇ અધિકાર નથી. એમના દોષોને આગળ કરીને ગુરુથી વિમુખ રહેનારો વસ્તુતઃ અહંકાર, મિથ્યાભિમાન, મોહ વગેરેને જ પોતાના પરમ ગુરુ બનાવે છે, એનો અદનો સેવક બને છે. એ ગુલામી એના જીવનોના જીવનને ભડકે બાળે છે.

આપણામાં થોડું જ્ઞાન આવે, શક્તિ આવે કે કોઇ શારીરિક બળ પણ આવે તો બધું ય એકાંતે ગુરુકૃપાને જ આભારી છે એવો દઢતમ વિશ્વાસભાવ આપણામાં હોવો જોઇએ.

**'ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર'** એ પંક્તિનો અર્થ હૃદયસાત્ બનાવવો જોઇએ, નહિ તો અલ્પતમ શક્તિ ઉત્પન્ન થતાં જ ગુરુ અળખામણા બનશે. વેદીઆ, પંતુજી, રૂઢિચુસ્ત, નકામા, સમજણ વિનાના, શાસ્ત્રજ્ઞાન વિનાના દેખાશે. પોતાનામાં કંઇક છે તેવું મિથ્યાભાન સતત રહેવાને પરિણામે બિચારો શિષ્ય ગુરુને ખોઇ બેસશે. એના કરતાં એ લઘુતમ શક્તિ પણ એનામાં ઉત્પન્ન થઇ ન હોત તો સારું હતું, જેથી ગુરુની, તીર્થંકરદેવની અને જિનાજ્ઞાની ઘોરાતિઘોર આશાતના કરવાનું ઘોર પાતક તો ન લાગત !

ક્યાં જશે પેલી વીરની વાણી, **'जे गुरुं मन्नए, से ममं मन्नए.....'**

વીતરાગની ઉપાસના કરનારાઓ વીતરાગને ૧૮ કલાક ભજતા રહે અને ગુરુ તરફ ઊંડે ઊંડે પણ અનાદરભાવ રાખે તો વીતરાગના એ સાચા ભક્ત કહેવાય ? ગુરુના બહુમાન વિનાનું વીતરાગદેવનું બહુમાન એ વાસ્તવિક રીતે વીતરાગનું બહુમાન જ નથી.

મંત્રાધિરાજનો સ્મર્તા પંચ પરમેષ્ઠીને ભજે, એની કૃપાની વાતો કરે અને

ગુરુને શિરોમાન્ય કરવા લાચાર બને તો નક્કી માનવું પડે કે મંત્રોપાસક પોતાના ગુરુને પાંચમાંથી એકેય પરમેષ્ઠિ તરીકે સ્વીકારતો નથી. અદના સાધુને પરમેષ્ઠી ગણી લેનાર ગુરુને એ સ્થાને ન ગણે તો તેની હતભાગિતા કેટલી હદ સુધીની ગણવી ?

અરિહંતથી પણ અધિક ગુરુદેવનું સ્થાન સાપેક્ષતાએ જીવનમાં આકાર પામશે ત્યારે જ અરિહંતની વાસ્તવિક ઓળખ થશે, ત્યારે જ જિનાજ્ઞા પ્રત્યે બહુમાન જાગશે.

ગુરુ પ્રત્યેના નિરપવાદ સમર્પણભાવ વિના જે કંઇ વિકાસ થતો પોતાને લાગતો હોય તે બધો ય ભ્રાન્તિભર્યો ખ્યાલ છે એવું તે તે દરેક શિષ્યે નિશ્ચયથી સમજી લેવું. એવા વિકાસ કે એવા શમાદિ ભાવો કામચલાઉ દબાયેલા જીવલેણ જ્વર જેવા કે ભારેલા અગ્નિ જેવા છે. એ જીવનની શાંતિ પણ મડદાને મસાણની શાંતિ જેવી ભેંકાર અને ભયજનક છે.

રખે કોઇ સાધનાભૂખ્યો આ અસદ્‌વિચાર-વર્તનનો કોળિયો બની જાય. જો તમારા ગુરુમાં પાપભીરૂતા હોય, પંચમહાવ્રતધારિતા હોય અને ક્યાંક શિથિલતાદિ કે ઈર્ષ્યાદિ હોય છતાં વિશુદ્ધ સંયમનો કટ્ટર પક્ષપાત હોય તો જડ જેવા અજ્ઞાની એ ગુરુને પણ તમે શાસનપતિના અનંત બળવાળા અનંતબલી તરીકે હૃદયથી સ્વીકારી જ લેજો. આ વાતમાં અંશતઃ પણ અસત્ય નથી. આ વાતની અવગણનામાં તમે અનંતબલી દેવ અને ગુરુ બે ય ની આશાતના કરો છો. પછી ગમે તેવા તમે નમસ્કારના આરાધક હો કે વીતરાગના ઉપાસક હો, એની અવગણનામાં તમે મુક્તિના સુખની - તમામ સુખોની અવગણના કરી રહ્યા છો. તમારી જાતને તમે જ છેહ દઇ રહ્યા છો.

આની પાછળ કામ કરતું હોય છે આપણું મિથ્યાભિમાન, આપણો ભયાનક અહં. એ ઉત્પન્ન થાય છે કોઇ ને કોઇ જ્ઞાનાદિ શક્તિનો આપણામાં પ્રાદુર્ભાવ થતાં.....

જ્ઞાનાદિ શક્તિ ઉત્પન્ન થાય છે ગુરુની મીઠી નજરમાંથી, કૃપાદષ્ટિમાંથી. આપણે ગમે એવા અધમ છતાં પરમ કૃપાળુ ગુરુઓ આપણી જે હિતચિંતા અવસરે કરે છે, આપણા કલ્યાણની કામના સેવે છે, આપણી દુષ્ટતા પણ દૂર થઇ જવાનો ભાવ આપે છે તે જ આપણામાં કેટલીક શક્તિઓ ઉત્પન્ન કરે છે. અને કેટલી નિષ્ઠુરતા, કેટલી ક્રૂરતા કે શક્તિની જનેતાની સામે જ આપણે

હાથ ઉપાડ્યો. જનેતાની જ ક્રૂરતાભરી મશ્કરી કરી. ગુરુને અજ્ઞાની, ગ્રામીણ, તુચ્છ, ખાઉધરા, ઈર્ષ્યાળુ કલ્પ્યા !!! મોહના સંસ્કારોનું બળ કેવી રીતે આપણને ફસાવે છે, પછાડે છે એ આવા બનાવો ઉપરથી આપણે સમજી શકીશું.

જો ગુરુના લઘુદોષ પણ અક્ષન્તવ્ય જ ગણાતા હોત તો ચંડરૂદ્રાચાર્યજીનો કષાય બેશક અક્ષન્તવ્ય હતો, એના નિમિત્તે શિષ્યને કૈવલ્યની પ્રાપ્તિ કદી ન થાત.

આ વિચાર એ વાત નિશ્ચિત કરી આપે છે કે ગુરુમાં અજ્ઞાન જોનાર પોતે જ અજ્ઞાની છે. એમને જડ જોનારની આંખો, મન, હૃદય જ જડ છે. એમને ગ્રામીણ સમજનાર પોતે જ ગ્રામીણ છે.

કષાયથી ધમધમીને માર મારતા, લોહીની સેરો છૂટી જાય તેવો પ્રહાર કરતા ચંડરૂદ્રજીથી પણ વધુ મોટા સ્વરૂપના કષાયાદિ ભવભીરુ, મહાવ્રતધારી, સંયમરાગી આપણા ગુરુમાં હશે? છે ? જો ના, તો આપણને કોઈ અધિકાર નથી એમના પ્રત્યે અંશતઃ પણ અસદ્ભાવ કેળવવાનો, એમના કરતાં કોઈને ય અંશતઃ પણ વધુ મહત્ત્વનું સ્થાન આપણા અંતરમાં આપવાનો.

ગુરુના સાક્ષાત્ અસીમ, અનંત ઉપકારને જે સમજી-પામી ન શકે તે અરિહંતદેવના અસાક્ષાત્ અનંત ઉપકારને શેં સમજી શકશે ? છતાં પોતે સમજ્યાની કોઈ વાત કરે તો તે દાંભિક વાતો ન કહેવાય ? તેમનું ધ્યાન ધરવાનો યત્ન એ દંભ ન કહેવાય શું ? અસ્તુ.

જો આપણા ગુરુમાં ઉપરોક્ત ત્રણ વાત હોય તો આપણે તેમને ગૌતમાધિક સમજી લઈને તેમની સાથે અભેદ સાધી જ લેવો જોઈએ.

નિરપવાદ ગુરુસમર્પણભાવ આપણા પ્રાણસમો બની શ્વાસ-શ્વાસમાં ઘૂંટાયા કરે,એ ભાવ ગયો એટલે પ્રાણ જ ગયા એવો નિશ્ચય બદ્ધમૂલ બને, ગુરુના ચરણકમળમાં ભ્રમરની જેમ અહર્નિશ ગુંજન કરતા રહેવામાં જ આપણી સાધના સમજીએ, એમની સેવામાં જ જીવનની ધન્યતા માનીએ, એમના સાન્નિધ્યમાં મુક્તિના આનંદથી પણ નિરપેક્ષ બની રહીએ, એમની પ્રસન્નતામાં જ આપણી પ્રસન્નતા હોય, એમના કોઈ પણ પ્રકારના ઉદ્વેગમાં જ આપણે માથે સાતમા પાતાળના દુઃખો તૂટી પડ્યાનું સંવેદન થતું રહે તો

તો મુક્તિ હથેલીમાં છે. અરે ! તો પછી મુક્તિની ય કશી જરૂર રહેતી નથી.

મોહના સંસ્કારોથી બદ્ધને મુક્તિનો ખપ હોય. મુક્તને વળી મુક્તિ કેવી ?

જેને ગુરુપારતન્ત્ર્ય પ્રાપ્ત થઈ ન શકે, જેને કુકર્મવશ ગુરુ સાથે મેળ ન બેસે અથવા ગુરુને જેના પર પૂર્વકર્મવિષમતાથી સ્નેહ ન થાય એના જેવી હીનભાગિતા વિશ્વમાં કોઈની હોય નહિ.

મારા જેવાને આવું હીનભાગ્ય પ્રાપ્ત થયું હોત તો જીવવું કેમ એ એક કોયડો થઈ પડત ! હું તો કોઈ માંગે તો બે આંખો, બે ય હાથ, બે ય પગ આ પળે આપી દેવા તૈયાર છું જો મને ગુરુકૃપા મળે તો, કેમકે જે વાસનાદિના વિનાશની મને કારમી ભૂખ છે તે માત્ર ગુરુકૃપાથી સાધ્ય છે.

હું તો મારી જનેતાનું, મારા ગુરુદેવનું જ ફરજંદ છું ! એમનો બાળક છું ! એમનો સેવક છું. અદનો સેવક છું ! મારા એ સીમાતીત સદ્ભાગ્યની તો સહુને ઈર્ષ્યા થાય તેવું છે. હું પોતે જ એ ભાગ્યની ખુમારી અનુભવું છું તો બીજાની તો શી વાત કરવી ?

*** *** ***

# ૩

# 'સદ્ગુરુ શરણં મમ'

યુગો વીત્યા, જન્મારાઓ ય એક પછી એક વીત્યા, મન્વન્તરો ઉપર મન્વન્તરો પસાર થઈ ગયા ! અસંખ્ય અનંતકાળ વીતી ગયો ! આ જીવે ખૂબ મારપીટ વેઠી. ખૂબ માલમલીદા ઉડાવ્યા ! બધુંય 'ખૂબ' કર્યું. કાળરાજની હથેળીમાં રમતા જીવના રામ બોલાવી દેવાનું કામ કર્મરાજે કર્યે જ રાખ્યું. એણે જીવને શિવ બનતો અટકાવી રાખ્યો અને શવ બનાવી બનાવીને એના અનંત સુખ ઉપર મરણતોલ ફટકા માર્યા !

એણે ધન આપ્યું, ધનનું ગુમાન કરાવ્યું અને એના પરિણામે એણે જ એ ધનપતિને ભિખારી બનાવ્યો. કોઈને રૂપ આપ્યું, એનું અભિમાન કરાવ્યું અને એની સજારૂપે ઊંટડીના પેટે જન્મ આપ્યો. શ્રવણેન્દ્રિય આપી, એનાથી પાપ પણ એણે જ કરાવ્યા અને એણે જ જીવને છાણનો કીડો બનાવી દીધો ! બહુ ગંભીર બાબત છે ને ? કર્મરાજ પોતે જ રૂપ-વૈભવ આપે, એ જ એનાથી પાપ કરાવે અને પછી એની સજાઓ ફટકારે !

એના ફંદામાંથી કઈ રીતે છૂટી શકાય ? છે કોઈ શરણું ? છે કોઈ આ ત્રાસનું તરણું ?

જેને કર્મરાજની ક્રૂરતા નજર સામે આવી જાય છે, જેને એણે દીધેલાં સુખ પણ નજરકેદના છે, પરાધીન છે, ગમે ત્યારે ઝૂંટવાઈ જવાના છે એવો પાક્કો ભાસ થઈ જાય છે તે જ આત્મા તેનાથી અત્યંત ભયભીત થાય છે. આ ભય જ્યારે પરાકાષ્ટાએ પહોંચે ત્યારે જ ભયથી મુક્ત થવા માટેનું કો'ક શરણું મેળવી લેવાની સાચી ભૂખ જાગે અને એ પછી જે શરણું મળે તે અવશ્યમેવ સંસાર-સાગરનું તરણું બને એ તદ્દન નિઃશંક હકીકત છે.

તમે કર્મના ભયથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારી ગયા છો ? તમે 'ત્રાહિ મામ્' નો આર્તનાદ શરૂ કરી ચૂક્યા છો ? કોઈના શરણની હવે તમને જરૂર લાગે છે ? સુખ અને દુઃખ બે ય કર્મની દેન હોઈને સમાન છે એ વાત હૃદયંગમ બની ગઈ છે ને ? તો બે ય થી મુક્ત થવા માટે એક જ ઉપાય છે : **તમે સત્વર સદ્ગુરુને શરણે ચાલ્યા જાઓ.**

અનંતકાળની ત્રાસમય અવદશામાંથી મુક્ત થવું હોય તો **'સદ્‌ગુરુ શરણં મમ'**નો અજપાજપ જપી લો.

વર્તમાનકાળના વિલાસદૂષિત ઝેરી વાયુમંડળમાં રહીને તેનાથી તદ્દન અલિપ્ત રહેવાની-આસમાનના તારા તોડવાની આરાધનામાં સફળ થવું જ હોય તો **'સદ્‌ગુરુ શરણં મમ'** ના જપ સિવાય બીજો કોઇ જ રસ્તો નથી.

તમને મળેલી પુણ્યશક્તિઓ તમારા જ જીવનનું કાટલું કાઢી નાંખવાના ભીષણ આસુરી બળથી ધમધમી રહી છે એ વાત અંતરમાં ઠસાવી જ રાખજો.

કર્મના ભયમાં પણ સૌથી વધુ ભય મોહનીય કર્મનો છે કે જે ગમે તેવા જ્ઞાનાવરણાદિ કર્મોના હ્રાસથી પ્રાપ્ત થયેલી શક્તિઓને સાધન બનાવીને, તેના વડે જ જીવનું કારમું અધઃપતન કરે છે. અચ્છા અચ્છા બુદ્ધિમાનો પણ આ વાતનો મર્મ પામી શક્યા નથી. એનું જ એ પરિણામ આવ્યું છે કે તેઓ નિર્ભય બની ગયા છે. વિદ્વાનોને અજ્ઞાનનો કોઇ ભય નથી. મલ્લોને દુર્બળતાનો કે દુર્બળોનો કોઇ ભય નથી. રૂપવાનોને કુરુપનો લેશ પણ ભય પજવતો નથી. ધનવાનોને ભૂખમરાના ભયનો પડછાયો પણ દેખાતો નથી. અને સાધકોની દુનિયામાં આ નીડરતાએ જ કેટલાય વિદ્વાનોના ભોગ લીધા. કોઈનું શરણું પમાડ્યા વિના કેટલાય ત્યાગી, તપસ્વીઓના જીવન ફેંદી નાંખ્યા. સદ્‌ગુરુના ચરણોની સેવા કરાવ્યા વિના કેટલાય વક્તાઓના જીવન રેંસી નાંખ્યા, સદ્‌ગુરુની ઓથ બિનજરૂરી મનાવીનેસ્તો !

નીડરને ભય શાનો ?

નિર્ભયને શરણું શાનું ?

પણ એ વાત કોઇને ય ન સમજાણી કે મહાભય માથે તોળાયેલો છે મોહનીય કર્મનો, રાગરોષની જીવલેણ વાસનાઓનો, જેણે હરિહર પુરંદરોને કે ગૌતમાદિ ઋષિઓને પણ ધૂળ ચાટતા કરી મૂક્યા છે !

જે આ વાતનો તાગ પામી ગયા તે ભયભીત થયા, તેમના રૂંવાડાં ખડાં થઇ ગયા ! આખું અંગ કંપી ઊઠ્યું, ગાત્રો શિથિલ થઇ ગયા, મોં ધોળાં પૂણી જેવા થઇ ગયા ! એ વિદ્વાન હતા તો ય વિદ્વત્તાને જ મારક માનવા લાગ્યા, તપસ્વી હતા તો ય તપને જ આત્મઘાતક માનવા લાગ્યા, ધ્યાની હતા તો ય ધ્યાનને જ કોયલો કરી દેતી આગ માનવા લાગ્યા.

જો જીવનમાં રાગરોષની વાસનાઓ જોર કરી જાય તો ? આ ભયે એમના જ્ઞાન-ધ્યાનના કે ત્યાગ-તપના અહંકારનો ભૂકો બોલાવ્યો. એ નાસી

છૂટ્યા સદ્‌ગુરુને શરણે ! આળોટી ગયા એમના ચરણોમાં ! ચૂમી લીધા એ પુનિત ચરણોને વારંવાર !

તમારે અનંતકાળના કાળાં કર્મોના ઢેરને હડસેલી દેવા છે ? તો સદ્‌ગુરુને ચરણે ચાલ્યા જાઓ. પુણ્યશક્તિને તારક બનાવવી છે ? તો સદ્‌ગુરુને શરણે ચાલ્યા જાઓ. પાપવાસનાઓ હતપ્રહત કરી નાંખવી છે ? તો સદ્‌ગુરુના શરણે ચાલ્યા જાઓ. લલચાશો મા, સ્વાતંત્ર્યના વાયુથી ! અકળાશો મા, સદ્‌ગુરુના પારતંત્ર્યથી ! લોભાશો નહિ લોકૈષણામાં, મોહાશો નહિ માનપાનમાં, ફસાશો નહિ રમા-રામાના રંગમાં... એ તો તમારા રામ રમાડી દેશે !

જેને મુનિજીવન જીવી જાણવું હોય તેણે તો **'સદ્‌ગુરુ શરણં મમ'**નો અજપાજપ સિદ્ધ કરવો પડશે. ગુરુ ગમે તે હોય, સદ્‌ગુરુ તો આપણા અનંત ઉપકારી, વિશુદ્ધ સંયમી, વાત્સલ્યમયી ગુરુમાતા જ હોય.

ફરી વાંચજો 'ગુરુમાતા'નો પત્ર અને મેળવી લેજો એવી કો'ક ગુરુમાતાને ! ભાગ્યવિહોણાને એ મા કદી મળતી નથી. પરિત્તસંસારી ભાગ્યવંતો જ એને પામી શકે છે.

આ અનુભવસિદ્ધ હકીકત છે. **'સદ્‌ગુરુ શરણં મમ'**નો જાપ કરીને,આ મહામંત્રનું સ્મરણ કે મનન કરીને કોઈ પણ કાર્યનો આરંભ કરો તો અવશ્ય અણચિંતવી સફળતા મળે અને નવાઈની વાત તો એ બને કે, એ સિદ્ધિનું ગુમાન અંતરને લગીરે અડે નહિ ! આમ, સાચો નમસ્કાર જીવનમાં પરિણામ પામે. વાસ્તવિક શૂન્યતા સિદ્ધ થવા લાગે. આ જપ એ તો અભેદ કવચ, મોહરાજના સંગ્રામનું ! તમે એ કવચ પહેરીને ગમે ત્યાં ઘૂમી શકો છો. લાખ શત્રુ સામે તમે એક જ બસ થઇ જશો.

શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવંતોનું શરણું તો આપણે સ્વીકારવાનું જ છે. પણ અપેક્ષાએ એથી પણ વધુ મહત્ત્વ સદ્‌ગુરુના શરણને આપવાની જરૂર છે, કેમકે શ્રી વીતરાગદેવને ઓળખાવનાર પણ એમની સેવાથી નિષ્પન્ન થતી કૃપા જ છે.

ખુદ પરમાત્માએ પણ કહ્યું છે કે જે સદ્‌ગુરુને માને છે તે જ મને માને છે. શ્રી પંચસૂત્રમાં પણ વીતરાગ ભગવંતને પામવા માટે સદ્‌ગુરુને જ અંતરમાં વસાવીને ભજી લેવાનું સ્પષ્ટ કહ્યું છે. એટલું જ નહિ પણ 'શ્રી વીતરાગ પરમાત્માની પ્રાપ્તિ માટે આનાથી સુંદર બીજો કોઇ ઉપાય નથી' એમ પણ કહ્યું છે.

રાગરોષની હોળીઓને જે ઠારે છે તે સદ્‌ગુરુ જ આપણું શરણું હો !

શ્રી વીતરાગને જે ઓળખાવે છે તે સદ્‌ગુરુ જ આપણું શરણ બને !

કર્મે આપેલી પુણ્યાઈની આગ વચ્ચે જે આપણને અગ્નિપ્રુફ બનાવી રાખે છે તે જીવનદાતા સદ્‌ગુરુ જ આપણું શરણું બની રહો !

આપણા અંતર્યામીને આ પળે પ્રાર્થના કરતાં કહીએ કે હે પરમેશ્વર ! કોઈ વિશિષ્ટ શક્તિ ન મળે તો ભલે ન મળે, કશુંક લૂંટાઈ જવું હોય તો ભલે લૂંટાઈ જાય, ગમે તે થઈ જાય પણ કદીય સદ્‌ગુરુનું શરણું ખોવાઈ ન જશો ! પળભર પણ એ શરણ્ય પ્રત્યે અશુભ ભાવ ન જન્મશો. ભલે દેહમાં શત શત રોગો એકી સાથે વ્યાપી જાય, હજારોની સભામાં ભલે ઉઘાડાં અપમાન થઈ જાય, કોઈ કાર્ય કરતાં ભલે કરુણ નિષ્ફળતા મળી જાય. રે ! પ્રમાદવશ કે કર્મવશાત્ ભલે કોઈ ભયાનક ભૂલ પણ થઈ જાય તો ય સદ્‌ગુરુનું શરણું કદી ન જજો. એની કાંકરી પણ ન ખરજો, ન હાલજો, ન ચસકશો.

અંતરના અશુભ ભાવોના ભયંકર તોફાનોનો જે મુમુક્ષુને હૂબહૂ ખ્યાલ આવી જાય છે તે જ **'સદ્‌ગુરુ શરણં મમ'**નો જપ કરતો રહે છે. બાકીના તો બેવકૂફીભરી બુદ્ધિના ગુલામો છે કે જેઓ સદા પોતાના અહંકારના નશામાં બેભાન બનીને મનફાવે તેમ જંગલી આખલાની જેમ ગમે ત્યાં માથાં મારે છે. અનેક ભાવુકાત્માઓના માથાં ફોડે છે અને પોતે પણ ચોરાશીના ચક્કરોમાં સદૈવ પિસાતાં જ રહે છે.

આ સ્વાનુભવસિદ્ધ સત્ય છે. 'સદ્‌ગુરુ'ના શરણ વિના મોહને પરાજિત કરી શકાતો જ નથી. અનેકાન્તવાદમાં સ્વીકારાયેલો આ એકાન્તવાદ છે.

જે તેને પામશે તે જ તરશે. તે જ નિર્મમ અને નિરહંકાર બની શકશે. તે જ વિશ્વમાં શાશ્વત્ ચમકારાઓ કરી શકશે. તે જ સ્વસ્થ બનીને અગણિત જીવોનું કલ્યાણ સાધી શકશે.

બાકીના તો સર્વત્ર આગ ચાંપશે, ધર્મના નામે પાપવાસનાઓની ! સમજાય છે ને આ વાત ? તો... હવે બહુ મોડું થઈ ગયું છે. સત્વર **'સદ્‌ગુરુ શરણં મમ'**નો જપયજ્ઞ આરંભી દો. પાપવાસનાઓનો હવન આપમેળે થવા લાગશે.

# ૪

# મારા જીવનસાથી... મારી મા

મારો જીવનસાથી-જીવનજીવનોના સાથી છે, મારી મા-ગુરુદેવ ! જેણે મને જન્મ આપ્યો. મારા ભાવસંયમસ્વરૂપને જન્મ આપ્યો. ખૂબ ખૂબ કાળજી લઈને મારું જતન કર્યું. મને માએ ભણાવ્યો. માએ જ પરમાત્માના શાસનની પેઢીની ઓળખ આપી, સમજ આપી, મારી જવાબદારીનું ભાન કરાવ્યું.

અનેકાનેક વખત મેં માને તરછોડી. અન્યના પ્રેમને કારણે માના અંતરને કકળાવ્યું. કેટલીક વાર માની અવગણના પણ કરી, છતાં આવું કરતાં ય સાચે જ મારું અંતર દુભાતું તો હતું જ. તો ય હું ઘણી વાર બેભાન બન્યો. માને ત્રાસ આપીને ભારેકર્મી બન્યો.

છતાંય મા તે મા ! એણે મારી ઉપર એ જ વાત્સલ્ય બતાવ્યું, એ જ અમીદૃષ્ટિ કરતી રહી, એ જ સ્નેહ અને એ જ સાન્ત્વન અવસરે આપતી રહી. મને મારી ભૂલ સમજાઈ. હવે કદી પણ એ ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે મેં ભીષ્મ સંકલ્પ કર્યો. ખેર, ગમે તેમ કરું પણ એ ડાઘ તો ઘણો સાલે છે. અંતરમાં પડેલ એ ઘા દૂઝ્યા જ કરે છે.

બે વર્ષ સુધી મારી એ જીવનસંગાથિની માતાથી વિખૂટો રહ્યો. હવે ફરી માની ગોદમાં કિલ્લોલ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. જીવનસાથીની એકાંતહિતકારિણી કૃપા ફરી પ્રાપ્ત થઈ છે. જેના વિના મારું સમગ્ર જીવન શૂન્ય સમજું છું તે કૃપા મને પ્રાપ્ત થઈ એ જ મારું પરમોચ્ચ સદ્ભાગ્ય આજે ઉદય પામી ગયું છે.

ત્યાગ-તપથી, જ્ઞાન-ધ્યાનથી, સ્વાધ્યાયથી કદાચ વિરાટ શક્તિઓનું ઉત્પાદન થશે પણ વિષય-કષાયોની કારમી વાસનાઓનો વિનાશ તો કેવળ ગુરુકૃપાથી જ શક્ય છે એમ અનુભવે સમજાયું છે. આ વાસના-વિનાશ વિનાની શક્તિઓ તો આત્માનો જ ઘાત કરનારી છે. એવી શક્તિઓ એ સ્વરૂપે ન હોય તે જ વધુ ઈચ્છનીય છે.

ગુરુકૃપાપૂર્વક થોડું પણ મળે તે જ સ્વપરહિતકર બને. કૃપાવિહોણું ઘણું પણ મળે તો તે સ્વ-પરનું ઘણું અહિત જ કરે.

મારા બાર વર્ષના જીવનમાં આજે મને જે આનંદાનુભૂતિ થાય છે તે મારી માની એકમાત્ર અમીદૃષ્ટિને લીધે જ છે.

મને નિત્ય નવો વીર્યોલ્લાસ જાગે છે અને તે સક્રિય સ્વરૂપમાં તદ્દન સહજ રીતે પરિણમતો જાય છે તેમાં પણ મારી માની જ એ અસીમ કરુણાવર્ષા જ કારણ છે. દુઃસાધ્ય પણ મારા માટે સુસાધ્ય બનતું જાય છે, સિદ્ધ પણ થતું જાય છે. આશ્ચર્યજનક રીતે વિકાસની દિશામાં જાણે મને કોઇ વેગીલો ધક્કો મારી રહ્યું હોય તેવો ભાસ થયા કરે છે. નિત્ય નવું જોમ, નવો જુસ્સો, નવો અંતરાનંદ, નવી પ્રેરણા, નવું બળ, નવી આરાધના વગેરે પ્રાપ્ત થતાં જાય છે.

મારા જીવનસાથી, મારા માતા, મારા ગુરુદેવ, મારા પ્રાણ, મારા એકના એક તારક તીર્થાધિપતિ સમા એ ભવોદધિતારકના દર્શને હૈયું ગાંડુ ગાંડુ થઇ જાય છે, આંખો નાચી ઊઠે છે, મન મસ્તી અનુભવે છે.

પણ તે જ વખતે મારા અકલ્પ્ય ભાવીની અણછાજતી આગાહીઓના કાળા ઓળા મારી ચિત્તભૂમિ ઉપર ફરી વળે છે.

આજે તો કિલ્લોલ કરું છું મારી માની ગોદમાં, એના વહાલભર્યા ખોળામાં, એના વાત્સલ્યભર્યા મુખદર્શનમાં પણ... પણ આવતીકાલે શું કરીશ ? મારી માની ગેરહાજરીમાં મારું શું થશે ? બીજાને તો પોતપોતાના ગુરુ છે, મિત્રો છે, ભાઇઓ છે. મારી પાસે કોઇ નથી. કોઇ હોય તો ય મારા જીવનની ખરી માનું સ્થાન પામી શકે તેવું તો કોઇ જ નથી.

હજી મારી ઉંમર ફક્ત ૧૨ વર્ષની છે. આટલી નાની વયનું બાળક માવિહોણું અનાથ બની જાય તે કેટલી બધી શોચનીય બીના ગણાય ? મારા માટે તો પછી ઉપર આભ અને નીચે ધરતી જ ને !

કોની પાસે જઇને મારી માની જેમ ગંભીર બાબતોની વિચારણા કરીશ? કોણ મને મીઠા-કડવા ઠપકા આપશે ? મુહપત્તીનો ઉપયોગ વિસરતાં જ હળવી ટપલી મારા ગાલે કોણ મારશે ? મારું સુકૃત સાંભળીને મીઠું સ્મિત કોણ બતાવશે ? મારા દુષ્કૃતોની ગર્હા હું ક્યાં કરીશ ? મારી જીવન-શુદ્ધિ કોની પાસે જઇને કરીશ ? પુનઃ પુનઃ જીવનદાન કોણ આપશે ? પુનઃ પુનઃ આશ્વાસન કોણ દેશે ? કોના ખોળાને મારી અશ્રુધારાથી ભીના કરી મૂકીશ ?

પછી શું મને નહિ મળે મારી માના વસ્ત્રનું પ્રતિલેખન ? શું નહિ મળે

એના આસનને બિછાવવાનું પરમોચ્ચ સદ્‌ભાગ્ય ? શું નહિ મળે એ લબ્ધિનિધાન પ્રસ્રવણનું પારિષ્ઠાપન ? મારા ચક્ષુને અને મારા કપોલને નિષ્કલંક, નિર્વિકાર બનાવતું એનું વિલેપન ? મારા તમામ ભાવરોગોને પળ-બે પળમાં ઠારી નાંખતું એનું...!

આ બધી વાતો લખવી સહેલી છે પણ કલ્પવી ખૂબ જ ભારે છે. એ જીવન કેવું તુચ્છ ગણાશે જ્યાં આ ધન્યતા મરી પરવારી હશે ?

જ્યારે નહિ કરે કોઇ સ્વાધ્યાયની પ્રેરણા, નહિ બતાવે કોઇ સત્‌નો રાહ, નહિ પૂછે કોઇ જીવનની અંગત વાતો, નહિ લે ખબરઅંતર મારા શરીરની, જ્યાં પડ્યો ત્યાં પડી જ રહેવાનું. ભાઇ, હવે ચાલ, લે ઊઠ, વાપરી લે... એવું વાત્સલ્યભર્યું વચન કદી સાંભળવા નહિ મળે. માની કૃપાથી જ પ્રાપ્ત થયેલી શક્તિને જ્યાં કોઇ બિરદાવશે નહિ ત્યાં... તે કાળમાં... તે જીવનમાં મારે જીવવું શી રીતે ? મારે સુખે ખાવું-પીવું શી રીતે ?

આ શીતળ છાંયડી વિનાના વૈશાખના ધોમધખતા તાપમાં હું બાળક કરમાઈને, બળી ઝળી જઇને રાખની ઢગલી જ નહિ બની જઉં !

વિધાતા ! એ કરુણતા મારા ઉપર ઝીંકવા કરતા મને મારી માની પહેલાં જ અહીંથી લઇ જા. મારે નથી જોવી એ કાળી પળો જેમાં મારી મા દેહપિંજરને છોડીને, મને છોડીને ચાલી જાય. મારે નથી જોવું એ કરુણતમ દશ્ય. વિધાતા ! થોડો પણ હવે દયાળુ હોય તો મારી ઉપર દયા કર. મને અહીંથી હવે ઉઠાવી લે. મારે જરૂર જીવવું હતું મારી જીવનશુદ્ધિ કરવા. તે તો હવે થઇ ગઇ છે. હવે જીવવાની ઘણી આશા હોવા છતાં પણ માવિહોણા જીવનને તો હું જરાય પસંદ કરતો નથી.

એવા જીવનમાં તો ઢગલાબંધ દોષો લાગે છે, પછી એનું પ્રક્ષાલન કોણ કરે ? દોષબહુલ જીવન સદ્‌ગતિના દ્વારો શેં ખખડાવે ? ક્રૂર સજાઓથી ભરેલી દુર્ગતિઓમાં જવાનું મારા જેવા કાયર માટે તો કલ્પનાતીત છે.

માટે જ માવિહોણા કાળા જીવનના સો વર્ષ કરતાં માની હૂંફવાળા એક કલાકના આયુષ્યને અત્યન્ત મૂલ્યવાન સમજું છું. બસ થઇ જશે એ એક કલાકનું જીવન ! આજે ય હું અનુભવું છું ને કે પળે પળે મારી માના દર્શનમાં, એના વાત્સલ્યભર્યા સ્વરૂપના ચિંતનમાં, એની તુચ્છાતિતુચ્છ સેવામાં એના લબ્ધિનિધાનના, મારી અનંતકર્મરાશિના ભુક્કા બોલાવી દે તેવા ભાવ-

સમ્રાટના ૧૦૦ મેગાટનના બોમ્બ ફોડી રહ્યો છું. કર્મના અગાધ વનમાં ઠેરઠેર આગોના ભડકે ભડકા જલતા અનુભવી રહ્યો છું. મારા જીવનમાં પવિત્રતા, સદ્બુદ્ધિ વગેરેને પાંગરતી જોઈ રહ્યો છું.

પળપળની આ સિદ્ધિ કલાકમાં કેટલા સરવાળે પહોંચે. માની હૂંફમાં જ ભાવસમ્રાટની સ્પર્શના થાય. માવિહોણા જીવનમાં તો તદ્દન નિરાધાર અવસ્થા ! દીનતા અને તુચ્છતાની જ ભૂમિ આ જીવન બની જાય !

માટે જ એક કલાકની માની ગોદવાળું, માના ખોળામાં કલ્લોલ કરતું જીવન મારે મન બસ છે. નથી જોઈતાં માવિહોણાં વર્ષો અને યુગોના જીવન!

શબ્દોમાં નથી ઉતારી શકતો ભાવીના અમંગળ ઓછાયાનું ચિત્ર ! માવિહોણા જીવનની કલ્પના !

મારી મા ! મારા જીવનસાથી ! તારી પાસે તો શું વાત કરું. નિસ્પૃહી છે તારો આતમ. નિરપેક્ષ છે તારું જીવન ! મોત માંગું પણ મા આપે ? ના... તો જીવન માંગું ? હા, મા તો જીવન જ આપે, તો માતાજી માંગી લઉં જીવન સદાની આપની હૂંફનું ? એ સિવાય બીજો જ વિકલ્પ પસંદ કરવાનો હોય તો માતાજી ! જે ઉલ્લાસ, જે બળ, જે જાગૃતિ, જે વિકાસ જેટલા વેગથી આજે આપની કૃપા-કરુણાની અમીદષ્ટિથી મારામાં થઈ રહ્યો છે, જે પવિત્રતાનો કટ્ટર પક્ષપાતી હું બની રહ્યો છું, જે શાસ્ત્રચુસ્ત જીવનની મને કારમી ભૂખ લાગી છે, આપની અસીમ કરુણાથી જ એ ભૂખને સંતોષે તેવું ભોજન પણ મને મળતું જાય છે તે બધી મારી પરિસ્થિતિમાં સહેજ પણ ન્યૂનતા, મંદતા, મોળાશ ન આવે, બલ્કે મારો વધુ ને વધુ વિકાસ થતો જ રહે તેવી એકની એક અંતરની આશિષ અર્પો. આપના રોમરોમમાં હૃદય વસીને એ દરેક હૃદયના તમામ પ્રદેશોમાંથી અસીમ કરુણાની લાગણીના સ્રોત વહો. મારા જીવનનું એકાન્ત હિત સર્વોત્તમ પ્રદેશોથી આપ આ પળે ઇચ્છો ! આપની એ ઇચ્છા એવી ઉત્કટ બનો કે આપના પરમ પવિત્ર દેહના લોહીનું બિંદુએ બિંદુ ઊકળી જાય. એટલે કે ગરમ થઈ જઈને ઉછાળા મારે. મારા શ્રેયની એ ભાવના એવી ઉત્કટ બનો કે આપના દેહના રૂંવાડાં ખડાં થઈ જાય.

માતાજી ! એક જ વાર, એક જ પળ આ હતભાગી છતાં મહાભાગી, તુચ્છ છતાં મહાન, અધમ છતાં ઉત્તમ આપના સેવક માટે આપો ! એક જ

પળની એ ભાવનાના પ્રચંડ ધક્કાથી એના ગતિમાન થયેલાં ચક્રો વેગથી ચાલશે! સ્થગિત થયેલાં વિકાસ-ચક્રો ધમધમાટ કરતાં ચાલુ થઇ જશે.

મા ! તારા વિના કોઇને ય ન કહેવાય તેવી આ વાત છે ! તારામાં જ મારું સર્વસ્વ જોઇને, તારામાં જ મારા અનંત સંસારનો ઉચ્છેદ જાણીને, તારામાં જ મારા જીવનની સંપૂર્ણ સલામતીનો નિશ્ચય કરીને જ તને જ આ વાત કહું છું.

તારો જ બાળ છું ! તાર કે માર. તારા જ હાથમાં છે. જીવું કે મરું તારા જ ખોળામાં, તારા જ ધ્યાનમાં, તારા જ દર્શનમાં ! એ મોત પણ મારે માટે તો જીવન કરતાં ય મીઠું-મધમધુર બની રહેશે.

બાળક બગડશે તો જગતમાં તારી જ અપકીર્તિ ગવાશે એ વાત ન ભૂલીશ.

જીવનસાથી ! હવે તું મરણોત્તર સાથી પણ બનજે. ભાવાત્મક દેહથી મારો જીવનસાથી બની જ રહેજે.

યાદ રાખજે, તારા જીવનનો હું સાથી નથી પરંતુ મારા જીવનનો, જીવનોના જીવનોનો તું સાથી છે. માટે મારા તમામ જીવનોનો સાથી બનવા તારે અમર બનવું જ રહ્યું ! તું દેહથી દૂર જાય કે સુદૂર જાય. કદાચ દુભાતે હૈયે તે વાત તો સ્વીકારી લઇશ, પણ મારા અંતરમાં તારા વાસની જેમ તારા અંતરમાં જ્યાં જાય ત્યાં મને લઇ જજે. તારા અંતરમાં મારો વાસ બની રહે ત્યાં સુધી તો ભવ-વનના કર્મરાજની તાકાત નથી કે, તે મારી સાથે નજર પણ મિલાવી શકે ! ગમે ત્યાં મારી મા ! તારે જાવું જ હોય તો જા, પણ તારા અપરાધી, હીણભાગી, અશક્ત અને અજ્ઞાન બાળકને તો પળભર પણ ન વીસરીશ. બસ,આટલી કબૂલાત મળે તો જીવવું પણ ગમશે, કેમકે એ જીવન મારો વિનાશ નહિ કરે કિન્તુ વિકાસ જ સાધશે.

અંતે તો પ્યારી મા! મારું-તારું ભાવાત્મક ઐક્ય જ સર્વશ્રેયનું કારણ છે ને ? મા, ઓ મા ! જીવનસાથી ! કદી ન વીસરીશ હોં તારા નિરાધાર બનનારા અપરાધી બાળને!

# ૫

# જીવનસાથીની જરૂર

મુનિજીવનની સફળતા માટે એક બાબત તો અતિશય મહત્ત્વની છે. આ બાબત આપણા જીવનમાં ન હોય તો સંભવ છે કે વારંવાર આપણને વિકાસગતિમાં આંચકો લાગ્યા કરે, પીછેહઠ પણ ક્યારેક થયા કરે.

એ બાબત છે જીવનસાથી અંગેની ! એકાદ એવું બહુમાનનીય સ્થાન આપણી પાસે હોવું જ જોઈએ જ્યાં અંતરના બધા જ બાર ખોલી નાંખતાં લેશ પણ શરમ, ક્ષોભ, સંકોચ ન થતો હોય. મનમાં અકસ્માત ઊગી ગયેલા ખરાબમાં ખરાબ વિચારને પણ રજૂ કરી દેવામાં પળનો વિલંબ કરીને વિચારવાની આવશ્યકતા ન હોય.

આવા જીવનસંગાથી ગુરુદેવ જ પ્રાયઃ હોય કે જેમની હૂંફમાં આત્મા કિલ્લોલ કરતો હોય. કદાચ તેવું સ્થાન તેઓશ્રી ન જ પામી શકે તો એવા કોઈ વિશુદ્ધ સંયમીને તે સ્થાન બક્ષીને આપણો જીવનવિકાસ એમને સોંપવો જોઈએ. એવી તો શક્યતા જ નથી કે આ જીવનમાં કોઈ અશુભ તત્ત્વનું ઉત્થાન જ થાય નહિ, મન ઉપર આર્ત્તધ્યાનના જાળાં ક્યારેય પણ જામે જ નહિ, વાણીમાં અશિષ્ટતા આવે જ નહિ કે કાયિક યોગમાં કશું ય દૂષણ પેદા થાય જ નહિ.

એની સાથે એવી કોઈ શક્યતા જ નથી કે આ જીવનમાં કોઈ સુકૃત થાય જ નહિ, મન ભવ્ય ભાવનાઓ ભાવે નહિ, વાણી પોતાને ધન્ય બનાવે નહિ, કાયા પણ તપ-ત્યાગાદિથી પોતાને નિર્મળ બનાવે જ નહિ.

બે ય સંભવિત છે, પ્રાયઃ હંમેશ સંભવિત છે.

નિત્ય કેટલાક સુકૃતો થાય છે તેમ કોઈ કોઈ દુષ્કૃત પણ થઈ જ જાય છે. જીવનસંગાથીની પાસે દુષ્કૃતો પ્રગટ કરીએ અને સુકૃતો પણ જણાવીએ. દુષ્કૃતો જાણીને જીવનસંગાથી એ દુષ્કૃત ફરી ન થાય (અકરણનિયમ) તે માટે માર્ગદર્શન આપે, ભૂલ થયા બદલ મીઠો-મર્માળો ઉપાલંભ આપે, આંખોને આંસુથી ભરી આપે, અશ્રુથી પાપ-પંક બધોય ધોઈ આપે.

સુકૃત સાંભળીને જીવનસંગાથી આનંદ પામે, પ્રસન્નતા અનુભવે,

કૃપાનો ધોધ વરસાવે, ઉપબૃંહણા કરીને નવું બળ જન્માવે. આપણા આત્માની લઘુકર્મિતાને કલ્પીને, નવી નવી સાધનાની યોગ્યતા જાણીને મુક્તિના અવન્ધ્ય ઉપાયો બતાવે.

શોધી કાઢો એવા એક જીવનસંગાથીને જેની સાથે તમારો સંપૂર્ણ અભેદ હોય. અહીં ભેદ તો ન જ ચાલે કિન્તુ ભેદાભેદ પણ ન ચાલી શકે. જીવનસાથીના સંગની અસાધારણ સફળતા છે તેમની સાથેના સંપૂર્ણ અભેદમાં !

એ સંગમાં જે રંગ આવે છે, જે આનંદોર્મિઓ ઊછળે છે, જે આંતરમસ્તીનો અનુભવ થાય છે તે હંમેશા અનિર્વાચ્ય હોય છે.

એની પાસે દુષ્કૃતો પ્રગટ કરતાં ય લાભ જ થાય, સુકૃતો જણાવતાં ય વિકાસ જ થાય. દુષ્કૃતો વિકાસને નબળાં પાડી દેનારા છે પણ એની ગર્હા તો વિકાસમાં વેગ લાવી મૂકે છે. સુકૃતનું અન્યત્ર પ્રકટીકરણ વિકાસને થંભાવે છે, જ્યારે જીવનસાથી પાસે એનું કથન વિકાસને ચારે પગે દોડાવે છે.

શોધી કાઢજો કો'ક જીવનસાથીને ! તમારાથી અભિન્ન મનને ! આત્માને ! હૃદયને ! દિલને ! દિમાગને !

જેમની પાસે જીવનસાથી નથી તેમના જીવનમાં દુર્દિનદશા અનુભવાતી હશે એમ મને લાગે છે. જીવનસાથી વિનાનું ત્યાગ-તપોમય જીવન, જ્ઞાન-ધ્યાન અને સ્વાધ્યાયમય જીવન લૂણ વિનાનું લૂખ્ખું, ફિક્કું નહિ બની જતું હોય શું ? મુનિ પણ માનવ છે. માનવમાં ય એ માત્ર બુદ્ધિમાન પ્રાણી નથી કિન્તુ હૃદયનું જીવંત તત્ત્વ છે, લાગણીનો જ અંતઃસ્રોત છે.

કઠોર સાધનાના જીવનમાં એકાદ પણ જીવનસાથી ન હોય તો ક્યાં એના અંતરના ઉકાળા ઠાલવશે ? ક્યાં એની ઊર્મિઓના ઉછાળાને વહાવશે? ક્યાં પોતાના દુષ્કૃત્યોના પ્રાયશ્ચિત્ત કરવા અશ્રુની સરિતાઓ વહાવશે કે જે કો'કના ખોળાને ભીનો ભીનો કરી મૂકીને પાપપંકને ધોઈને જ જંપશે.

જીવનસાથી વિનાનું જીવન એટલે કઠોર સાધનાનું ગૂંગળામણભર્યું જીવન ! કેટલો સમય જીવાય એ ગૂંગળામણમાં ! વર્તમાન મુનિજીવન એટલે બકુશ કે કુશીલનું અતિચારપ્રચુર-દોષપ્રચુર જીવન ! અનેક દોષો ડગલે ને

પગલે લાગ્યા જ કરે. એ દોષોનું નિવારણ ક્યાં થાય ? કોઇ જીવનસંગાથિની મા વિના એ દોષો ઉચ્ચારી પણ ક્યાં શકાય ? અને એ દોષો જીવનમાં રહી જાય તો પળે પળે કૂદકે ને ભૂસકે વધતા જ જાય એ નિશ્ચિત હકીકત છે. વધતા જતા નદીના પૂર જેવા ભયાનક દોષો ક્યારે શું કરી બેસે? કોઇ કાળી પળે કેવા ઇતિહાસનું સર્જન થાય ?

માત્ર મુનિજીવનથી મુક્તિ નથી કિન્તુ પ્રાયશ્ચિત્ત-શુદ્ધ મુનિજીવનથી જ મુક્તિ છે. આથી જ બાર પ્રકારના તપમાં મૂર્ધન્ય સ્થાને પ્રાયશ્ચિત્તને કહેલ છે.

આ તપનું આરાધન જીવનસાથી-જીવનસંગાથિની મા વિના ક્યારેય પણ શક્ય નથી.

સુકૃતોનું પણ આવું જ છે. દુષ્કૃતો પ્રગટ કરવાથી નબળા પડીને મૃત્યુ પામે છે તો સુકૃતો પ્રગટ કરવાથી સબળા બનીને વિસ્તરતા જાય છે. જીવનસાથી પાસે જ નિરભિમાનપણે આપણા સુકૃતોને કહી શકીએ. અને એની પાસેથી પ્રાપ્ત થતી ઉપબૃંહણા સુકૃતારાધનમાં અભિનવ ઉત્સાહના ઉછાળા ઉત્પન્ન કરે, જે આપણા માટે દુઃસાધ્ય બનેલા યોગોને સુસાધ્ય બનાવી દે છે. અનાયાસે, સાહજિક રીતે જ આરાધનામાં વેગ આવે. શુભ સંકલ્પો જાગતા જ જાય. સક્રિય આરાધનામાં ઊતરતા જ જાય. એ આરાધના પણ બદ્ધમૂલ બનતી જ જાય. અગમ્ય ઉત્સાહ જીવનમાં ધરમૂળ ફેરફારો કરતો રહે. કલ્પનાતીત સિદ્ધિઓ બક્ષતો રહે. વિષયાદિની વાસનાઓનું તો નામ પણ કોઇ રૂંવાડે સાંભળવા ન મળે.

તદ્દન એકલવાયા જીવનના ભલે કો'ક આનંદ હશે, સ્વતંત્ર વિચારોમાં ભલે કોક વિશેષતા હશે, મનમાની આરાધનામાં ભલે કો'ક વિકાસ દેખાતો હશે પરંતુ હકીકતમાં બધુંય ભ્રાન્ત હોય છે. એ વિકાસ તો અહંકારથી ખરડાયેલો હોય છે. એ સ્વાતન્ત્ર્ય શ્રીજિનશાસનને હાનિ કરે, સ્વનું અહિત કરે, આશ્રિતો પર આજ્ઞાબાહ્ય વિચારોની છાંટ નાંખી એમનું પણ અહિત કરે, માટે ગમે તેમ કરીને જીવનસંગાથીની શોધ કરવી જ જોઇશે. એમનાથી અભેદ સાધવો જ રહેશે, કેમકે એના વિના વિશુદ્ધ સંયમની ભૂખ ભાંગશે નહિ, વિશુદ્ધિ પ્રાપ્ત થશે નહિ, જીવનની કોઇ પણ પળમાં અંતરાનંદની અકૃત્રિમ ઝાંખી થશે પણ નહિ.

ભલે થોડું વેઠવું પડે તો વેઠીને પણ વિશુદ્ધ સંયમના ખપી, વિશુદ્ધ

મહાવ્રતધારી કો'કને સાથી બનાવજો. છદ્મસ્થપર્યાયથી એમની કોઇ સ્વભાવગત ક્ષતિ હોય તો તેને મહત્ત્વ આપવાની ગંભીર ભૂલ કરી ન બેસતાં. ક્ષન્તવ્ય ગણીને એમના ચરણમાં સદૈવ રમજો, એમના ખોળે સદૈવ રહેજો.

આપણે છીએ બાળક સમા ! પચાસ વર્ષેય બાળક, એંસી વર્ષેય બાળક ! સંયમની તાલાવેલીવાળો હંમેશ બાળક જ હોય ! શું બાળકને કોઇ માતાની જરૂર ન હોય ? મા વિના બાળક જીવી શકે ? માની ગોદ વિના એ સુખે સૂઇ શકે ? માના વાત્સલ્યના દુગ્ધપાન વિના એ ટકી શકે ? માના મમતાભર્યા હાથ માથે ફેરવ્યા વિના, એની આશિષ લીધા વિના એને ચેન પડે ?

તો હવે બધું મળે પણ મા ના મળે તો આપણને ચાલશે ખરું ? ફાવશે ખરું ? નભશે ખરું ? ગમશે ખરું ?

# ૯

# પાપશુદ્ધિ

આજે મુનિજીવનના એક પાસા તરફ નજર નાંખીને ખૂબ જ આવશ્યક, અત્યંત ગંભીર વિચારણા કરવી છે.

મુનિજીવન એ જેટલું બુદ્ધિનું જીવન નથી એટલું હૃદયનું જીવન છે. હૃદયવાળો જ આ જીવનમાં સફળતા પામી શકે છે. હૃદયવિહોણા બુદ્ધિમાનનું અહીં બે બદામ જેટલું પણ મૂલ્ય હોઇ શકે નહિ.

હૃદયવિહોણા મુનિવેષ પામી શકશે પણ મુનિપણું તો ન જ પામી શકે, કેમકે હૃદય વિના મુનિપણાને રહેવાનું કોઇ સ્થાન જ નથી. હૃદય છે તો જ પાપવાસના છે, છતાં તે હૃદયની કોઇ કિંમત નથી માટે જ પાપવાસનાવાળો હૃદયવાળો કહી શકાય નહિ. જે હૃદય પાપને રડી જાણે, પાપનો તિરસ્કાર કરી જાણે, પાપની ભારે સૂગ શ્વાસોશ્વાસમાં ભરી જાણે તે હૃદય જ હૃદય છે.

પ્રસ્તાવનાઓ વાંચી લઇને કે ગુરુગમ વિના ગમે તે ભણી જઇને તૈયાર થતાં 'ઇલેક્ટ્રોનિક બ્રેઇન' આ કાળમાં ઘણી મોટી સંખ્યામાં જોવા મળશે. કદાચ એને ચલાવી પણ લઇએ પણ હાર્ટ જ્યારે ઇલેક્ટ્રોનિક (યાંત્રિક) બની જાય છે ત્યારે તે વ્યક્તિને આપણે બિલકુલ બરદાસ્ત કરી શકતા નથી. એ હૃદયોની નિષ્ઠુરતા અનેક ભાવુકાત્માઓના ભાવપ્રાણ લઇને વિશ્વમાં કારમી હોનારત સર્જે છે.

માટે જ મુનિજીવનમાં...

**હૃદય જ પ્રાણ છે.**

**હૃદય જ ત્રાણ છે.**

**હૃદય જ બંધુ છે.**

શ્રી જીતકલ્પસૂત્રમાં કહ્યું છે કે મુમુક્ષુ આત્મા સંયમથી મુક્તિ પ્રાપ્ત કરે છે, પણ જો તે સંયમધર્મ અવિશુદ્ધ જ રહે તો તેનાથી મુક્તિ ન મળે. એ માટે તો એ અવિશુદ્ધિને દૂર કરવા ગુરુની સાખે પ્રાયશ્ચિત્ત કરવું જ જોઇએ. આમ પ્રાયશ્ચિત્તથી સંયમ શુદ્ધ થાય અને એ સંયમ મુક્તિ આપે છે માટે મુક્તિમાં

પ્રાયશ્ચિત્ત-પાપશુદ્ધિ સ્વરૂપ અભ્યંતર તપ અસાધારણ કારણ બની રહે છે.

શું હૃદય વિના આ પાપશુદ્ધિ થઇ શકે ખરી ? હા, હૃદયવિહોણો બુદ્ધિમાન પોતાની બુદ્ધિના બળથી પાપશુદ્ધિની વાતો કરી શકશે પણ સ્વયં પાપશુદ્ધિ તો નહિ જ કરી શકે. પાપશુદ્ધિ વિના મુક્તિ શક્ય જ નથી પછી ચાહે તેટલા ઘોર ત્યાગ-તપ કરો, ઘોર પરિષહ-ઉપસર્ગો સહો, અપૂર્વ બહુશ્રુત બનીને પ્રખર વક્તા બનો.

એટલે જ સાધકોની દુનિયામાં હૃદય જ સર્વેસર્વા છે. અહીં બીજું બધુંય ન હોય તો ચાલે, લૂંટાઇ જાય તો પણ ચાલે પરંતુ હૃદય તો સદૈવ સુરક્ષિત હોવું જ જોઇએ.

મોહરાજ મહામગરમચ્છ છે. એને જીવાત્માના બીજા અંગો ચાવી જવા કરતા આ હૃદય ચાવવામાં ખૂબ જ આનંદ આવે છે. આ જાણકારીને લીધે જ વંદનીય સાધકો પોતાના હૃદયનું બરોબર જતન કરી રાખે છે. એ કદી પણ ખોવાઇ ન જાય તે માટે તેને સદૈવ સુરક્ષિત રાખે છે.

મારી એવી પક્કી સમજ છે કે જો સદ્‌ગુરુની વાસ્તવિક કૃપા પ્રાપ્ત ન થાય તો તો વિષય-વિકારોથી અંતર ખીચોખીચ ભરાઇ જાય, ઊભરાઇ જાય, છલકાઇ જઇને કોઇ કાળાં પાપ કરવાનું ક્યારેક ભયાનક સાહસ કરી પણ દે. કદાચ લજ્જાદિના કારણે ઉઘાડાં પાપ ન થાય તો પણ એવા અંતરો ખાનપાનની પાપવાસનાઓથી સદૈવ ખદબદતાં તો રહેશે જ, વૈષયિક વિકારોથી સદૈવ અભડાયેલા રહેશે જ અને છતાં અહંકારગ્રસ્ત એ આત્માઓ પોતાના કોઇ પણ પાપની શુદ્ધિ કરતાં ભારે ત્રાસ અનુભવશે. પ્રાયઃ તો એમના જીવનમાં એવી પાપશુદ્ધિની સુવર્ણપળોની સ્પર્શના સંભવિત જ નહિ બનતી હોય.

મારી દૃષ્ટિએ જેટલું ભયંકર પાપ નથી એટલું ભયંકર પાપશુદ્ધિનું અકરણ છે. શાસ્ત્રકાર ભગવંતોએ 'પાપ' થવામાં આશ્ચર્ય વ્યક્ત નથી કર્યું પણ પાપશુદ્ધિ કરવામાં ભારે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. અંતરમાં સદૈવ ખદબદતી પ્રાપવાસનાઓને નાનકડા બાળની જેમ ગુરુમાતા પાસે વ્યક્ત કરી દેનાર આત્માને ધન્ય કહ્યો છે, વંદનીય કહ્યો છે, પ્રાતઃસ્મરણીય કહ્યો છે.

શ્રીમહાનિશીથસૂત્રમાં પાપશોધક મહાત્માઓના અસાધારણ ગુણકીર્તન કર્યા છે અને એના દ્વારા દરેક મુમુક્ષુ આત્માને પોતાના પાપોની શુદ્ધિ કરી

લેવા માટે જરૂરી જબરદસ્ત બળ પૂરું પાડ્યું છે.

પાપ આપોઆપ થઇ જનારી વસ્તુ નથી. પાપસંયોગોની આધીનતાને લીધે વિચારના પાપો જન્મે છે. સેંકડો વિચારના પાપોમાંથી વાચિક કે કાયિક પાપનો જન્મ થાય છે એટલે પાપથી જ દૂર રહેવા માટે પાપના જે જે કારણો હોય તેનાથી સદૈવ દૂર રહેવું જોઇએ. વિષયવાસનાથી દૂર રહેવું હોય તો એ વાસનાના ઉત્તેજક તત્ત્વો જેવા કે વિજાતીયપરિચય, પ્રણીત ભોજન, અતિભોજન, વિભૂષા વગેરે નવેય બ્રહ્મવ્રતની વાડોથી સુરક્ષિત રહેવું જોઇએ.

વાડને વ્રતની જેમ પાળે તે જ બ્રહ્મચર્યનો સ્વામી બની શકે, વાસનાના સ્પર્શથી મુક્ત રહી શકે.

આવું દરેક બાબતમાં સમજી લેવું. પાપથી બચવા માટે પાપના કારણોથી દૂર રહેવું, એનાથી નાસભાગ કરવી.

પણ આટલું જ બસ નથી. પાપ ન થઈ જાય તે માટે પાપના વિપાકોનો - આલોકના અને પરલોકના કટુ ફળોનો-ખૂબ વિચાર કરવો. મનને સતત વિપાકવિચય ધર્મધ્યાનથી ભાવિત કરતાં રહેવું. પાપના તીવ્ર ડર વિનાનો આત્મા ગમે ત્યારે પાપનો ભોગ થઇ જ પડે. પાપના ભય વિનાની પળોમાં જ પાપોના થોકબંધ સર્જન થાય.

અહીં એક પ્રસંગ ટાંકું છું. એક ભાઇને કોઇ જીવલેણ દર્દ ઊપડ્યું. બાજુના ગામડામાં એક અનુભવી વૈદ્ય રહેતા હતા તેમને બોલાવ્યા. વૈદ્યે કહ્યું, "મારી દવા કરવી હશે તો સારું થયા પછી હું જે વસ્તુ ખાવાની ના કહીશ તે કદી પણ જીવનમાં નહિ ખવાય, છતાં જો ખાઇ લેવામાં આવશે તો ફરીથી દર્દ ઉપડશે, જે જીવ લઇને જ જશે."

ભયંકર વેદના ભોગવતા દર્દીએ કબૂલ કર્યું કે, "તમે જે વસ્તુ ખાવાનો નિષેધ કરશો તે જીવનભરમાં ક્યારેય પણ નહિ ખાઉં."

ઉપચાર શરૂ થયા. ત્રણ ચાર માસમાં દર્દી તદ્દન નીરોગી થયો. વૈદ્યે કહ્યું, 'તમારે જીવનભર ક્યારેય દહીં ન ખાવું.' પેલાએ કબૂલ કર્યું. એ વાતને વીસ વર્ષ થયા. કદી એણે દહીં ન ખાધું. ઘણી વાર ઘણાએ દહીં કે દહીંની બનાવેલી વસ્તુ ખાવાનો આગ્રહ કર્યો પણ તેણે દાદ ન આપી. પણ એક વાર ઘરમાં શીખંડ-પૂરીનું જમણ થયું. બધાએ કહ્યું, "હવે તો વીસ વર્ષ થઇ ગયા.

એ વાતનો કશો જ વાંધો નહિ આવે, લો ખાઓ થોડો શીખંડ !" અને સાચે જ તેણે થોડો શીખંડ ખાધો. રાત પડી અને એ જ દર્દે ભયંકર સપાટો બોલાવ્યો. સૌ સન્ન થઇ ગયા ! પત્ની ફફક ફફક રડવા લાગી ! વીસ વર્ષ ગયા. હવે પેલો વૈદ્ય જીવતો હશે કે કેમ એ પ્રશ્ન હતો ! છતાં તપાસ કરાવી. ભાગ્યયોગે વૈદ્ય જીવતો હતો. બધી વાત કરી. વૈદ્યે હવે કેસ હાથમાં લેવાની સાફ ના પાડી ત્યારે સંબંધીઓ દર્દીને ઉપાડીને વૈદ્ય પાસે લઇ આવ્યા. તેમણે ખૂબ કાલાવાલા કર્યા. વૈદ્યે કહ્યું, "હવે જે વસ્તુ બંધ કરાવું તે બંધ કરવાની સંપૂર્ણ તૈયારી હોય તો જ આ કેસ હાથમાં લઉં." મોતના મોંમાં ઊભેલાં દર્દીએ કબૂલ કર્યું. ઉપચારો ચાલુ થયા. ફરી દર્દી તદ્દન નિરોગી થયો. પથારીમાં પડેલા વૈદ્યે કહ્યું કે, 'હવે તારે કદી પણ પપૈયું ખાવું નહિ.' પેલાએ કબૂલ કર્યું. એક વાર 'કહ્યું ન કરવાનું' જે ભયાનક પરિણામ અનુભવ્યું હતું એટલે હવે તો પપૈયાનું કુપથ્ય ન જ કરવું. તમે નહિ માનો પણ એ માણસે પપૈયાની રેંકડી પાસેથી જવાનું પણ બંધ કરી નાંખ્યું ! કોઇ પપૈયાના ગુણોનું વર્ણન કરે તો ત્યાં ઊભો પણ ન રહે. પપૈયાનો વિચાર પણ તે ન કરે. એટલો બધો પપૈયાના કુપથ્ય-સેવનનો એને ભય વ્યાપી ગયો કે એની તમામ શક્યતાઓથી એ સો ગાઉ છેટો રહેવા લાગ્યો !

પ્રસ્તુતમાં આપણે એ જ વાત સમજાવવી છે કે આ માણસની જેમ આપણને પાપ-સેવનનો ભય વ્યાપી જાય તો મજાલ નથી પાપની કે તે મનમાં પણ પ્રવેશી શકે, રુંવાડામાં ય ફરકી શકે. એટલે પાપથી મુક્ત રહેવા માટે પ્રારંભિક કક્ષામાં તો પાપના કટુ ફળોનો ભય આપણા અંતરમાં સારી રીતે પરગમાવી દેવો જોઇએ.

લક્ષ્મણા સાધ્વીએ મુખ્યત્વે માનસિક પાપ સેવી નાંખ્યું તો એનું કેટલું ભયંકર પરિણામ આવ્યું ? સાવદ્યાચાર્યે મુખ્યત્વે વાચિક(ઉત્સૂત્ર-પ્રરૂપણા)નું પાપ સેવ્યું તો એમની કેવી કેવી અવદશાઓ થઇ ? અને પેલી રુક્મિએ રૂપવાન રાજકુમાર તરફ સરાગ દૃષ્ટિએ જોયું. શીલવાન રાજકુમાર વાત પામી ગયો અને તરત ત્યાંથી નાસી ગયો. કાલાન્તરે દીક્ષા લીધી, આચાર્ય થયા. રુક્મિએ પણ પ્રવ્રજ્યા લીધી. અંતિમ અનશન વખતે એ જ આચાર્ય ભગવંત નિર્યામણા કરાવવા આવ્યા. પાપશુદ્ધિ તો કરી પણ એ સરાગદૃષ્ટિના પાપની આલોચના ન કરી. આચાર્ય ભગવંતે યાદ દેવડાવી

પણ હવે કબૂલાત શેં કરાય ? સૌની વચ્ચે અપમાનિત થવાનો ભય દેખા દેવા લાગ્યો. રુક્મી સાધ્વીએ કહ્યું, 'ના, ના, એ તો માત્ર કુતૂહલથી જોયું હતું કે એ રાજકુમારનું શીલ કેવું છે !' જાણો છો ને આ સરાગદષ્ટિના પાપની અનાલોચનાનું ભયાનક પરિણામ !

નજર સામે રાખવા જેવા છે માનસિક, વાચિક અને કાયિક પાપોની અનાલોચનાના ભયંકર વિપાકોને !

અપૂર્વ ધર્મની આરાધના ભલે સેંકડો વર્ષોની હોય છતાં તેની પાછળના ભાવની નક્કરતા કેટલી હોઈ શકે ? અને પળનું જ પાપ હોય પણ તેની પાછળ અનાદિસંસ્કારનું અધમાધમ બળ કેટલું જબ્બર હોય ? માટે જ કેટલીક વાર યુગોના ધર્મો ઇતિહાસ નથી સર્જી શકતા જે ઇતિહાસ પાપની કાળી પળો સર્જી દે છે. માટે પાપ થવા જ ન દેવા માટે પ્રારંભિક કક્ષામાં બે વાતનો ખ્યાલ રાખવો જ પડશે :

(૧) પાપથી નીપજનાર ઇહલૌકિક-પારલૌકિક વિપાકોની કટુતા.

(૨) પાપના કારણોથી નાસતા-ભાગતા રહેવાની સંપૂર્ણ સભાનતા.

અહીં પણ જ્યારે મુમુક્ષુ આત્મા ગુરુગમ પ્રાપ્ત કરીને વિશિષ્ટ આત્મબળ પ્રાપ્ત કરે છે ત્યારે વિપાકકટુતાના વિચારના સ્વરૂપ વિપાકવિચય ધર્મધ્યાનની સાથે સાથે તેના અંતરમાં આજ્ઞાવિચય ધર્મધ્યાન વધુ ને વધુ પ્રધાન બનતું જાય છે.

અમુક પાપ કેમ ન કરવું ? એના જવાબમાં આજ સુધી એ વાત હતી કે પાપ કરીએ તો દુર્ગતિના દુઃખો મળે. હવે એ પ્રશ્નના ઉત્તરમાં ચિત્ત બોલી ઊઠશે કે પ્રભુની આજ્ઞા છે કે આ પાપ કહેવાય માટે તે ન જ કરાય માટે ન જ કરવું.

રગેરગમાં જ્યારે સર્વજ્ઞ વીતરાગ ભગવંતો પ્રત્યે અસીમ બહુમાનભાવ વ્યાપી જશે ત્યારે જ એ આજ્ઞાબહુમાન પ્રાપ્ત થશે.

આમ પાપથી મુક્ત રહેવા માટે દુઃખભીરુ બનવું જોઈએ અને ઉચ્ચકક્ષાનો અવજ્ઞાભીરુતા ગુણ સિદ્ધ કરવો જોઈએ.

પણ એમ સમજો કે આટલી જાગૃતિ રાખવા છતાં કોઈ એવી કાળી પળ સાવ નજીક આવી જાય છે અને મસ્તાન જીવનનો કોળિયો કરી જવા તરાપ મારવા મોં ફાડતી ઊભી છે તે વખતે શું કરવું ?

આનું સમાધાન એ જ છે કે ત્યાંથી સત્વર નાસી જવું; કશુંય વિચાર્યા વિના, કશાય કુતૂહલમાં પડ્યા વિના !

પવિત્ર આત્માઓ પાપનો કોળિયો જો બન્યા હોય તો તે પ્રાયઃ 'કુતૂહલ' વૃત્તિને કારણે જ બન્યા છે. એ વૃત્તિ અત્યંત ભયંકર છે. એનો પડછાયો પણ સારો નહિ. નાસી છૂટ્યા પછી તત્કાળ ગુરુમાતા પાસે જવું અને અજાણી એ વાતને સ્પષ્ટ શબ્દોમાં છતી કરી દેવી. સખતમાં સખત દંડ લેવો !

એક સાધકની દૃષ્ટિ એક વખત સ્નાન કરતી યુવતી ઉપર પડી અને ત્યાં જરા વાર ચોંટી. સામે આવીને ઊભેલો પાપ-પિશાચ એની નજરમાં આવી ગયો અને તરત જ નાસી છૂટ્યા ! રસોડામાં જઇને મરચાંની ભૂકીની ગુણમાં હાથ નાંખ્યો. બે મુઠ્ઠી ભરી લીધી અને સીધી બે ય આંખો સાથે જડી દીધી ! દુષ્ટ આંખો ! આ પાપ કરવાની વૃત્તિ જાગી ? કુતૂહલ થયું ? લ્યો, અત્યારે જ એની સજા ભોગવી લો ! સાત સાત દિવસ સુધી એ આંખો સૂજીને લાલ ટેટા જેવી થઇ ગઇ છતાં સાધક તો હસતા જ રહ્યા !

પાપ બારણે આવીને ઊભું હોય ત્યારે પણ નાસી છૂટીને, પ્રતિપક્ષી વિચારો કરીને કે બીજા ગમે તે ઉપાયો યોજીને પાપને દૂર ને દૂર ઠેલવાનો પ્રયત્ન કરતા જ રહેવો જોઇએ. કતલની એ પળો જેટલી દૂર ઠેલાશે એટલો બચાવ વધુ શક્ય બનશે. પણ ધારો કે ક્લિષ્ટ કર્મોના યોગે કોઇ ભયંકર પાપ વિચારમાં સેવાઇ ગયું કે આચારમાં આરપાર ઊતરી ગયું તો તેની શુદ્ધિ માટે સત્વર સજ્જ બની જવું જોઇએ. જેટલા ભાવાવેશથી પાપ સેવ્યું એથી પણ વધુ ભાવાવેગથી પાપશુદ્ધિ કરવી જોઇએ. ઉપવાસાદિનો દંડ આચરી લેવા માત્રથી પાપશુદ્ધિ રખે માનતા ! વસ્તુતઃ તો પશ્ચાત્તાપના અફાટ ધોધના સ્નાનથી જ પાપશુદ્ધિ થાય છે. પાપ ભલે નાનકડું હોય પણ એની શુદ્ધિ જો તીવ્ર ભાવાવેગપૂર્વકની બની જાય તો સંભવ છે કે આ જ પાપના નહિ, એક જીવનના સઘળા પાપના નહિ પરંતુ લાખો-કરોડો જીવનોના સર્વ પાપ-પંકનો નાશ એ શુદ્ધિના જળ-પ્રવાહો કરી નાંખે !

પાપથી ન ડર્યો એણે શુદ્ધિથી જરાય ડરવું ન જોઇએ. ગુરુમાતાના ચરણે આળોટી જઇને નાનકડા બાળની જેમ સર્વ પાપનો એકરાર કરી જ દેવો જોઇએ. શ્રીમહાનિશીથસૂત્રમાં એવા આત્માઓને પાપાત્મા નથી કહ્યા, પરંતુ પુણ્યાત્મા અને મહાત્મા કહ્યા છે. એમને તો વંદનીય અને સેવનીય કહ્યા છે !

કેમકે પાપ થઈ જવામાં કોઈ આશ્ચર્ય નથી. આશ્ચર્ય તો પાપશુદ્ધિ કરવામાં છે.

બકુશ કે કુશીલ ચારિત્ર્ય સિવાયનું કોઈ પણ ચારિત્ર આજે અહીં સંભવિત નથી. આ બે ય ચારિત્ર્ય અતિચારબહુલ જ હોય. એટલે અતિચાર તો લાગવાના જ છે. આપણી ફરજ સતત એની શુદ્ધિ કરતાં જ રહેવાની.

કોઈ પણ યુવાન મુમુક્ષુ આત્મા પોતાને પવિત્ર માનતો હોય તો તે ન માની શકાય એવી બાબત છે. આજનો કાળ, આજનો ઉદ્ભટ વેશ અને આજનું વિલાસી વાંચન ભલભલાને છક્કડ ખવડાવી દે તેમાં કશી પણ નવાઈ નથી. જેને દૂધ અને ઘીના નિત્ય સેવન હોય, વિભૂષા પ્રત્યે રુચિભાવ જાગ્રત હોય અને ક્રિયાકાંડ પ્રત્યે વિશેષ કોઈ આદર ન હોય, ગુરુ પ્રત્યે સમર્પણભાવ ન હોય અને ઊંડે ઊંડે વિજાતીય પ્રત્યેનો વિકારભાવ છુપાયેલો હોય તે આત્મા બેશક મોતના મુખમાં જ પડેલો છે. કઈ પળે એ જડબું દબાશે, દાંત ભીંસાઈ જશે અને પ્રાણ લઈ જશે એ કહી શકાય નહિ. પાપોના કારણોને સેવતા આત્મા પાસે જે જે શક્તિ હોય તે બધી ય આત્મહત્યા માટે, વધુ ભવભ્રમણ માટે જ બને એ વાત નિશ્ચિત સમજી રાખવી જોઈએ. આજનું વિષમય વાયુમંડળ અને આજનું બહિર્મુખ મન કે જીવન એ બે ય નો પારસ્પરિક મેળ એવો જામી જાય છે કે જેનું પરિણામ પતનમાં જ પરિણમે છે.

સાચે જ સાધુતાનો ખપ હોય તો પાપના કારણોથી જ ભાગી છૂટતા રહેજો. એકાન્ત કદી ન સેવશો, બહિર્મુખ વાંચન કદી ન કરશો, દૂધ-ઘીનું નિત્ય સેવન કદી ન અપનાવશો, વિજાતીય સામે દૃષ્ટિ તો કદી નાંખશો જ નહિ પછી તે સગો ભાઈ વગેરે પણ કાં ન હોય ! આની સાથે પાપજનિત પરલોકની વિપાકકટુતા નજર સામે સતત રાખજો, સાચા અર્થમાં દુઃખભીરું બનજો અને અવજ્ઞાભીરુ બનજો. પછી પાપ નહિ થાય અને છતાં કર્મવશાત્ પાપ થાય તો વિશુદ્ધ હૃદયથી વહેલી તકે એની શુદ્ધિ કરી જ લેજો.

તપસ્વીઓને, ત્યાગીઓને, ધ્યાનીઓને, બહુશ્રુતોને, પ્રવચનકારોને અને 'અચ્છા' લેખકોને પણ ભારે પડી જાય એવો આ પાપશુદ્ધિનો ધર્મ છે. ધર્મનો ખરેખરો ખપી જ પાપશુદ્ધિ કરી શકે. પરલોકના વિપાકોને હૃદયથી વિચારતો, જિનનો કટ્ટર ભક્ત જ દુઃખભીરુ અને અવજ્ઞાભીરુ બનીને પાપમુક્ત થવા ચોધાર આંસુ સારી શકે !

જીવનમાં પાપ થવા જ ન દેશો, થાય તો તેને અંતરમાં રહેવા જ ન

દેશો. કો'ક ગીતાર્થ સદ્ગુરુને શરણે તરત ચાલ્યા જજો અને હૈયાના ભારે વલોપાત સાથે એની શુદ્ધિ કરીને જ જંપજો.

ભગવાન અઈમુત્તાજીને નજર સામે રાખજો. પાપાત્મા પણ શુદ્ધિ કરવા દ્વારા મહાત્મા બને છે એ વાત અંતરમાં રમતી રાખજો.

તમારું આ જ કર્તવ્ય છે, પળે પળે પાપથી લેપાતાં આત્માને ધોયા કરવાનું! જે થાકશે, કંટાળશે, અકળાશે તે ભવરાનમાં ફેંકાઈ જશે, જ્યાં ઘાતીકર્મોના જંગલી શ્વાપદો ઊભા ચીરી નાંખશે, ફેંદી નાંખશે, તમારું અસ્તિત્વ જ જાણે કે ભૂંસી નાંખશે.

બચવું છે ને આ અઘોર સીતમથી ? તો થાકશો નહિ, અકળાશો નહિ! ક્યાંય હવે ગૂંચવાશો નહિ. આ તદ્દન શાસ્ત્રીય સત્ય છે. ગૂંચવાવાની જરૂર જ નથી.

# ૭

# શાસનસેવાનો સરળતમ ઉપાય

પૂર્વે મેં એક પત્રમાં સળગતું શાસન શેં ઠારવું ? એ વિષય ઉપર કેટલીક વિચારણા રજૂ કરી હતી. આ વિચાર પણ એ પત્રના અનુસંધાનમાં જ સમજવો.

ચારે બાજુ શાસનદ્રોહીઓનો રાફડો ફાટ્યો છે. પણ ચારેય દિશાના ખૂણેખાંચરે કો'ક કો'ક શાસનપ્રેમી પણ વસે છે. શ્રીવીતરાગશાસનની આજની પરિસ્થિતિ જોઈને જીવતા રહેવા કરતાં ઝેરના એક જ કટોરાને ઈચ્છતો વર્ગ પણ આજે ય મોજુદ છે ! ઘણું કરી દેવું છે છતાં કાંઈ જ કરી શકાતું નથી એ સ્થિતિ એમને અત્યંત અસહ્ય બની છે. મારી પાસેય એમાંનો કેટલોક વર્ગ આવે છે. એમનું કરુણ રુદન સાંભળું છું ત્યારે અંતર કકળી ઊઠે છે. શું કરવું ? આજ સુધી તો આગને ઠારવાનો એક જ ઉપાય મેં વિચાર્યો છે, અંતરમાં સ્થિર પણ કર્યો છે કે વિશુદ્ધ સંયમનું બળ પ્રાપ્ત કર્યા વિના બીજું કાંઈ જ કરી શકાય નહિ. જેને એમ લાગતું હોય કે ચારે બાજુ સળગી રહ્યું છે એણે પંચાચારમય વિશુદ્ધ સંયમના પંથે ચાલી નીકળવું જોઈએ, જેટલું બને તેટલું વધુ જિનાજ્ઞાનુસારી જીવન જીવવાનો મહાવરો પાડતા રહેવું જોઈએ.

'મોં ખોલવું હોય તો નાક બંધ કરો' એ નીતિ અહીં અપનાવવાનું આવશ્યક લાગે છે. અપૂર્વ શાસનસેવા કરવી હોય તો સ્વસેવામાં નિપુણ બનો. જ્યાં સુધી અંતરમાં શાસન એકરસીભાવને પામે નહિ, જીવનની તમામ પળોમાં, કર્તવ્યના તમામ ક્ષેત્રોમાં, સપ્ત ધાતુના કણકણમાં શાસન પીને પચાવી જાણતાં ન આવડે ત્યાં સુધી એ શાસનને બહિરંગ ક્ષેત્રોમાં સ્થિર કરવાનું કાર્ય આસમાનના તારા તોડવા જેટલું કઠિન છે એ વાત કશોય સંદેહ રાખ્યા વિના સ્વીકારી લેવી પડશે.

ટૂંકમાં શાસનસેવક તે જ બની શકે જેના અંતરમાં શાસનની સુદૃઢ સ્થાપના થઈ ચૂકી હોય. તે સિવાય જડબાના જોરથી, પ્લેટફોર્મ ગજાવવા માત્રથી કે યોજનાના કાગળિયાના ઘોડા દોડાવવા માત્રથી અથવા તો માત્ર પુણ્યની લાકડાની તલવારે તૂટી પડવાથી શાસનસેવા કરી દેવાની માન્યતા તો

અનેક આત્માઓના ભાવપ્રાણોનો ભોગ લેનાર જીવલેણ ભ્રમ છે. એવી શાસનસેવા વસ્તુતઃ શાસનની કુસેવા સિવાય બીજું કાંઈ જ નથી. એટલે જે કોઈ આત્માને શાસનસેવાની રઢણ લાગી હોય તેણે પ્રથમતઃ તો આજ્ઞાનુસારી જીવન જીવવું જ પડશે, કેમકે એનાથી નિષ્પન્ન થતું બળ એ જ છત્રપતિ શિવાજીની તાતી તલવાર છે, વાસુદેવનું સુદર્શન ચક્ર છે કે દેવોના નાયક ઈન્દ્રોનું આગ વરસાવતું વજ્ર છે.

સમજી રાખો કે આખું રોમ (શાસન) સળગી રહ્યું હોય તે વખતે ન્યુરો (ભોગરસિક આત્મા) ફીડલ વગાડતો બેસી રહે એ સાચે જ ભયાનક કોટિની શાસન-કુસેવા છે. પણ એ સાથે એ વાત પણ સમજી રાખવી કે સળગતું જોઈને બૂમરાણ મચાવીને એ આગ સામે ધસી જવાની વાતો કરવી કે એવા દોડી જવાના બળહીન પ્રયાસો કરવા એ પણ ભયંકર કોટિની શાસન-કુસેવા છે. આશયશુદ્ધિની કોરી વાતો ન ચાલે. નહિ મરવાના શુદ્ધ આશયપૂર્વક ઝેર ખાનારો મર્યા વિના રહે ખરો ? દિલ્હી જવાના શુદ્ધ આશયથી મદ્રાસની ગાડીમાં બેસી જનારો દિલ્હી પહોંચી શકે ખરો ?

જિનશાસન એ વિશ્વના જીવોનું ત્રાણશાસન છે. એ રમકડું નથી કે તેની સાથે ગમે તેમ ચેનચાળા કરી શકાય. ખરેખરી ધગશ લાગી હોય સળગ્યું ઠારવાની, તો આધ્યાત્મિક બળ ઉત્પન્ન કરવા જિનાજ્ઞાનુસારી શુદ્ધ જીવન જીવતા થઈ જાઓ. સળગતું ઠારવાના કર્તવ્યની પાસે અસંયમિત ભોગોના તુચ્છ આનંદોનું ધૂળ જેટલું પણ મૂલ્ય નથી એ વાત કદી પણ વીસરશો નહિ. શુદ્ધ આજ્ઞાનુસારી જીવનથી જ્યારે આધ્યાત્મિક પ્રતિભા લલાટે લસલસતી જોવા મળે છે ત્યારે એ માનવાત્માની સામે કોઈ એકાદ પણ દેવાત્માની નજર પડી જાય છે. અહીં બેઠેલો એ શ્રમણાત્મા પોતાના આધ્યાત્મિક કેન્દ્રના રૉકેટ બળોને દેવલોકમાં છોડે છે અને બેશક ભોગાસક્ત દેવાત્માની આંખો ઉઘાડી નાંખે છે. મહાત્માના એ પસાર કરેલા આધ્યાત્મિક અણુઓ એના સિંહાસનને ડોલાવે છે. આમ જ્યારે કોક દેવાત્માનો વિરાટ જાગશે ત્યારે એક જ પળમાં સળગતું ઠરવા લાગશે, સેંકડો વર્ષોની જાળ પળ બે પળમાં ચીરાઈ જશે, કરોડો આત્માઓના જીવલેણ ભ્રમો ભેદાઈ જશે, જડમૂળ કરી ગયેલી શ્વેત પ્રજાની તમામ રમતો ધૂળ ચાટતી થઈ જશે. ભૂગર્ભમાં છુપાયેલા સેંકડો જ્ઞાનભંડારોની અમૂલ્ય પ્રતોની ઉપર લદાયેલી શેર શેર ધૂળ થોડા જ સમયમાં

ફેંકાઈ જશે. સહસ્રાવધિ ગ્રંથો પ્રકાશમાં આવશે, સર્વત્ર જિનશાસનનો જયજયકાર બોલાશે !

ગભરાશો નહિ આજની ભયાનક અવદશાથી ! લાખો ટનનું તિમિર પ્રકાશના એક જ લીસોટાથી વેરણછેરણ થઈ જતું નથી ? જો હા, તો હવે નિરાશ થવાની કાંઈ જ જરૂર નથી. એ આધિદૈવિક બળને તમારા આધ્યાત્મિક કેન્દ્રોમાં ઉત્પન્ન કરવા માટે શુદ્ધ આજ્ઞાનુસારી જીવન જીવવા લાગી જાઓ. આ મહાનમાં મહાન શાસનસેવા છે. ૮૦ વર્ષની ડોકરી સાધ્વી પણ આ શાસનસેવા કરી શકે, શ્રદ્ધાળુ શ્રાવિકા પણ એની કક્ષામાં આ શાસનસેવા કરી શકે. પ્રવચનકારો અને ત્યાગી-તપસ્વી મહાત્માઓએ પણ વસ્તુતઃ આ જ શાસનસેવા કરવાની છે. આના વિનાની વાતો તો ભાટવેડા કહેવાય, તપશ્ચર્યાઓ ભૂખમરા કહેવાય, ધ્યાનો બગલાના કહેવાય અને પ્રચારનો પ્રકાશ ભડકા જ કહેવાય.

પણ અહીં એક કોયડો ઊભો થાય છે. દસકાઓ સુધી જો બળ મેળવવાની આરાધના જ આરાધવી હોય તો કાર્ય કયારે કરશું ? બેશક, એ 'સ્વ'ની આરાધના જ એક વિશિષ્ટ કાર્ય છે અને તેનાથી જન્માન્તરમાં પરાર્થનું મહાન કાર્ય નિષ્પન્ન થવાનું પણ છે. કિન્તુ આ જ જન્મમાં બહિરંગ શાસનસેવા શી થાય ? વૃદ્ધાત્મા એ મહાત્મા હોઈ શકે પરંતુ તે યુવાનીના થનગનતા પુરુષાર્થથી સાધ્ય શાસનસેવાના કાર્યને શેં આંબશે ? એટલે આ જન્મારો તો માત્ર બળ મેળવવામાં જ વહ્યો જશે ને ? આ કોયડો બહુ જબરો, ખૂબ જ વિચિત્ર, લમણામાં શૂળ ઉત્પન્ન કરે તેવો છે. કિન્તુ અંતે એનું પણ સમાધાન મળી ગયું છે.

સર્વત્ર અંધકાર વ્યાપ્યો છે એ વખતે સ્વના કેન્દ્રમાં વિશુદ્ધ આરાધનાનું પાવરફુલ પાવરહાઉસ ઊભું કરવા જઈએ તો વર્ષો વહી જાય. એના કરતાં તો ૪૬૦ વૉલ્ટના પ્રચંડ વિદ્યુત-દબાણથી ધબકતા એવા પાવરહાઉસ સાથે 'કનેકશન' જ કરી લઈએ તો ? કેટલી થોડી વાર લાગે ?

વિશુદ્ધ સંયમની સાધનાઓ જેમણે વર્ષોથી આરાધી છે, ફલતઃ જેમના રૂંવાડામાં ક્યાંય કામવિકારનું સ્પન્દન પણ શોધ્યું જડે તેમ નથી, જેમણે રસના જેવી ભયંકર સાપણને વિરાગની મુરલી બજાવીને વશ કરી છે, જેમના લોહીના કણકણમાં આગમરસ વ્યાપી ગયો છે, જેમના શ્વાસ-શ્વાસમાં

હજી સ્વાધ્યાયના રણકાર સંભળાયા કરે છે, જેમના અંતરમાં ગુરુ વસ્યાં છે અને શિર ઉપર જિનેશ્વર-દેવને જેમણે પધરાવ્યા છે, જે ચુસ્ત ક્રિયાકાંડી-શ્રદ્ધાચુસ્ત છે એવા બધા ય વંદનીય, સેવનીય, અર્ચનીય, આરાધ્યપાદ મહાત્માઓ પ્રચંડ વિદ્યુત બળ ધરાવતું આધ્યાત્મિક પાવરહાઉસ છે. એમની સાથે આપણે અંતરની ભક્તિનો તાર જોડી દઈએ. જેવું એ જોડાણ થશે કે તરત જ એ પાવરહાઉસમાંથી વીજળીનો ધોધ વહેવા લાગશે. ભક્તિના તાર વાટે અનુગ્રહના સ્વરૂપે વહ્યો જતો એ ધોધ આપણા અંતરની દિવાલે લટકેલા ગ્લોબ વડે પ્રકાશ પ્રકાશ રેલાવી નાંખશે. પછી તો જેવો પુણ્યાઈનો ગ્લોબ. ૪૦ વૉલ્ટનો હશે તો થોડા ક્ષેત્રમાં પ્રકાશ પાથરશે, ૪૦૦ વોલ્ટનો હશે તો ચારે દિશામાં દૂર સુદૂર સુધી વ્યાપીને કેટલાયના અંતરને અજવાળી મૂકશે.

મને લાગે છે કે સંયમના વિશુદ્ધ બળને ઉત્પન્ન કરવામાં પુષ્કળ સમયનો વ્યય થઈ જાય, જ્યારે સંયમી મહાત્મા સાથે ભક્તિના તારનું જોડાણ કરી લેવામાં ઝાઝો સમય વ્યય નહિ થતો હોય. કરુણાના એ સાગરો, ભક્તવત્સલ ભગવંતો ભક્તની ઉપર અનુગ્રહ ફેંકવામાં થોડોય અનુચિત વિલંબ નહિ જ કરતા હોય. સદૈવ શાસનની પ્રભાવનાને ચાહતા એમના અંતરમાં તો એવા કો'ક યોગ્ય પાત્રની પ્રાપ્તિની ઝંખના સતત રમતી જ હોય અને જ્યારે એવું કોઈ ભક્તપાત્ર મળી જાય ત્યારે તેઓ અનુગ્રહપ્રદાન કરવામાં પળનો ય વિલંબ કરે એ વાત મારા મગજમાં તો નથી જ બેસતી. અને જો કો'ક મહાવિશુદ્ધ સંયમી મહાત્માનું બળ આ રીતે એકાદ ભક્તહૃદયમાં અનુગ્રહ સ્વરૂપે ઊતરી જાય અને એ હૃદયની છત ઉપર પુણ્યાઈનો પાવરફુલ ગ્લોબ લટકતો હોય તો તે પછી કમાલ થઈ જાય ને ? ત્યાં જ, તે જ પળે યુગપુરુષ જન્મ પામે, પ્રકૃતિ આનંદવિભોર બની જાય, ડચકાં લેતી ધરતી પુનર્જીવન પ્રાપ્ત કરી જાય ને ! ભાવુકાત્માઓના ભાવપ્રાણો ફરી જોરમાં ધબકવા લાગી જાય !!!

મને તો ચોક્કસ લાગે છે કે બહિરંગ શાસનસેવા માટે દસકાઓની સંયમ-સાધનાથી સુવિશુદ્ધ બળ પ્રાપ્ત કરવાની લાંબા ગાળાની યોજના હાથ ઉપર લેવા કરતાં મહાસંયમીના બળનો સ્વમાં સંચાર કરી દેવા માટે ટૂંકા સમયની ભક્તિયોગની નિર્મળ આરાધના ખૂબ જ કારગત નીવડે, ઝડપી અને સુંદરતમ ફળ લાવીને જ રહે.

તમે જાણો છો ને કે શ્રી જિનશાસનમાં ગ્રામાનુગ્રામ પાદવિહાર કરવાની આજ્ઞા બે ને જ પ્રાપ્ત થઇ છે : ગીતાર્થને અને ગીતાર્થનિશ્રિત એવા અગીતાર્થને ! મહાસંયમી જ્ઞાની ભગવંત ગીતાર્થ છે. અને એમની ભાવભક્તિ કરતા, સદૈવ એમની આજ્ઞાને શિરોધાર્ય કરતા સાધુભગવંતો-અજ્ઞાની કે અતપસ્વી બધા ય ગીતાર્થનિશ્રિત છે. વસ્તુતઃ તેઓ પણ ગીતાર્થ જ છે, કેમકે ગીતાર્થતાનું જે ફળ છે તે તેમને પણ સુપ્રાપ્ય બની રહે છે.

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મહાસંયમી અને એમનો સાચો ભક્ત બે માં જ શાસન છે, બે જ શાસનપ્રભાવક બની શકે તેમ છે.

હવે આપણે શું કરવું ? ઉચ્ચકક્ષાની ગીતાર્થતા સિદ્ધ કરવા માટે ભરપૂર વર્ષો સુધી જીવનની ખેતી જ કરવી કે પછી એવા ગીતાર્થ સંયમી ભગવંતોની નિશ્રા સ્વીકારી લઇને, એમનો અનુગ્રહ પ્રાપ્ત કરી લઇને એમના જેટલા જ મહાબળવાન બની જવાના માર્ગે જવું ? જો શાસનસેવા અવશ્ય કરવી છે અને જો તે સેવા, સંયમથી બળવાન બન્યા વિના શક્ય જ નથી તો ટૂંકા સમયમાં તેવા બળની સિદ્ધિ માટે બીજો જ રસ્તો શ્રેષ્ઠ નથી શું ? વિશુદ્ધ સંયમી મહાત્માના અનુગ્રહનું બળ એ કેટલી વિરાટ તાકાત છે એ વાતનો ખ્યાલ બરોબર આવી જાય તો એ બળ કાજે બધું જ કરી છૂટવા માટે આપણે સદૈવ સજ્જ બની રહીએ એમાં જરાય નવાઇ નથી.

હેરતભર્યા પરિણામો એ અનુગ્રહના પાત્ર બનેલા ભાગ્યવંત મહાત્માઓએ જ ભૂતકાળમાં બતાડ્યા છે ! એવા મહાત્માઓ જ સંયમધર બની ચૂક્યા છે. અને શાસનના સુકાની પણ તેઓ જ બન્યા છે. આપણા માટે પણ એ જ રસ્તો છે; કો'ક મહાસંયમીના ભક્ત બનીએ, આજ્ઞાકારી બનીએ, એમનો અનુગ્રહ પ્રાપ્ત કરવા માટે શૂન્ય બનીએ. આપણો કોઇ વિચાર, કોઇ સ્વતંત્ર ઉચ્ચાર તો દૂર રહ્યો, આપણું અસ્તિત્વ જ આ જગતમાં નથી એટલી કક્ષા સુધી પહોંચીને શૂન્ય બનીએ. આ રીતે અનુગ્રહ ઝીલવા માટે જે શૂન્ય બને છે તે જ શીઘ્ર પૂર્ણ બને છે. પૂર્ણ બનેલા પરમાત્મા જ સિદ્ધાત્મા બની એક બને છે.

પૂર્ણ બનવાનો પુકાર કરનારે શૂન્ય બન્યે જ છૂટકો છે ! શૂન્યમાંથી જ પૂર્ણ સર્જાય છે. પૂર્ણની જ એકતા બને. એટલે શૂન્યની આરાધના શ્રેષ્ઠ છે, તેને માટે મહાસંયમીના પરમભક્ત બનવું જોઇએ.

સંયમનું બળ મેળવવા તલપતો આત્મા અહંકારગ્રસ્ત બની જવાનો

પરિપૂર્ણ સંભવ છે. અહંથી ગ્રસ્ત થતો ધર્મ જ નથી. ધર્મના આંચળામાં છુપાએલું અધર્મનું જ એ દાંભિક સ્વરૂપ છે.

જ્યારે મહાસંયમીના બળની પ્રાપ્તિને ઝંખતો એમનો પરમ ભક્ત બનતો આત્મા જે ભક્તિયોગ આરાધે છે એ અવશ્ય અનુગ્રહપૂત બને છે અને તેથી જ તેને વિશુદ્ધ જ્ઞાનયોગ પ્રાપ્ત થાય છે. સંયમીના બળથી બલિષ્ઠ બનેલો અગ્રહપૂત આત્મા સાચો શાસનસેવક બને છે.

ટૂંક સમયમાં સાચું બળ મેળવીને શાસનસેવાના કોડ પૂરા કરવા હોય તો આ એક જ રસ્તો છે; સીધો અને સાદો, સુંદર અને રોચક કે, **"મહાસંયમી કો'ક મહાત્માના ભક્ત બનો અને અનુગ્રહ મેળવો."**

આગ લાગી છે. જેને એ ઠારવી જ હોય એણે સ્વયં આગ બનવું પડશે! આગથી જ ડરે તેવી આ આગ છે ! લાંબા ગાળે નીપજતું શુદ્ધ સંયમનું બળ કે શુદ્ધસંયમી મહાત્માઓના અનુગ્રહનું બળ એ જ આગ છે. નમી પડો. હવે સમય ઘણો વહી ગયો છે. ધારો તે કરતાં ય ઘણું મોડું થઇ ગયું છે. લાંબા સમયની સાધનાઓથી બળ મેળવવામાં ઘણું બીજુંય સળગી જવાનું છે ! માટે જ ફરી કહું છું; ક્યાંક નમી પડો. મહાસંયમીના ચરણે જલદી આળોટી પડો. અકડાઇના પનારે પડશો નહિ. તમારો 'અહં' તમને સાચે જ નમતા અટકાવશે. નમવા જેટલી દુષ્કરતમ ક્રિયા-આરાધના બીજી કોઇ નથી ! નાનકડો સાધુ પણ કોઇને નમી શકતો નથી. નાનકડી વાતમાં સફળતા મળતાં એનો 'અહં' કેવો ગર્જે છે એ આંખેઆંખ જોશો તો ખબર પડશે કે 'નમસ્કાર' કેટલો બધો દુર્લભ છે ! મૂર્ખ છે એ જગત જેણે નમસ્કારને સુલભ માની લીધો છે !

જવા દો બીજાની વાત, તમારે શાસનસેવક બનવું છે ને ? સળગતું તમને ઝાળ લગાડીને ત્રાહ્ય ત્રાહ્ય પોકરાવી રહ્યું છે ને ? તો નમી પડો સદ્ગુરુને ! જપો અજપાજપ **'સદ્ગુરુ શરણં મમ'**.

આ સિવાય કોઇ રસ્તો સૂઝતો નથી શાસનસેવાનો; સાચો, સરળ અને શીઘ્ર સાધ્ય ! સેવા કાજે બધા ય ભોગ આપી શકાય, પણ એના અનન્ય સાધન સમી ગુરુભક્તિનો ભોગ કદાપિ ન અપાય. એ ભક્તિ તો જીવન છે ! અનેકોના જીવનોનું પણ જીવન છે ! એ યોગને તો કેમ પડતો મુકાય ? રખે એવી જીવલેણ ભૂલનો ભોગ બનતા !

# ૮

# આણાએ ધમ્મો

ધર્મ ક્યાં છે ? અહિંસામાં ? સત્યમાં ? અસ્તેયાદિમાં ? ના, જો અહિંસામાં જ ધર્મ હોય તો હિંસા કદી ક્યાંય થઇ જ ન શકે. પછી ગૃહસ્થો જિનપૂજા શેં કરશે ? મુનિ ભગવંતો નદી કેમ ઊતરશે ? રે, હાથ પણ કેમ હલાવશે ? મોં ખોલીને ઉપદેશ પણ કેમ દેવાશે ? તો પછી માર્ગ જ ક્યાં રહેશે? સર્વ કર્મનો ક્ષય કરીને એક જ સમયમાં સિદ્ધિપદને પામતા પરમાત્માઓ ઋજુગતિમાં વાયુ આદિના જીવની સ્વરૂપહિંસા કરવા દ્વારા તત્સમયે જ સંસારમાં ફેંકાઇ નહિ જાય ?

જો અહિંસા જ ધર્મ હોય, સત્ય જ ધર્મ હોય, અસ્તેયાદિ જ ધર્મ હોય તો સ્યાદ્વાદ ન હોય. સ્યાદ્વાદ ન હોય તો વસ્તુસ્થિતિનું વિજ્ઞાન પ્રાપ્ત ન થાય. એ વિજ્ઞાન વિના માર્ગ ન હોય. કશું જ ન હોય. સર્વત્ર હોય પાપ, દુઃખ, યાતનાઓ અને ત્રાસ ! ક્યાંય ન હોય ધર્મ, સુખ, આનંદ, શાન્તિ !

પણ છે વિશ્વમાં સુખ અને શાન્તિ તો અવશ્યમેવ છે વસ્તુસ્વરૂપનું વિજ્ઞાન, અને તેથી અવશ્ય છે સ્યાદ્વાદ અને સ્યાદ્વાદ-દૃષ્ટાઓ, અને દૃષ્ટાઓએ નિરૂપેલો ધર્મ !

કયો છે તે ધર્મ ? એક જ ઉત્તર છે, આજ્ઞા એ જ ધર્મ.

સ્યાદ્વાદના વિજ્ઞાતા એ પરમ મુનિઓની વિધિ-નિષેધની આજ્ઞા એ જ ધર્મ !

અહિંસા ધર્મ નથી, હિંસા એ અધર્મ નથી. આજ્ઞા એ જ ધર્મ છે.

વસ્તુતઃ જગતના લૌકિક દર્શનકારોએ અહિંસા વગેરેને ધર્મ કહ્યો છે. માટે તો જિનની આજ્ઞાને ધર્મ ન કહેતાં શાસન જ કહેવું જોઇએ. તો જ ધર્મથી એ આજ્ઞાધર્મ-આજ્ઞાનુશાસનનો ભેદ પાડી શકાય. આ વાતની પુષ્ટિ પ્રાર્થનાસૂત્રની છેલ્લી સંપદા-**प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम्**-પદથી થાય છે. સર્વધર્મોમાં પ્રધાન જૈનધર્મ જય પામે છે એમ ન કહ્યું અને જૈન-શાસન જય પામે છે એમ જે કહ્યું એ વિધાન બહુ જ ગંભીરતાથી વિચારવા જેવું છે.

ધર્મ તો અનેક પ્રકારના હોય. માનવધર્મ, પુત્રધર્મ, પત્નીધર્મ, સ્વજનધર્મ, પાડોશીધર્મ, શિક્ષકધર્મ, રાજ્યધર્મ, નીતિધર્મ, આશ્રમધર્મ, સેવાધર્મ વગેરે વગેરે અનેક પ્રકારના ધર્મો છે. આ ધર્મોના સ્વરૂપ માનવની નાનકડી ખોપરીમાં સમાઇ શકે, માનવને એ સમજાઇ પણ શકે અને માનવ જેવું બેપગું બુદ્ધિમાન પ્રાણી એ ધર્મોની સિદ્ધિ મેળવી પણ શકે. પરંતુ જે માનવમાંથી મહામાનવ બનીને પૂર્ણમાનવ બનવા માટેનો ધર્મ છે એ માનવ અને મહામાનવની ચર્મચક્ષુથી પર છે. અંતરાત્મા પણ એને નિહાળી શકવા અસમર્થ છે. એ દૃષ્ટિએ ધર્મ અતીન્દ્રિય છે. અતીન્દ્રિયનું દર્શન માનવ ન કરી શકે, મહામાનવ પણ ન જ કરી શકે. એને પ્રત્યક્ષ નિહાળી શકે છે માત્ર પૂર્ણમાનવ. એ ધર્મ એ પૂર્ણમાનવ-પરમાત્માની જ દૃષ્ટિનો વિષય બની શકે છે. માનવ કે મહામાનવ એ ધર્મના દૃષ્ટા કદી ન બની શકે. માટે જ લૌકિક ધર્મોના ખડકલામાં લોકોત્તર દૃષ્ટિના સત્ય તત્ત્વનો ભેળસેળ ન થઇ જાય એટલે એને ધર્મ ન કહેતાં શાસન કહેવામાં આવ્યું છે. એ શાસન જ સર્વધર્મોમાં સર્વોપરી છે, સર્વ માનવો અને મહામાનવોનું એકનું એક લક્ષ્ય છે. આપણે એવા શાસનને જ ધર્મ માનીએ છીએ. શાસન એ ધર્મ હોઇ શકે પણ ધર્મ એ શાસન ન પણ હોઇ શકે.

વસ્તુતઃ વિશ્વમાં ધર્મ એક જ છે : જિનાજ્ઞા. એ જિનના શાસનસ્વરૂપ છે.

હવે સમજી શકાશે કે મોક્ષ-પુરુષાર્થના સાધ્ય માટે જે ધર્મ સાધનરૂપ છે તે ધર્મ જિનાજ્ઞાસ્વરૂપ છે. જિનાજ્ઞાનું પાલન એ જ ધર્મ છે. જિનેશ્વરદેવની આજ્ઞાનું અપાલન કે વિરુદ્ધપાલન એ બધા ય અધર્મો છે.

હવે આપણે મુખ્ય વાત ઉપર આવીએ.

વર્તમાનકાળમાં જિનાજ્ઞાસ્વરૂપ સર્વોપરી ધર્મશાસનથી ભાવુકાત્માઓ પરાઙ્મુખ થતા જતા જોવા મળે છે. લૌકિક ધર્મના જબરદસ્ત પ્રલોભનોએ લોકોત્તર ધર્માનુશાસન તરફ સીધી કે આડકતરી રીતે સૂગ ઉત્પન્ન કરી છે. માનવધર્મ, કૌટુમ્બિક ધર્મ, પ્રચારધર્મ વગેરે ધર્મોના આકર્ષણો એટલા વ્યાપક અને મોહક બનતાં ચાલ્યા છે કે તેની પાછળ મોટો માનવગણ, મુમુક્ષુગણ પણ ઢસડાવા લાગ્યો છે.

મારે અહીં એ લાલબત્તી ધરવી છે કે કોઇ પણ પ્રલોભનમાં પડીને આજ્ઞાને ઠુકરાવવાના ભયાનક અધર્મમાં આપણે રખે ફસડાઇ પડીએ. એવું

એક પ્રલોભન બરદાસ્ત કરી ન શકાય કે જેની પાછળ જિનાનુશાસનને લેશ પણ આંચ લાગી જાય.

તમે જે જે અંશમાં જિનાજ્ઞાના પાલક અને વિશુદ્ધ પ્રરુપક છો તેટલા જ અંશોમાં જિનશાસનની પ્રભાવના કરી શકો છો.

તમારા એ ભાવને તોડી પાડવા માટે આજના પ્રલોભનો ધરાર સમર્થ છે તમે એની અંજામણમાં આવી જાઓ એટલું જ જરૂરી છે. પછી તો દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવના નામે જિનાનુશાસનને સફાઈથી કચડી નાંખવાનું વ્યવસ્થિત પાપ આપમેળે થઈ જશે. તમને પણ તે પાપાચારની ગંધ નહિ આવી શકે.

તમે સાધ્વી હશો તો આજનું જગત તમને કહેશે કે બહાર નીકળો, સ્ત્રી-પુરુષોની સભામાં આવો, પ્રવચનો કરો.

તમે સાધુ હશો, પ્રવચન કરતા હશો તો તમને એ જગત કહેશે કે આ માઈક પકડો, લાખોને દેશના દો ! નાના અવાજે મહાવીરનો સંદેશ કેટલે પહોંચશે ? બસ, એક જ નાદ, બહાર આવો ! ચાર દીવાલોને તમારી ક્રાન્તિના વાઘનખથી ચીરી નાંખો. આટલી વાતમાં તમે જો લોભાયા તો તમારે બહાર આવવા માટે બહારના બધા પ્રકારના વાંચન કર્યે જ છૂટકો ! તમારે આખા જગતના જાણકાર બનવું રહ્યું. સર્વને મીઠાં બનવું રહ્યું. સર્વમાં સારું જ જોવું રહ્યું અને એ સારાની સર્વત્ર પ્રશંસા કરવી જ રહી! સર્વ સાથે હળીમળીને રહેવું જ રહ્યું ! સર્વની આચારશિથિલતા પ્રતિ સહિષ્ણુ બનવું જ રહ્યું ! વિચારસહિષ્ણુ બનીને સર્વને પ્રિય બનવું જ રહ્યું. જોઈ લો મજા: સર્વમાં ધર્મનો પ્રભાવ ફેલાવી દેવા તમે અચ્છા જાણકાર બન્યા, અચ્છા પ્રિયજન બન્યા, અચ્છા પ્રશંસક બન્યા ! એટલે કે તમે જ્ઞાની બન્યા, સર્વહિતવત્સલ બન્યા, ગુણાનુરાગી બન્યા. શું ખોટું થયું કહો તો? બધું બન્યા પણ તમે પ્રાણવિહોણા બન્યા. ક્લેવર ખૂબ જ સુશોભિત બન્યું પણ પ્રાણ-જિનાજ્ઞાપાલનનો ધર્મ-ઊડી ગયો.

જિનશાસનના મર્મનો પણ એ મર્મ છે કે સ્વમાં શાસન ન વસે તો પરમાં એને પ્રાય: વસાવી ન જ શકાય. એ મર્મના અજ્ઞાને જ મુગ્ધાત્માઓના ભાવમર્મ વીંધી નાંખ્યા ! એમના પ્રાણને છિન્ન ભિન્ન કરી નાંખ્યા. ક્યાંય દોડી ન જશો જિનાજ્ઞાને પગ તળે કચડીને. ક્યાંય લોભાઇ ન જશો જિનાજ્ઞાને ઉપેક્ષીને. ક્યાંય આંખો ચોંટાડી ન દેશો જિનાજ્ઞામાંથી આંખો ઉઠાડી લઈને.

તમારી જાત સાથે જ જીવસટોસટનો જંગ ખેલી લેવો હોય, તમારી જાત સાથે જ જુગાર રમી લેવો હોય, તમારી જાતને જ તમારે રફેદફે કરી દેવી હોય તો જ પ્રલોભનોના આ ભયાનક વિષયુગમાં તમે જિનાજ્ઞાની લગીરે પણ ઉપેક્ષા સેવવાનું સ્વપ્ને વિચારી શકો.

ક્ષણિક જીવનના વિનાશી માન-પાન અને યશ-પ્રતિષ્ઠા ખાતર અવિનાશી જિનાનુશાસનને લેશ પણ આંચ આવવા દઈને લાખો મુગ્ધ જીવોની વિકાસદિશાને રૂંધી નાંખવા જેવી ભયંકર સ્વાર્થાન્ધતાનું પોષણ નજર સામે રહ્યા કરે. તુચ્છ ખાનપાનના સુખો ખાતર, લોકૈષણા ખાતર, લોકરંજન દ્વારા પ્રાપ્ત થતી મહાપદવીઓ ખાતર સર્વહિતકર જિનાજ્ઞાને ઠુકરાવવી એ કેટલા બધા સંકુચિત અને ક્ષુદ્રાતિક્ષુદ્ર માનસની નીપજ છે એ તો તમે શાંતિથી વિચારશો તો જ સમજાશે.

તમે મુનિપદના સ્વામી છો. તમારે એ પદથી શોભવું હોય તો જિનાજ્ઞાને વફાદાર રહ્યા સિવાય કોઇ જ રસ્તો નથી. તમે એની કઠોરતાથી અકળાઇ જાઓ, તમારી અનાદિની કુતૂહલપ્રિયતાથી લોભાઇ જાઓ કે માનપાન અને ખાનપાનની ગલગલીઓમાં લેવાઇ જાઓ તો મુનિપદથી તમે કદી પણ શોભી શકો નહિ. તમે અમદાવાદની એમ. જે. લાયબ્રેરીનું બે પગનું કબાટ બની શકશો કે જેમાં નિર્જીવ પુસ્તકોના ઢગલેઢગલા ખડકાયા હશે, જ્યાં આચારનો પ્રાણ ક્યાંય ધબકતો નહિ હોય ! તમે વિદ્વાન પ્રોફેસર બની શકશો પણ જિનાજ્ઞાપાલક મુનિ તો નહિ જ બની શકો. તમે અચ્છા 'ટેસ્ટ' કરીને ભોગી બની શકશો પણ યોગીના પદને સ્પર્શવાની લાયકાત પણ ગુમાવી બેસશો. તમે અચ્છા ભાટ બની શકશો પણ ભગવાન સુધર્માસ્વામીજીની આચારમય જીવનની મૌન વાણીના મહાવ્યાખ્યાનો કરવાની માનવજીવનની એક અચ્છી તક અવશ્ય ગુમાવી બેસશો. કોણ છો તમે ? મુનિ કે પ્રોફેસર ? યોગી કે ભોગી ? ધર્મોપદેશક કે ભાટચારણ ? પ્રભાવક કે પ્રચારક ? આ વાતને મનોમન વિચારો અને સાથે જ તમારા કર્તવ્યભ્રંશને પણ નજરમાં લાવો. જ્યાં જ્યાં તમે થાપ ખાઇ ગયા હો ત્યાંથી સત્વર પાછા હટો.

જિનાજ્ઞા એ જ તમારો પ્રાણ છે ! એનું પાલન એ જ તમારું જીવન છે ! એનું રક્ષણ એ જ તમારું જીવન છે !

કબૂલ કરો એ વાત કે, એના સિવાયનું જીવન મૃત્યુથી પણ વધુ દુઃખદ છે.

સ્વીકારી લો એ સિદ્ધાન્ત કે, જિનાજ્ઞાનો સાપેક્ષભાવ એ જ સાચી પ્રવચન-પ્રભાવકતા છે.

કોરી નાંખો એ અક્ષરોને અંતર પર કે, જિનાનુશાસન વિનાની કોઇ પણ વાત સાંભળવા હું લાચાર છું.

પ્રતિજ્ઞા કરો આ જ પળે કે, જિનાજ્ઞાને આંચ લગાડીને કોઇ પણ પ્રલોભનમાં, કોઇ પણ કુતૂહલમાં, કોઇ પણ પ્રકાશમાં હું ક્યાંય કદાપિ ફસાઇશ નહિ.

તમારો પ્રચાર તો જ સાચો કહેવાશે જો એ પ્રચારની વૃદ્ધિ સાથે તમારો આચાર વૃદ્ધિ પામતો જતો હશે.

તમારી વિદ્વત્તા-બહુશ્રુતતા એ જ માન્ય ગણાશે જો તમે દેવ અને ગુરુ પાસે તમારી જાતને તદ્દન અજ્ઞાન, અબૂઝ, પાપમય તરીકે રડતી આંખે કબૂલતા હશો.

તમારા રસયોગ પણ ત્યારે જ મંજૂર થશે જ્યારે એ યોગ તમને પ્રાણ-વિયોગ જેટલો અસહ્ય બની રહેતો હશે.

જો આમાંનું કાંઇ નથી અને છે માત્ર વિદ્વત્તા, વકતૃત્વકળા કે ખાનપાન-માનપાનની મોજમજા તો એ કટુતમ સત્યને સ્વીકારી લેજો કે તમે જિનાજ્ઞાના આરાધક નથી, અનારાધક પણ નથી, ભરપૂર વિરાધક છો.

જણાવું છું તો જાગી જજો આ ફટકાઓથી ! ઢંઢોળજો તમારી જાતને ! મારી આ ચિચિયારીઓના શ્રવણથી ઉગારી લેજો ડૂબી રહેલા આતમના નાવને ! પ્રલોભનોના ભડકાઓમાં સળગીને ખાખ થઇ જતા અંતરાત્માને ! દુર્ગતિઓની કરૂણ હોનારતોમાં ઝીંકાઇ જતા દયાપાત્ર તમારા જીવાત્માને !

એક જ વાત, એક જ સિદ્ધાન્ત, એક જ રાહ નક્કી કરી લો કે, જિનાજ્ઞાના પાલનથી દૂર થઈને, એના પ્રત્યેના સાપેક્ષભાવથી પણ મુક્ત થઇને જગતના પ્રલોભનોમાં-કુતૂહલોમાં તણાવું એટલે જાતને રૌરવ નારકોની કૂંભીઓમાં જાતે જ ધક્કો દઇ દેવો, અનેક મુગ્ધ જીવોના ભાવપ્રાણોને ગળે ટૂંપો દેવો.

એક નવકાર ગણો રોમેરોમમાં હૃદય વસાવીને, તમે ત્યાં જિનાજ્ઞાપાલક બનો છો. અને મહાન પ્રવચનો કરો પણ એક રુંવાડે ય તમે નમસ્કારનો ભાવ પણ સ્પર્શી ન શકો તો ત્યાં જિનાજ્ઞા દિગંતમાં દૂર સુદૂર આંટા મારે છે.

વંદનીય છે નેવું વર્ષની બુઝર્ગ સાધ્વી કે પાંચ વર્ષની બાળા, કે જેના

અંતરમાં નવકારનો જપ રમે છે, જેના જીવનમાં તપના ચમકારા ઝબૂક ઝબૂક થયા જ કરે છે.

પૂજનીય છે એક મહાસંયમી, કે જે નાનકડા વસ્ત્રની પ્રતિલેખના કરતાં એ અંગેની જિનાજ્ઞાની તમામ વાતોને લક્ષમાં રાખે છે. ક્યાંક કોઈ આજ્ઞાનું પાલન રહી જાય તો એનું પ્રાયશ્ચિત્ત કરતાં બાપોકાર રુદન કરે છે.

સેવનીય છે એ સાધુભગવંત, કે જે ખૂણામાં બેસીને શ્રી અરિહંતના માર્ગની ભરપેટ અનુમોદના કરે છે.

આવો, જિનાજ્ઞા જોવી હોય તો આ બધામાં જુઓ. જિનાનુશાસનને ન સ્પર્શી શકતા હો તો એના વફાદાર સેવકોને અંતરથી પ્રણામ કરો, પ્રણામ કરતાં શીખો. ધર્મનું મૂળ આ વંદના જ છે એ વાત વીસરશો નહિ. આજ્ઞા એટલે આજ્ઞા. આજ્ઞાને તરછોડીને લાખ લાભ થતા હોય તો તે લાભ નથી, ત્યાં નુકશાન સિવાય બીજું કશું જ નથી.

એક શેઠની વાત આવે છે કે તેણે પોતાના બંગલામાં બે ચોકિયાતો રાખેલા. એક દિવસનો અને બીજો રાત્રિનો. એક વખત શેઠને લંડન જવાનું નક્કી થયું. પાંચ જ દિવસની વાર હતી ત્યાં સવારના પહોરમાં રાતનો ચોકિયાત શેઠ પાસે આવ્યો અને તેણે કહ્યું, 'શેઠ ! રાત્રે સ્વપ્ન આવ્યું જેમાં જે વિમાનમાં આપ જવાના છો તેને તૂટી પડતું મેં જોયું.' શેઠ જરા વહેમી હતા. તેમણે લંડન જવાનું બંધ રાખ્યું. વિમાન સાચે જ તૂટી પડ્યું. શેઠે રાતના ચોકિયાતને બોલાવ્યો. પાંચ હજાર રૂપિયાનું ઈનામ આપ્યું અને તરત કહ્યું,'આજથી તને નોકરીમાંથી છૂટો કરવામાં આવે છે, કેમકે તેં મારું જીવન ભલે બચાવ્યું પણ રાતના ચોકિયાત તરીકે મારી તને આજ્ઞા હતી કે તારે આખી રાત જાગતા રહેવું છતાં તું સૂઈ ગયો, માટે જ તને સ્વપ્ન આવ્યું અને તેં વિમાન તૂટી પડતું જોયું. મારી આજ્ઞાને અવગણીને તું જે કંઈ લાભ મેળવે એને હું વસ્તુતઃ લાભ ગણતો નથી.'

આજ્ઞાના મહત્ત્વનો એક બીજો પ્રસંગ તમને જણાવું.

મહારાણી એલિઝાબેથને તેના પતિ ડ્યૂક સાથે ભારે ઝઘડો થયો. ડ્યૂકને હાડોહાડ અપમાન લાગ્યું. એલિઝાબેથ તેને શાન્ત કરવા પ્રયત્ન કરે છે ત્યાં જ પાર્લામેન્ટની આજ્ઞા આવી કે, 'હમણાં જ તમને બોલાવે છે.' એલિઝાબેથે વિચાર કર્યો કે જો ડ્યૂકના મનનું સમાધાન નહિ કરું તો કદાચ અપમાનિત ડ્યૂક આત્મહત્યા કરશે. પણ હવે ગમે તે થાય, સર્વોપરી પાર્લામેન્ટ છે. એની

આજ્ઞા મારે શિરોધાર્ય કરે જ છૂટકો. મહારાણી એલિઝાબેથ તરત પાર્લામેન્ટમાં ગયા. ત્યાંનું કામ પતાવીને તરત જ ડ્યૂકને આજ્ઞા કરી કે, 'બ્રિટનની મહારાણી એલિઝાબેથ તમને હમણાં જ બોલાવે છે.' ડ્યૂકે વિચાર કર્યો, 'બ્રિટનની મહારાણી (મારી પત્ની નહિ) મને બોલાવે છે તે વખતે મારે બીજો કોઈ વિચાર ન કરાય.' તરત ત્યાં ગયો. મહારાણીએ પૂછ્યું, 'શું તમારે તમારી પત્ની સાથે ઉગ્ર કલહ થયો છે ?' ડ્યૂકે હકારમાં માથું ધુણાવ્યું. તરત જ મહારાણી બોલ્યા, 'બ્રિટનની મહારાણી તમને આદેશ આપે છે કે તમે હમણાં જ તમારી પત્ની સાથે સુખદ સમાધાન કરી લો !' અને તરત જ ડ્યૂકે મહારાણી - પોતાની પત્ની - સાથે સમાધાન કરી લીધું.

આ પ્રસંગમાં આજ્ઞાનું શાસન શી વસ્તુ છે અને એનું કેટલું ગૌરવ છે ? તે જાણવા મળે છે. બ્રિટનની મહારાણીનું અનુશાસન જો આટલું ગૌરવવંતું હોય અને એની ખાતર બીજી બધી જ બાબતો ગૌણ બની જતી હોય તો જે સમગ્ર વિશ્વના મહારાજા છે, સ્વર્ગના અનુશાસક ઇન્દ્રોને પણ પૂજ્ય હોઈને જેઓ દેવાધિદેવ છે, સર્વ પ્રાણીઓને જે એકાંત હિતવત્સલ છે તે ત્રિલોકનાથની આજ્ઞા ખાતર શું શું ગૌણ ન બની જાય ?

મુનિપદ એ આજ્ઞાની વફાદારીનું પદ છે. એ પદ મેળવીને એનો દ્રોહ કદાપિ ન થઈ શકે. સમગ્ર વિશ્વનું આધિપત્ય પણ પગ નીચે ઠુકરાવવાની તાકાત મુનિપદમાં છે. ત્યાં બેઠેલાં આપણે એ આજ્ઞાને જ ઠુકરાવશું ? તુચ્છ પ્રલોભનો ખાતર ? રે ! કેવું આત્મઘાતી વલણ !

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાનું પેલું વચન યાદ કરો, "હે ભગવંત ! જો આ જિનાગમ (જિનાજ્ઞા) અમારી પાસે ન હોત તો દુષમકાળના કાળા ડીબાંગ અંધકારમાં અથડાતા-કુટાતા અમારા જેવા અનાથોની અવદશા થવામાં શી કમીના રહેત ?"

આપણે એ જ જિનાજ્ઞાને પામ્યા છીએ. જિનની એ આજ્ઞા એ જ આપણો ધર્મ બને, પ્રાણ બને, જીવ-જીવન બને. એ ખાતર તમામ આશંકાઓને દફનાવીને જ જંપીએ.

વચનાનુષ્ઠાનને પામીને અસંગાનુષ્ઠાનના સ્વામી બનીએ એ જ આપણા જીવનની એકની એક અભિલાષા બની રહેવી જોઈએ.

## ૯

# શિષ્ય પરત્વે ગુરુનું વલણ

દરેકના જીવનમાં ઝંઝાવાત તો આવે જ. દરેક ઝંઝાવાત સમજીએ તો આશીર્વાદરૂપ જ બને. સજ્જડ, અહંકારી અને ઉદ્દંડને તો માત્ર એમાં માર જ ખાવાનો રહે.

કોઈ પણ ફટકો મંગળમય બનાવવો હોય તો તદ્દન મુક્ત મનથી આત્મનિરીક્ષણ કરવું જ રહ્યું. પરદોષ જોવાને બદલે જે સ્વદોષો ત્યાં ભાગ ભજવી ગયા હોય તેમના તરફ જ દૃષ્ટિ કરવી રહી.

મનને એ સ્વદોષની કબૂલાત ગમે કે ન ગમે પણ એનો ખુલ્લંખુલ્લા એકરાર કરવો જ રહ્યો. પછી બીજો ફટકો પ્રાયઃ નહિ પડે. કદાચ દીર્ઘકાળે થાપ ખાઈ જવાશે તો પણ પડેલો એ માણસ સડપ કરતો'ક ઊભો થઈ જઈ, કપડાં ખંખેરીને જાણે કશું જ બન્યું નથી એ રીતે ઝપાટાબંધ ચાલવા લાગશે.

ફટકા તો આવે જ, આવવાના જ. પણ એ પછીના કાળમાં જે આત્મમંથન થાય અને તેનાથી જેટલું સ્વચ્છ દોષદર્શન થાય, એથી કરીને ફટકો પડે તો ય ઝાઝો સમય ધૂળ ચાટવાનું દુર્ભાગ્ય તો નહિ જ ઊભું રહે. એવું પતન પણ વધુ ને વધુ વેગભરી ચાલનું સર્જન કરશે.

મુનિજીવનમાં એક જ પ્રકારના ઘણા ફટકાના અનુભવ કર્યા. એના મંથને જો સ્વદોષદર્શન પ્રાપ્ત થયું હોય તો તે એ છે કે હું બદલાની વધુ પડતી હીનતમ વૃત્તિવાળો તુચ્છ માનવ છું.

મારી દૃષ્ટિએ આ વાક્ય ખૂબ વજનદાર વાક્ય છે, કેમકે વર્ષોના મંથન પછી આ સત્યની પ્રાપ્તિ થઈ છે. મંથનના કેટલાક વર્ષોમાં તો એ ભૂલ દેખાઈ જ ન હતી, બલ્કે પરદોષ જ આંખે ઊડીને ચોંટતો અને આત્મા વધુ ને વધુ ભયાનક બનતો ગયો.

પણ અંતે થાક્યો. બધા માર્ગે કંટાળ્યો. શરીર ક્ષીણ થયું. મન પણ દુર્બળ થયું. પછી દુર્બળતાની એ શાન્તિમાં બેઠો. ફરી મંથન ચાલ્યું અને મને આ વિષયમાં સંપૂર્ણ સત્ય પ્રાપ્ત થયું.

મારી જાતને હું ખૂબ ધન્ય માનું છું. હવે આ દોષને દફનાવવા માટેના

શપથ લઈશ. એ દોષનો વિનાશ કરીને જ જંપીશ.

મને અંતરથી એ વાત સમજાઇ ગઇ છે કે હું સુંદર નહિ બનું તો મારા પુણ્યે અવશ્ય વળગી પડનારા આશ્રિતોના જીવનને કદાપિ સારા નહિ બનાવી શકું. મારા આશ્રય તળે જીવનસૌંદર્ય પ્રાપ્ત કરવાની એમની ભવ્ય ભાવનાઓને કચડી નાંખવાનું એક અઘોર પાપ મારા હાથે થયા જ કરશે.

આશ્રિત-વર્ગને સારો બનાવવા માટે મારે સારા બનવું એટલે ?

એટલે એ જ કે, મારે તેમની કોઇ જ અપેક્ષા રાખવી નહિ અને મારાથી બની શકે તેટલું બધું આપ્યા જ કરવું. આપીને લેવાની વૃત્તિ એ અદલાબદલીનો હીનતમ બજારું વ્યાપાર છે. એ એવો અપેક્ષાવાદ છે જે સર્વ વાદોમાં અધમ વાદ છે.

બને તો પ્રદાન જ કરવું. પ્રદાન કરીને જો આદાનની ઇચ્છા પણ રહેતી હોય તો બહેતર છે કે પ્રદાન નહિ કરવું. પણ એ વૃત્તિ ય સારી નથી. માટે પ્રદાન કરતા જ રહેવું જોઇએ. આદાન બિલકુલ ન જોઇએ.

સૌથી વધુ પ્રદાન વાત્સલ્યનું હોઇ શકે. અને અત્યંત જરૂરી પ્રદાન હિતવચનનું હોઇ શકે. આ બે વસ્તુ આપી દીધા પછી આપવાનું કશુંય બાકી રહેતું નથી. આશ્રિત વર્ગને પણ એનાથી સંતોષ થાય એવું મારું મંતવ્ય છે.

આની સાથે આદાનનો અધર્મ ત્યાગી દેવો જોઇએ. ગુરુને શિષ્ય પાસેથી કાપ, પ્રતિલેખનાદિ સેવાઓની અપેક્ષા રહે છે તે ખોટું છે. 'હું આટલું ભણાવું, આટલી કાળજી કરું અને શિષ્ય કાંઇ જ ન કરે ?' આ વાક્યમાં ભારોભાર બદલાનો ભાવ ભરેલો છે. સાંભળતાની સાથે જ સિસકારો બોલાવી દે એટલી હીન વૃત્તિ અહીં ખીચોખીચ ભરેલી દેખાય છે. આવી વૃત્તિ જાગી ન જાય તે માટે દૃઢ અભિગ્રહ કરી લેવો જોઇએ કે આશ્રિત વર્ગ પાસે મારે કાપ, પ્રતિલેખન, સંથારો વગેરે અંગેની સેવા બિલકુલ લેવી નહિ. 'હું આપ્યે જ રાખીશ. બદલામાં લઇશ કશું જ નહિ' આ વિચાર જો પરિપકવ બનીને આચારમાં આરપાર ઊતરી જાય તો ગુરુ-શિષ્ય સંબંધ અવશ્યમેવ અપૂર્વ આહ્લાદક બને. એ ગુરુ પાસે સો શિષ્ય હોય તો પણ તેનો ભાર તેને લેશમાત્ર ન હોય.

હાથ પગ ચલાવીને, ભારે શ્રમ કરીને નદી પાર ઊતરવા કરતાં એ વહેણની ઉપર ચત્તાપાટ સૂઇ જઇને, કશાય શ્રમ વિના પાર ઊતરી જવું એ જ સુંદર કહેવાય. આજે તો પ્રાયઃ એવું કોઇ વૃંદ નથી મળતું જ્યાં એ સ્વર્ગીય

આનંદ જોવા મળે.

એક વાર ગુરુ પોતે પ્રદાન જ કરે, આદાનનો ત્યાગ કરે તો શિષ્ય પણ ગુરુસેવાનું પ્રદાન જ કરતો થાય.'મારા ગુરુ મને કેમ અમુક વસ્તુ આપે નહિ? મને કેમ પાસે બેસાડે નહિ ?' ઇત્યાદિ આદાનની હીનવૃત્તિઓ શિષ્યના અંતરમાંથી પણ વિલીન થઇ જાય.

જ્યાં પરસ્પર માત્ર પ્રદાન છે, કોઇને પણ આદાનની ઇચ્છા જ નથી ત્યાં સુખ છે, સૌંદર્ય છે, ભવ્યતા છે અને અતૂટ સંબંધનું સખ્ય છે. પ્રેમની હવા ત્યાં સર્વત્ર વ્યાપે છે. પરના હિતની ચિંતા ત્યાં પ્રધાન બને છે. પોતાના ઐહિક હિતની વાત પણ ત્યાં ઉપહાસ્યાસ્પદ બને છે.

આ ચિંતન અને એને જ અનુરૂપ જીવન જીવવાનો સમય આવી લાગ્યો છે. એમાં જેટલો વિલંબ થશે, જેટલી ઉપેક્ષા થશે એટલું નુકસાન થશે જ, પણ આશ્રિતોને ય પારાવાર નુકસાન થશે.

આવતીકાલે શું બનશે તે હું જાણતો નથી. પણ એટલું ચોક્કસ છે કે ભૂતકાળના ફટકાઓએ શિષ્યેચ્છાને તો મૃતપ્રાયઃ કરી નાંખી છે. આજે કોઇ શિષ્ય થાય તો તેનો મને એવો હર્ષ નથી, ન થાય તેનો લગીરે શોક નથી.

ઇચ્છા તો હવે એટલી જ છે કે, એ વિષયમાં તદ્દન નિરીહ જ બની રહેવું. ફરજો બજાવતા રહેવી અને ચિંતન-મંથન-લેખનના કાર્યમાં કોઇ વિક્ષેપ ન નાંખે એટલી દરેક શિષ્યને વિનમ્રભાવે વિજ્ઞપ્તિ કરવી.

ગુરુ કે શિષ્ય બેમાંથી ગમે તે એકની, બીજા માટેની અપેક્ષા વધુ બને છે ત્યારે એ સંબંધમાં કેટલું ઝેર રેડાય છે અને ત્યાર પછી કેવા ઝંકારા બોલે છે એ બધુંય સ્વાનુભવસિદ્ધ છે. અન્યત્ર પણ સારી રીતે જોયું, સાંભળ્યું છે. હવે એ ત્રાસ ઊભો નથી કરવો. શિષ્ય તરફથી પણ એ ત્રાસ ન થાય એ જ ઇષ્ટ છે. જીવનને સંતૃપ્ત કરી મૂકીને હતાશ અને ભગ્નાશ બનાવે તે કરતાં એનાથી અલિપ્ત રહીને અનુપમ ચિંતન-મંથન દ્વારા પ્રાપ્ત થતા અને ઘનીભૂત બનતા વિચારોની ભેટ અનેક હતાશ-ભગ્નાશને ધરીને એમના જીવનમાં પ્રાણ પુરાય, એ કલેવરમાં ચૈતન્યનું પ્રદાન થાય એ અત્યંત સુંદર નથી શું ?

આથીસ્તો મુમુક્ષુઓ પાસે ખૂબ જ સ્પષ્ટ થઇ જવાનું જરૂરી છે. સ્વજીવનની અસ્તોવ્યસ્ત આરાધના, મનની વધુ પડતી પ્રવાહિતા વગેરેને જાણી લેવાની સંપૂર્ણ તક આપી દેવી જોઇએ. એટલું જાણ્યા પછી પણ જે આશ્રિત બને તે છાશવારે ને છાશવારે આંગળી ચીંધતી રહે અને આંખોના

ભવાં ચડાવતો રહે તે શક્ય નથી એવું મારું મંતવ્ય છે. ભલે એક જ શિષ્ય હોય પણ તે સુવિનીત હોય તો બીજા કોઇની અપેક્ષા જ ન રહે.

વસ્તુતઃ તો પુણ્યાઇ જ વિષમ છે. આશ્રિતો સૌજન્યથી આકર્ષાશે અને પછી અપેક્ષાઓ પૂર્ણ થતી ન લાગતાં નફરત પણ કરશે જ. આ વાસ્તવિકતા સામે આંખમીંચામણાં કરવાનું ઉચિત નથી, કેમકે તેમ કરવાથી શાન્તિ મળતી નથી, અશાન્તિ જ વધે છે. એટલે હકીકત તો એ જ બની રહે છે કે આપણે આપણી મનઃસ્થિતિને દેવ-ગુરુના અનુગ્રહથી ખૂબ જ સદ્ધર બનાવી લેવી જોઇએ. ગમે તેવી આપત્તિઓ કોઇ ઊભી કરે તો પણ સદૈવ સ્મિત વેરતા રહેવું જોઇએ.

બેશક, ક્ષતિઓને નિવારવાનો પણ પુરુષાર્થ કરવો જોઇએ. આદાનની વૃત્તિને દૂર હડસેલી દેવી જોઇએ. એટલું જ નહિ પ્રણ શિષ્યસેવાના અનેક પ્રકારો ઉપર પણ તાળું મારવા નક્કર પ્રયત્ન કરવો જોઇએ. તદ્દન નિરીહ બનવું જોઇએ.

આપણે પ્રકૃતિનું જ એક પ્રિય તત્ત્વ બનીએ કે જેને પ્રદાન જ પોતાનો સ્વભાવ બને છે. એને કોઇ પથ્થર મારે તો ય પ્રદાન કરે, ઘસી નાંખે તો ય પ્રદાન કરે, જલાવી દે તો ય પ્રદાન કરે.

આદાનની હીનવૃત્તિ અને શિષ્યસેવાનું આદાન એ બે અવળા પુરુષાર્થ જ જીવનને દુઃખમય કરી મૂકે છે. સુખી થવા માટે એ અવળો પુરુષાર્થ ત્યાગવો જ રહ્યો. એને ત્યાગ્યા વિના 'પાપોદય'ની વાતો કરવી એ તો પોતાની અવળચંડાઇને ઢાંકવા માટેનો બહુ સફાઇભર્યો રસ્તો છે. પણ તે છતાં એક વાતનો ભય રહે જ છે કે એ ચાલ બધી રીતે સુંદર બનાવી દીધા પછી પણ એ સ્વર્ગીય સંબંધોનું સોણલું સત્ય બને ખરું કે કેમ ?

ખેર, એ બધી વાત તુચ્છ છે. સાચી વાત એક જ છે, નિરીહ મનથી પ્રાણ અને ત્રાણ એવા નિરીહ ગુરુદેવની ઊછળતાં હૈયે સેવા કરતા જ રહેવી અને દેવાધિદેવના ભજનિયાં મોકળાં મને ગાતાં જ રહેવા. વનવગડાના પંખી બનવું. મુક્તિના સુખને ય ભુલાવે એવી એ મોજ છે.

પછી પેલા તુચ્છ સ્વર્ગીય આનંદની અભીપ્સા પણ શા માટે રાખવી ?

# ૧૦

# ગુરુ પરત્વે શિષ્યનું વલણ

ગતપત્રમાં 'ગુરુનું શિષ્ય પરત્વે વલણ' કેવું હોવું જોઈએ એ વિચાર ઉપર થોડો પ્રકાશ પાડ્યો. આ પત્રમાં 'શિષ્યનું ગુરુ પરત્વે વલણ' વિચારવું છે.

મહાકાળનો એ પ્રભાવ કહો, ભવિતવ્યતાનું એ નિર્માણ કહો, નિયતિનું એ તોફાન કહો કે કર્મનું એ વૈષમ્ય કહો અથવા જીવનો એ વિભાવ-સ્વભાવ કહો; ગમે તે કહો પણ આજે સામાન્યતઃ એવું જોવા મળે છે કે ઐહિક સ્વાર્થની આરાધના ચોમેર વધતી જાય છે. પરાર્થની દીક્ષા લેનાર શિષ્ય પણ ઐહિક સ્વાર્થની તુચ્છાતિતુચ્છ આરાધનામાં સર્વાંગે પલોટાઈ જાય છે. એમાં વિઘ્નભૂત લાગતાં ગુરુથી સ્વતંત્ર બની જઈને ઉદંડ અને ઉદ્ધત જીવનનો ગુલામ બને છે.

કોને ખબર એ સ્વતંત્ર હશે કે ખરેખર તો મનસ્વતંત્ર હશે ? દીક્ષા પહેલાંની વાતો જુઓ. ગુરુ પ્રત્યે શિષ્યના અહોભાવમાં હંમેશ ભરતી જ જોવા મળે. પછીની વાત જુઓ. દિવસે દિવસે એમાં ઓટ આવતી જાય. એક દિવસ એવો પણ આવી લાગે જ્યારે શિષ્ય મનથી વેગળો બનેલો જોવા મળે અને પછી મોં જોવા પણ લાચાર બને.

સંસારીઓના સંગે રંગાયેલો, અનાદિના સ્વાતંત્ર્ય સંસ્કારનો ધરખમ સ્વામી મુનિપણું સ્વીકારે અને ગુરુથી વિમુખ બને, એમનું પારતંત્ર્ય ઈન્કારે તો મને એ જ સમજાતું નથી કે મુનિપણું પછી રહે જ ક્યાં ?

શું બુદ્ધિમત્તામાં મુનિપણું હશે ? તો તો આજના પ્રોફેસરો મહામુનિ કહેવાશે. શું માત્ર તપ કરવામાં મુનિપણું હશે ? તો તો પશુઓને ય મુનિવર કહેવા પડશે. શું કોઈ વકતૃત્વ શક્તિમાં મુનિત્વ હશે ? તો તો આજના પ્રધાનો અત્યન્ત સન્માનનીય શ્રમણો કહેવાશે. અને જો વેષ ધારણ કરવા માત્રથી મુનિપણું રહેતું હોય અને શોભતું હોય તો તો આજના ભયંકર શિથિલાચારી વેષધારીમાં ય મુનિપણું માનવું પડશે અને એમને અંતરથી અભિવાદન કરવું પડશે.

મુનિપણું તો છે અનાદિના સ્વાતંત્ર્યનો વિનાશ સર્જવામાં, સ્વચ્છંદતાને

ગળે ટૂંપો દેવામાં.

આપણે દરેકે આ વાત સમજી રાખવી જોઇશે કે જૈન મુનિ વિદ્વત્તા, પ્રતિભા કે વકતૃત્વશક્તિ માત્રથી દીપતો નથી, કિન્તુ મોહનીય કર્મના પ્રચંડ સામર્થ્યનો ભુક્કો બોલાવવા દ્વારા ઉત્પન્ન થતી ચિત્તની અજબગજબની પ્રશાન્તવાહિતાથી શોભે છે. એ પ્રશાન્તવાહિતા એ જ મુનિત્વ છે, એથી જ એ પૂજ્ય છે, સેવ્ય છે અને સન્માનનીય છે. આ મોહનીય કર્મનો ક્ષયોપશમ કરવા માટે એક જ ગુરુકૃપા સમર્થ છે અને એ ગુરુકૃપાનું અમોઘ સાધન એક જ ગુરુપારતંત્ર્ય છે.

આપણને વિદ્વત્તાનો અભાવ ખૂંચે છે, બે માણસમાં માન ન પામીએ તે ખૂંચે છે, રાજનીતિની બે વાતનું અજાણપણું ખૂંચે છે, એકાદ ભાષાનું અજ્ઞાન ખૂંચે છે પણ પૂર્ણ ખાનપાનના રાગ, વિજાતીયના આકર્ષણ, વિષયોના પ્રલોભન અંતરમાં કૂદાકૂદ કરી ઊઠ્યા હોય છતાં ય તે ખૂંચતા નથી. એનું જ આ પરિણામ આવ્યું છે કે ગુરુકૃપાનો મહિમા જરાય સમજાતો નથી. મોહનીય કર્મની ભયાનકતા સમજાશે ત્યારે જ એના ભુક્કા બોલાવી દેવાનું અપ્રતિહત સામર્થ્ય ધરાવતી ગુરુકૃપાની ભદ્રંકરતા નજરે આવશે. ત્યાર પછી જ ગુરુપારતંત્ર્યનો ગુણ જીવનમાં એકરસીભાવ પામશે.

આધુનિક જમાનાની કહેવાતી પ્રગતિના અંજામણમાં આવી જઇને મુનિજીવનમાં બાહ્ય સામગ્રીથી 'અપ-ટુ-ડેટ' બનવાના કોડ સેવવાની એક ભયાનક ભૂલ કરી દીધી છે અને એ ભૂલમાંથી જ વૈષયિક આનંદો ભોગવવામાં 'એક્સપર્ટ' બન્યા. ટૂંકમાં મુનિવેષમાં અઠંગ સંસારી બન્યા.

તમે જ મને બતાવો કે, જો આપણે વિદ્વાન થવું હોય, બુદ્ધિમાન કે બહુશ્રુત માત્ર બનવું હોય, મહાતપસ્વી કે મહાધ્યાની જ બનવું હોય તો ત્યાં ગુરુની કશી જરૂર પડે ખરી ? એના વિના શું ન ચાલી શકે ? બેશક ચાલી શકશે. ગુરુકૃપા વિના જ્ઞાનાવરણનો હ્રાસ થાય અને મહાજ્ઞાની બની શકાય. વીર્યાન્તરાયનો હ્રાસ થાય અને મહાતપસ્વી પણ બની શકાય. બધું બની શકાય અને જો આમાં જ મુનિપણું ગણાતું હોય તો ગુરુકૃપા વિના આ મુનિપણું સર્વાંગસુંદર ક્યાં બની શકતું નથી ?

આ જીવલેણ ભ્રમ કહો, અનાદિની સ્વાતંત્ર્યપ્રિય વાસનાઓ કહો કે મહાકાળનો પ્રભાવ કહો; એણે અનેકોના જીવન પીંખી નાંખ્યા છે.

ખેર, બધાની ચિંતા કરવાનો મને અધિકાર નથી. મારે તો તમને આ વાત કરવી છે કે, તમે મુનિપણું મોહનીયના ક્ષયોપશમથી પ્રાપ્ય ચિત્તની અપૂર્વ મસ્તીમાં જ સમજજો. અને તેના માટેના એકના એક ઉપાય તરીકે ગુરુપારતંત્ર્યથી પ્રાપ્ત થતી ગુરુકૃપાને જ વિચારજો... સ્વીકારજો.

આંખ સામે સદૈવ રમાડો ગુરુના અનંત ઉપકારને; જેણે સંસારની અગમ-અગોચર રમતો તમારી સામે ઉઘાડી પાડીને તમને ચોકન્ના કરી મૂક્યા, એની ભયાનક શક્તિને જાનથી ખતમ કરી દે• તેવી અનંત આત્મશક્તિ બતાવીને તમને ઉત્સાહિત કર્યા અને વિરાટની વાંકીચૂકી વાટે તમને ચડાવી દીધા, તમારા એ જીવનસાથી બન્યા.

અનંત સંસારને આંખ સામે લાવો. કેવા કેવા દુઃખોથી એ ફદફદી ઊઠ્યો છે. એમાંથી તમને આબાદ ઉપાડી લેનારનો ઉપકાર કેટલો ? આઇન્સ્ટાઇનનું ગણિત પણ અહીં કામ નહિ કરી શકે હોં ! ઉપકારના અનંત મેરુ નીચે કચડાયેલો એક આત્મા તુચ્છ ઐહિક સ્વાર્થ ખાતર ગુરુપારતંત્ર્યને અભરાઇએ મૂકશે એમ ? મનસ્તંત્ર બનશે એમ ? અને એ બધું કરશે તો કર્મસત્તા એ નાટક મૂંગી મૂંગી જોયા કરશે એમ ?

બીજી વાત.... જે શાસનને પામ્યા છો અને એનાથી જે મુનિવેષ મળ્યો છે એના પરિણામે આજનો અબજોપતિ રોકફેલર પણ ન ભોગવી શકે એટલી એશારામી તમે ધારો તો માણી શકો. તો હવે એ શાસન પ્રત્યેની તમારી કોઇ જવાબદારી જ નથી શું ? જે મુનિત્વને અંગે આટલી બધી અનુકૂળતા મળે તે મુનિત્વ(ગુરુપારતંત્ર્ય)ને તમે છેહ દેવા જેટલું કઠોર અને ક્રૂર પગલું ભરવાનું સ્વપ્ને પણ વિચારી શકો ખરા ?

અરે ! એના પરિણામે લમણે ઝીંકાનાર પરલોકનો ય થોડો તો વિચાર કરો. ધ્રૂજી ઊઠશે અંતર, રડી ઊઠશે ચક્ષુ. સો વાતની એક વાત, મુનિત્વને છેહ દઇ શકાય નહિ. કોઇ પણ સંયોગમાં, કોઇ પણ દેશમાં, કોઇ પણ કાળમાં મુનિત્વની રક્ષા કાજે, જીવનના સુખ ખાતર, પરલોકની 'સેફટી' ખાતર, શાસનની વફાદારી ખાતર, અનેકોના આશ્રયદાતા બનવાની સિદ્ધિ મેળવવા ખાતર જે કાંઇ કરવું પડે તે કરી લેવું જોઇએ. જે કાંઈ મનગમતું જતું કરવું પડે તે બેધડક જતું કરી દેવું જોઈએ.

કરવાની છે ગુરુપારતંત્ર્યની આરાધના.

જતી કરવાની છે સ્વચ્છંદતાના લાભોની પરંપરા, એક ઘોરાતિઘોર વિરાધના.

ગંભીર બનીને મારી વાત વિચારજો. અનંત ઉપકારીના ઉપકારની રુએ આ નાનકડું એક જીવન તો એ કરુણા-સાગરમાં સમાવી દેજો. એક જીવન માટે તો બીજી બધી મહત્ત્વાકાંક્ષાઓને દફનાવી દેજો.

ગાંડા બનજો ગુરુની ભક્તિમાં, ધ્યાન ધરજો ગુરુ-મૂર્તિનું, પૂજા કરજો ગુરુચરણની અને મંત્ર ભણજો ગુરુકૃપાનો. શિષ્યનું ગુરુ પ્રત્યે આવું સ્વચ્છ વલણ સદૈવ બની રહેવું જોઈએ.

સદૈવ ભક્તિભરપૂર જીવન, બહુમાનપ્રચુર મન અને ઉલ્લસિત મને ગુરુના ગુણોનું કવન ! આ વિચાર આપણો પ્રાણ ! આ ચિંતન જ મુનિજીવનનું ત્રાણ !

ગુરુના દોષોની વાત અહીં કરશો મા ! મૂલગુણશુદ્ધ, શાસ્ત્રસાપેક્ષ ગુરુ એ આપણા માટે ભગવાન ગૌતમ છે. એના કાંકરી જેટલા દોષને વિચારવા કરતાં અનંત ઉપકારોના મોટા મેરુને કેમ ન વિચારી શકાય ? કાંકરીને દેખનારો મેરુને શું નથી જોઈ શકતો ? એ ઉપકારોના મેરુ આગળ દોષની કાંકરીનું દર્શન તદ્દન તુચ્છ બને છે. છતાં જો ગુરુના છદ્મસ્થભાવને કારણે સંભવિત દોષને વિચારીએ તો એ વિચાર આપણા વિકૃત માનસનું જ સૂચન કરે છે.

ભગવાન ચંડરૂદ્રના કષાયદોષને શિષ્યે વિચાર્યો હોત તો શિષ્યની પ્રશંસા ઈતિહાસ કદાપિ ન કરી શકે એવું કશુંક બની ચૂક્યું હોત.

શાસ્ત્રમાં સાપના દાંત ગણવા ગયેલા શિષ્યની વાત કે જૈનેતર કથાઓમાં આવતી શિષ્યના ગળે છરી મૂકતા ગુરુની વાત-તેમાં સમર્પણ સિવાય કશું જ જોવા ન મળે.

તમારી બધી જ ઈચ્છાઓનો નિરોધ કરી દો. ઈચ્છાનિરોધ તપોનો પણ તપ છે. ગુરુના ઉપકારનું અવિસ્મરણીય જ્ઞાન એ જ્ઞાનોનું ય જ્ઞાન, ગુરુનું ધ્યાન એ ધ્યાનોનું ધ્યાન છે.

પેલું પરમાત્માનું વચન યાદ આવે છે, "**जे गुरुं मन्नए से ममं मन्नए.**" પરમાત્મા શાસનપતિ મહાવીરદેવના શાસનમાં ચાલી આવતી અવિચ્છિન્ન ગુરુપરંપરા મજબૂત કરવામાં ગુરુકૃપા મેળવીને તમારો ફાળો અવશ્ય

નોંધાવો.

ગુરુકૃપાના અભાવમાં જીવન પવિત્ર થતાં નથી. એ ગમે તે પળે કાળા ઈતિહાસનું સર્જન કરવાનું પરમ દુર્ભાગ્ય પ્રાપ્ત કરી જવાની પૂર્ણ શક્યતામાં અદ્ધર લટકતાં રહે છે. એમની વિદ્વત્તા, તપશ્ચર્યાદિ શક્તિઓ જ આચારના કે શ્રદ્ધાના જીવનમાં કો'ક મોટી હોનારત સર્જીને જ જંપતી હોય છે.

જ્યાં ગુરુકૃપા છે ત્યાં ભલે કદાચ એ શક્તિનો ક્રમિક વિકાસ ન પણ જોવા મળે છતાં એ આત્મા એના આંતર-જગતની મસ્તીનો બેતાજ બાદશાહ બની રહે છે. એ એનામાં મસ્તાન હોય છે. મોહ-શેતાન એની સામે જોવા પણ અસમર્થ બને છે. શાસન-માલિન્યના ક્રૂર પાપજનક તો એ કદાપિ બનતો નથી.

નથી જોઈતું ને એકાએક ધબડકો વળી જતું જીવન ? તો બધું જતું કરો. બધી ઈચ્છાઓને પૂળો ચાંપો. શરણે જાઓ ગુરુના કે ગુરુમાતાના ! સ્વના, શાસનના, સર્વના હિતની દષ્ટિએ ગુરુના અનંત ઉપકારોની દૃષ્ટિએ, પરલોકની દૃષ્ટિએ તમારી જો કોઈ ફરજ હોય તો એક જ છે કે ગુરુકૃપા ખાતર તમારે બધું જ કરી છૂટવું, બધા જ પ્રલોભનો જતાં કરી દેવા.

|*| |*| |*|

# ૧૧
# અંતરનો કકળાટ

મારા જીવનને તમે તમારા જીવનનું એક ધન્ય આલંબન બનાવ્યું છે એ વાત તમારા પત્રથી જાણીને, સાચું કહું તો મારો અંતરાત્મા ધ્રુજી ઊઠ્યો છે.

અત્યંત હીન સ્થિતિમાં અંતરાત્મા સબડતો હોવા છતાં મેં કેટલી કારમી સફાઇભરી માયાવી ચાલ જમાવી હશે, જેથી કોઇને એ અંદરની ગંધાતી ગટરની ગંધ પણ ન જાય અને એ જીવનને ધન્ય આલંબન બનાવવા સુધીનું દર્શન જગત કરે !!!

છેલ્લા બે-અઢી માસથી માનસસ્થિતિ મારા હીન જીવનનું 'એન્લાર્જ્ડ' દર્શન કરતી રહી છે અને મને એ જીવનમાં સર્વત્ર ગાઢ અંધકાર છાઇ ગયેલો જણાતો રહ્યો છે. રોજબરોજ હું વધુ ને વધુ સચિંત બનતો રહ્યો છું. મને હવે સમજાતું નથી કે, પરલોકની હીન ગતિઓમાં મારું સ્થાન ક્યાં હશે ? શ્રેષ્ઠતમ સાધનામાર્ગે હીનતમ વિરાધના ? આનો જવાબ કર્મસત્તા મને શું ન આપી શકે ? આ વાત મારા ખ્યાલમાં છે. અને તે વિચારની પ્રત્યેક પળ મને વારંવાર ધ્રુજાવી રહી છે. આંખ સામે સ્વચ્છ દર્શન કરી શકવા ભાગ્યશાળી બન્યો છું. હા, કદાચ એ વિષયમાં મારા જેવો ભાગ્યશાળી કો'ક વિરલો જ હશે !

પણ... પણ એ સ્વચ્છ દર્શનનો જીવન સાથે મેળ નહિ બેસાડી શકવા બદલ મારી ભાગ્યહીનતાનો વિચાર કરું છું ત્યારે મને એમ લાગે છે કે, મારા જેવો હીણભાગી તો કોઇ એક પણ નહિ જ હોય.

પરમોચ્ચ-પરમશ્રેષ્ઠ શ્રીજિનશાસન મળ્યા પછી પણ મારી જે સ્થિતિ સર્જાઇ છે એ સાચે જ અક્ષન્તવ્ય છે, મારા માટે અસહ્ય છે. આ પળોમાં મારા જેવો દુ:ખીઆરો જગતમાં કો'ક જ હશે. હું જાણું છું કે સંગમાત્ર પાપ છે છતાં એ સંગથી હું જરાય નિર્લેપ બની શકતો નથી.

હું સ્પષ્ટ રીતે સમજું છું કે, વિષયોની વિરક્તિને ટકાવી રાખવી હોય તો દેવ-ગુરુ ઉપર મહારતિ કરવી જ જોઇએ. છતાં મૂર્ખ-શિરોમણિ હું એ મહારતિનો સ્પર્શ પણ કરી શકતો નથી.

મને બહુ જ સચોટ વિશ્વાસ છે કે, અસંગના સંગને પામવા સર્વસંગનો

ભાવત્યાગ કરવો જ જોઇએ. છતાં એ ત્યાગ મારા માટે સુદુષ્કર બની રહ્યો છે. હવે આ સ્થિતિ વધુ ને વધુ અસહ્ય બનતી જાય છે. મારે જોઇએ છે મારા દર્શનની સાથે સુમેળ સાધે તેવું જીવન ! મારે જોઇએ છે દેવ-ગુરુના સંગે રંગાયેલું જીવન કે જ્યાં બીજા કોઇ સંગરંગ સંભવી શકે જ નહિ. મારે તો માણવી છે અસંગભાવની અનોખી મદમસ્ત માધુરી ! મારે ત્યાગવા છે દેહના અધ્યાસ !

આ બધા કુશળ મનોરથોનો હું બેતાજ બાદશાહ છું, પરંતુ એની જીવંતતાનો હું સંપૂર્ણ ભિખારી છું. તમે શી રીતે મારા જીવનમાંથી કશુંક પણ મેળવી શકો ? એ મને સાચે જ સમજાતું નથી. મારી પાસે કોઇ યોગ નથી, કોઇ ક્ષેમ નથી, કોઇ અનુપ્રેક્ષા નથી.

હું આ જીવનનો સત્યદર્શની, સત્યપક્ષપાતી, સત્યનો ચાહક, સત્યને નમનારો, સત્યસાધકોનો સેવક માત્ર છું. બાકી, મારું જીવન અસત્યોથી ભરપૂર છે. ત્યાં અસત્ય સિવાય કશુંક હશે કે કેમ એ પ્રશ્ન છે.

અસત્ય એટલે વિષય ! અસત્ય એટલે કષાય !

સત્ય એટલે વીતરાગ અને રત્નત્રયીમય મારા પરમકૃપાલુશ્રીજી ! રત્નત્રયી !

મેળ મળતો નથી ! અજંપો જંપતો નથી ! જ્યાં સુધી આ જીવન વિશુદ્ધિના પગથારે પગલું નહિ માંડે ત્યાં સુધી આનંદની કલ્પના પણ મારા માટે અસ્થાને છે.

નવકારશી કરું છું, એવું ઘણું ય કરું છું પણ જાતની સેવા માટે, કકળાટ વધારવા માટે ! મને એ કશુંય ગમતું નથી, પણ છતાં ય હું એનાથી વેગળો થઇ શકતો નથી.

બસ, આ વિસંવાદ જ મારા કારમા ત્રાસનું બીજ છે. શું હશે ? ઘોર ચારિત્ર્યકર્મનો ઉદય ! શું હશે ? દુર્ભવ્યત્વ ! શું હશે ? માથે કારમો સંસાર ! અનંત પીડા ! અનંત અંધાર ! અનંત ત્રાસ ! અનંતનો અંત આણવાની અનંત ઇચ્છાવાળાને પણ અનંત સંસારની કલ્પના !!! હાય ! તો હવે કરવું શું ?

મહારાજા શ્રેણિકને સાક્ષાત્ તીર્થાધિપતિ મળ્યા અને ભાવી નારકનું અવશ્યગમન જણાવ્યું, કકળાટ કરી મૂક્યો !

મને તો સાક્ષાત્ તીર્થાધિપતિ નથી મળ્યા પણ મને તો મારે માથે એવી

સેંકડો નારકોની તલવારો લટકતી દેખાય છે. હવે કેટલી પોક મૂકવી ? અને કોને, શું, ક્યાં કહેવું ?

છે કોઇ માર્ગ ? તમે ન બતાવી શકો ? જરૂર બતાવજો ! રોઇ રોઇને ભાઇ આંસુ સારે તો એને બહેન નહિ ખાળે તો કોણ ખાળશે ?

અરે ! ભૂલ્યો, ઉપાય તો મારી આંખ સામે જ રમી રહ્યો છે ! દર્શન તો મને સત્યનું જ થયું છે. પણ....

પણ એ દર્શનને જીવનમાં ઉતારીને જીવંત બનાવી શકતો નથી !!! મારો આ કકળાટભાવ જ ભગવાન બને, મને એ ભગવાનભાવ જ પ્રેરક બને. મારા ચારિત્ર્યમોહનીય કર્મની દુર્ભેદ્ય શ્રૃંખલાને એ ભગવાન જ ભેદી નાંખે.

બસ, આ એક જ આશા છે. રોજ ભગવંત પાસે પોક મૂકીને આ ભાવ-ભગવંતને અંતરમાં સ્થાપું છું અને એની પાસે યાચું છું કે, હે ભાવ-ભગવંત ! ભગવંતને નમતાં તું મળ્યો છે ! તું જ મારા અંતરમાં પ્રવેશી શકે તેવો ભગવાન છે. મારો ભગવાન તો મારા અંતરમાં ન જ પ્રવેશે, કેમકે તે વિદેહી છે ! ખેર, પણ તે વીતરાગે જ પાઠવેલો તું ભાવ-ભગવાન અંતરમાં પ્રવેશ્યો છે તો હવે એ જ અંતરમાં પેઠેલા અશુભ ભાવ-ભૂતડાંઓને, કાળાં કર્મોને હડસેલી મૂક અને હવે મને શાંતિ આપ !

બહુ થયું. કકળાટની વેદના સર્વ વેદનાઓથી વધુ ત્રાસદાયક લાગી છે. નથી ખમાતી, નથી સહેવાતી....

આ ભાવ ક્યારે મારું શુદ્ધિકરણ કરે છે ? ક્યારે મને ઉચ્ચ જીવનપથ આપે છે ? તેની રાહ જોતો બેઠો છું.

આ કૃપાપાત્ર ઉપર કૃપાલુઓની કરુણાવૃષ્ટિ થયા જ કરો ! ત્યાગી, સંયમી-સર્વ મહાત્માઓના પ્રાણમાં આ દાસાનુદાસ ઉપરનો અનુગ્રહભાવ સદૈવ ધબકતો રહો !

આ સિવાય તો શ્રેયની સિદ્ધિ ત્રિકાળમાં શક્ય લાગતી નથી.

# ૧૨
# સાધુ એટલે ? જગતની મા...

ખરી મા... અનંત જીવોને વાત્સલ્યભરી ગોદમાં સમાવી લેતી, નાના કુંથુઆના જીવનનું જતન કરીને, કોઈ માખનો પગ પણ ન નંદવાઈ જાય તેની રાત ને દિ' ચિંતા કરતી એકની એક મા....

કોઇ દીન-દુઃખીઆરાને જોઇ એની આંખો રડી ન ઊઠે એ બને જ કેમ?

કોઇ કર્મવશ જીવડાની ભાવી કરુણ દશા નજરમાં આવતાં એનું અંતર કંપી ન ઊઠે એ ય કેમ બને ?

ખરી મા દ્રવ્યદયા કરતાં ભાવદયાને જ બહુધા પ્રાધાન્ય આપે. શ્રીમંત જીવનની શ્રીમંતાઇ પણ જો જાલીમ દુઃખોની ભેટ ધરનાર હોય તો એ શ્રીમંતાઇ માને કદી અકળાવનારી ન જ બને.

જગતના અનેક દ્રવ્ય-ભાવ દુઃખીઆરા જીવોની કરુણ-અતિ કરુણ દશા જે માની સામે સતત તરવર્યા કરતી હોય એને સારામાં સારા ખાનપાનાદિના પદાર્થોમાં રાગ શેં થાય ?

મિષ્ટભોજન મળે પણ મા તો વિચારે કે આવા ભોજન વિના મારા લાખો બાલુડા દિવસો અને મહિનાઓ, યુગો અને જીવનો પસાર કરે છે. હું એમાં કેમ રાચી શકું ? અને મારા જે બાલુડાંને આવા ભોજન મળ્યા છે તેમના ય ભાવી કર્મવિપાકોની ભયાનકતા જોતાં હૈયું ફફડી ઊઠે છે. શું થશે એમનું? સુંદર મલમલનું વસ્ત્ર અંગે ઢાંકવા મળે તો ય માને તેમાં રાજીપો ન થાય. એ તો વળી એ જ વિચારે ચડે, "શું રાચવાનું આમાં ? લાખો ભૂલકાં વસ્ત્ર વિનાના છે. મારા ભૂલકાને મૂકીને હું મા જેવી મા શીદ વાપરી શકું ?

હશે કોઇ બાળકની એવી મા આ દુનિયામાં જે ખૂણે બેસી મોજથી ગળ્યું ગળ્યું ખાઇ લે દીકરાને મૂકીને અને મોળું ખવડાવીને ! ના, એ મા ન કહેવાય. મા હોય તે આવું કરે જ નહિ. માતાનું સ્વરૂપ જ વાત્સલ્યમય હોય ત્યાં આવી વાતો અસંભવિત જ હોય.

સાધુ તો વિશ્વની મા. અનંતાનંત જીવોની કાળજી કરતી ખરી મા ! કોઈ પણ દૃષ્ટિના યોગમાં એ રાજી ન થાય, કદાપિ ન થાય. ઈષ્ટનો ભોગ ભલે કદાચ પુણ્ય કરાવે કે સંયોગો ફરજ પાડે પણ એમાં એનો રાજીપો તો ન જ હોય, કેમકે એને તો આંખ સામે ઈષ્ટવિહોણાં પોતાના લાખો ભૂલકાંઓની હારમાળા દેખાય અને અંતર કકળી ઊઠે, હાથ ધ્રુજી ઊઠે, કોળિયો સરી પડે! મોંએ જાય તો ય ડચૂરો વળે, પેટમાં જાય તો ઊલટી થાય !

વિશ્વની માતાને ઈષ્ટમાં આનંદ ન થાય તેમ આ જ હેતુથી અનિષ્ટના યોગમાં દુઃખ પણ ન જ થાય હોં ! કેમ વારુ ?

એટલા જ માટે કે જ્યારે જ્યારે ન ગમતી વસ્તુઓની પાસે આવે ત્યારે ફરી એ જ બાલુડાંઓની સૃષ્ટિ એની આંખ સામે તરવરવા લાગે !

જે જાડું ધાબળા જેવું કપડું મારા લાખો બાલુડાંની લાજ ઢાંકવા અસમર્થ બન્યું તે મને તો વહાલું જ હોય. જે બાજરાનો રોટલો એવા કરોડોના જલતા જીવન-દીપમાં તેલ બની રહ્યો તે મારે કેટલો પ્રિય બની રહે !

કેળના તારથી ય પાતળા ખાખરા તો કો'ક જ ખાય. જ્યારે સાગના લાકડા જેવા આ રોટલા તો અગણિત બાળકો ચાવી જાય, જીવન જીવી જાય !

મારા બાળકોની જે લાજ ઢાંકે, એમનું જે જીવન રક્ષે તેની ઉપર મને અણગમો ? માને અણગમો ? કદાપિ ન બને.

સૃષ્ટિ રસાતાળ બની જાય, સૂર્ય-ચંદ્ર ધરતી ઉપર ઢળી પડે, સમુદ્રો માઝા મૂકી દે તો ય મા પોતાના બાળકોના સુખદુઃખમાં અંતરથી સાથ ન લે તેવું કેમ બને ?

માટે જ વિશ્વમાં 'મા'નું સ્થાન કોઈ પામી ન શકે, માની તોલે કોઈ આવી ન શકે.

વિશ્વની માતાસમા મુનિને ઈષ્ટ ઉપર રાગ ન થાય અને અનિષ્ટ ઉપર રોષ ન થાય તેમાં તેનું માતૃત્વ-વિશ્વવાત્સલ્ય પણ નયદૃષ્ટિથી આછું પણ કારણ છે.

જ્યાં નથી રાગ અને રોષ ત્યાં જ વસે છે આત્મસંતોષ. સમતા પણ આનું જ નામ છે. અનુપમેય સુખની આ જ વાસ્તવિક દિશા છે. જેને સુખી થવું હોય તેણે ઈષ્ટાનિષ્ટના રાગ-રોષ મિટાવી જ દેવા રહ્યા. તે માટે ઉપરોક્ત

વિચારણાને તથા કર્માદિની વિચારણાને વાગોળવી જ રહી.

એક જિજ્ઞાસુએ સંતને પૂછ્યું, "વિપુલ સુખ શેં મળે ?" સંતે ઉત્તર આપવાને બદલે કહ્યું, "જા સ્મશાનમાં, આ પુષ્પમાળા આપું છું તે એક કબર ઉપર ચઢાવીને આવતો રહે !" જિજ્ઞાસુએ તેમ કર્યું. બીજે દિવસે વળી તે જ પ્રશ્ન પૂછ્યો. ઉત્તર ના આપતાં સંતે ખોબો ભરીને પથરા આપ્યા. અને તે જ કબરને મારીને આવવાનું કહ્યું. જિજ્ઞાસુએ તેમ જ કર્યું. ત્રીજે દિવસે ફરી તે જ પ્રશ્ન પૂછ્યો. સંતે કહ્યું, "કબરને પુષ્પમાળા ચઢાવી ત્યારે તેણે કાંઈ રાજીપો બતાવ્યો ?" ઉત્તર : 'ના !' 'પથરા માર્યા તે વખતે થોડો ય રોષ ?' 'ના...'

"બસ, એ જ રીતે તારા જીવનમાંથી જો રાગ-રોષના તોફાન નીકળી જાય તો તું આ જીવનમાં જ પરમસુખને અનુભવી શકે."

રાગ કરવાથી કોઈ સુખી થતું નથી. સુખી થવાય છે રાગ નહિ કરવાથી. જેને રાગ થતો નથી તેને રોષ પણ થતો નથી. આનું જ નામ સમત્વ. સમત્વનું જ નામ સાધુતા ! સર્વસત્ત્વહિતાશય એ જ વસ્તુતઃ ચારિત્ર-પરિણામ ! કેવી અજબગજબની એકમેકને પરસ્પર સાંકળી લેતી આ વ્યાખ્યાઓ છે !

આપણે કોણ છીએ ? સાધુ જ ને ? જગતની માતા ને ? સાવકી મા કે ખરી મા ? ઈષ્ટાનિષ્ટમાં રાગ-રોષ થાય, રાગ-દશાના ઝપાટામાં સર્વ વીસરી જાય, રોષભાવમાં સ્વનું અસ્તિત્વ સુદ્ધાં ભૂલી જાય એ સગી મા કે સાવકી ?

સાવકી મા એ તો નામની મા છે. અવસરે બાળકોની શત્રુ બની જતાં ય તેને વાર ન લાગે. ચલવિચલ થઈ જતાં તેને જરાય આંચકો ન લાગે.

ખરી મા ગમે તેવા સંયોગોમાં ચલાયમાન ન થાય. સર્વ બાળકોને ભૂલી જઈ રાગાદિના સપાટામાં આવી ભાનભૂલી ન બની જાય.

શું આપણે માથે આવું જીવન જીવવાની કોઈ જવાબદારીનું ભાન પણ છે કે નહિ ? કે પછી યથેચ્છ રીતે વર્તવાનો, યથેચ્છ બોલવાનો, ફાવે તેમ વિચારવાનો આપણે અધિકાર મેળવી લીધો છે ?

માથે રહેલા સ્વામી પ્રત્યે કારમો કૃતઘ્નતાભાવ અને પગે રહેલા અનંતજીવો પ્રત્યે કારમો હિંસકભાવ સહજ બનીને રગેરગમાં વ્યાપી તો નથી ગયો ને ? રોમરોમમાં વ્યાપેલા રાગે એ જીવો પ્રત્યે આપણને નિષ્ઠુર તો નથી બનાવ્યા ને ? લોહીના અણુઅણુમાં ઘૂમતા સ્વાર્થવૃત્તિના પરમાણુઓની

રાક્ષસી ગતિએ દેહને, જીવનને, આપણા આત્મા સુદ્ધાંને કંપાવી તો નથી મૂક્યો ને ?

આપણું આમૂલચૂલ જીવનપરિવર્તન ! આપણે માતા મટીને કર્મભૂલ્યા ભૂલકાંના વૈરી બન્યા. આપણા સ્વાર્થે સહુનો સત્યાનાશ નોતર્યો ! નિર્દયભાવપૂર્વકની આવશ્યકાદિ ક્રિયાઓ આપણું કલ્યાણ કરી શકશે ? રાગાદિથી પીડાતો મૂઢ દરદી, બગલમાં ઓઘો રાખવાથી કે અંગ ઉપર શ્વેતામ્બરનું પરિધાન કરી લેવાથી એના અભ્યન્તર રોગોને નિર્મૂળ કરી શકશે ? સ્વાર્થવૃત્તિથી ખદબદતો આત્મા કહેવાતા ગોચરી-પાણીના કે તપશ્ચર્યાદિના બાહ્ય વ્યવહારથી પોતાનું કલ્યાણ સાધી શકે એવી માન્યતાને શ્રીજિનશાસનમાં લેશ પણ સ્થાન નથી.

આવી અનુચિત અશાસ્ત્રીય જીવનપ્રણાલી માત્ર સ્વનું અહિત નથી કરતી કિન્તુ અનેક પરાત્માઓનું કારમું અહિત સાધે છે. શાસ્ત્રબાધિત કોઈપણ વૃત્તિ કે પ્રવૃત્તિ એવા પ્રકારનું ઘોર કર્મ બંધાવી દે છે જેના ઉદયકાળમાં આસપાસના અનેકાનેક આત્માઓના અશુભ કર્મોની ઉદીરણા થાય છે. નીરોગીને રોગથી ઘેરે છે, સાજા-માજાને મૃત્યુની પથારીમાં તડફડાવે છે, આનંદના વાતાવરણમાં કારમી રોકકડ કરી મૂકાવે છે.

એકના અશુભ વ્યાપારથી જન્મેલા ઘોર પાપે અનેકોનું અહિત કર્યું ! આ તો ભાવિની દૃષ્ટિના અહિતની વિચારણા થઈ, પરંતુ એવા રાગાદિથી દુષ્ટ આત્માઓ તત્કાળ પણ આશ્રિતો ઉપર ઘણું અહિત ઠાલવે છે. જો એ તુચ્છ જીવનપ્રણાલીને તેમણે વધાવી ન હોત તો તેમના ધર્મમય જીવનથી - આજ્ઞાચુસ્ત જીવનથી હજારોના એ તારક બનત.

હવે ? તુચ્છ ખાનપાનની લાલસાએ એમના જીવનને નિઃસત્ત્વ બનાવ્યું. એવાના આશ્રયથી કોણ ધર્મ પામે ? કઠોર ચારિત્રના ગુણગાન કોણ ગાય ? ઘોર તપને કોણ નમી પડે ?

પોતાના શુદ્ધ સંયમના નિમિત્તે નિશ્ચિત બનનારું અનેકોનું હિત ન થાય તો તે શું અનેક આત્માઓનું તત્કાળ નીપજતું અહિત જ નથી ?

'સ્વ-પરના હિતાહિતનો સંપૂર્ણ આધાર સ્વની વિશુદ્ધ સંયમ-પ્રણાલીમાં જ છે' એ વાત જીવનમાં રગેરગમાં રમાડી દેવામાં આવે તો એક પણ નાનામાં નાનું પાપ કરતાં દિલ કંપે. આત્માના પ્રદેશે પ્રદેશોમાં કંપન થાય,

હૃદયમાં ધડકારો જાગે. જે બેદરકારી આજે જણાય છે તે આ વિચારણાના અભાવથી છે. આ મારું નમ્ર મંતવ્ય છે.

તુચ્છાતિતુચ્છ ભોગો કે જેમાં ક્ષુદ્ર પ્રાણીઓ રાચેમાચે છે તે જ ભોગોમાં મહામાનવ બનવાની સાધનાના દૃઢ સંકલ્પથી સંસાર ત્યાગતો માનવ રગદોળાઈ જાય એ બીના કેટલી બધી ગંભીર છે ? એ કલ્પના પણ કેટલી ભયાનક છે ?

જવાબદારીનું ભાન થશે તો જીવન જરૂર પલટો લેશે. બૂઝાયેલો આ દીપ જલી જશે અને અનેક આશ્રિતોના જીવન જલાવતો જશે.

|*| |*| |*|

# ૧૩
# અંગત વિચારણા

અમૂલ્ય છે આધ્યાત્મિક ભાવ. અમૂલ્ય નિધાનસમું છે આધ્યાત્મિક ભાવને વણી લેતું સક્રિય ક્રિયાકાંડ જીવન ! અમૂલ્ય ખજાનો છે આધ્યાત્મિક ભાવના નામે બનતી મૈત્રી અને એવા મિત્રોનું પ્રેમમય વાતાવરણ.

સાધુવેશ મળ્યો ત્યારથી જ લગાવીને સાધુજીવન ઉપર તો ભારે પ્રેમ હતો જ, પરંતુ સાથે સાથે અગણિત દોષો પણ લાગતા જ રહ્યા. અનેક પ્રકારની વાસનાઓ, શિષ્યાદિ ઉપરના કષાયો વગેરે મુનિજીવનના શ્વેત અંબરને કાળા ડાઘા લગાડતા જ રહ્યા. છતાં એ પ્રેમ, એ જીવનની ચાહના, આદર્શ જીવન જીવવાની તાલાવેલી તો એની એ જ રહી. એટલું જ નહિ પણ વૃદ્ધિગત થતી રહી.

જ્યારથી પરિપૂર્ણ ગુરુકૃપાનું ભાજન બન્યો ત્યારથી તો એ તાલાવેલીમાં ભારે ઉછાળો આવ્યો અને નિત્ય નવી ભાવનાઓ, નવી સાધના જીવનમાં આકાર પામતી ગઈ.

જેમ જેમ આ સ્થિતિનો અનુભવ થતો જાય છે તેમ તેમ એક બે વાત બહુ જ સ્પષ્ટરૂપે અનુભવવા મળે છે. જીવનની શુદ્ધિ થતી જાય તેમ તેમ શું શું પ્રાપ્ત થતું જાય ? તે મને સ્વાનુભવથી જાણવા મળતું હોય તેવું ઊંડે ઊંડે લાગે છે. ગુરુકૃપામાં પ્રચંડ બળ છે તે વાત આત્મામાં બદ્ધમૂલ બનતી જાય છે, એકાકાર બનતી જાય છે.

જ્યાં સુધી વિશિષ્ટ કૃપા પ્રાપ્ત થઇ ન હતી ત્યાં સુધી મારા અંતરમાં ઊગતા વિચારો પ્રચારના સિક્કામાં ફેરવાઇ જતા. એ વિચારો બીજાની પાસે વ્યક્ત કરવા, એ દ્વારા માન મેળવવું અને એક પ્રકારનો કૃત્રિમ આત્માનંદ મેળવવો એ જ મારું કર્તવ્ય હતું. પણ હવે કશું ય ન બોલીને-તદ્દન મૌન રહીને એ વિચારોની નીપજ આચારમાં પરિણમાવી દેવાની સક્રિય જીવનશૈલી આપમેળે જાણે પ્રાપ્ત થતી જાય છે. ગુરુકૃપાથી જ આ રીતે મુનિપણાના ભાવની અપૂર્વ સ્પર્શના કોઇ કોઇ વાર થતી હોય તેવું સંવેદન થાય છે. એ વખતે આખા શરીરમાં ઝણઝણાટી વ્યાપી જાય છે અને અવાચ્ય

આનંદાનુભૂતિ થાય છે. હવે મારા અંતરમાં નીપજતા આધ્યાત્મિક વિચારો વ્યક્ત કરવાનું દિલ થતું નથી. હાલ તો એ જ મારી મૂડી છે. એની સુરક્ષા આચારમાં વણી લેવાથી જ શક્ય છે એમ મને વારંવાર ભાસ્યા કરે છે. એથી જ હવે ઉદ્‌ભવતા વિચારોને બીજાની પાસે કલાકો સુધી વ્યક્ત કરવાનું બંધ કરીને અંતરમાં જ એને વાગોળીને એનું સત્ય આત્માના ઓજસમાં પરિણમાવી દેવું છે.

વળી, ગમે તેની પાસે આવા વિચારો મૂકી દેવા તે પણ ઉચિત નથી. અધ્યાત્મભાવના વિચારો તેને જ સુપાચ્ય થઈ શકે જેને સંસારનો ભયંકર ભય લાગ્યો હોય, જેને આ બંધનથી મુક્ત થવાની અસહ્ય તાલાવેલી જાગી હોય. આના વિનાની કોઈ પણ વ્યક્તિ પાસે એ વિચારો દર્શાવવા એ ભેંસ આગળ ભાગવત ભણવા જેવું છે. શ્રોતામાં ઉપરોક્ત બે વાત હોય તો સહજ રીતે તેના અંતરમાં મંથન જાગે. એને પ્રશ્ન થાય કે શી રીતે બંધન તોડવું ? શી રીતે મુક્ત થવું ? ક્યાં જાણવા મળશે એનો ઉપાય? લાવ, દોડી જાઉં ! ગમે તેટલું વેઠવું પડશે તો વેઠીશ પણ ત્યાં જઈને મારા પ્રશ્નનું સમાધાન મેળવીને જ જંપીશ.

આવી આગભરી જિજ્ઞાસા જ આધ્યાત્મિક વિચારબીજના વપન માટેનું સર્વોત્તમ ક્ષેત્ર છે.

માત્ર સાંભળનાર, એક પણ પ્રશ્ન નહિ કરનાર અને અંતરને નહિ ખોલનાર શ્રોતા જિજ્ઞાસુ નથી કિન્તુ મુગ્ધ છે. બેશક, એને મૂઢ તો ન કહેવાય પણ મુગ્ધ જરૂર કહેવાય. અંતરાત્માની સૃષ્ટિના દુર્ગમ શિખરો સર કરવામાં મુગ્ધતા તદ્દન બાધક વસ્તુ છે, જિજ્ઞાસા જ સર્વશ્રેષ્ઠ સાધન છે. સંસારનો કારમો ભય, મુક્તિનો તીવ્રતમ અભિલાષ જ મુગ્ધતાનો શત્રુ છે, જિજ્ઞાસાના જનક છે.

અનાદિકાળની કારમી વાસનાઓ, અનેકાનેક વિકારી ભાવો, કષાયોના ઉકળાટ, ઈર્ષ્યા-અસૂયાદિના લબકારા મારતા ભડભડ બળતા ભડકાઓ વ્યાપી ગયેલા હોય ત્યાં સુધી એક પણ અંતર્મુખી વિચાર ઉદ્‌ભવી શકતો નથી. જન્મ-જન્માંતરોની એકધારી આરાધના જ એ વિકૃતિઓને, આગોને, વાસનાઓને અંશે કે અધિકાંશે શમાવી શકે છે. જેને વિશુદ્ધ વિચારોની અસ્ખલિત હારમાળા અંતરમાં ગુંથાતી જ રહે તેને માટે એટલું જરૂર કહી

શકાય કે જો કોઈ ભયાનક પાપોદય ન જાગે તો તે આત્મા બહુ જ થોડા ભવમાં મુક્તિપંથનો શીઘ્રયાત્રી બનીને ઈષ્ટનો સાધક બની જાય.

અત્યારે ગુરુકૃપાથી જ મને એવી ઉચ્ચ આત્મસ્થિતિનું ભાન થતું લાગે છે. એથી જ મને 'મૌન' રહેવાનું વધુ ને વધુ ગમે છે.

એની સાથે ઈર્ષ્યાદિનો કોઈ પણ દોષ જરાક જાગવા જાય છે ત્યાં જ આંચકો લાગે છે. કોઈ પણ પાપ મારા અંતરમાં હવે કદાપિ ન પેસે તેવી ખૂબ ખૂબ ભાવના થાય છે.

જે નવકાર ઉપર મને પ્રેમ થતો ન હતો તે હવે થતો-વધતો જાય છે.

જે ગચ્છવાસમાં મને કંટાળો હતો તેમાં જ હવે સમગ્ર જીવન વ્યતીત કરવાની ભાવનાઓ થાય છે.

વિષય અને કષાયોની વાસના તરફ ભારે નફરત થાય છે. વિજાતીય દેહાદિમાં અશુચિના ઢગલા દેખાતાં બદબોઈ આવે છે. જાણે મને જગતનું કશુંય ક્યાંય ક્યારેય ગમતું જ નથી. ગમે છે માત્ર દેવાધિદેવ, ગુરુદેવ. એમની આજ્ઞાનું પાલન ! એમની અખંડ વફાદારી ! એમના કિંકર તરીકેનું કે બાળ તરીકેનું મદમસ્ત જીવન ! આની ખાતર હું બધું ય ભૌતિક સુખ વિસરાવી દેવા તૈયાર છું. મારું અંતર શુભ ભાવોથી વારંવાર ઊભરાઈ જાય છે. મારી ક્ષતિઓથી એ વારંવાર રડી ઊઠે છે, ત્રાસી જાય છે. મારી આ અદ્‌ભુત અવસ્થા મને નિરતિશય આનંદ આપવા સાથે જાણે સતત કહ્યા કરે છે કે, હવે તારામાં જ સમાઈ જા, તારી ખાતર તું તારામાં જ સમાઈ જા. કાચબાની જેમ બહિર્મુખતાના ભીષણ ભયથી ભયભીત થઈને તું ગુરુકૃપાના તારા અભેદ્ય કવચશા શરીરમાં જ સમાઈ જા, નિર્ભય બની જા અને તારી સત્ત્વશુદ્ધિ કરી લે.

બહાર ક્યાંય કશું ન જોઈશ. પરાર્થના પ્રપંચી વિચારમાં હાલ ન પડીશ. તારું ઠેકાણું એક વાર પડી જવા દે, પછી પરાર્થકરણ પ્રપંચ નહિ રહે. સહજ રીતે જે પ્રવૃત્તિ થાય તે શુદ્ધ જ હોય, તેમાં પ્રપંચની કલ્પના ય ન થાય.

એટલે હવે મારે મારામાં જ સમાઈ જવું છે. તારક તીર્થાધિપતિ મારા ગુરુદેવશ્રીજી મને કહે છે કે, ચાલીસ વર્ષની ઉંમર સુધી દરેકે પોતાનામાં જ સમાઈ જવું જોઈએ, ગૂમ થઈ જવું જોઈએ. મારે હવે આમ જ કરવું છે.

પરાર્થની અકાળે ઘેલછા ત્યાગીને સ્વાર્થી બનવું છે, એટલે કે પુદ્ગલમાં પ્રવૃત્તિ જ નહિ કરવારૂપ મૌન લેવું છે. સજાતીય-વિજાતીયથી એકાંત સેવવો છે અને પરમાત્માનું તથા પરમાત્માસમા મારા ગુરુદેવશ્રીનું ધ્યાન ધરવું છે.

એકાંત, મૌન અને ધ્યાનનો જ્યાં ત્રિવેણીસંગમ થાય ત્યાં તીર્થનું સર્જન થાય.

સ્વાર્થસાધનાથી હું તીર્થસ્વરૂપ બનું તો પછીથી પરાર્થ તો સહજ રીતે થયા જ કરશે. તીર્થને યાદ કરે, સ્પર્શ કરે, ભજે તે બધાયનું અચૂક કલ્યાણ થાય. પછી પરાર્થ કરવા માટે વિશેષ ઉદ્યમની જરૂર જ ક્યાં રહી ?

મારું તો જીવન-બંધારણ જ એવું છે કે, તે સ્વાર્થના મધ્યબિંદુને અનુલક્ષીને આલેખાયેલું છતાં સહજ રીતે પરાર્થકરણમાં પર્યવસાન પામે જ છે.

આથી જ હું, મુનિ, સાધક, ઉપાસક એ બધા નિસર્ગના જ તત્ત્વો છીએ.

વૃક્ષ, નદી, સૂર્ય, ચાંદ કે વનરાજી કોઈને કશું આપવાનો વિચાર કરતાં નથી. માત્ર પોતે જ પોતાના સ્વરૂપમાં વિકસિત છે, સ્થિર છે, છતાં કોઈ તેની પાસે આવે તો તેને સહજ રીતે આપ્યા વિના રહેતાં ય નથી.

નિસર્ગમાં આપવા જવાનું કાંઈ નથી પણ લેવા આવે તે સર્વને કશાય ભેદભાવ વિના સહજ રીતે આપી દેવાનું હોય છે.

મુનિ પણ સ્વ-સાધનામાં વિકસિત બનીને સ્થૈર્ય પ્રાપ્ત કરે છે. ક્યાંય કશુંય આઘુંપાછું કરવાનું, સામે પગલે દોડી જઈને કૃત્રિમ પરાર્થ કરવાનું તેનું કાર્ય ન હોય. એ તો જે આવે તેને અવશ્ય આપે, કશાય ભેદ વિના આપે. માંગે તેને આપે, ન માંગે તેને આપવા માટે ઉતાવળો ન થાય. કાળના પરિપાકને એ ખૂબ વિચારે, કર્મને તે નજર સામે જ રાખે. નિયતિ કે સ્વભાવને ય ન ભૂલે અને પુરુષાર્થને ય નજર બહાર ન જવા દે.

ગુરુકૃપાથી જ આવી સ્થિતિમાં રહેલો મુનિ ગુરુકૃપાથી જ પોતાનામાં ઉત્પન્ન થતી શુદ્ધિથી જે વૈચારિક બળ પ્રાપ્ત કરે તે ગમે ત્યાં, ગમે તેની પાસે ઓકી નાંખે એ કેમ બને ? વગર ભૂખે ઘેબર ખવડાવનારો અજાણે દુઃખ ઊભું કરાવીને શત્રુ બને છે, મિત્ર નહિ. જેને જ્યારે કારમી ભૂખ લાગે છે ત્યારે તે જ્યાં ભોજનની શક્યતા છે ત્યાં આપમેળે દોડી જાય છે અને મનભાવતું

ભોજન મેળવીને જ જંપે છે. જેને વિશુદ્ધ જીવનની કારમી ભૂખનો હુતાશન જાગશે તે આપમેળે ત્યાં દોડી જશે, જ્યાં એ શુદ્ધાગ્નિ શાન્ત બનવાની પૂર્ણ શક્યતા જણાતી હશે. એવી રીતે દોડી જનારાની દોટમાં જ એના ભાવ પરખાય, એના પ્રશ્નોમાં જ એની ભૂખની તીવ્રતા જણાય, એના મુખભાવ જોતાં જ એની તાલાવેલીનું જ્ઞાન થાય. ભોજન મળતાં જ એ ભારે અહેસાન માન્યા વિના રહી ન શકે. ઉપકાર નીચે દબાઇ ગયાનો ખ્યાલ અહર્નિશ જીવંત રહે. પોતાનાથી શક્ય એવી તમામ સેવાથી એ જરાય વેગળો ન રહે. એટલું જ નહિ પણ એ સેવ્યની સેવાના દરેક ઉપાયો ખોળતો જ રહે.

આવા લક્ષણો જ્યાં દેખાશે ત્યાં જ મારે મારું વૈચારિક બળ ઠાલવવું છે. મને તેવું પાત્ર ક્યાંય કદાપિ નહિ મળે તો ય તેની ચિન્તા નથી. મારા અંતરની શુદ્ધિમાં, સક્રિય જીવનસાધનામાં એ વધુ સારી રીતે ઉપયોગી બનવાનું જ છે.

કોઇ ભક્ત સુપાત્રમાં દૂધ ન વહોરાવી શકે તો તેનું ઘી બનાવીને પણ મેળવે જ છે અને એ ઘીનું સ્વ-પરના ઓજસમાં રૂપાંતર કરીને આનંદ પણ મેળવી જાય છે.

પાત્ર ન મળે એટલે ગમે ત્યાં-મુગ્ધ કે મૂઢ પાત્રમાં ય વૈચારિક બળ ઠાલવી દેવું એ તો મહામૂઢતાનું જ કાર્ય ગણાય. જો બતાવશે કોઇ અંતરની તાલાવેલી, જો ઉઘાડશે કોઇ અંતરના બાર, જો જણાવશે કોઇ જીવનના કાબરચીતરા રંગ-રાગ, જો જગાવશે અંતરમાં ઊજળો વિશ્વાસ તો તે કોઇ પણ હશે, મારે મન મારો જ બનીને મારા વૈચારિક બળનું સુયોગ્ય ભાજન બનશે. અમે બે ય પરસ્પરના પૂરક બનીશું અને દૂર સુદૂર રહેવું પડશે તો તેમ રહીને પણ અમારા આત્માનો અભેદ જારી જ રાખશું.

કોઇ બાહ્ય સત્તા એ અભેદને ભેદવા સમર્થ બની શકશે નહિ. કોઇ બાહ્ય વંટોળ એ અભેદના પ્રાણને ગૂંગળાવી શકશે નહિ. કોઇ બાહ્ય મલિનતા એને મલિન કરી શકશે નહિ.

મળશે ક્યાંય આવું અભેદ પાત્ર ? વિચાર-વિનિમય માટેનું બહુ સુંદર આલંબન કે પછી એકલવાયિતામાં જ જીવન વહ્યું જશે ?

કદાચ તેમ થશે તો ય ચિંતા નથી, કેમકે હું કદી એકલવાયો છું જ નહિ. મારા ગુરુદેવ અને દેવાધિદેવનો તો અવર્જનીય સન્નિધિ છે જ.

આવા જીવનમાં પણ એક મોટામાં મોટું અને તદ્દન શક્ય ભયસ્થાન તો છે જ. તે છે આત્મગર્વનું, હું વિશિષ્ટ કોટિનો સાધક બન્યો છું એવા મિથ્યાભિમાનનું.

સાધના તેનું જ નામ છે જે જેમ જેમ પ્રાપ્ત થતી જાય તેમ તેમ સાધક નમ્રવિનમ્ર બનતો જાય. સાધનાના બિંદુને પણ નહિ પામેલા તરફ સાહજિક આદર તેને હોય જ. જેનામાં એ આદર ન હોય તે સાધક ન કહેવાય. એને સાધનાનું અજીર્ણ થયું કહેવાય. આવા અજીર્ણ પાછળ કોઇ અવિધિ જરૂર હોય છે, જેમાં મુખ્યત્વે ગુરુ પ્રત્યેના ભાવબહુમાનની ખામી અને ત્રિભુવનહિતકર દેવાધિદેવની ભક્તિનો અભાવ છે. હવે આપણે જાતે જ જાતનું સઘળું સંશોધન કર્યે જ છૂટકો છે.

# ૧૪

# ઉદાસીનતા

આરાધના કેટલી દુર્લભ છે ? આરાધકભાવનો એક વિચાર પણ કેટલો બધો દુર્લભ છે ? વળી, આવેલા ભાવને ટકાવી રાખવાનું તો અતિ વધુ દુઃશક્ય જ છે.

ઘણા ઘણા વૈરાગ્યથી ભરપૂર વાંચનથી થોડુંક બળ ઉત્પન્ન થાય છે અને જ્યાં ક્યાંક સક્રિય પરાક્રમ કરવામાં વિલંબ થયો અને વચ્ચે કોઇ અશુભ વિચાર, કોઇ વિકથા કે કોઇ અશુભ વર્તન થઇ ગયું, અરે ! કોઇની સાથે વાતમાં પડી જતાં ખડખડાટ હસી જવાયું કે એકદમ શોકાતુર બની જવાયું કે તરત જ પેલો વિરાગનો પાવર ઓસરી જાય.

મહામુસીબતે ક્વચિત્ જ જાગે છે માંહ્યલો ! અને એ જાગૃતિની ધન્ય પળો પણ ઘણી જ થોડી વાર આખા ય જીવનમાં પ્રાપ્ત થાય છે. એવા સમયને એક પળના ય વિલંબ વિના ઝડપી લઇને સક્રિય જીવનસાધનાના રૂપમાં ત્યાં ને ત્યાં પરિણમાવી દેવામાં આવે તો જ ધન્યતાનો અનુભવ થાય, અન્યથા તે વિચાર મરી પરવારે, તે શ્રવણ વાંઝિયું બને, તે વાંચન નિષ્ફળ જાય.

ઘણા કહે છે કે વિરાગની વાતો સાંભળતી વખતે કે વાંચતી વખતે અંતર હાલી ઊઠે છે પણ પછી શું થાય છે કે તે બધું ય પાણી ઊતરી જાય છે. આની પાછળ ઉપરોક્ત પ્રક્રિયા જ કામ કરતી જણાય છે. એકાદ પણ હાસ્ય, મશ્કરી, શોકાતુરતાની પળ કે કષાયાદિનો આવેશ કે ખાનપાનની લાલસા કે અભિમાનની લાગણી સ્પર્શાઇ જાય એટલે સઘળું બળ ઓસરી જ જાય. જેને આરાધનાની ભૂખ હોય તેણે આ ભયસ્થાનને અવશ્યમેવ લક્ષમાં લઇ લેવું જોઇએ. તે પછી કદી પણ હાસ્યાદિ નોકષાયોનો કે ક્રોધાદિ કષાયોનો ભોગ ન બની જવાય તેની ભારે તકેદારી રાખવી જોઇએ.

મોહનીયના સંસ્કારની નાનકડી પણ ઉત્તેજના વિરાગના બાળ-બળને કચડી નાંખે છે. માટે જ એ સંસ્કારોને ફાવટ ન આવી જાય તે માટે મુનિએ સર્વદા ઉદાસીન રહેવું આવશ્યક છે. જરાતરામાં હસાહસી, મશ્કરી, પોતાના પાંડિત્યનું પ્રદર્શન, વાક્ચાતુર્યદર્શન કરવાથી મુનિપણાને ભારે આઘાત પહોંચી જાય છે.

મુનિપણાનો પ્રેમી એવી તુચ્છ પ્રવૃત્તિમાં રાચે નહિ, એવા ઔદયિકભાવના આનંદમાં રતિ કલ્પે જ નહિ. એનું મન સદૈવ ઉદાસ હોય, એ એરંડા-બજારનો રાજા હોય, એનું મોં પાંચ શેર પીધેલા દીવેલીઆ જેવું હોય ! ન એ કોઈ સાથે જરાતરામાં બોલે, હસે, ખીલે; કશું ય નહિ. હસવું એ સંસારનો ભાવ, ખીલવું એ ય સંસારનો ભાવ, રતિ કરવી કે અરતિ થવી એ ય સંસારનો ભાવ.

મુનિને સાંસારિક ભાવનાની સ્પર્શના ય ન હોય. એ તો રમે વિશુદ્ધ ક્ષયોપશમભાવના ઘરના આનંદમાં, રહે એના અંતરમાં, ઠરે એના જીવનમાં, હસે એના સ્વઘરમાં, રડે એના રોમરોમમાં....

એની આંતરસૃષ્ટિમાં જ એ વસે, ત્યાં જ એ બધુંય કરે. હસે ય ખરો, રડે ય ખરો. નાચે ય ખરો અને કૂદે ય ખરો. ક્ષયોપશમભાવના ગુણો એનું પ્રાણપ્યારું નિધાન હોય. ઔદયિકભાવના આનંદોને તો એ નિધાન ઉપરની કરડી નજરવાળા ધાડપાડું માને.

આટલી વાત સમજાય તો આપણને ખ્યાલ આવી જશે કે આપણે જીવનમાં એવી તો કેટલીય હાસ્યાદિ પ્રવૃત્તિઓ કરી રહ્યા છીએ અને એ રીતે કેટકેટલું આંતર-ધન મેળવી મેળવીને ખોઈ રહ્યા છીએ. આવા જીવનમાં વિકાસ ક્યાંથી થાય ? પ્રગતિ શેં શક્ય બને ? પ્રગતિની વાત તો દૂર રહી પણ સરવાળે તો પીછેહઠ જ થાય.

વિરાગની વૃત્તિ મુક્તિના પંથે ચાર કદમ દોડાવી પણ દે તો ય એક જ હસાહસીનું વાતાવરણ એને છ કદમ પાછો ધકેલી મૂકે. એક વર્ષમાં આવી કેટલી વાર પીછેહઠ થાય ? બાર વર્ષના સંયમપર્યાયે સંયમજીવનની કઈ સિદ્ધિ હાથમાં આવે ? તટસ્થ આત્મનિરીક્ષણ કરનારને પોતાની થયેલી પીછેહઠનું ભાન થશે. પણ આમ શાથી થયું ? તેનો ઉત્તર મેળવવાનું ભારે મુશ્કેલ બનવા સંભવ છે. મને તો ઉપરોક્ત તોફાનો જ તેમાં કારણભૂત લાગ્યા છે.

જો આપણને કણકણની આરાધનાનું અમૂલ્ય મૂલ સમજાતું હોય, ભવચક્રમાં કદી ન સંભવિત બની હોય તેવી જિનાજ્ઞાપાલનવૃત્તિને ભારે મહત્ત્વ આપવા ભાગ્યશાળી બનવાની શક્યતા હોય તો કણકણની આરાધનાના રક્ષણ કાજે ખૂબ ખૂબ અપ્રમત્ત બની રહીએ. એક પણ અશુભ વૃત્તિ-પ્રવૃત્તિ ઉપસ્થિત થઈ ન જાય તે માટે અત્યંત સાવધાન બનીએ અને તે ખાતર બધા જ બાહ્ય ધર્મોથી પરાઙ્મુખ થઈ જઈએ.

ભલે ન અનુભવવા મળે ચારની સાથે બેસીને વાતો કરવાનો બહિર્મુખ આનંદ. આપણને એ આનંદ ખપતો નથી. ભલે ન માણવા મળે થોડી પણ ઠઠ્ઠા-મશ્કરી, નથી જોઈતા એ મોહના ઉછાળા. ભલે ન આવે લુખ્ખાસુક્કા ભોજનમાં રસનો આસ્વાદ. શું કામ છે એનું જે આપણી આરાધના ઉપર પાણી ફેરવી દે ! આપણને તો જોઈએ નક્કર નફો ! ભલે પછી તે મણના મણ ભરીને ન હોય. ભલે કણ કણ જેટલો જ નફો હોય, પણ જો એ અંતર્મુખભાવનો નક્કર નફો હોય તો આપણે મન એનું ઘણું ઘણું મૂલ્ય છે. આપણી એ કણ કણ જ મણમાં, મણ મણમાં.... ટનમાં, ટનટનમાં ફેરવાઈ જશે.

હંમેશા સૂગ દાખવીએ પરઘરના-ઔદયિકભાવની રતિ-અરતિમાં.

હંમેશા પક્ષપાતી બનીએ સ્વઘરના-ક્ષાયોપશમિકભાવના અંતર્મુખ આનંદમાં.

ભોગનો આનંદ સમગ્ર વિશ્વ માણશે પણ જે મુનિ હશે, મુનિપણાનો પ્રેમી હશે તે જ ભોગના ત્યાગનો મસ્ત આનંદ પામી શકે. ભોગનો આનંદ તો ક્ષણજીવી છે, જયારે ભોગના ત્યાગનો આનંદ ચિરંજીવી છે. કેરી ખાનારને ૩-૪ કલાક સુધી કદાચ એના રસાસ્વાદનો આનંદ સંભવી શકશે, જ્યારે કેરીનો ત્યાગ કરી દેનાર મહાત્મા તો ચોવીસેય કલાક, મહિનાઓ અને વર્ષો સુધી, યાવજ્જીવ સુધી એ ત્યાગને પામીને, ત્યાગને ભોગવીને અનિર્વાચ્ય આનંદનો સ્વામી બનશે.

જગત ભોગી અને જોગી પણ ભોગી, છતાં બે ય ના ભોગ ભોગમાં ફેર.

એક, વિષયોનો ભોગી; બીજો, વિષયોના ત્યાગનો ભોગી. વિષયભોગી રસાવધિ આનંદ માણે. ત્યાગભોગી નિરવધિ આનંદ માણે. ઈતર દર્શનમાં ય આ જ વાત કરતાં કહ્યું છે કે, '**तेन त्यक्तेन भुञ्जीथाः !**' હે આત્મન્ ! તું ત્યાગ કરીને જ ભોગવ ! જેણે ઘરત્યાગ કર્યો, ધનત્યાગ કર્યો, માતપિતાને ય ત્યાગ્યા તે હવે હાસ્યાદિ તુચ્છ સાંસારિક ભાવોને ન ત્યાગી શકે ? શોકાદિ સંતાપોને તે ન મારી હટાવી શકે ? જો અહીં નિષ્ફળતા મેળવે તો નાનકડા બિંદુ જેટલા આ સાંસારિક ભાવોમાંથી વિરાટ સંસારસિન્ધુ એના જીવનમાં પ્રવેશી જ જાય. ખારા પાણીના એ સમંદરમાં વિરાગસરિતાના થોડા નીર ભળે તો ય શું ? અરે ! આ સંસારસાગરમાં જીવનનું નાવડું તરતું રહે તો એ સાગર જરૂર તરી જવાય, પણ સાગરમાં નાવને બદલે નાવમાં સાગર પેસી જાય તો ?

નાવડામાં છે છિદ્રસમા હાસ્યાદિભાવો ! છિદ્ર છતાં ઘણા ભયાનક છે એ મોહરાજના બચ્ચાસમા ભાવો ! કાચા ને કાચા આપણા અંતર્મુખ જીવનને ખાઈ જાય તેવા તેમના સ્વભાવથી રખે આપણે અજ્ઞાત રહી જઈએ.

મહાવ્રતોના ભંગ પ્રતિ જેટલી કાળજી રાખીએ છીએ તેથી પણ વધુ કાળજી હાસ્યાદિ નોકષાયો વગેરે નાનકડા દેખાતા વિકારો માટે રાખવાની છે, કેમકે એમના દ્વારા જ મહાવ્રતોના ભંગ થાય છે. હાસ્યાદિભાવનું નાનકડું બીજ પણ આરાધનાની ધરતીમાં ઉગવા દઈશું, ઉગતા એવા તેની ઉપેક્ષા કરીશું તો એક આવતીકાલ એવી જરૂર આવશે કે જ્યારે એ બીજ ફૂલતું-ફાલતું જઈને એ ધરતીને ચીરી નાંખશે, બહાર નીકળી આવી સર્વત્ર ફેલાઈ જશે. હવે કુહાડાના ઘાના ઘા ભલેને મારો એ વિરાટકાય વૃક્ષ ઉપર, હાથ તૂટી જશે પરંતુ એ વિરાટકાય વૃક્ષ ખડખડાટ હસતું ઊભું જ રહેશે !

તે વખતે વિરાગના રંગ ઊતરી જાય છે. મહામૂલી ભાવનાઓ બળીને ભસ્મ થઈ જાય છે. સાધુજીવન ધૂળ ચાટતું થઈ જાય છે. સવેળા ચેતીએ, અત્યંત ઉદાસ બની જઈએ, વિષયાદિનો ભોક્તૃત્વભાવ ત્યાગીને તેના દષ્ટા માત્ર બનીએ.

તો જ જીવનના છેડે આવતાં મોત મીઠું બનશે, જીવન હારી જતો જુગારી જીવ ભીષણ પશ્ચાત્તાપના ભડભડતા અગ્નિમાં પહેલાં જ બળી મરશે અને જો એ વિકૃતિઓ એને નઠોર બનાવશે તો પશ્ચાત્તાપના ભડકા નહિ જલે અને કઠોર હૈયાની ધરતીમાં જીવતાં જ દટાઈ મરવું પડશે. સ્મશાનયાત્રા તો માત્ર ઔપચારિક બાબત છે. ચંદનની ચિતા તો એ સફેદ ઠગની હવનરૂપ આહુતિ છે.

આજથી જ જાગી જઈએ. ઉદાસીનતાને જીવનમાં ઓતપ્રોત કરીએ. ક્યાંય ન હસીએ, ન રમીએ, ન કશાનું કુતૂહલ ઊભું કરીએ, ન કોઈની વાતમાં રસ લઈએ.

હું અને મારો આતમરામ ! એકલા જ અમે બે ય ચાલી જઈએ અનંતની વાટે ! ભોમિયાસમા ગુરૂદેવ ચીંધ્યા માર્ગે !

આમાં જ સાધુતા છે. આના વિના સાધુતા હોય તેવું હું કલ્પી-સમજી શકતો નથી.

✲ ✲ ✲

# ૧૫

# અનંતસંસારનો અંત શેં થાય ?

અનંતકાળથી આપણે રખડી રહ્યા છીએ તેનું મૂળ કારણ કોણ છે તે શોધવું તો પડશે જ ને ? જો આ ઉચ્ચ સામગ્રીસભર જીવનમાં ય તે કારણ શોધવા નિષ્ફળ જઈએ અથવા તો તે કારણને જાણવાની તસ્દી જ ન લઈએ, ઉપેક્ષા કરીએ તો ફરી અનંતકાળની કારમી યાતનાઓ, ભીષણ ભાવગરીબી આપણા જીવનોને ફાડી નાંખશે. મોટામાં મોટી ઉપાસનાઓ પણ પાપાનુબંધી પુણ્યનો બંધ કરાવીને નિષ્ફળપ્રાયઃ બની જશે.

આવી જાતની સ્થિતિ બરદાસ્ત કરી શકાય તેમ છે ? જે રજોહરણ આજે બગલમાં રાખ્યું છે તેવું જ તો અનંતી વાર બગલમાં રાખ્યું હતું. જે તપ આજે કરી રહ્યા છીએ તેથી ઘણો નિકૃષ્ટ તપ પૂર્વે અનંતી વાર કરી છૂટ્યા છીએ. જે ત્યાગ આજે કરીએ છીએ તે ત્યાગ પણ પૂર્વે થઈ ગયો છે છતાં નિસ્તાર થયો નથી. શાથી ? વિશિષ્ટ કોટિના જ્ઞાની બનવા છતાં, પ્રખર વ્યાખ્યાતા બનીને અનેક જીવોના તારક બનવા છતાં, અનેક શાસ્ત્રટીકાઓ સુવિશદ રીતે લખી દેવા છતાં રખડપટ્ટી કેમ ચાલુ રહી છે ? જો આવું કરવા છતાં પરિભ્રમણ ચાલુ જ રહ્યું છે તો વર્તમાન સાધુજીવનની આરાધનાથી આપણો નિસ્તાર થઈ જશે એમ માની લેવું એ મૂર્ખાઈ નથી ? મુક્તિ હવે હાથવેંતમાં છે એમ કલ્પના કરી લેવી એ શું ગાંડપણ નથી ?

માટે આજની બાહ્ય આરાધનામાત્રથી આપણે સંતોષ માની શકીએ તેવું નથી. તેથી જ ખામી ક્યાં છે ? ક્યાં અટકે છે ? શું અટકે છે ? તે પ્રશ્નનું વહેલી તકે સમાધાન કરી લેવું જોઈએ.

આઠે ય કર્મો જીવની તમામ શક્તિને આવરી લઈને તેના સંસારપર્યાયને અનંતકાળથી જીવતોજાગતો રાખી રહ્યા છે છતાં આઠેયમાં મુખ્યત્વે તો આ કાર્ય મોહનીયકર્મનું જ છે. મોહનીયકર્મનો ઉદય ઊભો રહે અને તેની સાથે બીજા કર્મોના હ્રાસ થાય તો પણ વધુ ભારે ચીકણાં કર્મોના સંચય માટે જ બને છે.

જાણે કે મોહકર્મનું જ એ તોફાન છે કે તે જ અઘાતી(નામકર્માદિ)ની જે શુભ પ્રકૃતિઓ છે તેને ઉદયમાં લાવી આપે છે. સુન્દર રૂપ આપે, ઉચ્ચ કુળ

આપે વગેરે વગેરે અઘાતીના શુભોદય પ્રાપ્ત કરી આપે. આમ થવાથી વિકાસની દિશા વધુ ધૂંધળી, ઝાંખી, તદ્દન અસ્પષ્ટ બની જાય છે.

મોહના ઉદય સાથેનું સુંદર રૂપ એ મોહનીય કર્મનો ઢેર ખડકવામાં જ કારણ બને છે. મોહકર્મના ઉદયપૂર્વક મળતી પાંચ ઇન્દ્રિયો કારમા પાપ કરવામાં જ કાબેલ બની જાય છે. મોહના સંસ્કારોના ઉત્થાન સાથે મળતું અલમસ્ત શરીર વિશુદ્ધ ભાવના તપાદિ કરી શકવા તદ્દન કાયર બને છે. ઉચ્ચ કુળ પણ ઊઘાડાં પાપો કરવાની રજા આપે છે. વિપુલ સંપત્તિ પણ અનાચારના જ માર્ગે દોરી જનારી બને છે.

માત્ર અઘાતીકર્મોના શુભોદયથી પણ અટકતું નથી. મોહકર્મના તીવ્રોદયકાળમાં જ્ઞાનાવરણનો હ્રાસ થાય (ક્ષયોપશમ નહિ) અથવા અજ્ઞાનાવરણનો હ્રાસ થાય એથી પણ પાંડિત્ય, વાક્ચાતુર્ય, લેખનશક્તિ, પ્રભાવક વક્તૃત્વ વગેરે વગેરે વિશ્વને આકર્ષતી શક્તિઓ ઉત્પન્ન થાય. આ શક્તિઓ પણ મોહકર્મના ઉદયકાળ સહચરિત હોવાથી ઘાતક બને. જે પ્રભાવકતા અનેકને તારે તે પ્રભાવકતા પ્રભાવકને જ ડૂબાડે, એ જ્ઞાનાદિ પણ એના જ્ઞાનીને જ ડૂબાડે.

મોહકર્મનો કોરો ઉદય ક્યારેય ન હોય. એના તીવ્રોદયમાં અઘાતીના શુભ કર્મોદય (પાપાનુબંધી પુણ્યોદય) જ્ઞાનાવરણાદિના હ્રાસ વગેરે સાથે જ હોય. આ બધાયના સહકાર સાથે જ મોહોદય પોતાને પરિપુષ્ટ કરવા સમર્થ બને છે.

આ ઉપરથી એવું તારણ નીકળે છે કે હ્રાસથી ઉત્પન્ન થતી શક્તિઓ કે અઘાતી-શુભોદયથી પ્રાપ્ત થતાં રૂપાદિ વૈભવો જો મોહ-સહચરિત હોય તો અત્યન્ત ખતરનાક છે, જીવનને જોખમી બનાવનાર છે.

શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો જેમ જ્ઞાન નહિ પણ જ્ઞાનાચાર અથવા તો ચારિત્ર નહિ પણ ચારિત્રાચાર ઉપાદેય છે તેમ જ્ઞાનાવરણનો હ્રાસ નહિ પણ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ ઉપાદેય છે. આ ક્ષયોપશમભાવ મોહના ક્ષયોપશમ વિના શક્ય જ નથી. એટલે વળી પાછી એ વાત આવીને ઊભી રહે છે કે મોહનીય કર્મના ક્ષયોપશમ વિનાના કોઇ પણ અશુભ કર્મના હ્રાસ કે શુભ કર્મના ઉદય ભારે જોખમી છે. તે જ્ઞાનાદિ શક્તિઓ અને તે રૂપાદિ વૈભવો બન્ને ય અત્યંત ખતરાભર્યા છે.

માટે હવે આપણે એટલું જરૂર કહી શકીશું કે આજ સુધી સંસારમાં જે પરિભ્રમણ ચાલુ જ રહ્યું અને જો તે ચાલુ રહેવાનું જ હશે તો તેમાં કારણ તરીકે મોહકર્મોનો તીવ્રોદય, મોહના સંસ્કારોની આત્મામાં થઇ ચૂકેલી બધ્ધમૂલતા જ કહી શકાય. મોહના સંસ્કારો અનુબંધયુક્ત પડે છે ત્યારે જ આવા અનંત પરિભ્રમણોનું સર્જન થાય છે.

હવે પ્રશ્ન થાય છે કે મોહના સંસ્કારોને, મોહકર્મના તીવ્ર ઉદયભાવને તોડી પાડવા માટે કઇ સાધના છે ?

પંડિતાઇ મેળવવા જ્ઞાનાવરણનો હ્રાસ કરવો પડે. તે માટે અધ્યાપનમંદિરમાં ઉદ્યમ કરીએ તો પંડિતાઇ જરૂર પ્રાપ્ત થાય. આ જ રીતે બીજા કર્મોમાં પણ તે તે અશુભ કર્મોના હ્રાસ કે શુભ કર્મોના ઉદય કરવાના સાધનો મળી રહે છે પણ મોહકર્મનો હ્રાસ કે ક્ષયોપશમ કરવામાં પ્રબળ સાધન કયું ?

આ પ્રશ્નનું સમાધાન તેને જ મળી શકે જે પોતાના અનંત પરિભ્રમણની ભાવિ શક્યતા સાંભળીને અત્યન્ત અસહ્ય ગૂંગળામણ અનુભવતો હોય, અથવા જેને હવે હાડેહાડમાં એમ લાગી ચૂક્યું હોય કે મોહકર્મના ક્ષયોપશમભાવ વિનાની મારી તમામ શક્તિઓ, મારા ગુણો, મારો વૈભવ બધું ય મારી બરબાદીને નોતરનાર છે, મારી આબાદીનો વિનાશ કરનાર છે. વાક્પટુત્વ, જ્ઞાનપ્રિયતા, સ્વાધ્યાય-રમણતા વગેરે એવી શક્તિઓ છે, રૂપાદિ વગેરે એવા વૈભવ છે કે જેનો વિનાશ કરી નાંખવાનું પાલવે તેવું નથી. આંખોથી વિજાતીયનું રૂપ જોવાઇ જાય એટલે કાંઇ તે આંખો ફોડી ન નંખાય. તેમ કરવા જતાં અનેક નુકશાનો થાય.

તો શું કરવું ?

મુક્તિમાર્ગની સાધનામાં મોહોદયપૂર્વકની તે જ્ઞાનાદિ શક્તિઓ અને તે રૂપાદિ વૈભવો પ્રતિબંધક છે. અને પ્રતિબંધકને સર્વથા દૂર કરી શકાય તેવું પણ નથી. તો શું કરવું ?

આનું સમાધાન સરળ છે. પ્રતિબંધક ભલે રહે. બાજુમાં ઉત્તેજકને ગોઠવી દો, પછી પ્રતિબંધકની પ્રતિબંધકતાશક્તિનો નાશ થઇ જશે. શક્તિહીન પ્રતિબંધક હોય તો ય ન હોવા બરોબર છે, કેમકે તેની હાજરીમાં ય કાર્ય અટકી રહેતું નથી.

ચન્દ્રકાન્ત મણિ અગ્નિ પાસે પડ્યો હોય તો અગ્નિમાંથી દાહ ઉત્પન્ન ન થાય. દાહમાં પ્રતિબંધક ચન્દ્રકાન્ત મણિ છે. હવે દાહ ઉત્પન્ન કરવો હોય અને ચન્દ્રકાન્ત મણિને ખસેડવો ન હોય તો સૂર્યકાંત મણિને લાવી મૂકવો રહ્યો. ભલે પ્રતિબંધક ચન્દ્રકાન્ત મણિ ત્યાં જ પડ્યો રહે તો ય દાહ થવાનો, કેમકે સૂર્યકાંત મણિ ઉત્તેજક બને છે, પ્રતિબંધકની શક્તિને હરી લે છે.

એ રીતે પ્રસ્તુતમાં પણ જ્ઞાનાદિ શક્તિઓ પ્રતિબંધક બનવા છતાં મોહકર્મના ક્ષયોપશમકારી ઉત્તેજકને લાવી મૂકીએ તો તે શક્તિઓ મુક્તિપ્રાપ્તિમાં પ્રતિબંધક બની શકતી જ નથી. અથવા તો એમ કહેવાય કે મોહના ઉદયપૂર્વકની જ્ઞાન-રૂપાદિ શક્તિઓ મુક્તિકાર્યમાં પ્રતિબંધક છે માટે વસ્તુતઃ તો તે મોહોદય જ છે. જો તે ન હોય તો જ્ઞાનાદિ શક્તિઓ પ્રતિબંધક બની શકતી જ નથી.

હવે પ્રશ્ન થાય કે મોહોદય નિવારવો શી રીતે ? અનંતકાળના પરિભ્રમણમાં એ જ કારણ હોય તો તેનું નિવારણ અવશ્ય કરવું રહ્યું. શી રીતે થાય ?

આનું સમાધાન મને તો એ જ જડ્યું છે કે મોહોદયનો ક્ષયોપશમ ગુરુકૃપાથી જ થાય. ગુરુકૃપા વિના મોહસંસ્કારનું ઉન્મૂલન શક્ય જ નથી. મોહસંસ્કારોના ઉન્મૂલન વિનાની જ્ઞાનાદિ શક્તિઓ સ્વનું હિત સાધી શકતી નથી. એને મુક્તિ પ્રાપ્ત થઇ શકતી જ નથી.

અનંતકાળમાં અનંત આરાધનાઓ કરી પણ એક ગુરુપારતન્ત્ર્ય નિરપવાદ રીતે સાધ્યું નહિ માટે મોહોદય નાશ પામ્યો નહિ. કેટલીક વાર મોહના સંસ્કારો કેવળ ઉપશાન્તભાવે રહ્યા પણ નષ્ટ તો ન જ થયા. એથી જ એના વિનાશ વિનાની તમામ સ્વ-પરદૃષ્ટિની આરાધનાઓ પાપાનુબંધી પુણ્યબંધજનક બનીને સંસારપરિભ્રમણ વધારવામાં જ નિમિત્ત બની.

શું વીતરાગભક્તિથી, નિર્મોહીની ભક્તિથી મોહસંસ્કાર નષ્ટ ન થાય ?

આ પ્રશ્નનું સમાધાન સરળ છે. વીતરાગ-ભક્તિ પણ તેની જ વાસ્તવિક બની શકે જે ગુરુભક્ત હોય. ગુરુને વેગળા મૂકીને વીતરાગનો ભક્ત બનનારો ભક્ત નથી પણ બગભગત છે, દંભી છે. એની ભક્તિમાં ભારોભાર કૃત્રિમતા જ સંભવે છે. અથવા તો એ ભક્તિ ફલોન્મુખ બની શકતી જ નથી. કોઇ એવા પ્રત્યવાય આવી પડે છે જે એના જીવનની ગતિને આખી ને આખી

ઉથલાવી નાંખે.

બધી વાતનો સાર એ આવ્યો કે સદ્‌ગુરુપારતન્ત્ર્ય વિના અનંત સંસારનો ઉચ્છેદ શક્ય જ નથી. આ પારતન્ત્ર્ય નિરપવાદ જ હોવું જોઈએ. કોઈ નાનકડી પણ મનસ્વીતા જીવનની નાવના નાનકડા ભયજનક છિદ્ર સમી બની રહે છે. એટલે સદ્‌ગુરુ જે ઈચ્છતા હોય તે જ આપણે કરવું જોઈએ. એમની કૃપા મેળવવા ખાતર આખું જીવન હોડમાં મૂકી દઈએ, આપણી તમામ શક્તિઓનો જુગાર ખેલી નાંખીએ, જીવનનું ખાતર કરી નાંખીએ તો ય ખોટું નથી.

સદ્‌ગુરુની ઈચ્છા છે કે હાલ શિષ્યને વ્યાકરણ કરાવવું નથી. શિષ્યની ઈચ્છા છે હમણાં જ વ્યાકરણ કરવાની. હવે જો તે વ્યાકરણ કરે તો તેની પાછળનો તેનો ભારે પરિશ્રમ જ્ઞાનાવરણનો જોરદાર હ્રાસ કરે. જો વ્યાકરણ ન કરવાની ગુર્વાજ્ઞાનું પાલન કરે તો મોહકર્મના ક્રૂર સંસ્કારોની જડ ઊખડી જાય.

હવે શું કરવું ? વ્યાકરણ કે આજ્ઞાપાલન ? મોહોદય ઊભો રહે અને પાંડિત્ય મળે તો તે પરવડે ખરું ? એવું પાંડિત્ય પટક્યા વિના નહિ રહે ?

પાંડિત્ય ન મળે અને મોહોદય નાશ પામતાં જીવન-શુદ્ધિ પ્રાપ્ત થાય તો તે સ્થિતિ જ સહર્ષ વધાવી લેવા જેવી નથી ? શું પ્રથમ ? શુદ્ધિ કે બુદ્ધિ ? શું મુખ્ય ? શુદ્ધિ કે શક્તિ ? સદ્‌ગુરુપારતન્ત્ર્યથી જ, સદ્‌ગુરુના આજ્ઞાપાલનથી જ ગુરુકૃપા મળે. માત્ર માંગ્યાથી એ મળતી નથી, ફાવે તેમ વર્તવાથી એ પ્રાપ્ત થતી નથી.

સાધનાના પરમ રહસ્યને નહિ પામવાથી કેટકેટલી વિટંબણાઓ જીવનમાં વેરાશે ? જો આ પરમ રહસ્ય પ્રાપ્ત થાય તો તમામ વિટંબણાઓનો અંત આવે, તમામ ગૂંચોનો ઉકેલ આવે. જીવન પ્રસન્ન બને, મન પ્રસન્ન બને, વાતાવરણ પ્રસન્ન બને.

જ્યાં સદ્‌ગુરુપારતન્ત્ર્ય છે ત્યાં મોહનો નાશ છે. વિષયાદિ વાસનાઓના તોફાન ત્યાં શમી જાય છે. એ નિર્વિષય-નિષ્કષાયભાવની મસ્તી તો એ મસ્તાન ગુરુચરણરેણું જ અનુભવી શકે.

# ૧૯
# આજ અને આવતીકાલ

આજે સમજાય છે મારી નિષ્ફળતાઓનું મૌલ કારણ....

સાધનાની તીવ્રતમ ભૂખ છતાં એ ભૂખ કેમ ભાંગતી નથી તેનું એકાદ કારણ આજે પકડાય છે.

પૂજ્યપાદ તાતપાદની અસીમ કૃપાદૃષ્ટિ મારી માનસિક અશુદ્ધિઓને ક્રમશઃ નિવારતી જતી હોય અને મને કાંઇને કાંઇ પ્રેર્યા જ કરતી હોય તેવું લાગ્યા જ કરે છે. મારા તાતપાદશ્રી મારા અંતરમાં જ બેઠા બેઠા જાણે ચિત્તશોધન કરતા હોય તેવી પ્રતીતિ થાય છે.

સાધનાની ભાવના મૂર્તસ્વરૂપ પકડતી નથી તેના અનેક કારણો છે. છતાં તેમાં જે મુખ્ય કારણ છે તે એ છે કે મારું ચિત્ત બીજી પણ અનેક બાબતોમાં વિક્ષિપ્ત બન્યું છે.

અતિશય લાગણીપ્રધાનતાને લીધે હું બાહ્ય વાતાવરણનો વારંવાર ભોગ બની જાઉં છું. મને કો'ક થોડો પણ ભાવ આપે તો હું તેને સવાયો ભાવ સહજ રીતે આપી દઉં છું. કોઇ લાગણી બતાવે તો તરત જ મારું હૃદય તેને સોંપાઇ જાય છે. કોઇ દુઃખદર્દ જણાવે તો તરત અંતર રડી ઊઠે છે. એટલું જ નહિ પણ મારી પ્રત્યે લાગણી બતાવનારની તમામ ભૂલોને, તેના અક્ષમ્ય અપરાધોને પણ તત્કાળ વીસરી જઉં છું.

એ જ રીતે જો મને ક્યાંક કશુંક અનિચ્છનીય દેખાય તો મારા અંતરના તાર ઝણઝણી ઊઠે છે. મારું હૃદય ક્ષુબ્ધ થઈ જાય છે. મન એકદમ વિચારે ચડી જાય છે, કલાકો સુધી વિચારોના ગૂંચળામાં ફસાઇ પડે છે. 'એ વ્યક્તિને જો મેં લાગણી આપી હોય, મેં તેને જો અનન્ય પ્રેમ બતાવ્યો હોય છતાં તેણે આવું કેમ કર્યું ? દગો ? વિશ્વાસઘાત ? છેહ ? આ તે શું કહેવાય ! બસ, સંસારમાં આવું જ ચાલે છે ? કોઇને કોઇના પ્રેમની પણ કિંમત નથી ? આ દુનિયામાં અંતરનો પારખું કોઇ નથી ? આ શું ?'

આવા વિકલ્પોના ચક્કર ચાલ્યા જ કરે, જે મને ભારે આઘાત પહોંચાડી દે. આ રીતે મારું લાગણીનું વધુ પડતું તત્ત્વ મને સતત આઘાત-પ્રત્યાઘાત

પહોંચાડતું જ રહે છે. એથી જ મારી માનસસ્થિતિ ખૂબ જ પ્રવાહી રહે છે. થોડી પણ ઘનતા, સ્થિરતા, શાન્તિ તેને પ્રાપ્ત થતી નથી. જે તે જોવાઈ જાય એટલે જેમતેમ વિચારાઇ જાય, જે તે નિર્ણયો લેવાઇ જાય, એ નિર્ણયો પણ તુરત ફેરવાઇ જાય. કશાયનું ઠેકાણું જ નહિ.

આ રીતે બાહ્ય વાતાવરણનો વારંવાર ભોગ બનું છું માટે જ મારા અંતરમાં ઊંડે ઊંડે વહેતું મસ્તીભર્યું એક વહેણ જરાય વિકસી શકતું નથી. ઉપરની સપાટી છોડીને જરાક ઊંડે જઉં ત્યારે જ એની સ્પર્શના કરીને રતિ પ્રાપ્ત કરું. તે સિવાય તો સઘળો સમય એ બે ય બાજુના ધક્કાઓની વચ્ચે કુટાવામાં જ જાય.

આ છે મારી નબળી બાજુ. લાગણીના આ સ્વરૂપને હું વિકસિતરૂપે કે પ્રશસ્ત સ્વરૂપે સ્વીકારતો નથી. કિન્તુ એને મારા અપરિપક્વ વિચારનું અણવિકસિત, વિકૃતસ્વરૂપ માનું છું. આવી લાગણીઓ માનસદુઃખને વધુ જન્મ દેનારી જ હોય છે. આના સિવાય બીજું કોઇ જ ફળ પ્રાપ્ત થતું નથી.

આરાધનાની વૃત્તિઓ તો કરુણ દશામાં ક્યાંય કચડાઇ જાય છે. ઊભા થવાનો યત્ન કારગત બનતો નથી. ખૂબ નબળાઇ જણાય છે.

બધાના મૂળમાં લાગણીવેડા, ગાંડપણ કે ઘેલછાનું જ તત્ત્વ પડ્યું છે એમ ચોક્કસ જણાય છે.

જેમ આ લાગણીવેડા અહિતકર છે તેમ શિષ્યાદિ ઉપરના સારણા-વારણાથી ઉપરવટ જઇને કરાતા કષાયાદિ પણ અહિતકર છે. તદ્દન સ્વસ્થ ચિત્તે જે કરાય તે જ સારણા-વારણા કહેવાય. મગજના ઉશ્કેરાટપૂર્વકની સાચી અને સારી પણ હિતશિક્ષા સાવદ્યવચનરૂપ બની જાય છે, કર્મ-બંધનકારક બની રહે છે.

હવે આ ભૂલ સમજાય છે તે જ આનંદની બાબત છે. ભૂલ સમજવી એ જ પ્રગતિનું પ્રથમ સોપાન છે.

હવે શું કરવું જોઇએ એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આનું સમાધાન બહુ જ ટૂંકામાં એ લાગે છે કે, 'ઊંધું ઘાલીને ખૂબ કામ કરતાં રહેવું.'

'ઊંધું ઘાલીને' એટલે કોઇની કશી પણ પંચાત કર્યા વિના, કોઇનું કશુંય જોવાની પરવા કર્યા વિના, ડાહીડમરી વાતો કર્યા વિના, લાંબીચોડી હિતશિક્ષાઓ આપ્યા વિના, કષાયાદિના ફંદામાં ફસાયા વિના કામ કર્યા જ

કરવું. મારી બાજુમાં શું ચાલી રહ્યું છે તેનું પણ મને ભાન ન હોય તેવી સ્થિતિમાં સ્થિર થઇ જવું.

અંતરમાં ઘણું અંધારું છે, એને નિવારવા ઘણું ઘણું કૌવત કેળવવાનું છે. આખું ય જીવન ખૂટી પડે તેવું છે. કામનો પાર નથી, દોષોનો સુમાર નથી. કુસંસ્કારો જંપતા નથી. સમય ખૂબ જ થોડો છે. શક્તિ અત્યન્ત પરિમિત છે. સાધનો ખૂબ જ અપૂર્ણ છે. ઉત્તરસાધકો જવલ્લે જ મળે છે. આ સ્થિતિનો મેળ શી રીતે બેસાડવો ? ઊંધું ઘાલીને કામ કર્યા વિના મેળ બેસે તેમ નથી.

વળી વર્તમાન જીવનમાં મારી જે સાધુજીવનની કક્ષા છે તેની રુએ પણ મારી ઘણી જ મર્યાદિત શક્તિ વગેરે છે એમ દેખાય છે. એ હકીકત ધ્યાનમાં ન લેવાથી હું મારી જાતને ખૂબ જ વધુ મોટી, સમજદાર માનવાની ભૂલ કરી બેસું છું. એથી જ ઘણી અનધિકાર ચેષ્ટાઓ થઇ જાય છે.

આ બાબત બિલકુલ ક્ષન્તવ્ય નથી. સાધનાની સફળતામાં અનધિકાર ચેષ્ટાનું તો નામ જ નહિ કિન્તુ અધિકારનો પણ ઉપયોગ ન હોય. સાચો સાધક પ્રાપ્તાધિકારનો પણ ક્વચિત્ જ ઉપયોગ કરે, ક્વચિત્ જ કોઇની સાથે વાત કરે, પરાણે કોઇ બોલાવડાવે તો જ બોલે.

સાધનાની અયોગ્ય પદ્ધતિ જ ચિત્તને ઉછાંછળું, ખોટું લાગણીશીલ બનાવે. એમાંથી જ આઘાત-પ્રત્યાઘાતો જન્મે. એથી જ આરાધનાના આનંદમાં ઘનતા ન આવતા સદૈવ પ્રવાહિતા જોવા મળે.

આવી સ્થિતિમાં રહેવાથી કેટલું નુકસાન થાય છે ?

શ્રી વીતરાગને સર્વાંગે સ્પર્શવાની તાલાવેલી છતાં તેમાં લેશ પણ સફળતા મળતી નથી. આરાધનાના તમામ યોગો ઉપર પ્રીતિ હોવા છતાં એ યોગો જીવનમાં રમવા લાગતા નથી એટલે જીવન ખૂબ જ બેચેન બને છે. મનને એક જાતનો અજંપો સતત રહ્યા કરે છે. કશું ય ગમતું નથી. આમાંથી લઘુતાગ્રંથિ વિકાસ પામે છે. 'મારામાં કાંઇ નથી, મારાથી ઉન્નત સાધુજીવન નહિ જ પળાય' ઇત્યાદિ વિચારો જીવનને ગૂંગળાવી મારે છે. હવે તો ચેતી જવું જ રહ્યું.

ઊંધું ઘાલીને કામ કરવું. કામ ન થાય, થાક લાગી જાય તો સૂઇ રહેવું, પરમેષ્ઠીસ્મરણ કરવું, શ્રમ નિવારે તેવું બીજું વાંચન કરવું પણ બીજી-ત્રીજી વાતોમાં ન જ પડવું, લાગણીવેડા ન જ કરવા, સામેથી શું પ્રત્યુત્તર મળશે ?

તેની અપેક્ષામાં મનને ગૂંગળાવી ન મારવું.

જાતમાં જાતે જ ડૂબી જવું. વિશ્વને પોતાનાથી વેગળું મૂકી દેવું. પોતે વિશ્વથી વેગળા બની જવું.

અંતરના બીનના લાગણીના તાર ઉપર વિચારોના કોમળ કર ફરતા રહે, એ તાર ઝણઝણી ઊઠે અને પંચમસૂરની મધુર સ્વર-લહરીઓ રેલાતી રહે, ચિત્તને મદમસ્ત મસ્તીમાં ગુમભાન કરી દે એવી ખુશનુમા તબિયત પ્રાપ્ત કરી લઈ અનંત સુખની પણ યાદ વીસરી જવી.

બેશક, બીનનો એ પંચમસૂર ગુરુદેવના વચનોના તાલથી બદ્ધ જ રહે તો જ સૂરોની અપૂર્વ જમાવટ થાય. બેતાલ સૂર તો મનને આંચકો આપે, કોમલ કરને કંપાવી મૂકે, અંતરને અકળાવી મૂકે.

હું મારામાં જ સમાઈ જઉં એ જ મારી મહત્ત્વાકાંક્ષા ! બાહ્ય વાતાવરણમાં રહીને પણ એનાથી તદ્દન અલિપ્ત થઈ જવું એ જ મારી જીવનસાધના !

શું ફળશે ? દેવગુરુકૃપાથી કશું ય અસાધ્ય નથી. આ તે શી મોટી વાત હતી.

❋ ❋ ❋

# ૧૭

# ભારે ગૂંગળામણ

નમતી સાંજે સ્વાધ્યાયથી શ્રમિત થઈને ઊભા થતાં બારીની બહાર નજર પડી. વિરાટ સૃષ્ટિનું દર્શન થયું. સાવ ઉજ્જડ હતી એ સૃષ્ટિ. ન હતું વૃક્ષ, ન હતો ક્યાંય કોઈ લીલો છોડવો, ન હતું સોગંદ ખાવા જેટલું એકાદ પણ તરણું. વેરાન સૃષ્ટિના એ દર્શને મને ઊંડા વિચારમાં ગરકાવ કરી દીધો.

મારા નાથ-ચરમ તીર્થાધિપતિ-નું શાસન પણ આવું જ ઉજ્જડ બની ગયું નથી શું ?

ચતુર્વિધ સંઘની કેટલી અવદશા થઈ ? ૨૫૦૦ વર્ષમાં આટલું બધું અધઃપતન ?

૩૦-૩૫ વર્ષ પહેલાં એક શિક્ષિત યુવતીએ જૈનધર્મ અને વર્તમાન જૈનોના ધર્મપ્રેમ ઉપર ઠીક ઠીક અભ્યાસ કર્યો અને તેણે કહ્યું કે, જે ગતિથી જૈનધર્મનું અધઃપતન થઇ રહ્યું છે તે ગતિ જો ચાલુ જ રહે તો ૧૦૦ વર્ષમાં જૈનધર્મ નામશેષ થઇ જાય.

કેટલી ભયાનક આગાહી ! તરણતારણનું શાસન, સર્વનું હિતકર નાવડું ૧૦૦ વર્ષમાં સાગરના તળિયે જઇ બેસે તો આ જગતના જીવોને ઉગારશે કોણ ? પેલી આગમવાણી કે ૨૧ હજાર વર્ષ સુધી આ શાસન ચાલશે તેનું શું? જો કે અપેક્ષાએ વિચારવા મુજબ ૨૧ હજાર વર્ષ સુધી ચાલનાર શાસન તે અત્યારનું દેખાતું શાસન નહિ કિન્તુ આ દેખાતા શાસનની શાખા જ્યાંથી ફૂટી છે તે અપ્રત્યક્ષ રહેલી દુનિયામાં રહેલા શાસનને લઈને જ સમજવાનું છે.

તો શું અહીંનો શાખાભૂત જૈનધર્મ તો નામશેષ થઇ જ જશે ? હજી આ વાત માનવા મન લાચાર છે પણ નિરુપાય છું. ભાવીના યુવાનો કે જે આજે બાળ-કિશોરો છે તેમાંથી ૯૫ ટકા ધર્મસંસ્કારો લુપ્ત થતા દેખાય છે. 'ધર્મ' શબ્દ સાંભળતા પણ જૈન બાળકોને કીડીઓ ચટકે છે. આજના વૃદ્ધો મૃત્યુ પામી જાય પછી આજના બાળકો યુવાન બની જ્યારે તેમના સ્થાન લે ત્યારે ધર્મ કેટલો? અને એ પછીની બીજી પેઢીમાં તો ધર્મ જોવા પણ ક્યાં મળશે ?

સિનેમાદિના વૈજ્ઞાનિક પ્રલોભનો, સહશિક્ષણ, રાજકીય અંધાધૂંધીઓ, ગૂઢ મુત્સદ્દીગીરીઓ અને જીવમાત્રની પ્રત્યક્ષ સુખૈષણા-આ બધા ભેગા મળીને સમગ્ર વિશ્વમાંથી આધ્યાત્મિક ભાવોનો સરિયામ વિનાશ સર્જી રહ્યા છે. એટમબોમ્બોથી વિશ્વમાત્રનો સંહાર થતાં જે હોનારત ન સર્જાય તે હોનારત જીવતા-જાગતા વિશ્વમાનવોના અંતરમાં ફેલાઇ ચૂકી છે.

આ વિષાણુમય વાતાવરણમાં જ વસતો નિર્ગ્રન્થસંઘ પણ એનાથી બાકાત રહી શક્યો હશે ? અનેક પ્રલોભનોમાં એ ય બહુધા લપેટાયો છે. કશુંક ઊડીને આંખને બાઝી જાય તેવું જોવા મળે, વજનમાં હલકું મળે, સ્પર્શમાં મસૃણ મળે, શ્રવણમાં પ્રિય બને તો તેની તરફ ઝટ મનનું ખેંચાણ થાય છે. આના પરિણામે જીવન અનુકૂળતાનું ગુલામ બને છે. એ વર્ગ પ્રતિકૂળતાથી સદૈવ નાસતો-ભાગતો ફરે છે. રૂંવાડામાં ય રોગનો ક્ષુલ્લક જન્મ થાય ત્યાં જ તેના ઉપચારોની પરંપરા, દોડધામ, હાયવોય શરૂ થઇ જાય. થોડી પળો પણ સહવાની વાત નહિ.

જ્યાં એક પણ નિર્ગ્રંથ શિથિલપ્રાયઃ હોય, ગૃહસ્થના અતિનિકટ સહવાસાદિથી સંયમધર્મથી વિમુખ થતો જતો હોય ત્યાં શાસનની સુરક્ષા કોણ કરે ? '**न विणा तित्थं नियंठेहि**'. નિર્ગ્રન્થ વિના-નિર્ગ્રન્થોની સંયમવિશુદ્ધિ વિના તીર્થ ઊભશે કોના ઉપર ? તીર્થની ઈમારતનો પાયો જ નિર્ગ્રન્થ છે. એ જેટલો નબળો પડીને નીચે ઊતરતો જાય તેમ આપોઆપ તીર્થ પણ નીચે ઊતરતું જાય. એકધારી આ પ્રક્રિયા ચાલી રહી છે. શાસનની ઈમારત પ્રતિપળ પ્રતિસેકંડે ધરતીમાં સરકી રહી છે.

આ સમયે શું કરવું ? રાડોને તો કોણ સાંભળે ? ભલે એને પાગલ કહે પણ પાગલની વાત માને કોણ ? સાંભળવાની જ કોને પડી છે ? ત્રીસ વર્ષ પૂર્વે જે શાસનપક્ષ હતો તે આખો ય આજે સુધારક વર્ગમાં વિલીન થઇ રહ્યો છે. આજના એ જ શાસનપ્રેમીઓ દેશકાળવાદી, સાધુઓના નિંદક અને ધનના મદથી ઉન્મત્ત થઇ રહ્યા છે. પછી સાથ કોનો મળે ?

વળી પાછો પેલો જ વિચાર-નક્કર સત્ય-અંતઃકરણમાં સ્ફુરાયમાન થાય છે કે અંતર્મુખ સાધનામાંથી જે બળ નીપજે તે જ બળ-ભલે એક વ્યક્તિનું જ હોય તો ય તે જ-આખી અવ્યવસ્થાને દૂર કરી શકે. પરમેષ્ઠિ ભગવંતોને કરાતા એક જ નમસ્કારના ઉદાત્તભાવમાં એટલું પ્રચંડ બળ છે કે જેની કલ્પના

આપણી બુદ્ધિનો વિષય નથી.

કોઈ કહે છે મંત્રસાધના કરો, દેવોને વશ કરો તો જ કાંઈક ચમત્કાર થશે અને ભાવુકો ધર્મસન્મુખ બનશે. બીજા કહે છે કે છક્કા-ચોગ્ગા બતાવો, દોરાધાગા કરો, સર્વની ધનાદિ કામનાને પૂર્ણ કરો, તમારા ભક્ત બનાવો પછી ધાર્યું કામ થશે. કેટલાક વળી કહે છે કે અંગ્રેજી-હિન્દી ભણો, વિદ્વાન થાઓ, પબ્લિક લેક્ચર કરો, ચાર દિવાલોને તોડી બહાર આવો, જૈનધર્મનો જયજયકાર થશે.

મને તો આમાંની એકેય વાત જચતી નથી. એ વાત હજી પણ પળભર દિલને લોભાવી જાય છે કે છિદ્રપ્રચૂર બનીને બૂડી રહેલા શાસનના નાવડાને ઉગારી લેવા પ્રેસ-પ્લેટફોર્મ ગજાવી મૂકવા જોઈએ, બહાર પડવું જોઈએ. પણ સૂક્ષ્મ વિચારની ઊંડાઈએ જતા આ વાત બેહૂદી અને હાસ્યાસ્પદ લાગે છે.

આંતરબળ વિના લડવું શેં ? કાંઇ ન મળે તો લાકડાની તલવારે કેમ લડી લેવાય ? કેટલું જોખમ ? માત્ર જાતનું નહિ પરંતુ આખા ય જગતનું જોખમ કેમ વહોરાય ?

તો શું કરવું ? વળી પાછી પેલી જ વાત કે બળ ઉત્પન્ન કરવું. પણ શી રીતે બળ ઉત્પન્ન કરવું ? સમગ્ર શાસનને ઊંચું લાવી દેવા માટે કેવા પ્રચંડ આત્મબળનું ઉત્થાન જોઈએ ? એટલું વિરાગબળ શેમાંથી ઉત્પન્ન થતું હશે? અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરું તો તે બળ ઉત્પન્ન થાય ? સ્વાધ્યાયમાં નિરત રહું તો તે મહત્ત્વાકાંક્ષા ફળે ? વનવાસી જેવો બની જાઉં તો ? તદ્દન અપરિગ્રહી બની જાઉં તો ? ઉગ્ર ત્યાગ આદરું તો ?

બધા ય પ્રશ્નો લમણે લાગે છે. આળા હૈયાંને ભટકાઈને મનને આંચકો આપે છે. એકેય પ્રશ્નનો ઉત્તર હકારમાં જતો નથી.

તો શું કરવું ? છેલ્લે એક માસનો અભિનવપ્રયોગ (જિનોક્ત સાધના) મને આ પ્રશ્નનો જવાબ કાનમાં કહી જાય છે.

એ છે દેવગુરુની સેવા (ભક્તિ). દેવની સેવા એટલે દેવાધિદેવના ગુણોનું કીર્તન, ગૂંજન ! અંતરના અતલતમ ઊંડાણમાં બેઠક લગાવી દઈને, અરિહંતના દર્શન કરીને જે ઘેલો થાય છે, એની સ્તવનાના આસવ પીને જે ભાન ભૂલે છે, ત્યાં બેસી એના જીવનની પુરુષાર્થગીતા વાંચતો જે વારંવાર સ્તબ્ધ થઈ જાય છે તે મુમુક્ષુ એ પળોમાં પેલા પ્રચંડ બળનું રાક્ષસી ઉત્પાદન

કરે છે. એ પળોમાં કરાયેલો પરમેષ્ઠિ નમસ્કાર, એ પળોમાં અંતરથી બોલાઇ જતાં 'વાહ ! વાહ ! દેવાધિદેવ, ઓ મારા નાથ ! મારા નિકટતમ, પ્રિયતમ ! ઓ શરણ્ય ! વહારે ધા શરણાગતની !' ઇત્યાદિ વિધવિધ ભાવલક્ષી ઉદ્‌ગારો આખી સૃષ્ટિને કંપાવવા જેટલું બળ ઉત્પન્ન કરે છે.

આવી જાતનું સ્વાર્પણ જ્યારે દેવાધિદેવના ચરણમાં ધરાય ત્યારે જ તેની આજ્ઞા, તેની ઇચ્છા એક પણ અંશની બાદબાકી વિના, એક પણ અપવાદ વિના અમલમાં મુકાય છે. આ જ આત્મા જિનાજ્ઞાનો ચાહક બનીને યથોચિત સંયમજીવનની સાધનાનો સફળ પ્રયોગ સાધી શકે છે.

જિનને ન જાણનારો જિનાજ્ઞાને જીવનમાં, હાડહાડમાં, રગરગમાં, રોમરોમમાં, લોહીના કણકણમાં શેં ઓતપ્રોત કરી શકે ? જિનાજ્ઞાની વાતો જુદી ચીજ છે અને જિનાજ્ઞાનું યથોચિત પાલન જુદી જ બાબત છે. એને માટે તો જિનના માશુક બનવું જ રહ્યું. અને તે માટે જિનની ઓળખ કરવી જ રહી.

જિનની ઓળખપૂર્વકનું જિનાજ્ઞાનું પાલન એ જ જિનેશ્વરદેવની સેવા છે. તાતપાદ ગુરુદેવશ્રીજીની સેવા પણ પ્રીતિ, ભક્તિ ઉભયરૂપ છે. અહીં પણ તે કરુણાસાગરની શક્ય એટલી તમામ બાહ્ય સેવાઓ ઉઠાવવાની. બીજા બધા ય કામ આ સેવા આગળ તદ્દન ગૌણ છે. એમના નિકટતમ સાથી બની જવા સુધી, એમની ચાહના પ્રાપ્ત કરવા સુધી પહોંચવાનું છે. એક પણ અપવાદ વિના એમની આજ્ઞા-ઇચ્છાનું સર્વાંશે પાલન કરવું એ જ એમની વાસ્તવિક સેવા છે.

અરિહંત ભલે વીતરાગ હોય પણ તાતપાદશ્રી તો સરાગ છે. એટલે અપેક્ષાએ અરિહંતની સેવાથી પણ વધુ બળ તાતપાદશ્રીજીની સેવાથી પ્રાપ્ત થાય છે, કેમકે એમની સરાગ-દશા શિષ્યભક્તિ ઉપર ઓવારી જાય તે સહજ છે. તેમ થતાં શિષ્ય ઉપર અસીમ કૃપા ઊતરે, અંતરની કલ્યાણ-આશિષો પ્રાપ્ત થાય. વળી બ્રહ્મચર્યાદિની અણિશુદ્ધ સાધનાના પરમાણુઓથી તાતપાદશ્રીનો આખો દેહ વ્યાપ્ત હોય, સાતેય ધાતુઓ એ પરમાણુમય હોય. એ પરમાણુમાં પ્રચંડ વેગે ઘુમતી વિદ્યુતશક્તિઓવાળા દેહને સ્પર્શ કરવા માત્રથી શિષ્યના આત્મા ઉપર લાગેલા કર્માણુના થરને એવો ઝાટકો લાગે કે તરત જ-ત્યાંને ત્યાં-આત્મપ્રદેશોથી છૂટા પડી જઇને ખરી જાય. પ્રત્યેક

સમયમાં આ કાર્ય ચાલે. આમ એમના તન-સ્પર્શની પ્રત્યેક પળ અમૂલ બની જાય છે. ક્લિષ્ટ કર્મોને પણ ધ્રુજાવી નાંખવાનું સામર્થ્ય ગુરુકૃપામાં છે.

દેવાધિદેવની ભક્તિ ગુરુભક્તિથી વિહોણી હોઇ શકે જ નહિ, કેમકે જિનાજ્ઞાનું પાલન એ જ જિનની ભક્તિ છે. **जे गुरुं मन्नए से ममं मन्नए.** ગુરુને શિરોધાર્ય કરનાર જ દેવને શિરોધાર્ય કરે છે. માત્ર દેવકીર્તન કરવાથી દેવભક્તિ થઇ જતી નથી. એવી ભક્તિ અહીં અભિપ્રેત જ નથી. આજે ગુરુભક્તિને વેગળી મૂકીને '**नमो लोए सव्वसाहूणं**' ગણનારા અરિહંતના અડગ ઉપાસક કહેવડાવે છે તે પણ તેમના જીવનો સાથે મોહરાજની છલના જ નથી શું ?

આવી છલનાઓના ભયથી પ્રેરાઇને એમ પણ કહેવાનું મન થઇ જાય છે કે ગુરુસેવા જ સર્વોત્કૃષ્ટ આત્મબળ ઉત્પન્ન કરી શકવા સમર્થ છે.

અહીં પણ ગુરુસેવામાં ગુર્વાજ્ઞાપાલન સમજી જ લેવાનું છે, માત્ર તેમના વસ્ત્રાદિના પ્રતિલેખનાદિરૂપ બાહ્ય ભક્તિ નહિ. આથી ગચ્છની સેવા કરવાનું પણ ગુર્વાજ્ઞામાં આવી જવાથી ગચ્છસેવાથી પણ વિમુક્ત રહેવું ન જોઈએ. જે માત્ર ગુરુની સેવા કરે છે અને અન્ય ગ્લાન, તપસ્વી આદિની સેવાથી વિમુખ રહે છે તે વસ્તુતઃ ગુરુસેવક નથી.

ટૂંકમાં દેવની, ગુરુની કે ગચ્છની સેવા એ એક જ યોગ એવો છે કે જેમાં 'અહં'નું મૃત્યુ થવાથી ઉત્કૃષ્ટ પ્રકારનું આત્મબળ ઉદ્‌ભૂત થાય છે. 'સેવાથી એવું શું થાય છે ? દેવગુરુના સમર્પણમાં એવું તે શું છે ?' ઇત્યાદિ પ્રશ્નોને અહીં અવકાશ નથી, કેમકે સેવાધર્મ અત્યંત ગહન છે. યોગીઓને પણ એના ફળ અગમ્ય, અકલ્પ્ય રહ્યા છે. આ જ વાત એક જગાએ કહી છે : **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः** !

જેને સ્વ-પરનું હિત કરવું હોય તેણે તે હિતનો એકાંતસાધક સેવાધર્મ જીવનમાં આત્મસાત્ કરી લેવો જોઇએ. જે સેવક બનશે તે જ પરમાત્મશાસનનો સ્વામી બનશે.

સેવાથી અજબગજબનો મોહનીયાદિ કર્મનો ક્ષયોપશમ થાય છે. તેમ થતાં જ અકલ્પ્ય શુદ્ધિ થાય છે, ઉન્નત ભાવનાઓ જાગતી રહે છે, સક્રિય સાધનાના હિમાલયનું શિખર સર કરવા કૂદકે-ભૂસકે છલાંગો મારતાં

આગેકૂચ કરી શકાય છે. સેવાથી શું શું મળે તેવું કોઈ પૂછશો નહિ. સેવા સર્વવિષયવાસનાઓનો સર્વનાશ નોંતરે, ઉત્કૃષ્ટ પુણ્યનો બંધ કરે. હવે સ્વપરના હિત માટે ત્રીજું શું જરૂરી રહે છે ? સેવાના ફળ અગમ્ય છે. આપણી બુદ્ધિ તેનો તાગ પામી શકે તેમ નથી. આપણી ફરજ માત્ર સેવક બનવાની છે. કોઈ પણ અપેક્ષા રાખ્યા વિના આપણે સેવક બનવું, વિશુદ્ધ હૈયાની સેવા કરી છૂટવી એ જ આપણું કર્તવ્ય.

એમાંથી પ્રતિપળ પ્રચંડ આત્મબળ ઉત્પન્ન થવાનું જ. સમય આવી લાગતાં એનું ઉત્થાન પણ થવાનું જ. એ વખતે બ્રહ્માંડમાં પ્રસ્ફોટ થાય તેવો કડાકો આત્મપ્રદેશમાં થશે. એની સાથે જ આજનો સેવક સમગ્ર શાસનના સ્વામીપદે અભિષિક્ત થશે, લાખોનો તારણહાર એ જ બનશે, લાખોના શૈથિલ્યને એ જ ખંખેરશે, લાખોના અજ્ઞાનતિમિર ઉલેચીને એમના અંતરમાં પ્રકાશ પણ એ જ રેલાવશે.

કેવળ સ્વાત્મહિતનો વિચાર હું કરી શકતો નથી. તદ્દન અંતર્મુખ બની રહેવાની ભાવના છતાં શાસનની કરુણ દશા જોઈને શાસનના વિચારો કરવાની પ્રશસ્ત-અતિપ્રશસ્ત બહિર્મુખતા આવી ગયા વિના રહેતી જ નથી, કેમકે મને લાગે છે કે હું વ્યક્તિ નથી, સમષ્ટિનું જ એક અંગ છું કે પછી નાનકડું ઉપાંગ છું. સમષ્ટિથી અવિભક્ત મારું અસ્તિત્વ છે. પરમાત્મશાસનની વાત એ મારી જ વાત છે, મારા જ ઘરની બાબત છે. એનાથી વિમુખ રહેવા ધારું તો ય વિમુખ રહી શકું તેમ નથી.

મારું અંતર જ કોણ જાણે તેવી માટીનું બનેલું છે જે મને આ વિચારોથી કદાપિ મુક્ત રાખી શકે તેમ નથી.

# ૧૮

# આજે આપણું કર્તવ્ય શું ?

## ભાગ-૧

સામાન્યતઃ તો બુઝર્ગ સાધકો આત્મબળ કેળવવાની જ વાત કરે. બળ કેળવ્યા વિના બાથ ભીડવાની વાતો કરવાનો કોઈ અર્થ નથી. ભાડુતી ભૌતિકબળો પર બાથ ભીડવામાં તો કરુણ અકસ્માતોની પૂર્ણ શક્યતાઓ છે. એમ તો ન જ કરી શકાય.

મારી સમજ મુજબ તો વિરાટ બળને ઉત્પન્ન કરવા માટે ચાર બાબતોની જરૂર રહે છે : ૧. **ગુરુકૃપા,** ૨. **ધ્યાન** (જપ), ૩. **બહોળું ચારે બાજુનું જ્ઞાન,** ૪. **વિશિષ્ટ તપ.**

ગુરુકૃપાથી અખૂટ પુણ્યની પ્રાપ્તિ થઈ જાય. જપથી આધિદૈવિક તત્ત્વોની સહાય પ્રાપ્ત થાય. બહોળું જ્ઞાન તાત્કાલિક અસરકારક બને અને તપથી જીવન સંયમિત બને, ધાતુઓ શાન્ત રહે, બ્રહ્મચર્ય સુલભ બને.

જે પોતાના જીવનમાં આ ચારેય યોગની પાછળ પડશે, ૫-૭ વર્ષ સુધી ગુફામાં રહીને આ જ સાધનામાં તત્પર રહેશે એ જ આ વિશ્વનો યુગપુરુષ હશે.

આ ચારની આરાધના દ્વારા માનવમાંથી મહામાનવ બની શકાય છે. આ ચારની ઉપાસનાથી માનવ વિશ્વમાનવ બની જાય, સાધક યોગસિદ્ધપુરુષ બની જાય, આત્મા મહાત્મા બની જાય.

આ ચારમાંના એકાદની પણ અલ્પતા સ્વ-પરના ધર્મને વિકસાવવાના સ્વપ્નને સાકાર બનાવવામાં સફળતા નહિ આપે એવી મારી તો પાકી સમજ છે.

હવે આજની દુનિયામાં ચોમેર નજર નાંખો. કહેવાતા સુધારકોના જીવન ઉપર દૃષ્ટિપાત કરો અને જુઓ, આ ચારેય સાધના તેમના જીવનમાં મહદંશે દેખાય છે ખરી ?

કદાચ એકેય નહિ હોય. એ લોકો કદાચ ગુરુવિહોણા હશે. ધ્યાન એમના

ઢોંગી હશે. અને તપ તો એમના જીવનમાં ગુમનામ હશે. હવે આવા સુધારકો કે કહેવાતા ક્રાન્તિકારો ખરેખર પ્રભુના શાસનનું હિત કરી જવાના છે ?

એમના આકર્ષક દેખાવો ભલે સ્ત્રીસમાજમાં પ્રિય બનશે પણ એ પ્રિયતામાં હળાહળ ઝેર પ્રસરેલાં નથી ? એમના બટકબોલા જ્ઞાનમાં રાજનેતાઓ પણ ભલે કદાચ અંજાતા હશે, પણ એ અંજામણમાં વિપરીત જ્ઞાનનો અંધાપો નથી શું ? શું તે દ્વારા તેઓ માલમલીદા ઉડાવીને પેટપૂરણ જ નહિ કરતા હોય ?

એમની ક્રાન્તિમાં નર્યો સ્વાર્થ નીતરે છે, એમની વાણીમાં તાલપૂટ ઝેર હોય છે, એમની દૃષ્ટિ પણ માદકતાથી ભરેલી હોય છે. આમાં ક્યાંય શાસન નથી, શાસનના નામે સ્વાર્થ સાધવા સિવાય કશું જ હોતું નથી.

હું તો જેમ જેમ વધુ વિચાર કરું છું તેમ તેમ પ્રભુના શાસનની ક્રાન્તિ કરવાનો વિચાર મરતો જાય છે. ક્રાન્તિ શી ? પ્રભુના અબાધિત શાસનની તે ક્રાન્તિ હોય ? સુધારો હોય ? કાળના કારણે મલિનતા પ્રવેશી જાય છે અને કાળ બદલાતાં એ મલિનતા ચાલી પણ જાય છે.

જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થઇ હોય ત્યારે ત્યારે આપણી ફરજ તો એટલી જ થઇ પડે છે કે આપણે જાતે અત્યંત અપ્રમત્તભાવની સાધના કરવા કોઇ વનમાં, નિકુંજમાં, કોઇ ગુફામાં કે પહાડમાં ચાલ્યા જવું અને એ સાધનામાં પાંચ-દસ વર્ષ તો પસાર કરી જ દેવા.

આમ કરતાં જો કોઇ પુણ્યનું દ્વાર ઊઘડી જાય તો સદ્ધર્મનું સ્વરૂપ જગતને બતાવવા વિશ્વના ચોગાનમાં આવીને ઊભા રહેવું.

પછી આપણી સાધનામય દેહયષ્ટિને જોતાં જ લાખોના હૃદયપરિવર્તન થઇ જશે, મિથ્યાત્વના વિષ વમાઇ જશે.

બે શબ્દો બોલશું તેમાં તો બીજા લાખો લોકો દેશવિરતિના માર્ગે જોડાઇ જશે, પ્રભુના શાસનના સભ્ય બની જશે. અને જો વળી બીજા બે બોલ ફેંકશું ત્યારે તો તેમાં હજારો આત્માઓ જીવનપરિવર્તન કરી દેશે, સર્વવિરતિના સાધક બની જઇને ધર્મનો ડંકો બજાવવા વિશ્વમાં ચોમેર ઘૂમી વળશે.

આપણે માત્ર રાડો પાડીને વ્યાખ્યાન કરવાની જરૂર જ નથી, પુસ્તકો ભરી નિબંધો લખવાનું પણ ઉચિત નથી. આ રીતે તો એક પણ આત્મામાં

સાચો ધર્મ પરિણામ પામી શકવાનો નથી. સાચું જીવનપરિવર્તન કરવાનો નથી.

આજે આપણી દુનિયામાં પણ આવું જ દેખાતું નથી ? રૂટિન મુજબ ચાતુર્માસો થાય છે, તપશ્ચર્યાઓ થાય છે, સેંકડો કલાકો વ્યાખ્યાનો દેવાય છે, મહોત્સવો ઉજવાય છે. પણ પરિણામ ?

સંઘે સંઘમાં જે કલેશ વ્યાપ્યો છે તેને આપણે શમાવી શક્યા નથી. ભાઈચારો વધારી શક્યા નથી. અનાચાર તરફ થઇ રહેલો ધસારો ખાળી શક્યા નથી. બાળકોના જીવનને આધ્યાત્મિક બનાવવાનો માર્ગ અપનાવી શક્યા નથી. તો પછી આપણે કર્યું શું ?

બે બહેનોએ ગહૂંલી કરી. ચાર છોકરીઓએ ભેગી થઇને ગહૂંલીઓ ગાઇ લીધી. ભગવતીસૂત્ર હાથમાં રાખીને વ્યાખ્યાનો કરી લીધા. એક બે મોટી પૂજા ભણાવી, એકાદ વાર અઠ્ઠાઇ-મહોત્સવ કર્યો એટલે કામ પતી ગયું ! ચોમાસું પૂરું થઇ ગયું. લોકો વળાવીને ચાલ્યા ગયા. હસતા ગયા હોય તો ય છાપામાં આપી દીધું, "રોતી આંખોએ વિદાય આપી." આ જ આપણું વરસોવરસનું કર્તવ્ય ને ?

મને તો લાગે છે કે વિશિષ્ટ શક્તિવાળા અને ભારે જુસ્સાવાળા સાધકોએ પોતાની શક્તિઓનો વ્યાખ્યાનાદિના જ વિષયમાં ઉપયોગ કરી નાંખવો ન જોઇએ.

શક્તિની વેલ પાંગરી કે એને કાપી લેવાની ચીલાચાલુ પ્રણાલિ તદ્દન ગેરવ્યાજબી છે. એ શક્તિનું ખૂબ જ સારું સંરક્ષણ કરીને સંવર્ધન કરવું જોઇએ. પાંચ વર્ષે જ પાટ ઉપર ચડી જવાને બદલે જરાક ખમી ખાવું જોઇએ અને દસ વર્ષ પહેલાં તો કોઇએ પણ પાટ ઉપર ન ચડવાના સોગંદ લેવા જોઇએ.

ઉતાવળે આંબો પાકતો નથી. બેસી જ રહેવાથી કામ થતાં પણ નથી. યોગ્ય રસ્તે સાધનાનો ભેખ લઇને ધીર બનીને ચાલ્યા જવું એ જ આપણી કર્તવ્યકેડી. 'અમુક કાર્ય મારે કરવું છે' એ વાત ભૂલી જઇને કોઇ પણ જાતના ઐહિક સ્વાર્થ વિના આત્મસાધનાના અનન્ય લક્ષ સાથે અપ્રમત્તભાવના જીવનસાગરમાં ઝંપલાવી દેવું.

કર્મ કરે જવું. પરિણામનો વિચાર પણ ન કરવો. અધીરા બનવું નહિ.

બુદ્ધિના પ્રદર્શન કરવા નહિ. મૂક સાધક બનવું. સાચો શાસનસેવક આ જ બનશે.

મોટી ગુલબાંગો ફેંકનાર ઉદરપૂર્તિ જ કરતા હશે !

ખરેખર, આપણે પ્રભુના શાસનમાં આપણો ફાળો આપવો હોય તો આજથી દસ વર્ષ માટે અહીં કહેલી ચાર સાધનાઓને જીવનમાં ગૂંથી લઈએ. ભલે થોડું વેઠવું પડે પણ પ્રભુના શાસન માટે તે સઘળું હસતે મોંએ વધાવી લઈએ.

❋ ❋ ❋

# ૧૯

# આજે આપણું કર્તવ્ય શું ?

## ભાગ-૨

હજુ પાંચ વર્ષ ભૂગર્ભમાં ચાલ્યા જવાની જરૂર લાગે છે.

કેરી કાચી લાગે છે. કાળ પાક્યો જણાતો નથી. ચોમેર પ્રવર્તેલી સ્થિતિની વિષમતામાં ક્યાંય આંગળી પણ ખૂંચે તેવું જણાતું નથી.

થોડોક કાળ ફાજલ પાડી દેવામાં આવે અને તે દરમિયાન ૫-૨૫ સાધકો પલાંઠી મારીને બેસી જાય, અખૂટ આત્મબળ ઉત્પન્ન કરી લે તો વળી કાંઈક સફળતા મળવાની આશા રહે. એ આત્મબળ માટે અભૂતપૂર્વ ભોગ આપવો પડે, દેહને શોષવો પડે, ગુરુદેવના પારતંત્ર્યની શૃંખલામાં બરોબર જકડાઇ જવું પડે, છાપાછૂપી છોડવી પડે, પાંચ વર્ષ પૂરતું તો બહારનું માસિકોનું વાંચન પણ ત્યાગવું જોઇએ. બાળકોનો પરિચય, દીક્ષા આપવાની ઉછાંછળી વૃત્તિ, શ્રાવકો પાસે મહોત્સવો વગેરે કરાવવાની ભાવના, લેખો લખીને બહાર આવવાની અભિલાષા, વક્તા બનીને લોકરંજન કરવાની છૂપી કામનાઓ-આ બધા ય સાધનામાર્ગે ભારે ખતરનાક પથરાઓ છે. આ બધા ય ને ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે તો સદંતર છોડી જ દેવા જોઇએ.

અરે, એકાદ કાર્ડ પણ લખવાનું રહે એ પણ બાહ્ય તત્ત્વને પોષક પાપ-વ્યવસાય છે.

વિરાટ આત્મબળને ખીલવવા માટે આ બધું ત્યાગવું જ પડે.

તે સાથે આટલું આદરવું પણ જોઇએ.

સંપૂર્ણ ગુરુપારતંત્ર્ય, વ્યાકરણ-ન્યાય-પ્રકરણો-કર્મસાહિત્ય-કાવ્ય અને સઘળા આગમોનું અધ્યયન. આની સાથે સુયોગ્ય ગુરુબન્ધુ વગેરેને અધ્યાપન, નિત્ય એકાશનનો તપ. પ્રભુભક્તિ અને નિત્ય બે-ત્રણ કલાકનો જપ, નિત્ય નવું ચિંતન અને એનું પોતાના સ્વાધ્યાય માટે જ અવતરણ.

મારા પોતીકા જીવન માટે તો મને સંપૂર્ણ ખાતરી છે કે આવું જીવન જો પાંચ વર્ષ પૂરતું પણ પસાર થઇ જાય તો મારું વ્યક્તિત્વ જ બદલાઇ જાય.

પુણ્ય તો બેસુમાર વધી જાય. વિષય-કષાયોની વાસના ક્યાંય સાફ થઇ જાય. નીડરતા અને નમ્રતાના બે સર્વોચ્ચ ગુણો આત્મસાત્ થઇ જાય.

ઉપર મેં બાહ્ય વાંચનનો તથા પત્રલેખનનો નિષેધ કર્યો છે. અલબત્ત, તેથી વિશ્વના સંબંધો તૂટી જાય. પણ ઘણો વિચાર કરતાં એ સમ્બન્ધો તોડી નાંખવાનું અત્યન્ત અનિવાર્ય સમજાય છે. કહેવાતા ટૂંકી દૃષ્ટિના હિતૈષીઓ આ સંબંધો જાળવવાનો, એના દ્વારા જ્ઞાનવિકાસ સાધવાનો, જગતથી જ્ઞાત રહેવાનો વારંવાર આગ્રહ કરે છે. આવા આગ્રહ ઉપર ઝાઝો વિચાર ન કરીએ તો તે વાત વ્યાજબી પણ લાગી જાય છે. પરન્તુ એવા પ્રકારનું આજ સુધીનું મારું જીવન જોતાં મને એમ લાગી ગયું છે કે આમાં ધરખમ સમયની બરબાદી અને આત્માને વિષય-કષાયની વાસનાઓથી અભડાવવાનું જ બને છે. અરબસ્તાનનું બધુંય અત્તર ભેગું કરીને એમાં એ અભડાયેલા આ આતમને ઝબોળવામાં આવે તો ય પછી આત્મા શુદ્ધ ન થાય.

વિશ્વના પ્રવાહોમાં ઝાઝો કસ હોતો નથી. મુખ્ય બાબતો જાણવાની કુતૂહલવૃત્તિ જ અહીં કામ કરે છે.

સાધક તો કુતૂહલરહિત હોય. કોઇ પણ વિષયનું એને કુતૂહલ જ ન હોય.

આજની રાજનીતિ જાણવાની વૃત્તિઓ કાલે વિજાતીયને જાણવા-માણવા તરફ પણ કેમ ઘસડી ન જાય ?

મેં તો અનેક અખતરાઓ કર્યા. ક્યારેક તારક ગુરુભગવન્તશ્રીજીની ઇચ્છાને અવગણીને પણ છાપાછૂપી કરવાનું, લેખો લખવાનું, ટપાલો લખવાનું, ગૃહસ્થનો પરિચય કરવાનું આજ સુધી ચાલુ રાખ્યું. પણ આજે જોઇ રહ્યો છું કે, પરિણામ શૂન્યમાં પરિણમ્યું છે. આ રીતે લોકોના આગ્રહને વશ થઇને બહાર પડવામાં બરબાદ થવાનું છે એવું મંતવ્ય તો મનોમન દૃઢ થતું જ જાય છે.

બધુંય કરીએ અને છતાં શાસનની અમૂલ્ય સેવાનું ફળ ન મેળવી શક્યા તો ? વચમાં જ ક્યાંક અટવાયા, અથડાયા, નિરાશ થઇને પાછા ફર્યા તો ? અવળે જ રસ્તે ભટકાઇ પડ્યા તો ? મહામહેનતે મળેલા જીવનની બરબાદી !

શિલ્પીને એક જ પથ્થર મળ્યો હતો મૂર્તિ ઘડવા, અને એણે દસ લાખ ટાંકણામાંથી એક જ ટાંકણું અસ્થાને મારી દીધું ! મૂર્તિનો પથ્થર નકામો ગયો !

બધી મહેનત પાણીમાં ગઈ !

મારી તો એવી જ સમજ છે કે, 'સેફ્ટી ફર્સ્ટ ! અને એ Safety જાળવી લેવા માટે પાંચ વર્ષ તો ભૂગર્ભમાં ચાલ્યા જ જવું. બળવાન બની જવું. અંતરના ઊકળાટો શમાવી લેવા નિરપેક્ષ જીવન જીવતાં શીખી લેવું. જરાજરામાં મન ચડભડી જાય છે અને શાન્ત કરવા 'પર' તત્ત્વની સહાય લેવી પડે છે. આ કાયરતાને ખતમ કરવી. ગમે તેવા પ્રસંગમાં ચિત્ત શાન્ત અને સ્વચ્છ જ રહે એવું ઘડતર કરી લેવું. પછી કદાચ મર્યા તો ય મોક્ષ ભેગા, જીવ્યા તો ય જગતના ઉપકાર માટે જ.

તારક ગુરુભગવન્તશ્રીજીની કૃપાવર્ષા ધોધમાર વરસવા લાગી જાય તો હવે આવું જીવન જીવી જવાની ચટપટી લાગી છે.

હું એકલો કાંઇ ન કરી શકું. ગુરુભગવન્તશ્રીજીનો સાથ તો અવશ્ય જોઈએ, કેમકે આવું જીવન જીવવાની અણમોલ દૃષ્ટિ તેઓશ્રી જ પ્રાપ્ત કરી શક્યા છે અને આ વિષયમાં અમને તો વારંવાર અંતર્મુખતા કેળવવાનું કહી ચૂક્યા છે.

બાહ્ય વિકાસ કેળવવામાં કૃત્રિમતા છે અને માંહ્યલો જાગ્યા પછી તો બધું કરકમલવત્ બની જાય છે.

# ૨૦
# મન્ત્રજપ અને ગુરુકૃપા

આંતરિક જીવનમાં મોટી ઊથલપાથલ મચાવતા હોય, મનમાં ભારે ગડમથલ ચલાવતા હોય, મગજના કચરા બહાર ઊલેચી નાંખવા ક્યારેક ભારે જોશથી મનને હચમચાવી નાંખતા હોય તો આ વિશ્વમાં તેવા બે જ તત્ત્વો છે : મન્ત્રજપ અને ગુરુકૃપા. જેટલા અંશમાં તે જેને સાંપડ્યા છે તેટલા અંશમાં તેમને ગજબ સિદ્ધિ જરૂર સાંપડી છે.

મન્ત્રજપના અંતે હું હંમેશાં **'ॐ નમઃ પાર્શ્વનાથાય'** સ્તોત્ર બોલું છું અને **'चूरय दुष्टव्रातं पूरय मे वाञ्छितं नाथ'** ત્રણ વાર બોલતાં ત્રણ વાર વિષય-કષાયોનો સમૂળો ચૂરો તથા વાંછિત રૂપ સમાધિધર્મની પૂર્તિ જ માંગું છું. અલબત્ત, ક્યારેક બાહ્ય વિઘ્નોનો નાશ પણ ઇચ્છું છું પણ અન્તતો ગત્વા તે ય આંતરવિઘ્નના વિનાશની ઈચ્છામાં જ પરિણમે છે.

મારે નથી જોઈતાં બાહ્ય ભોગો કે બાહ્ય માનપાન, નથી જોઇતાં બાહ્ય વિઘ્નોના વિનાશ. એ રહે તેમાં તો મારું જીવન હંમેશ સજાગ અને ચપળ બની રહે છે. વિઘ્નોમાં તો મને અત્યન્ત અદ્‌ભુત, અનુપમ, અકલ્પ્ય વિચારોનું અણમોલું ધન પ્રાપ્ત થાય છે, પછી બાહ્ય વિઘ્નોનો વિનાશ કેમ ઇચ્છું ? મહોત્સવની એ ધન્ય ક્ષણોને તો કેમ અવગણું ? ભોગો માંગીને શું કરું ? અલબત્ત, માંગું તે મળે તેમ છે પણ આ માંગવાનું ? મારા આ ભવને અને પરભવને બે ય ને બગાડે એવા ભોગો, એવા માનમરતબા ક્યાં ઉપાડું? બે ભોગ ઓછા મળે, ન મળે તેની કશીય ચિન્તા નથી, પણ બે ધર્મયોગ ઓછા સધાય એનો તો જરૂર ભારે અજંપો તો છે જ.

મારા જીવનમાં કાયિક સાધના બહુ જ અલ્પાંશે છે અને સાધનાનો જે મહદંશે અભાવ છે એનો અજંપો એટલો બધો રહ્યા કરે છે કે, જેના કારણે મારા શરીર ઉપર પણ એની વિપરીત અસરો પડે છે. હવે તો જેમ જેમ દિવસો જાય છે, અવનવું અધ્યયન થતું જાય છે તેમ તેમ દૃષ્ટિ વિશાળ બની છે અને સ્વચ્છ બની છે. હવે તો આ ભવને પેલે પાર રહેલી ભવોની હારમાળાઓ આંખ સામે દેખાય છે. એકેકા ભવનો ભયંકર ત્રાસ અહીં જ

અનુભવતો હોઉં તેવો ક્યારેક ભાસ થાય છે. ઘણીય વાર રોમેરોમમાંથી ધ્રુજારી પસાર થઈ જાય છે.

ક્યાં જઈશ ? શું થશે ? કોણ ઉગારશે ? આજની કાયરતા કેટલા કડવાં ફળ દેખાડશે ? પ્રશ્નો કાઢનાર પરીક્ષક હું બનું છું અને બીજી જ ઘડીએ એના સચોટ ઉત્તરો લખી દેનાર વિદ્યાર્થી પણ હું જ હોઉં છું. એક જ વાર અસહાય દશા જેવું લાગે છે. એમાં ય નિરાશાના જુવાળ આવે છે ત્યારે તો હદ થઈ જાય છે. મારું જીવન જાણે ધબડકો જ ન થઈ ગયું હોય એમ લાગે !

પણ આવા ટાણેય એ મંત્રજપ મારી માનું કામ કરે છે. મને જોઈતું આશ્વાસન આપી રહે છે. ત્યારે જ થાય છે કે ભવોભવ બીજું બધું તો જુદું દેખાશે, જુદા રૂપે સંભળાશે પણ આ શાશ્વત મન્ત્રોના અક્ષરો તો તે જ દેખાવાના, તે જ સંભળાવાના. તે મન્ત્રના આરાધ્ય વીતરાગ ભગવન્તો તો તે જ સ્વરૂપે ઘણા કાળ બાદ પણ ત્રસનાડીના કોઈ પણ ભાગમાં દેખાવાના. તેના તે જ વીતરાગના સ્વરૂપ સાંભળવા મળવાના અને ત્યારે જ પાપી સંસારમાંથી મારા જેવાનો નિસ્તાર થવાનો.

મન્ત્રને ખૂબ સ્મરી લેવાનું અને આરાધ્યદેવને હૃદયકમલમાં સ્થાપીને ખૂબ ખૂબ જોઈ લેવાનું કેટલું જરૂરી છે ? ક્યાંક વળી એમનું દર્શન-સ્મરણ થશે અને પછી જાતિસ્મરણ થઈ જશે તો હજારો માઈલની ગતિએ દુર્ગતિની ખીણો તરફ ધસી જતાં આ જીવનના રૉકેટને ભયંકર બ્રેક લાગી જશે અને જીવનની દિશાનો ઝોક એક જ ઝપાટે બદલાઈ જશે.

જીવનમાં સુખ-શાંતિ જોઈતી હોય, સુખચેનથી રહી જાણવું હોય, ભવાન્તર માટે પણ કંઈક કરી લેવું હોય તો નિષ્કામભાવનો મંત્રજાપ નિયત કરી દેવો જરૂરી છે. એ જપથી વિષયની બેફામ વૃત્તિઓ ઠરી જશે, કષાયની માત્રાઓ મંદ થઈ જશે, વ્યવહારમાં અપૂર્વ શુદ્ધિ થશે. અનેક વિઘ્નો તો એના બળથી જ ડરીને દૂર ભાગી જશે. એ જપના જાજ્વલ્યમાન અગ્નિમાં અષ્ટકર્મરાશિ ભડકે બળશે. પ્રતિસમય અનન્ત કર્મો ખાખ થઈ જશે. આત્મદ્રવ્યની બુદ્ધિને સ્વચ્છ અને નિર્મળ બનાવશે. જેને સ્વચ્છ બુદ્ધિ મળી એનો સંસાર સાત-આઠ ભવથી વધુ કેમ રહી શકે ? સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક જે કોઈ સતત મન્ત્રજપ કર્યા કરે તેને શું અસાધ્ય રહે ? એ જ પ્રશ્ન છે. તેના ચરણે કઈ સમૃદ્ધિ આવીને ન પડે એ જ એક કોયડો છે.

|✻| |✻| |✻|

## ૨૧. મન્ત્રજાપ સફળ ક્યારે બને ?

મન્ત્રનો મહિમા સાંભળ્યો તો છે જ, પણ છેલ્લા ચાર-પાંચ માસથી મન્ત્ર-મહિમાને અનુભવવાનું સદ્ભાગ્ય હું પ્રાપ્ત કરી શક્યો છું. મંત્ર એ માત્ર ઉચ્ચારનો વિષય નથી પણ એ મનનો વિષય છે. એનું મનન કરવાથી આપણું રક્ષણ થાય છે.

મન્ત્રોમાં ગોઠવાયેલી તે તે અક્ષરોની આનુપૂર્વીને ખૂબ રટવાથી તેના અધિષ્ઠાયક દેવો ઉપર અસર થાય છે. એ વખતના મનોદ્રવ્યના શુભ પુદ્ગલોનો ધોધ સતત આકાશમાં વહેતો જાય છે એટલે વાતાવરણ એ પુદ્ગલમય બનવાથી ખૂબ પવિત્ર થાય છે. અને મન્ત્રજપ એ એક વિશિષ્ટ કોટિનું ધ્યાન છે માટે ધ્યાનયોગથી અનેક અશુભ કર્મોના આવરણ તત્ક્ષણ સાફ થઇ જાય છે.

જેટલું સામર્થ્યશાળી મનન તેટલી તેની ઝડપી અસર. મન્ત્રો જપતાં કલ્પનાના ચિત્રો ઊભા કરવાની ખાસ જરૂરિયાત રહે છે. ખૂબ જ લાગણીશીલ વ્યક્તિ હોય તે વ્યક્તિ કલ્પનાનું સુરેખ ચિત્ર ઝડપથી દોરી શકે છે. અને એના દર્શનમાં રસતરબોળ થઇ જઇ ક્ષણે ક્ષણે અવનવાં સંવેદનો અને સમ્ભ્રમો (કંપ) અનુભવી શકે છે.

જેમકે સરસ્વતીનો જપ કરતાં સાક્ષાત્ માતા સરસ્વતી સામે આવીને ખડાં થઇ ગયા હોય અને આપણે તેમનું પવિત્ર દર્શન કરતા રહીએ અને કહીએ, 'મા, મા મને સદ્બુદ્ધિ આપ. મારા જીવનમાં જામી ગયેલા કુસંસ્કારોને ઊખેડી નાંખવાને આવશ્યક એવી પ્રજ્ઞા આપ. મા, મારે મોટી પંડિતાઇ કે વિદ્વત્તા નથી જોઇતી, મારે વ્યાખ્યાતા નથી થાવું કે મારે વિશ્વના એક મહાન લેખક પણ નથી થવું. મારે તો જોઇએ છે પ્રજ્ઞા, સમ્યગ્જ્ઞાનનો ક્ષયોપશમ, સદ્બુદ્ધિ. મા, તારી પાસે જો તેવું સામર્થ્ય છે તો મને આ પ્રજ્ઞા આપ, જેના બળથી હું મારા જીવનને જડ બનતું અટકાવીશ, વક્ર બનતું વારીશ. ઋજુ અને પ્રાજ્ઞ બનીને કારમા આ સંસારનો અન્ત આણીશ. મા ! તારી ઉપાસનાથી બધી આધિભૌતિક સંપત્તિ પણ મળી શકે છે પણ મને તે

ખપતી નથી. મારે તો ખપ છે આધ્યાત્મિક સંપત્તિનો અને એથી જ એ સંપત્તિની પ્રાપક સુવિદ્યાની જ હું તારી પાસે યાચના કરું છું. મા, તારા બાળને અંતરથી આશિષો દે કે તે તેના સર્વ અજ્ઞાનથી મુક્ત થાય અને અન્તરપુરુષાર્થના જંગ ખેલીને સંસારસાગરનો પાર પામી જાય. મા, તારા બાળને એટલી આશિષ તું ન દે ?'

અને પછી ખરેખર, સ્મિત વરસાવતી માતા સરસ્વતી જાણે કે દૂર ઊભી ઊભી આશિષ દઈ રહી હોય તેવી કલ્પના કરવી અને તે જ ક્ષણે આપણું હૈયું એકદમ આનંદથી ઊભરાઈ જાય અને શરીરના રોમરોમમાં ધ્રુજારીની લાગણી પસાર થઈ જાય. જે દિવસે રોમરોમમાંથી ધ્રુજારી પસાર કરી શક્યા તે દિવસનો આપણો મન્ત્રજપ સફળ સમજવો. બાકીના નિષ્ફળ-સૂકા મન્ત્રજપ ગણવા. આવું સંવેદન થતાં પ્રજ્ઞાના આવારક અનન્ત કર્મો એક સાથે આત્મા ઉપરથી બહાર ધકેલાઈ જાય છે. કેમ જાણે આત્માને માટે આ સંવેદન વિદ્યુતનો ઝાટકો જ ન હોય ! જેમ જેમ આવું સંવેદનશીલ જપન વધતું જાય તેમ તેમ ક્ષયોપશમ તીવ્ર થતો જાય.

અલબત્ત, આપણે વિદ્વત્તા માંગીએ તો તે વિષયનો ક્ષયોપશમ થાય, કવિત્વ શક્તિ ઈચ્છીએ તો તે શક્તિ પણ ખીલે, કિન્તુ આવી આધિભૌતિક શક્તિઓ અન્તે અનર્થ મચાવનારી છે માટે તેવી માંગણી કદી ન કરવી.

આપણે તો માતા-પિતા, સ્વજન-પરિવાર-સઘળાંના ભોગે જે અનુત્તર સંયમ-ધર્મની પ્રાપ્તિ કરી છે એ સંયમધર્મને સંપૂર્ણ રીતે વફાદાર રહીએ, એમાં ક્યાંય વિપર્યા આદિ ન થઈ જાય તે માટે જરૂરી સદૈવ સદ્‌બુદ્ધિને જ કેમ ન માંગીએ?

સદ્‌બુદ્ધિ તો ગુરુકૃપાથી પણ અધિક શક્તિશાલિની છે. ઉપમિતિકારે પણ સાધનાની સફળતાના છેલ્લા ઉપાય તરીકે પીઠબન્ધમાં સદ્‌બુદ્ધિને જણાવી છે. સદ્‌બુદ્ધિ આપણા ગુરુતુલ્ય છે. સદૈવ એ આપણી સાથે રહે, આપણને ઉન્માર્ગેથી વાળે અને સન્માર્ગે દોરતી રહે. સદ્‌બુદ્ધિની પ્રાપ્તિમાં અણિશુદ્ધ અખંડ સંયમધર્મની પ્રાપ્તિ સમાયેલી છે. આવા વિશિષ્ટ સંયમના પાલનમાં વિશ્વની તમામ રિદ્ધિસિદ્ધિઓ ચરણે આળોટતી થઈ જાય છે. કશું જ ભોગ્ય દૂર રહેતું નથી, કશું જ દૃષ્ટવ્ય આંખ બહાર જતું નથી, કશું જ પ્રાપ્તવ્ય અલભ્ય રહેતું નથી. જે ન માંગીએ, ન ઈચ્છીએ, ન કલ્પી શકીએ તેવા સુખ પણ મળ્યા વિના રહેતાં નથી.

એથી ય ઘણી જ મહત્વની અને ખૂબી ભરી વાત તો એ છે કે પરાણે વળગતાં એ સુખો બીજાને સંસારમાં ફરી ફરીને ઘુમાવે પણ સદ્‌બુદ્ધિના શુભાશયમાંથી પાળેલા સંયમે આપેલાં એ સુખો તો લોકોત્તર સુખને આપીને જ જંપે છે. એ સુખો મળવા છતાં પેલી સદ્‌બુદ્ધિ સાથે જ રહેલી હોય એટલે સ્વામીને સુખમાં ભુલાવે નહિ પણ સુખમાં ય જાગતો રાખે. લૌકિક સુખના આનુષંગિક ભોગમાં એને મૂંઝાવા ન દે, પણ એ ભોગોને ફગાવી દેવાની સદ્‌વૃત્તિપૂર્વક મહાભિનિષ્ક્રમણના માર્ગે ફરી મૂકી દે. માટે જ માની આશિષો મેળવતાં આપણે કશુંય બીજું ન માંગવું. માંગવી માત્ર સદ્‌બુદ્ધિ, જે આપણી અજ્ઞાનતાને, આપણી અવળચંડી વૃત્તિઓને, આપણા અવળાં આચરણોને સાફ કરવા માટે અંતરમાં બેઠી બેઠી સદૈવ પ્રેરણા કર્યા જ કરે.

જીવનના શુદ્ધિકરણ માટે અનેક ઉપાયો છે, પણ તેમાં 'મા'ની આશિષોની પ્રાપ્તિ થવી એ એક અમોઘ ઉપાય છે. જે પોતાની કલ્પનાની સૃષ્ટિમાં માની આશિષો મેળવે છે, આશિષ મેળવતાં હર્ષનો કંપ અનુભવે છે એ સાચે જ એક વાર માનું સાક્ષાત્ દર્શન મેળવીને બડભાગી બની શકે છે.

મને તો આવી રીતના મન્ત્રજપથી પુષ્કળ આનંદ થાય છે. અને માની આશિષોને વારંવાર ઝીલવાથી મારી બુદ્ધિ પણ એક જ પોકાર કરે છે કે, તારા જીવનનું શુદ્ધિકરણ કરતો રહે. હું ઉન્માર્ગે પણ જાઉં તો ય તે વખતે અંતરમાં વસેલી સદ્‌બુદ્ધિ મને જાણે ચૂંટીઓ ભર્યા જ કરતી હોય તેમ લાગ્યા કરે છે. આમ થવાથી ફરી માર્ગસ્થ બન્યે જ છૂટકો થાય છે.

પણ એક વાત ચોક્કસ છે કે, આવી સદ્‌બુદ્ધિની પ્રાપ્તિ કરવા માટે આંખ સામે માની જે કલ્પના કરવી પડે છે, જે આશિષો લેવી પડે છે, જે કંપ અનુભવવાનો હોય છે તે માટે જરૂરી ક્ષયોપશમ તો ગુરુકૃપાનું ભાજન બનેલા જીવને જ આવવાનો. આવા લખાણથી જ પલાંઠી મારીને કોઇ માને યાદ કરવા જાય તો તે નિષ્ફળ જવાનો. માટેસ્તો ઉપમિતિકારે જીવના વિકાસમાં પ્રથમતઃ ગુરુકૃપા(તદ્દયા)ને જરૂરી કહી છે અને અન્તમાં સદ્‌બુદ્ધિની જરૂરિયાત જણાવી છે.

જે પુણ્યાત્માને ગુરુકૃપા પ્રાપ્ત થઇ હશે તેને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થશે, સઘળાય મન્ત્રો સિદ્ધ થશે, સઘળા પુણ્યભોગ તેના ચરણો ચૂમશે અને છતાં ય તે ભોગનો કીટ નહિ બને. ભોગોને લાત મારવાની પ્રજ્ઞા અને તાકાત તે ગુરુકૃપાના સ્વામીને જ પ્રાપ્ત થશે આટલું તો ન જ ભૂલવું.

*** 

# ૨૨

# બ્રહ્મચર્ય અને ગુરુપારતન્ત્ર્ય

સાધુતા જીવે છે હિંમત ઉપર. જે ક્ષણે હિંમત તૂટી પડે છે એ જ ક્ષણે સાધુતાનું મૃત્યુ થઇ જાય છે. સાધુતા એટલે કષ્ટમય સાધના. લોચના કષ્ટ, વિહારના કષ્ટ, સ્ત્રી અને માન પરિષહના અત્યુગ્ર કષ્ટ તથા ગુરુપારતન્ત્ર્યના સહુથી વધુ કષ્ટને પચાવી નાંખનાર સાધુતાને પાર પામી ગયો કહેવાય.

આ બધા ય કષ્ટોને હિંમત ઉપર જ પચાવી શકાય. પ્રભુના વચન ઉપરની અનન્ય શ્રદ્ધા અને પ્રભુના માર્ગ ઉપર ચાલી જવાનો અખૂટ આત્મવિશ્વાસ એ જ હિંમત છે. અને આ એક જ હિંમત ઉપર આખું સાધુજીવન સફળતાથી પાર પમાડી શકાય.

લોચના કષ્ટની સામે હિંમત હારીને કેટલાય મુનિઓ ચાલ્યા ગયા, વિહારના કષ્ટથી ગભરાઈને પોબારા ગણી ગયા. સ્ત્રી-પરિષહમાં તો ધુરન્ધરો પણ ઝડપાઇ ગયા. સ્ત્રી એક અબળા હોવા છતાં મહાબળવાનને, જિતેન્દ્રિયને, શૂરને અને દઢચિત્તને પણ આંખના એક પલકારામાં ઢીલો કરી નાંખે છે. એક સ્પર્શમાં તો એના રોમરોમને ધ્રુજાવી દે છે. લોચ અને વિહારના કષ્ટ આ પરિષહની સામે કાંઈ નથી. એમના કષ્ટ કરતાં આ પરિષહ માટે તો અખૂટ હિંમતનો જથ્થો સદૈવ અનામત રાખવો અનિવાર્ય બને છે. એનું કારણ એ છે કે, પેલા બે કષ્ટો માટે મુખ્યત્વે કાયાની હિંમત જરૂરી છે. પણ અબળાના બળવાન પરિષહ સામે તો માનસિક તાકાતનું પ્રમાણ ઘણું જ વધારે હોવું જોઇએ.

અબળાનો પ્રવેશ આંખ દ્વારા મનમાં થાય છે અને મનને પાયામાંથી જ એ હલાવી નાંખે છે. એ વખતે જીવનની ઈમારત ડગમગવા ન લાગે તે માટે અત્યુગ્ર કોટિનું આધ્યાત્મિક બળ મનમાં જમા કર્યું હોય તો તે જ બળ ફાવી શકે. બીજા બળવાન પણ આ બળની સામે તો મગતરાં છે ! અબળાની ચપટીમાં આમ ચોળાઇ જાય.

પાર્શ્વનાથ ભગવન્તના સન્તાનિયા મુનિવર્ય અભિતાભ ! એમનો જીવનપ્રસંગ અત્યંત બલપ્રદ બને તેવો છે. એમને ચલિત કરવા પુરુષદ્વેષિણી

વિજયશ્રી નામની નર્તકીએ કમર કસી. એમના પ્રતિ એ મોહિત થઇ અને એના મન્દિરમાં બોલાવી, ભોજન કરાવી એક મહામુનિની સામે જીવનનું સર્વોચ્ચ નૃત્ય આરંભ્યું. વાતવાતમાં એક વાર મુનિએ કહી દીધું હતું, 'મનને મારીને પી ગયેલા મહામુનિઓ પણ અબળાના નેહપાશમાં પડી જાય !' આ એક જ વાક્યે વિજયશ્રી આશાયેશ પામી હતી. સંપૂર્ણ બળ પૂર્યું હતું. પણ અભિતાભ મુનિવર અત્યંત ગુરુભક્ત હતા. ગુરુદેવની આજ્ઞાથી જ અહીં આવ્યા હતા. ગુરુદેવની અમિતકૃપાનું બળ એમના રોમરોમમાં ફેલાઈ ગયું હતું. એમના હૈયે ગુરુદેવ બિરાજેલા હતા. એમના શિરે પણ ગુરુદેવ જ હતા. બે ય ના બળ અથડાયા. ટક્કરો ઝિલાઇ. વિજયશ્રીએ પોતાની કળામાં કશી કમીના ન રાખી. અમિતબલી અભિતાભ અણગારે પણ પોતાના બળ ઉપર એ આહ્‌વાન ઝીલી લીધું હતું.

અંગેઅંગમાંથી સૌંદર્ય નીતરતું હતું પણ મુનિની આંખની એકેક પાંપણમાંથી એ સૌન્દર્યમાં 'મા'નું દર્શન થતું હતું. મુનિની આંખો 'મા'નું જ દર્શન કરતી હતી. ગુરુકૃપાના બળે 'મા'ના દર્શનનો પાઠ શીખવી દીધો અને એથી જ વિજયશ્રીનો મોહપાશ એમને સ્પર્શ્યો પણ નહિ.

અભિતાભ મુનિ પાસે અમિતબળ હતું અને એ બળ ઉપર જ વિજયશ્રીને તેમણે પરાજય આપ્યો. જીવનભરની નૈષ્ઠિક બ્રહ્મચર્યની સાધના ! રે ! એવા એ અણમોલ જીવનને જીવવાની તાલાવેલી પણ અબળાને પરાજિત કરવાનું બળ મેળવી આપે છે. એની જિંદગી 'બે ઘડી મોજ'માં જાય છે. જે ખાનપાનમાં વધુ પડતી છૂટો લે છે, રૂપને જોવાના જેને અભરખા થાય છે એ આ બળનો સ્વામી બની શકતો જ નથી. કાયાના બળ એની પાસે ગમે તેટલા હોય પણ મન તદ્દન નિર્માલ્ય અને નાચીજ હોય છે. માટેસ્તો અબળાના એક જ કટાક્ષબાણમાં એમના હૈયાં વીંધાઇ જાય છે, એમના સંયમ ઘવાઇ જાય છે, એમના ભાવપ્રાણ ચાલ્યા જાય છે.

કલિકાલમાં અબળા ઉપર વિજય મેળવવાનું કામ તો એક મહાભારત જેવું જ બની ગયું લાગે છે. જેને આ પરિષહ સામે ટક્કર ઝીલવી હોય તેણે શહેરોના સદાના ચાતુર્માસ પડતા મૂકવા જોઇએ, વિગઇઓના અમર્યાદ ઉપયોગ સત્વર બંધ કરવા જોઇએ, સ્ત્રીનું દર્શન ક્યારેય ન થવા દેવું જોઇએ. વર્ષોની આવી અખંડ સાધનામાંથી જ આધ્યાત્મિક બળ ઉત્પન્ન થાય છે, જે

ભરજુવાનીમાં કોઇ પણ નાજુક સંયોગોમાં સંપૂર્ણ રીતે યશસ્વી નીવડે છે.

પણ આથી ય વધુ બળ તો ગુરુપારતન્ત્ર્યનો ધર્મ સાધવામાં જરૂરી બને છે. અબળા તો પજવે ત્યારે જ બળની જરૂર પડે, પણ ગુરુથી સ્વચ્છંદી રહેવાનો અધર્મ તો પ્રતિક્ષણ આત્માને પોતાની તરફ ખેંચી જવા મથામણ કરતો હોય છે. સઘળી સ્વેચ્છાઓને વર્ષો માટે સંપૂર્ણ રીતે કચડી નાંખીને ગુરુદેવના ચરણની ધૂળ સદૈવ માથે રાખવી એના જેવું દુર્ધર કાર્ય આ વિશ્વમાં એકેય નથી.

અખૂટ આધ્યાત્મિક બળ અને ઉચ્ચ કોટિના સંસ્કારોની સહાય મળે તો જ આ કસોટીમાંથી પાર ઊતરી શકાય. કાચાપોચા અહીં ઊભા પણ રહી શકતા નથી. ગુરુપારતન્ત્ર્યના યોગે દ્રવ્યદીક્ષા લઇને પણ અનન્ત જીવો મુક્તિમાર્ગને પામ્યા. પણ ગુરુદેવની અવહેલના કરી, પરમોચ્ચ તત્ત્વની ઉપાસના માટે કાયર બની, પોતાના બળને અન્ય માર્ગે ખુવાર કરી તદ્દન નિર્બળ બનીને સ્વચ્છંદતાની વાંકી લીટીએ ચાલીને એથી ય વધુ આત્માઓ દુર્ગતિની ખીણોમાં પટકાયા, જ્યાં તેમના હાડકાં ય હાથ ન આવ્યા. પૂરા રામ રમી ગયા.

ગુરુપારતન્ત્ર્યને સાધવા માટે જેની પાસે આધ્યાત્મિક બળ છે એને અબળા કાંઇ જ કરી શકતી નથી. ગુરુપારતન્ત્ર્યવાળા મહાત્માને કોઇ પણ દોષ સ્પર્શી શકતો નથી. દોષોના સઘળાં આક્રમણો આત્માને વીંટળાયેલા પારતન્ત્ર્યની વિદ્યુત સાથે અથડાઇ અથડાઇને સો ગાઉ આઘાં ફેંકાઇ જાય છે.

જેને અબળા ય કાંઇ ન કરી શકે એને વિહારના કષ્ટ તો શી વિસાતમાં હોય ! લોચ તો એને મન મહોત્સવ જ હોય !

વિજય પામવાનો છે ઉપરના ચાર કષ્ટોથી. ચારેય ઉત્તરોત્તર બળવાન છે. સાધુતાની સુરક્ષા માટે ચારેય કષ્ટોને પચાવવા તો પડશે જ. એમાં ય અબળાનો નેહ અનુકૂળતાના લેબાશ લઇને લપાતો-છુપાતો પેસે છે માટે વધુ સાવધ રહેવું જોઇએ અને ગુરુસ્વચ્છંદતાનું ઝેર હળુંહળું પ્રસરતું જાય છે માટે એનાથી ય ખૂબ સજાગ રહેવું.

બે ય છે તો ભયંકર પણ આધ્યાત્મિક તાકાતની સામે આ બે ય બકરી જેવા બની જાય છે. આપણા જીવનમાં કર્મના પ્રભાવે કે કાળના પ્રભાવે હિંમત ખૂટતી જાય છે. હિંમત ખૂટવાથી ગમે ત્યારે ગમે તે કષ્ટની સામે

પ્રતિકાર કરવા અસમર્થ બનીએ છીએ. કાયર બનીને કષ્ટથી નમી જઇએ છીએ.

શાસનનું સુકાન લાખો વ્યક્તિઓ સંભાળતી નથી. એને માટે તો એક જ ભડવીર સુકાની બસ છે. પણ એ સુકાનીમાં કષ્ટોને લડત આપવાની તાકાતનો પ્રવાહ ધસારાબંધ વહેતો હોવો જોઇએ. સઘળી ભૌતિક અનુકૂળતાને ફગાવીને જે એ તાકાત કેળવશે તે જ શાસનનો સફળ સુકાની થશે, પુણ્યના થોક તે જ બાંધશે, મુક્તિમાળા તેના જ ગળે પડશે.

# ૨૩

# મુનિજીવનનો પ્રાણ : ગુરુસમર્પણ

તે જીવો ધન્ય છે જેઓના હૈયામાં ગુરુ વસ્યા છે, પણ તે જીવો અત્યન્ત ધન્ય છે જેઓ ગુરુના હૈયે જઇ વસ્યા છે. અને જે જીવોને સદ્ગુરુદેવની સર્વોચ્ચ પ્રકારની ભક્તિ કરવાને યોગ્ય પ્રજ્ઞા પ્રાપ્ત થઇ છે, જે ઇંગિતાકારથી જ ગુરુની સઘળી ઇચ્છાને પામી જાય છે તેઓને માટે તો શું કહેવું તે જ સમજાતું નથી.

ઘણા એવા આરાધકો મેં જોયા છે જે પોતીકી આરાધના પોતીકી સમજથી કરે જાય પણ એમના ગુરુદેવની સેવાને યોગ્ય ક્ષયોપશમ તેમને ન હોય એટલે એ વિષયમાં તેઓ અલિપ્ત જ રહેતા હોય.

ખેર, પણ આવો ક્ષયોપશમનો અભાવ પણ એમના આત્મદ્રવ્યની સંસાર-પરિભ્રમણતાનો સૂચક હોય તો નવાઇ નહિ, કેમકે જે આત્મદ્રવ્ય અલ્પ-સંસારી બન્યું હોય છે તે સર્વતોમુખી વિકાસ અવશ્ય સાધી શકે છે અથવા તો કોઇ પણ પ્રકારના પાપકારક માર્ગે તો તે દ્રવ્ય પ્રેરાતું જ નથી.

જે જીવો આડાઅવળા રસ્તે ઊતરી જાય છે, ચીલાચાલુ-ભાવશૂન્ય જીવન જીવે છે તેઓનું આત્મદ્રવ્ય બહુલસંસારી હોય તેમ કહી શકાય ખરું, કેમકે તે વિના તેવું વર્તન સંભવતું નથી. આપણા જીવનમાં કર્મના વિપાકોનો ડર જાગ્યો હોય અને તેને લીધે દોષો પ્રતિ સૂગ ઉત્પન્ન થઇ ગઇ હોય તો સાધનાનો અડધો પંથ તો કપાઇ ગયો સમજો. અને આપણા તારક ગુરુદેવ પ્રતિ નિઃસીમ બહુમાન જાગી ગયું હોય, રોમરોમમાં એ વસતા હોય, શ્વાસેશ્વાસે એમનું સ્મરણ હોય, પગલે પગલે એમનું ચિંતન હોય, શબ્દે શબ્દે એમને નમન હોય તો સમજી લેવું કે બસ સાધના પૂર્ણ થાય છે, હવે સિદ્ધિને જરાય છેટું નથી.

કેટલાય મુમુક્ષુઓ ગુરુનું ધ્યાન મૂકીને, ગુરુની ઉપાસનાને ઉપેક્ષીને, ગુરુના બહુમાનને કીંમતી ગણવાનું અવગણીને ભણવામાં, દેશનામાં, તપમાં કે અન્ય કોઇ ધર્મયોગમાં આગળ વધે છે. એ વિષયોમાં પાવરધા થવા પ્રયત્નશીલ બને છે. ગુરુ પાસે જ્ઞાન ઓછું હોવાની, ક્ષમાની ન્યૂનતા

હોવાની, કાળજી ઓછી લેવાની કે પ્રમાદી હોવાની ફરિયાદ રૂપે ઢાલ ધરે છે. આ ઢાલ તદ્દન બુઠ્ઠી છે. એમની એ સમજ તદ્દન અજ્ઞાનજન્ય છે. એમનો એ પ્રયોગ ખતરાભર્યો છે. ગુરુને અવગણીને આંખનું મટકું મારનાર પણ કર્મસત્તાની આંખે ચડી જાય છે. પ્રકૃતિની વિરુદ્ધ વર્તે છે. શરીરની સુખાકારી ખોઈ બેસે છે. સમાજ એને મોટા પર્વતના મસ્તકે આરૂઢ કરે તો ય તે ત્યાંથી ગબડે છે અને પટકાય છે. વિષય-કષાયોની દુર્દાન્ત વૃત્તિઓનો ભોગ બનીને જીવનને ફના કરે છે.

મુમુક્ષુની સર્વપ્રથમ ફરજ ગુરુને સમર્પિત રહેવાની છે. જ્યાં સમર્પણ નથી ત્યાં સેંકડો વર્ષોથી ચાલી આવતી મહાવીરદેવના શાસનની અવિચ્છિન્ન ગુરુશિષ્ય-પરંપરાનું ખૂન છે. એ પરંપરાનો દ્રોહ છે. પરંપરાના વિચ્છેદનું એ કારમું પાતક છે, સિવાય ત્યાં કશું નથી.

ભલે મુમુક્ષુ ન ભણે, ન ગણે, ન દેશનાદક્ષ બને કે ન તપસ્વી થાય, પણ એ ગુરુસમર્પિત તો હોવો જ જોઈએ. અને એ સમર્પણમાં કેટલી પ્રચંડ તાકાત છે તેનો આપણને ખ્યાલ છે ? વર્ષોના વર્ષો સુધી ચોટી બાંધીને કાશીમાં ભણતો વિદ્યાર્થી જે શ્રમ કરીને વિદ્યા મેળવે એવા શ્રમ વિના જ સમર્પણનો ભાવ એનાથી ય વધુ પ્રાપ્ત કરી આપે. એ પંડિતથી પણ વધુ યશ સમાજમાં મેળવી આપે.

સમર્પણની એક જ સાધના માટે કમર કસો, પછી તે ભાવ બીજી બધી સાધનાઓના શિખરે સ્થિર કરી દેશે. એટલું જ નહિ પણ જ્ઞાનોપાસના, તપોપાસના કે કોઈ પણ ઉપાસનાની પાછળ 'સ્વ'ની સુરક્ષાનો પ્રશ્ન આપોઆપ ઊકલી જશે. મહાજ્ઞાની પણ લલનાના એક કટાક્ષમાં રૂના પૂમડાની જેમ ક્યાંય ઊડી ગયો ! મહાતપસ્વી પણ કષાયના વમળોમાં ક્યાંય તમ્મર ખાઈ ગયો ! પ્રવચનપ્રચારકો પણ રસના રાગમાં આબાદ રંગાઈ ગયા ! ગુરુસમર્પણના અભાવેસ્તો.

પણ જે ગુરુસમર્પિત છે અને એ સમર્પણભાવમાંથી જેને વિદ્યા વરી છે, તપ સંપન્ન થયું છે, પ્રભાવકતા લલાટે લખાણી છે એને આમાંનો કશોય ભય નથી, કેમકે જ્ઞાનાદિના અધ્યયન જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કરે, મોહનીયનો ક્ષયોપશમ તો તે અધ્યયનથી થાય કે ન થાય પણ ગુરુસમર્પણભાવથી મોહનો ક્ષયોપશમ તો અવશ્ય થઈ જાય. તત્પૂર્વકનો જ્ઞાનાવરણ આદિનો ક્ષયોપશમ

એ સત્ક્ષયોપશમ બની જાય. મુમુક્ષુને જરૂરી છે એવો સત્ક્ષયોપશમ. કેવળ ક્ષયોપશમની તો એને લગીરે આવશ્યકતા નથી.

કેવળ ક્ષયોપશમની સાધના પાછળ પડતો મુમુક્ષુ એ વાસ્તવિક મુમુક્ષુ જ નથી. એનું જીવન કઇ ક્ષણે બરબાદ થશે એ આપણે ન કહી શકીએ. એના જીવનની પ્રત્યેક ક્ષણ ભયભરી છે. એના પતનની વાત આપણા કાને આવે ત્યારે આપણને જરાય આશ્ચર્ય ન થાય.

આ વિષયના અનુભવો પછી મારી એવી દઢ સમજ થઇ ચૂકી છે કે શાસનને વફાદાર બનાવવા માટે કોઇ પણ શિષ્યને ગુરુસમર્પિત બનાવવાના શિક્ષણ તરફ જ દોરી જવો જોઇએ. એથી એના અંગત જીવનને તથા સમાજ અને શાસનને એકધારો લાભ થયા જ કરે. સમર્પિત શિષ્ય કદી મનથી સંતૃપ્ત હોય નહિ. ગુરુદેવના દેહ વગેરેની સઘળી ચિંતા કરે પણ એની પોતાની સઘળી ચિંતા તો ગુરુને શિરે જ હોય. પોતાની ચિન્તાની એક કાંકરીથી પણ મન કચડાઇ જાય છે, જ્યારે અન્યની શુભ ચિન્તાના પહાડથી ય મન કરમાતું નથી કિન્તુ એકદમ આનંદમાં રહે છે. ગુરુની ચિન્તાનો ભાર શિષ્ય લઇ લે અને શિષ્યની ચિન્તા ગુરુના શિરે જાય. બે ય પોતાની ચિન્તાથી મુક્ત બને. બે ય નચિન્ત બને.

સમર્પિતભાવ એટલે ગુરુશિષ્યનો એકાત્મભાવ.

વિશ્વને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે તેવું સુખ સમર્પિતભાવની ભૂમિકામાંથી છૂટતું હોય છે. જ્ઞાન ભણવું એ કઠિન છે અને પચાવવું એ તો ઘણું જ કઠિન છે, તપ તપવાનું કાર્ય ઓછું દુષ્કર નથી અને તપને પચાવતાં તો ભવો કરવા પડે છે, માન પચાવવાનું લગભગ અશક્ય જેવું છે પણ ગુરુદેવને પરાધીન રહેવું આ બધાથી સુલભ છે.

મુમુક્ષુજીવન એટલે ઉપાસનાનું જીવન. એક ઉપાસ્યનું આલંબન લઇને જ અહીં આગળ વધી શકાય.

દેવ તો દૂર બેઠા છે. દેવની ઓળખ તો ઘણી ય દૂર છે. એ દેવને નજીક લાવનારા, દેવની ઓળખને કરાવનારા ગુરુ તો સાવ નજીક છે. એમની ઓળખ એથી ય નજીક છે તો આપણા ઉપાસ્ય એ ગુરુ કેમ ન બને ? એમની સેવા એ જ જીવનચર્યા કેમ ન બને ? એમની આજ્ઞાનું પાલન એ જ આપણું એકનું એક કર્તવ્ય કેમ ન બની રહે ?

દ્રવ્યચારિત્ર લેનારા પણ અનંત જીવો ગુરુસમર્પણના ભાવ માત્રથી મુક્તિપદને પામ્યા છે તો સમજપૂર્વકના ભાવચારિત્ર્યને સ્વીકારનાર આપણે ગુરુદેવને સમર્પિત બની જઈએ તો આપણું કલ્યાણ જરાય દૂર નથી.

અલબત્ત, તે ખાતર સ્વચ્છંદતાને દેશવટો દેવો ઘટે, ગુરુદેવના કરુણાભર્યા હૃદયસાગરમાંથી ક્વચિત્ પ્રગટતો વડવાનળ હસતે મોંએ સહવાની તાકાત કેળવવી જોઈએ, બાહ્ય રંગરાગના આકર્ષણોથી તદ્દન મુક્ત રહેવું પડે અને આજ્ઞાના ખીલે બરાબર જકડાઈ રહેવું પડે. પણ તેમાં શું થઈ ગયું ? અતિભયંકર સંસારના સમસ્ત સન્તાપોથી સંપૂર્ણ મુક્તિના ફળ મળતાં હોય તો આ કષ્ટ કશી વિસાતમાં નથી. આ તો મંગલ મહોત્સવોથી ખીચોખીચ બનેલી મહાન સાધના છે. આમાં તો એકાંતે આનન્દ જ હોય, વિષયોના પ્રલોભનોને જેર કરનાર આ ભાવને તો આત્મસાત્ કરવો જ જોઈએ. આપણા ભાવપ્રાણની માતાતુલ્ય આ ભાવનું આપણે સદૈવ પૂજન-અર્ચન કરતા રહીએ.

|*| |*| |*|

૨૭

# યુગપ્રધાનના જન્મ પહેલાં આપણું કર્તવ્ય

હવે ચારિત્ર્યનું મજબૂત આધ્યાત્મિક બળ ઊભું કરી લેવાનો કાળ આવી લાગ્યો છે. વિશિષ્ટ બળની આ કિલ્લેબંધી આપણે કરી લેવી પડશે. આવી કિલ્લેબંધી થશે ત્યારે જ બહારના વાયરા લાગતા અટકશે. વિશુદ્ધ ચારિત્ર્યની હૂંફમાં જ કોઇ યુગપુરુષનો જન્મ થશે. સમય નજીક આવી રહ્યો છે. યુગપુરુષના સુવર્ણયુગનો કાળ હાથવેંતમાં લાગે છે. પણ એ સૂર્ય ઉદય પામે તે પહેલાં અરુણોદય હોય અને અરુણોદય પહેલાં ગાઢ અંધકાર હોય. પ્હો ફાટે અને પછી અરુણોદય થાય અને કૂકડો બોલવા લાગે ત્યારે ખબર પડે કે હવે આસમાનનો દાદો દેખા દેશે.

અત્યારે તો સર્વત્ર ગાઢ અંધકાર છવાઇ ગયો છે. ભસ્મગ્રહની પૂંછડી આવી ગઇ છે. પૂંછડી પછાડતો, પોતાનો બધો ય પ્રભાવ ઠાલવતો હવે એ જઇ રહ્યો છે.

મરવા પડેલી ઘરડી ડોશી છેલ્લા શ્વાસ બહુ જોરથી લઇ રહી છે. માટે જ નિરાશ થવાની જરૂર નથી. આ જોઇને અકળાઇ ઊઠવાની જરૂર નથી. હવે પ્હો ફાટશે, અરુણોદય થશે અને સુવર્ણપ્રભાત ખીલશે. ભૂમિતલને પુનિત કરી દેનાર યુગપુરુષનો રશ્મિ આ હમણાં જ ઊગશે. આ તો પ્રસૂતિની વેદના! એનાથી અકળાવું નહિ કિન્તુ મંગળમુખ જોવા હરખાવું.

પણ હા, એ ય વાત જરૂર છે કે આવા યુગપુરુષના જન્મ પહેલાં જ યુગપુરુષને પકવનારી કો'ક રત્નકુક્ષિ માતા તો જોઇશે જ ને ? યુગપુરુષના જન્મ પહેલાં અનેકાનેક મહાપુરુષો માતારૂપ બને છે. એમના જીવન પેલા કાળા ગાઢ અંધકારને જોઇને હાલી ઊઠેલા હોય, એમની આંખો રડી ઊઠી હોય, એમનું હૈયું કરુણાર્ત્ત થઇ ચૂકેલું હોય, એમનું મંથન સમગ્ર વિશ્વનું વલોણું કરી નાંખતું હોય અને એ મહાપુરુષની યાતનામાંથી જ અધ્યાત્મનો, વિશુદ્ધ ભાવોનો, વિશિષ્ટ સ્ફૂરણોનો, પ્રભુ પ્રતિના અનન્ય વિશ્વાસનો

પ્રાદુર્ભાવ થાય. વર્ષો સુધી આ યાતનાના ઘમ્મરવલોણાં ચાલે અને પછી એમાંથી એ ચિન્તનોના નિચોડરૂપ નવનીત નીકળે, જે સર્વ પ્રાણીગણને લાભદાયી બની રહે. એ નવનીત વિશ્વના માલેતુજાર ભેજાંઓ સામે મુકાય, સાધકોની અનુભવપતરાળીમાં અપાય અને સહુને એ નવનીતની પરીક્ષા કરવાનું કહેવાય.

અહીં પણ દંગલો મચે. વિરોધનો વંટોળ દેખા દે. પણ એ તો વર્ષોની દયાર્દ્ર યાતનાના ઘમ્મરવલોણામાંથી જન્મેલું નવનીત ! એમાં કચાશ ક્યાંથી હોય ! છેવટે એની વિશેષતાઓ કબૂલ-મંજુર થાય. વિશ્વના લાખો, કરોડો રોગોને નાબૂદ કરવા એ નવનીત સુસમર્થ છે. એટલું જ નહિ પણ રોગનાબૂદી કરીને જીવનમાં તુષ્ટિ-પુષ્ટિ પણ લાવી આપવા એ જ સમર્થ છે એવું એકમતે સ્વીકારાય અને એ નવનીતને ચાખીને, એને સ્પર્શીને, રગેરગમાં પરિણમાવીને બીજા સેંકડો મહાપુરુષોનો જન્મ થાય. વિશુદ્ધ ચારિત્ર્યની લાંબી કતાર થાય. વિશુદ્ધ ભાવના પરમાણુથી વિશ્વ પુનિત થવા લાગે. વાસનાઓની કરોડો મણની રૂની ગંજીમાં ઠેર ઠેર આ ભાવના તણખા પડે અને ભડકે બળી જાય એ ગંજીઓ ! કચરો સાફ થવા લાગે. અનેક ભવ્યાત્માઓને શુદ્ધ ચારિત્ર્યની ભૂખ લાગે.

છપ્પનીઆ દુકાળમાંથી આવેલો ભોજનના ભાણે જેમ તૂટી પડે અને બે હાથે ખાવા લાગી જાય તેમ આ ભાવભૂખ્યા મહાપુરુષો પોતાની સર્વશક્તિને ખર્ચી દઈને ભાવપ્રધાન જીવન માટે ઊંચાનીચા થઈ જાય. હવે એક પળ પણ એમનાથી ઊભા ન રહેવાય. 'વિશુદ્ધ ચારિત્ર્ય' એ નાદ જ એમના શ્વાસોમાં ઘૂંટાતો હોય ! 'ક્યાં છે એ વિશુદ્ધ ચારિત્ર્યના સાધનો ?' એને ખોળી કાઢવા જ એમની આંખો ચોમેર ટગર ટગર જોતી હોય !

જ્યાં પેલું જ પહેલું સાધન દેખ્યું ! કયું ? ગુરુપારતન્ત્ર્યનું, એક જ તરાપ મારીને ત્યાં જ તેઓ તેને ઝડપી લે, જીવનમાં ઉતારી લે. ત્યાં વિચારને અવકાશ જ ન હોય ! એ તો આત્માના પ્રદેશે પ્રદેશમાં સોંસરું ઊતરી જાય ! જરાય વિચારવા રહે, પૂછવા રહે, અનુભવવા રહે તે રખડી જાય. મહાપુરુષ મટી જાય. એના ભાવ મિટ્ટીમાં મળી જાય. આવા જે જે સાધન મળે તેને તે ઝડપતાં જ રહે. કાયાનું ગમે તે થાઓ, જીવનમાંથી ભલે ભોગસુખો વિનષ્ટ થાઓ, સ્વજનો ભલે દૂર રહો, ઉજાગરા ભલે થતા રહો, ભૂખમરો ભલે

વેઠવો પડે પણ વિશ્વના કારમા અંધાપાને દૂર કરવા, જબરદસ્ત વિપર્યાસને જડબેસલાક ડામી દેવા, દુર્ભાવોની ભયંકર આગને શમાવી દેવા એ કશુંય જોઇ ન શકાય. એક ક્ષણભર પણ ઊભા રહી ન શકાય.

એક મહાપુરુષના નવનીતને ચાખીને સેંકડો મહાપુરુષ બન્યા. અરુણોદય થયો. યુગપુરુષના પધરામણાં થવાની હવે ઝાઝી વાર ન હોય. અય માનવો ! વિશ્વના એક ભાગમાં (પૂર્વ દિશામાં) ભાવની લાલીઓ છવાઇ રહી છે. ત્યાંના માનવગણમાં ભાવપૂર્વકની ક્રિયાનો ગુલાબી રંગ છંટાઇ રહ્યો છે, તો હવે હમણાં જ એ યુગરશ્મિનું દર્શન થવું જ જોઇએ ને ?

આપણે અત્યારે ક્યાં હોઇશું ? ગાઢ અંધકારમાં હોઇશું ? પ્હો ફાટ્યો હશે કે અરુણોદય પણ થઇ ચૂક્યો હશે ? અલબત્ત, વ્યાપક રીતે તો ગાઢ અંધકાર દેખાય છે પણ સૂક્ષ્મ દૃષ્ટિએ દૂર દૂર પૂર્વ દિશા તરફ જોઇએ તો પ્રકાશની તૈયારી હોય તેવો ભાસ તો થઇ જાય છે. હમણાં જ જાણે પ્હો ફાટશે એવી પ્રતીતિ આ તરફ નજર નાંખતાં થયા કરે છે. અને ખરેખર તેમ જ છે.

મન્ત્રાધિરાજ નમસ્કાર આજે વાતાવરણમાં મધુરું ગૂંજન કરી રહ્યો છે. કોઇ કોઇ ખૂણામાં તો કલાકો સુધી બેઠક લગાવીને આ મન્ત્રાધિરાજને સાધકો ભાવભરી વન્દના અર્પી રહ્યા છે. બીજી બાજુ વિશ્વમૈત્રીનો ભાવ-ધર્મનું બીજ-અંકુરિત થઇ ગયો છે. ત્રીજી બાજુ ચારિત્ર્યસંપન્ન સાધુઓ તૈયાર કરવાનો મહાયજ્ઞ ચાલી રહ્યો છે. ચોથી બાજુ આગમિક ગ્રંથોનું વ્યવસ્થિત અધ્યયન ચાલી રહ્યું છે. પાંચમી બાજુ તીર્થોનો મહિમા કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. દેવાધિદેવની મૂર્તિઓ પણ જાણે પ્રસન્ન સ્મિત વરસાવી રહી છે. અનિષ્ટ તત્ત્વોને ડામવા શ્રમણોપાસક સંઘ જાગ્યો છે. કેટલાક મહાપુરુષો ભારતની ભૂમિને પોતાના ઓજસ્વી પાવિત્ર્યથી પાવન કરી રહ્યા છે. તેઓ ચોમેર ઘૂમતા રહે છે અને ધર્મતત્ત્વના રહસ્યોની લહાણી કરતા જ જાય છે.

એક મહાપુરુષ દસ મહાપુરુષ પકવે તો દસ મહાપુરુષ સો મહાપુરુષ તો બનાવી જ દે. દસ વર્ષે એક મહાપુરુષ દસને મહાપુરુષ બનાવે તો તે દસ બીજા દસ વર્ષે કુલ સો મહાત્માઓ તૈયાર કરી દે. વીસ જ વર્ષમાં અરુણોદય થઇ જાય. પછી પાંચ વર્ષે યુગપુરુષનો જન્મ થાય એટલે આજથી પંદર-વીસ વર્ષે આ વિશ્વમાં યુગપુરુષ પધારશે એમ લાગે છે. એમનામાં પ્રભાવકતા હશે. એમને સહુ કોઇ બહુમત ગણશે, માનનીય અને પૂજનીય ગણશે.

રાજનીતિમાં એમનું અપ્રતિમ વર્ચસ્વ હશે. ત્યાગ, તપ અને સંયમની તો એ સાક્ષાત્ મૂર્તિ હશે. નૈષ્ઠિક બ્રહ્મચર્યના એ સ્વામી હશે. સમતાનો એ સાગર હશે. દયાનો એ દૂત હશે. ભાવધર્મનો એ પ્રભાવક હશે.

આવા લોકોત્તર પુરુષનો જન્મ થશે તો ખરો જ, પણ તેટલા માત્રથી આપણે હરખાઇ જવાનું નથી, કિન્તુ ગંભીર બનીને ધૂળમાં પડેલું વિશુદ્ધ ચારિત્ર્યનું પુણ્ય અનેક હાથે ઉઠાવવાનું છે. અનેક મહાત્માઓના ભલા જીવનોનો અનુપમ ભાવ જ આ યુગપુરુષની માતા બનશે.

યુગપુરુષના દર્શન જોઇતાં હોય, એમની જરૂર સમજાણી હોય તો આપણે બધા ભેગા થઇએ અને લોકોત્તર માર્ગના કટ્ટર ઉપાસક બનીએ. ઉદાત્ત ભાવનું આશ્રયસ્થાન બનીએ. આમ થશે ત્યારે જ એ ભાવથી ભાવિત થઇ ગયેલા વાતાવરણમાં કોઇ રત્નકુક્ષિ માતા ઝડપાઇ જશે. એના લોહીના કણકણમાં એ ભાવ ફરી વળશે. એના સંસ્કાર પણ ભાવિત થશે, એનું જીવન પણ ભાવિત થશે અને એક વખત એ જ માતા યુગપુરુષની મા બનશે. ના, જગતની મા બનશે, વિશ્વની માતાની મા બનશે.

પ્હો ફાટ્યો છે પણ હજુ અંધારું તો છે જ. મંડી પડીએ આ અંધકાર ઉલેચવા તો ઝટપટ કામ થવા માંડશે. અરુણોદય થશે અને યુગરશ્મિના ધન્ય પધરામણાં થશે. લાખો સ્ત્રીઓ એ પુણ્યપૂંજના ઓવારણાં લેતી દેખાશે.

# ૨૫

# સાધુજીવન કઠિન હૈ...

વર્તમાનકાળમાં સાધુજીવનની સાધના સહેલી છે કે અઘરી ? ચિત્તમાં મુનિભાવની સ્થાપના સુલભ છે કે દુર્લભ ? આ પ્રશ્નનો ઉત્તર હકારમાં છે અને નકારમાં છે.

એક દૃષ્ટિએ વિચાર કરતાં મુનિજીવનની સાધના અતિશય કઠિન જણાય છે. વાસના અને વિકારોના ભોગભરપૂર સાગરના મધ્યમાં ઘૂઘવાટ કરતાં મોજાંની વચ્ચે રહેલા નાવડા જેવું છે આ મુનિજીવન.

એકેકું મોજું ઊંચા આભ જેટલું ઊછળે અને બચુકડા આ નાવને પોતાના પેટમાં ઓહિયાં કરવા ભારે યત્ન કરે. પેલું નાવ આગળ તો વધે કે ન વધે પણ પોતે જ્યાં આવી ઊભું છે ત્યાં ઊભું રહી શકે કે કેમ એ ય એક વિકટ પ્રશ્ન થઈ પડે.

આજે ચારે બાજુ ઈન્દ્રિયોના વિષયોએ ખૂબ માઝા મૂકી દીધી છે. વિજ્ઞાનની હરણફાળની પ્રગતિએ તો ભોગીઓને પણ મૂંઝવી દીધા છે. ભોગના સાધનને ઘેર લાવો, હજી જુઓ ન જુઓ ત્યાં તો એને ય ટપી જાય તેવું બીજું સાધન બજારમાં આવ્યું જ સમજો. બિચારો ભોગસાધનથી સુખાનુભવ કરતો જીવ આ સ્પર્ધામાં દીનહીન બની જાય. એના અદ્યતન ભોગસાધનો પણ ઝાંખાં પડી જાય. વળી, કદાચ કમર કસે અને નવું સાધન વસાવે પણ હજુ એ સાધન લઈને બજારેથી હરખાતો પાછો ફરે છે ત્યાં વળી નવું સાધન આવ્યું જ છે. આ સ્થિતિમાં ભોગી જગતની કમર ભાંગી જાય તેમાં શી નવાઈ ?

એક શ્વાસે માઈલોના માઈલ કાપી નાંખવા સહુ દોડે છે પણ જીવતા હાડપિંજર જેવી કરુણ દશા ભોગવવા સિવાય બીજું કશુંય એમના હાથે ચડતું નથી. ગમે તેમ હો પણ આખા ય વિશ્વમાં, વિશ્વના દરેક બજારમાં, દરેક મકાનમાં, મકાનના દરેક ઓરડામાં, ઓરડાની દરેક દીવાલોમાં, દીવાલની દરેક બારીમાં, બારીના દરેક પડદામાં, પડદાની દરેક રિંગમાં, રિંગના દરેક તારમાં વિજ્ઞાને વિશેષતાઓ ભરી દીધી છે. બધે જ ચમત્કારભર્યું તત્ત્વ જોવા

મળે છે. બધે જ ભારે આકર્ષણનો ચુમ્બકીય પદાર્થ વીંટળાયેલો દેખાય છે.

રૂપના વિષયમાં અત્યંત મોહક રૂપો ભલભલાની આંખોને આંજી રહ્યા છે. કાળી ચામડીને ય સાબુના ફીણ જેવી ધોળી બનાવતાં વિજ્ઞાનને આવડી ગયું છે. એવી કેટલીય ધોળી ચામડીને રૂપેરી રંગપડદે તેણે ખડી કરીને મોટા પંડિતોની પણ સાન ભુલાવી દીધી છે. મોટા ધનવાનોની પણ અક્કલ ખોવડાવી નાંખી છે, મોટા મહંતોની પણ આત્મમસ્તીને ધૂળ ચાટતી કરી નાંખી છે.

સંગીતના અતિશય સુંદર વાજિંત્રો પણ એક પછી એક તૈયાર થતાં ગયા છે. બે જ મિનિટનું સંગીત પણ એમાં સો વાજિંત્રોના ધ્વનિ રેલાઇ ગયા હોય. એટલું બધું મોહક વાતાવરણ ઉત્પન્ન થઇ જાય કે, વિરાગી સંતની કૃતિ વાંચતાં કોઇ યુવકના કાને અથડાતાં જ વિરાગનો પારો એકદમ ઉતારી નાંખે. 'પ્યાર', 'દિલ', 'મહેફિલ' અને મહોબ્બતના શબ્દો ભલભલા બ્રહ્મચારીને ય ભ્રમચારી બનાવી નાંખે. અપટુડેટ કપડાં, એ કપડાંની જાતજાતની સિલાઇઓ, એની કુમાશ વગેરેના પ્રલોભનોએ ભારત જેવા સમૃદ્ધ દેશને ગરીબ બનાવી નાંખ્યો. ચાર વર્ષની કન્યાને ય સારામાં સારું, ઝીણામાં ઝીણું વસ્ત્ર જોઇએ અને સિત્તેર વર્ષના બુઢ્ઢાને ય એવા જ વસ્ત્રો પસંદ પડે. જાડું કોઈને જોવું ય ના ગમે. સાદું કોઈને ય ના ગમે. આ વસ્ત્રોના સ્પર્શે કંઇકના જીવનોને રોળી નાંખ્યા. એ વસ્ત્રોની મોહકતાએ કરોડોના ઓજસનો ખાત્મો બોલાવી દીધો.

ગંધના વિષયમાં પણ વિજ્ઞાને પાછીપાની કરી નથી. અત્તરોના હોજ ભલે મુસલમાન યુગમાં જ હતા, આજે તે જોવા નહિ મળે, કિન્તુ આજે તો કાને કાને અત્તરના પૂણ હોય, વસ્ત્રના તંતુએ તંતુમાં એની વાસ ફેલાયેલી હોય, પફ-પાઉડરની સુગંધ પણ એટલી બધી અદ્ભુત હોય કે ક્યારેક અત્તરને ય ટપી જાય.

ગુલાબ ગયા અને મોં ઉપરની રતુમડી ગુલાબી પણ ગઇ. હવે તો પાઉડરોની સફેદી અને લિપસ્ટિકની લાલાશના જોરે અને જિરાફની ડોક જેવી સેન્ડલની લાંબી એડીએ જ જગતમાં માન મેળવવાનું.

રસનો વિષય તો જરાય પાછો પડ્યો નથી. જૂના જમાનાના કસવાળા ખોરાક ભલે ગયા તો ગયા. જગતને એનો અફસોસ નથી. રસવાળા ખોરાકે

જ દિલને શાન્તિ આપી દીધી છે. લાખો રૂપિયાની ઈમારતોમાં આ રસની મહેફિલો ઊડે છે. સૌરાષ્ટ્રના કેટલાય રાજાઓએ પોતાના મહેલોને હોટેલમાં ફેરવી નાંખ્યા છે, કેમકે કમાવાનું આ અનન્ય સાધન છે. એક વખત જીવન માટે ખાવાનું હતું. આજે ખાવા માટે જ જીવવાનું છે. સ્વાદ વિના કશુંય ભાવતું નથી. જીભના રસે તો દુરાચારી જીવને સૂકવી નાંખ્યા છે એટલે મનગમતા રસવાળા જ ખાદ્ય પદાર્થો તૈયાર થાય. મોંમાં ભલે રસ ન ઝરે. રસવાળા ખોરાકને વળી રસની શી જરૂર ? અજવાળી રાતે વળી પ્રકાશની તે શી જરૂર ?

વિશ્વ એટલે ભોગપરિપૂર્ણ જીવન જીવતું વિશ્વ. યોગને તો અહીં તમાચા ખાઈને વિદાય લેવી પડી છે.

હવે આવીએ મૂળ વાત પર.

આવા વિશ્વમાં મુનિભાવનું જીવન જીવી જવાની સાધના સુલભ કહેવાય ખરી ? મુનિ ગોચરી વહોરવા જશે તો ત્યાંના સુંદર ગાલીચા જોશે, દિલમાં ગલગલીયા ઉત્પન્ન કરી દેતાં રેડિયોના ગીતો કાને પડી જશે, નટખટ કરતી સ્ત્રીઓ ઉપર અકસ્માત દૃષ્ટિ પડી જશે, અત્તરની અને લક્સ સાબુની કે પફપાઉડરની ખુશબો નાક ભરી દેશે, ગોચરી વહોરશે, ઉપાશ્રયે આવશે, રસ્તામાં એવું તો કેટલુંય ખતરાભર્યું તત્ત્વ ભટકતું જ રહેશે. પાતરામાં પડેલું દ્રવ્ય મોંમાં જશે ત્યાં અપૂર્વ આસ્વાદ લેતાં જ જીભમાંથી પાણી પાણી છૂટશે.

દિલખુશ કરી દેતી ચા !

ગળી-મીઠી મજાની કઢી !

ગરમાગરમ ઓસામણ !

તીખી અને તમતમતી પેટીસ અને મીઠાં સૂપ !

એવું તો બીજું કેટલુંય એના મોંમાં, પેટમાં અને યાવત્ મનમાં પેસી જશે. એ બધા ય શું કરશે ? જીવનનો વિકાસ કે જીવનનો વિનાશ ? પ્રમાદ આવશે, આંખો વિકારી બનશે, મન તો પડી ભાંગ્યું જ હશે. કોઈ કાળી ક્ષણે, ધોળે દહાડે, ધૂમ બપોરે ય તેનું પતન થઈ જશે.

આ બધુંય સંભવિત નથી ? કોઇ કલ્પનાની કથા કે પરીની વાર્તા જેવું આ આકર્ષક પીંજણ નથી, માત્ર હકીકતનું બ્યાન છે. સાધુજીવનની સાધના અતિશય કઠિન છે ! અરે ! સમ્યક્ત્વને ટકાવવાનું પણ મહાભારત કાર્ય બની

રહે છે. નવનવી વાતો, નવનવી સિદ્ધિઓ અને અવનવી શોધો મુનિને પણ કુતૂહલમાં અને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે. આવું ? વાહ ! આ તો ગજબ કહેવાય ! શી કમાલ કરી છે ! જોયું ને ? બાહ્ય સિદ્ધિઓમાં 'ગજબ' 'કમાલ' વગેરે લાગ્યા અને તેના વડેરાઓની મહાન સાધનામાં કશુંય અજબગજબ ન લાગ્યું. એ ચામડાં ઉતારવામાં કાયરતા દેખાઇ ! અને એક બોમ્બે કરોડોને ખતમ કરનાર દુશ્મનમાં શૂરવીરતા કરી નાંખી ! કારમા મિથ્યાત્વના ઉદય વિના આવા આશ્ચર્યો થાય ખરા ?

સાધુતાની સાધના કઠોર તો છે જ અને કઠિન પણ છે જ ને ? આવા વિલાસી વિશ્વમાં શી રીતે અંતર્મુખ બનીને રહી શકાય ? પણ જો જો હોં ! આ તો એક દૃષ્ટિએ વિચાર કરતાં આ દર્શન થયું. પણ બીજી દૃષ્ટિએ વિચાર કરશું તો સાધુતાની સાધના સહેલી પણ છે જ હોં ! વિશ્વમાં ભલે ભયંકર અગ્નિ હોય પણ તેથી જ વિશ્વ ભયંકર બની જતું નથી, કેમકે એ અગ્નિને પણ મહાત કરી નાંખનાર જલ પણ આ વિશ્વમાં સુલભ છે. અંધકારની સાથે પ્રકાશ છે જ. ગમે તેટલા પ્રચંડ બળની સામે ય જો પ્રતિબળ હોય તો તે બળની કોઇ કિંમત રહેતી નથી.

વિશ્વમાં ચોમેર ફેલાયેલાં વિલાસી રંગરાગના સાધનો સામે વિરાગની બંસીઓ પણ છે જ. એને બજાવતાં જ પેલા રંગરાગના રંગ ઓસરી જાય છે. વિરાગીના ભવ્ય લલાટની સામે વિલાસીના લલાટ કાળામેંશ બની જાય છે. વીતરાગની જબરદસ્ત સાધના સામે રાગની સાધના તદ્દન ઝાંખી પડી જાય છે. રાગના જાલિમ બળને પણ ફૂસ કરી દેતું વિરાગનું પ્રચંડ બળ આ જ વિશ્વમાં આજે પણ મોજુદ છે. જો ન હોત તો પાપથી ખદબદી ઊઠેલી ધરતી કંપી ઊઠત અને કરોડો માનવોના શબ ગીધડાં ચૂંથી નાંખત.

સૂર્યનો ધગધગતો ગોળો ગબડી પડત અને કરોડોને જીવતાં સળગાવી નાંખત. સાગરો પોતાની મર્યાદા મૂકી દેત અને આખા ય વિશ્વને ઓહીયાં કરી જાત. પણ આ બધા ય તાંડવોને વિરાગીઓએ વિશુદ્ધ ભાવની એક નાનકડી અંગૂલિના નિર્દેશથી થોભાવી દીધું છે. વિશ્વના પાપને જોઇને પ્રકૃતિ અકળાઇ ઊઠી છે પણ વિરાગીના ભાવે એને કોઇ દુઃસાહસ કરવા દીધું નથી. સૂકા ભેગું લીલું પણ સળગી જાય તો ? ગુનેગાર છૂટે તે હજુ ચાલી જાય પણ બિનગુનેગારને સજા થાય તે કદાપિ એને ક્ષન્તવ્ય નથી.

પ્રકૃતિ જો તેવું પાપ કરે તો સર્વ પાપીઓમાં તે જ અગ્રેસર બને. ત્યારે હવે એ તો સાબિત થાય છે કે, રાગની હેલીમાં વિરાગની જ્યોત ઝબૂકી રહી છે. વિષયોના સૂચિભેદ્ય તિમિરમાં ય તે જ્યોતની અનોખી ભાત પડી છે. લાખો મણ તિમિરને નાનકડી જ્યોત મહાત કરી શકે છે. પ્રશ્ન એ થાય છે કે આવી જ્યોત જાગી શી રીતે ? એમાં તેલ પૂર્યું કોણે ? રાગના પ્રચંડ વાયરામાં પણ એ બુઝાઇ કેમ નહિ ? ત્યારે એ જ તો ખૂબી છે ને ? એક બાજુ લાખો મણનો ઢેર છે, બીજી બાજુ એક રૂ જેટલું ય વજન નથી ! પણ તેથી શું ? મહાકાય ઘટને નાનકડી કાંકરી ખતમ કરી શકે છે ! મોટા ફુગ્ગાને એક નાનીશી સોંયની અણી ફૂસ કરી શકે છે. વિષધર સર્પને કીડીની જમાત ચારણી જેવો કરી નાંખે છે અને આ જ વાતને ભગવંત મહાવીરદેવ નથી બતાવતાં ? જન્માભિષેકના સમયે મેરુ પર્વતને નાનકડા ભગવંતે ડોલાવી દીધો !

અનાદિ કાળથી પોતાનો ભક્ષ્ય લઇને તગડા બનેલા મહાકાય મોહને સાધનાનું નાનકડું મદનીયું પણ મહાત કરી શકે છે. પ્રભુનો આ પહેલો જ ઉપદેશ ! સંતોને માટે પહેલું જ આશાકિરણ !

વાત તો ઘણી સુંદર કરી. પણ એ વિચાર્યું કે, આ બળ જન્મે છે ક્યાંથી ?

સાંભળો ત્યારે. આ બળનું ઉગમસ્થાન છે તીર્થભૂમિ; બે પ્રકારની : સ્થાવર અને જંગમ.

સ્થાવર તીર્થ; વીતરાગ સ્વરૂપ દેવાધિદેવની પ્રતિમા.

અને જંગમ તીર્થ; વીતરાગસન્મુખ એવા ગુરુદેવની પુનિતનિશ્રાલભ્ય કૃપા.

જે કોઇ આત્મા આ તીર્થોની શરણાગતિ સ્વીકારે છે તેના રુંવાડે રુંવાડામાં વિરાગનો વિદ્યુત પ્રવાહ જોશબંધ ઘૂમવા લાગે છે. કોઇ પણ ભોગ-પદાર્થ તેને અડવા પણ આવે છે તો ઝાટકો લાગતાં જ તે બાર હાથ દૂર ફેંકાઇ જાય છે. વાસનાઓ એને કાંઇ કરી શકતી નથી. વિદ્યુતમય શરીરને અડી પણ કોણ શકે ? અડ્યા વિના અડપલું શી રીતે થાય ? મન સુધી તો પહોંચાય જ શી રીતે ?

દેવાધિદેવની પ્રતિમા એટલે દેવાધિદેવનો વિશ્વવાત્સલ્યનો પરમોચ્ચ ભાવ. (જનકમાં જન્યત્વારોપ) અને ગુરુદેવોની કૃપા એટલે આજ્ઞાપ્રધાન

જીવન (કારણમાં કાર્યોપચાર). બસ થઇ ગયું ! સાધુતાનું જીવન પાણીના રેલાની માફક સડસડાટ કરતું વહ્યું જાય. કશુંય ન નડે. કોઇ ન કનડે. કાંઇ ન પીડે. અમૃતનો આસ્વાદ લીધો. ઓડકાર પણ આવી ગયો. હવે વિષપાનની યાદ સ્વપ્નેય ક્યાંથી હોય ? પછી ભલેને તે વિષપાન લાખો ભવો સુધી કાં ન કર્યું હોય ! આવા ઓલિયા સાધકો વિલાસના ભરબજારો વચ્ચેથી ચાલ્યા જાય પણ એને કશીય બહારની અસર તો ન જ થાય, કિન્તુ એની આધ્યાત્મિક અસરોના મોજાં એવા બહાર ઊછળે કે કેટલાય ભવ્યોના વાસનામળને ધોઇ નાંખે. અંતરના ઘુમ્મટમાં ઘૂમી ઘૂમીને નીકળતી એની વાણી તો ભલભલાના કદાગ્રહોના પહાડોને ભેદી નાંખે. ધર્મલાભની આશિષ અર્પતો એનો હસ્તાભિનય દરિદ્રને ત્યાં કુબેરના ભંડારો ખાલી કરાવી નાંખે. આખુંય જગત એક બાજુ રાખો અને એક બાજુ બે ય તીર્થોની સેવાના બળવાળો એક અઠંગ જોગંદર રાખો અને હુતુતુની રમત આરંભો. ઘડીના છઠ્ઠા ભાગમાં, આંખના એક જ પલકારામાં.... એક જ પલકારામાં એક જ મહાકાય ભાવવાળી સુકલકડી કાયા બધા ય ને પોતાના તરફ ખેંચી કાઢે !!!

તો હવે કહો જોઉં ? આ દૃષ્ટિએ વિચારતાં એમ નથી લાગતું કે સાધુતાની સાધના કરાળ કલિયુગમાં ય ઘણી જ સહેલી છે ? રમત વાત છે ? નિર્વાસન ચિત્ત બનાવવાના, નિષ્કષાય જીવન બનાવવાના એકના એક કોડ સાથે જે કોઇ ભવ્યાત્મા આ જીવનના પગથારે પગલાં માંડે છે, ગુરુના ચરણનું શરણું સ્વીકારે છે, હૃદયમાં દેવાધિદેવને સ્થાપી સદૈવ એમનું ગીત-ગૂંજન કર્યા કરે છે એને મન સાધુતાની સાધના ખરેખર રમત વાત છે.

બીજા માટે તો લોઢાના ચણા ચાવવા જેવી કે તલવારની ધારે ચાલી લોહી નીંગળતો દેહ બનાવવા જેવી કમોતે મરવા જેવી વાત છે.

## ૨૯

# અતીતમાં ડૂબકી

કાર્ય ઉપરથી કારણની કલ્પના કરાય. પાંસઠ વર્ષના બુઝર્ગ માણસને જોયો છે ? એના શરીરનું પ્રત્યેક અંગ, એ અંગનું પ્રત્યેક રુંવાડું, એ રુંવાડાની જર્જરિત કે પ્રફુલ્લિત દશા એના જીવનને કહેતી ભાષા જ હશે. એના મોં ઉપરની પ્રત્યેક કરચલી પણ લીલીસૂકીઓનું વર્ણન કરતી હશે. એની આંખોની વિલક્ષણ રચના એના જીવનના કડકાઈભર્યા કે વિનમ્ર ભાવોનું બ્યાન કરતી હશે. એની ચાલમાં નીતરતી ગંભીરતા કે અધીરાઈ પણ જીવનની વ્યવસ્થાના વિષયમાં પોતાનું વક્તવ્ય કરતી જણાશે. એનો વેશ, એનો ખોરાક અને અમુક જાતની લાકડી, એના ચશ્મા એ બધા ય એના સ્વભાવને આલેખતાં દેખાશે.

અલબત્ત, એના જીવનમાં એણે વિચારોના પાટા બદલ્યા જ હશે, અનેક વાર પોતાના મન્તવ્યોમાં થાપ ખાઈને નવા ચીલા પાડ્યા પણ હશે. અનેકશઃ વિવિધ વ્યવસાયોને અનુકૂળ બનવા યત્નો કર્યા હશે. અને એમાં લેવાયેલા અંતિમ ગણાતા નિર્ણયોને ફેરવ્યા પણ હશે. પાંસઠ વર્ષની પ્રત્યેક રાત અને પ્રત્યેક દિવસ એના જીવનના નાવને હાલકડોલક કરતાં જ પસાર થયા હોય એ સ્વાભાવિક છે.

પરંતુ એ બધાયના અંતિમ સ્વરૂપે સામે દેખાતી એની બુઝર્ગ કાયા છે. એ બધા ય પ્રયોગોનું અંતિમ રૂપાંતર આ દેખાતો એનો દેહ છે. બધીય ઉથલપાથલમાં સાક્ષીભૂત એની કાયા ઉપર વીતેલી આપવીતીઓનું અંતિમ રેખાંકન સામે દેખાતા એના શરીરના પ્રત્યેક અંગમાં જણાઈ રહ્યું છે.

એ નાનો હશે ત્યારે ખૂબ હસ્યો હશે અને તે વખતે મોં ઉપરની ગાલની રેખાઓ ખૂબ ખીલી ઊઠી હશે.

એ જરાક મોટો થયો અને થોડો કપટી બન્યો હશે, આંખો જરા તીરછી બની હશે, એ વખતે ગાલની કરચલીઓ પણ વાંકી થઈ હશે. આંખોના ખૂણાના ભાગ જરાક લંબાયા હશે. એથી ય એ મોટો થયો, પીઢ થયો, પાઈ પાઈ રળવા માટે મજૂરી કરી હશે, પોતાના સ્નેહીના સુખ ખાતર બીજાના

સુખને ન જોવા માટે એ કઠોર પણ થયો હશે અને એથી એના ગાલની ચામડીઓ બરડ બની હશે. આંખોમાં પણ ખુન્નસવૃત્તિ આવી હશે, પણ આ સામે જણાતી કાયા તો એ બધા ય અવનવા સ્વભાવોનું અંતિમ સ્વરૂપ છે, એ બધા ય સ્વભાવોનું એક અનોખું મિશ્રિત દર્શન છે. એટલે જ એ કાયામાં આખા ય જીવનની કથા સમાયેલી છે. પણ જે વાંચી શકે છે તે જ વાંચી શકે છે. એને વાંચવાને બહોળું જ્ઞાન અને ઝીણી દૃષ્ટિ જોઇએ, પણ વાંચી તો જરૂર શકાય. કાર્ય ઉપરથી કારણનું અનુમાન થાય. સામે દેખાતી કાયા એ એના આખા જીવનની સંપૂર્ણ વિગતોમાંથી ઉત્પન્ન થયેલું કાર્ય છે. એ કાર્યના સર્જક સઘળાં ય કારણોનું અનુમાન અવશ્ય કરી શકાય.

આપણે આટલે જ અટકવું નથી. જરા વધુ આગળ જવું છે. આ જીવનનું જ નહિ, સમગ્ર જીવનનું અવલોકન આપણે આજે કરી શકીએ તેમ છીએ. ભૂતકાળના રંગમંડપના રૂપેરી પડદે કયા વેશે અને કયા ભાવે આપણે નાચ્યા-કૂદ્યા હતા તે બધુંય હૂબહૂ જોઈ શકાય. જોવું છે તમારે ?

હા, આંખે આંખ દેખાય તે રીતે દેખાશે. પણ તે માટે બહોળું શાસ્ત્રીય જ્ઞાન જોઇશે. ચતુર્દશપૂર્વી આ રીતે જ જોઇને આપણા અસંખ્ય ભવોને કહી દેતા ને ?

લ્યો ત્યારે, સાંભળો.

કાળી અંધારી અમાવસ્યાની રાત હોય, બરોબર મધરાતનો સમય થયો હોય, આકાશમાંથી ધોધમાર કાજળ વરસી રહ્યું હોય, બધુંય સૂમસામ હોય, નિઃસ્તબ્ધ શાન્તિ પથરાઇ ગઇ હોય એ વખતે ઊઠી જવું, સુખાસને બેસવું, મંગળ સ્તોત્રોનો પાઠ કરવો અને આંખો મીંચી દેવી. તમારી જાતે તમે કશું ન વિચારતા મનમાં સ્વાભાવિક રીતે ક્યા વિચારો આવે છે તેને જ જોયા કરજો. મન તમને શું કહે છે તે સઘળું તમે સાંભળ્યા કરજો. યાદ રાખજો કે તમારે થર્ડ પાર્ટી તરીકે કામ કરવાનું છે. એક કલાક સુધી મને કે કમને બેસી જ રહેવાનું છે. ચાલી વિચારોની વણઝાર, દોમ દોમ કરતી જુઓ ચાલી જાય. એમાં જાતજાતના અને ભાતભાતના વિચારો દેખાય છે. ક્યારેક સમસ્ત વિશ્વનું કલ્યાણ કરી દેવાનો ભાવ કંપવા લાગે છે, તો ક્યારેક એકાએક બાજુના પડોશીની આડાઈને કારણે એને સીધો દોર કરવાનો વિચાર વેગ પકડે છે. કોઇને વિષયોની વાસના કરડ્યા કરે અને એ ડાકણો પોતાનો ભોગ

મેળવ્યા વિના પાછી ન જ જવાની કડક ચીમકી આપે છે. અરે! કાળી રાતે કાળાં કામ કરી નાંખવા સુધી મન ઊંચકાઈ જાય છે. વળી ક્યાંક ઠર્યું તો એકદમ કષાય-રાક્ષસ છાતીએ ચડી બેસે છે. સ્વાર્થમાં ઘા મારનાર પેલા હરીફને ઊઠાવીને ફેંકી દઉં સાગરના પેટમાં કે ગૂમ કરી દઉં આ દુનિયામાંથી! હજુ એ તોફાન શમ્યું ના શમ્યું ત્યાં ઘરવખરી લાવવાની નોંધણી ચાલુ થાય છે. પત્નીની કચકચો યાદ આવે છે. છોકરાંની પજવણી સતાવ્યા કરે છે. આમ થતાં આ દુઃખી સંસારનું સમગ્રતયા અવલોકન શરૂ થાય છે અને વિરાગની બંસીના મધુર સૂર નીરવ શાન્તિમાં સંભળાવા લાગે છે. રાગદશાથી સર્જાયેલી ખાનાખરાબીના જોશભર્યા તાલ વિરાગની સારંગીમાં ઔર આનંદ બહેલાવે છે. રાગે સર્જેલા વિશ્વાસઘાતનું દર્શન, રાગે સર્જેલી મહામૂલી દેહસંપત્તિનું વિસર્જન, રાગની પાછળ થઈ ચૂકેલી જીવનના સમય-સમયની કારમી કતલ વગેરે ચિત્રો નજરમાં આવે છે અને રાગના રંગ ઉડાવી દેવા કડક નિર્ણયો લેવાનો નિરધાર પણ થાય છે. વિરાગને વરેલા, વીતરાગને ભજતાં સંયમી મુનિઓના ય વિચારો દેખા દઈ જાય છે. એમના ભાવની નિર્ભયતા જોઈને એ જીવનના કષ્ટ અપનાવી લેવા સુધીનું તાન વિરાગની બંસી ચડાવી દે છે.

આવી તો કેટલીય અથડામણો એક કલાકમાં દેખાય છે. લ્યો ત્યારે, હવે તમે એ બધું જોઈ લીધું ને ? બધું યાદ રાખી લેજો અને આંખ ખોલો. મારી સામે જુઓ અને ધ્યાન દઈને મને સાંભળો. તમારા જીવનમાંથી યોગ્ય જવાબ મેળવતા જજો.

"Thinking is not one Process, it is one out come of many processes."

યોગ્ય સમયે આ વિષયને અનુરૂપ વિચાર પાલ્મનના દસમા લેસનમાંથી મને મળી ગયો. આપણને જે વિચારો આવે છે તે કોઈ ભૂમિકા વિનાની પ્રક્રિયા નથી. પરંતુ લાખો અબજો વિચારોના પરિણામરૂપ તે એક પ્રક્રિયા છે. આપણને જે વિચારો આવે છે તેમાં એટલું બધું વૈવિધ્ય હોય છે કે જો તેને લક્ષ્યમાં લઈએ તો અત્યંત આશ્ચર્ય ઉપજે. અપૂર્વ માનવતાના વિચાર કરતાં એવી ઠેસ વાગી જાય છે કે, એક અધમ માણસને પણ ન છાજે તેવું આચરણ કરવાનો વિચાર આવી જાય ! વિરાગના રંગમાં આબાદ રંગાઈ ગયા

હોઈએ, આપણી આખી જાતને ઊંચકીને એ રંગમાં ઝબોળીને હજી બહાર કાઢી એટલામાં તો દુરાચારી મન પણ ન વિચારે તેવા રાગના વિચારનો કાળો ધાબળો વળગી જાય છે.

વિચારોની ધારામાં આવા અકસ્માતો બનવા છતાં પણ કોઈ બે પાંચ વિચારધારાને તો આપણે જરૂર પકડી શકીએ. આપણા જીવનના સમગ્ર વલણ ઉપર નજર નાંખવી અને તટસ્થ બુદ્ધિથી વિચાર કરવો. ક્યાંય પોતાની જાતને વધુ ગૌરવવંતી બનાવવા મનથી ગોળમટોળ સમાધાનો કરી લેવા લલચાવવું નહીં. આટલો ખ્યાલ રાખીને નીચેના દસ મુદ્દા ઉપર વિચાર કરો જોઉં :

૧. ખાવાની વૃત્તિ
૨. વિષયભોગની વૃત્તિ
૩. કષાયોની માત્રા
૪. સ્વાર્થસાધુતાનું જોર
૫. અધીરાઈ
૬. અદેખાઈ
૭. ગુરુદેવભક્તિ
૮. દાન દેવાની બુદ્ધિ
૯. માયા-વક્રતા-કઠોરતા
૧૦. સરળતા-નમ્રતા-ભોળપણ

ઉપરના દસ મુદ્દામાંથી પહેલાથી આઠમા મુદ્દા દ્વારા આપણા ભૂતકાળને આપણે કલ્પીશું અને છેલ્લા બે દ્વારા આપણા ભાવિની આગાહી કરીશું.

એક વાત કરી દઉં કે, અનંતકાળની અંદર આપણે અનેક ઉલ્કાપાતો મચાવી નાંખ્યા છે. લાખોના ખૂન કીધા છે. અને ધરાઈને લોહી પીધા છે અને ક્યારેક એથી ઊલટું જ, જીવોની રક્ષા કરી છે. અને એ રક્ષાને માર્ગે સેંકડો-કરોડોને દોર્યા છે. ક્યારેક અત્યંત ભયંકર કોટિનું ભોગવૃત્તિનું જોર આપણને પરવશ કરીને કારમું પાપ કરાવી ગયું છે તો ક્યારેક મહાવિરાગી બનીને સમસ્ત સંસારના રાગને સાપની કાંચળીની જેમ ઉતારીને આપણે વનમાં પણ ચાલ્યા ગયા છીએ.

આવા કરોડો-અબજો અનુભવોના અંતિમ પરિણામરૂપ આપણું આજનું જીવન છે.

આજનું જીવન એટલે સમગ્ર ભવરાશિની છાશનું ઘાટું કે પાતળું માખણ.

આજનું જીવન એટલે સમસ્ત ભવરાશિની કાર્યવાહીનું બોલતું યંત્ર.

આજનું જીવન એટલે સઘળા સારા-નરસા પૂર્વીય સંસ્કારોમાંથી ઉત્પન્ન થયેલું અનોખું સંસ્કારભાજન.

આ પરિસ્થિતિ છે માટેસ્તો ઉપરની આઠ વાતો ઉપરથી આપણે આપણા બહુ જ નજીકના ભૂતકાળનો ખ્યાલ કરી શકીશું. સારું અને નરસું બધું કરીને આવ્યા છતાં હવે આપણું પલ્લું કઇ તરફ ઝૂકી રહ્યું છે તે જાણી શકીશું.

બધીય જાતના સંસ્કારોના પોષણ બાદ જીવ કઇ જાતના સંસ્કારે છેલ્લા બે પાંચ ભવોથી વળી રહ્યો છે તે શોધી કાઢીશું.

હવે આવીએ મૂળ વાત ઉપર.

પહેલી વાત છે ખાવાની વૃત્તિની. કહો -

(૧) રાતે પણ ખાવાના વિચારો વારંવાર આવે છે ?

(૨) ભોજન કરતાં કોઇ પણ સારામાં સારું બીજાને અનેક વાર આપણે આપી દીધું છે ?

(૩) ઉપવાસાદિ કરતાં આનંદ આવે છે કે પારણું કરતાં 'હાશ' થાય છે ?

(૪) દ્રવ્યનો અને રસનો ત્યાગ આપણે હંમેશાં કરીએ છીએ ?

(૫) સ્વપ્નમાં પેટ ભરીને ખાધું કે અમુક સારી વસ્તુ ખૂબ ખાધી એવું ઘણી વાર અનુભવ્યું છે ?

(૬) ઋક્ષભોજન તરફ આપણને સ્વાભાવિક રુચિ રહ્યા કરે છે ?

(૭) તપસ્વીઓના તપની આપણે ભારે અનુમોદના કરવાનું કદાપિ ચૂકતા નથી ને ?

આ સાતમાંથી જો પાંચ પ્રશ્નોના ઉત્તરો સંતોષકારક આવ્યા હોય તો પ્રાયઃ સમજી લેવું કે, ખાવાની વૃત્તિ ઘણી મંદ થતી ચાલી છે અને તેને પરિણામે એમ અવશ્ય કહી શકાય કે છેલ્લા સાત, આઠ, દસ ભવોમાં તિર્યંચના ભવ પ્રાયઃ નહિ કર્યા હોય. જો પાંચથી ઓછા ઉત્તરો સંતોષકારક હોય તો સમજી

લેવું કે છેલ્લા સાત આઠ ભવોમાં એકાદ બે ભવ તુચ્છ ગતિઓના અવશ્ય થયા હશે.

હવે બીજો અને છઠ્ઠો વિષયભોગની વૃત્તિ અને અદેખાઇ :

(૧) સ્વપ્નમાં મૈથુન સેવ્યાના અનુભવો માસમાં બે-ત્રણ વાર થાય છે?

(૨) સ્ત્રી જોઈને હૃદયમાં ચીરાડો પડે છે ?

(૩) સ્ત્રી તરફ લાગણીનો ભાવ રહે છે ?

(૪) યુગલને જોતાં એનો સંસાર યાદ આવે છે ?

(૫) સુખશીલતાની વૃત્તિ જોરદાર રહે છે ?

(૬) સારા કપડાં પહેરવાનું વધુ ગમે છે ?

(૭) પરના સુખ ઉપર અંજાઈ જવાય છે ?

અહીં સાતમાંથી પાંચના ઉત્તરો 'હા'માં આવે તો સમજવું કે છેલ્લા સાત-આઠ ભવોમાં ત્રણ-ચાર ભવ દેવલોકના થયા હશે. દેવલોકના ભવ એટલે ભોગના ભવ. મહામહેનતે મેળવેલી થોડી ઘણી આત્મભાવની પૂંજીને બરબાદ કરવાની શક્યતાવાળા ભવ. એનેય આપણે સારા તો કેમ જ માનીએ ?

ત્રીજો અને ચોથો વિષય : કષાયવૃત્તિ અને સ્વાર્થસાધુતા.

(૧) જરાતરામાં મોં લાલચોળ થઇ જાય છે ?

(૨) નાની નાની વાતોમાં ચિડાઇ જવાય છે ?

(૩) વર્ષમાં એક બે વાર બહુ જ ભયંકર ક્રોધ આવે છે ?

(૪) સ્વાર્થ હણાતાં ઉશ્કેરાટ આવી જાય છે ? યાવત્ હિંસકવૃત્તિ પણ ઉગ્ર બને છે ?

(૫) ક્રોધને દબાવવો હોય તો ય ખૂબ મહેનત પડે છે ?

(૬) સ્વાર્થ સાધવા માટે બીજા નિર્દોષનો વિચાર પણ ન આવે તેવું ક્યારેક બને છે ?

(૭) આપણી છાપ ક્રોધી તરીકેની છે ?

અહીં પણ સાતમાંથી પાંચનો જવાબ હકારમાં આવે તો સમજવું કે જીવ વધુ ખરાબ સ્થિતિમાં અથડાઇ રહ્યો છે. અને તાજી જ નરકોની મુસાફરી કરીને આવેલો દેખાય છે.

સાતમો અને આઠમો વિષય :

(૧) અવસરે મહિનામાં એકાદ વાર પ્રભુ પાસે રડી પડો છો ?

(૨) પ્રભુના માર્ગ પ્રતિ બહુમાનભાવ રહ્યા કરે છે ?

(૩) ગુરુદેવને તમારા જીવનનું સર્વસ્વ સમજો છો ?

(૪) પ્રભુના શાસન માટે કાંઇક કરી છૂટવાની તમન્ના સતત સેવો છો?

(૫) પરમાર્થ કરવો ગમે છે ?

(૬) સહુને પોતાનું આપી છૂટવાની વૃત્તિ થાય છે ?

(૭) લોકો તમને દિલાવર દિલના માણસ કહે છે ?

જો પાંચનો ઉત્તર હકારમાં છે તો સમજવું કે આપણે છેલ્લે છેલ્લે સુધરી ગયા છીએ. માનવભવોને પ્રાપ્ત કરી માનવતાને અજવાળીને આવ્યા છીએ. મુનિજીવન પ્રાપ્ત કરીને ધન્ય બન્યા છીએ.

પણ આ ગુણો હોવા સાથે શુભ કાર્યોમાં જો અધીરાઇ, 'ઉતાવળીયાપણું' હોય અને તેને લીધે અવારનવાર ઉત્તરગુણોમાં કે ક્વચિત્ મૂળગુણોમાં ઘાલમેલ કરી દેતા હોઇએ અને પછી પ્રાયશ્ચિત્ત પણ ન કર્યા હોય તો સમજવું કે મુનિજીવનની પૂર્વસાધના વિરાધનાવાળી શુદ્ધ અને સ્થિર થઇ નથી. એ અશુદ્ધિને લીધે ન્યાયનિષ્ઠાપૂર્વક કોઇ કાર્ય કરવા છતાં તેમાં નિષ્ફળતાઓ, અપયશ વગેરે સાંપડ્યા કરે છે. હવે અહીં તે અશુદ્ધિને નિર્મૂળ કરવા કટિબદ્ધ થવું જ જોઇએ. અન્યથા ચાંચલ્યાદિ દોષો જશે નહિ.

ઉપરના ચાર પ્રકારના જીવન વિચારીને તમે તમારા ભૂતકાળનું અનુમાન અવશ્ય કરી શકશો.

અને હવે પછી રહી ભાવિની વાત.

જો તમે ગુરુ સાથે માયા કરો છો, જો તમે કાંઇક વક્ર છો, હૈયાથી કઠોર છો તો તમે દુર્ગતિમાં જવાના છો અને જો તમે તેવા નથી તો પણ સરળ, ઉદાર, ખેલદિલ અને ગુરુભક્ત છો, શાસન માટે કાંઇક કરી છૂટવાની તમન્નાવાળા છો તો તમે અવશ્ય મનુષ્યાદિ સદ્ગતિમાં જઇ તમારા જીવનમાં ભવ્યયોગ સાધીને ટૂંકા જ સમયમાં મુક્તિગામી બનવાના છો એ નિઃસંદેહ છે.

# ૨૭

# મુમુક્ષુને સંદેશ

· એલા ઓ મુમુક્ષુ ! જરા સાંભળતો જા. સંયમના માર્ગે હાંફળોફાંફળો થઈને દોડ્યો જાય છે પણ બે અક્ષર કાને નાંખતો જા. ભઈલા ! આ અનુભવની વાણી તારા હૈયે ધરતો જા. ઉતાવળો થા મા. ઠરીને બેસ. સાંભળ મારા બે બોલ.

જો ભાઈ, તું જે માર્ગે જાય છે એ છે તો ખાંડાની ધાર જેવો. સંયમ એટલે ઇન્દ્રિયો ઉપર સંપૂર્ણ નિયમન કેળવવાનું જીવન. વિષય-કષાયોથી સર્વથા વિમુક્ત થવા માટેની કઠોર સાધના ! કડવા સત્યને સમજવાનો અને પચાવવાનો સુવ્યવસ્થિત પ્રયોગ. તારા ખ્યાલમાં આ બધું હશેસ્તો. તારા ગુરુદેવે તને આ સઘળુંય શીખવી દીધું હશે છતાં તને કહું છું, ભઈલા, આવા સંયમને સફળ બનાવવું હોય તો ખૂબ ભવભીરું બની જજે.

પરલોકનું ચલચિત્ર જેની આંખેથી પસાર થઇ રહ્યું હોય, એકેકા કર્મના કડવા-મધુરાં ફળ શાસ્ત્રચક્ષુથી જે જોઇ રહ્યો હોય એ આત્મા પાપથી સદૈવ ભીરુ હોય. પાપ કરવાથી એ બાર કદમ દૂર જ ઊભો હોય. પાપનું નામ સાંભળતાં પણ એના દિલમાં કમકમાટી ઉત્પન્ન થઇ જતી હોય. પાપનું સ્મરણ કરતાં ય એ ધ્રૂજી ઊઠતો હોય. કેમ ? કેમકે એ પાપના વિષફળો એની આંખ સામે આવીને ઊભા રહે છે. એની નજર સામે સાતમી નારકના જીવનોની ભયંકર યાતનાઓ જુએ છે અને રુએ છે. ભાવશૂન્ય ધર્મક્રિયાથી મળેલા પુણ્યને ભોગવતા દેવોની દીનતા દેખે છે અને હસે છે. એમની દયા ખાય છે અને ભાલથી મઘમઘતાં પુષ્પોના ફળરૂપે મહાસંયમી મુનિઓના અપ્રમત્ત જીવનને જોઇને શ્વાસમાં સો સો વાર ઝૂકે છે અને ઝૂકતાં ઝૂકતાં ય એની છાતી ગજગજ ફૂલે છે.

ભઈલા, ભવભીરુ બનીશ તો તારો સંયમમાર્ગ તો કઠોર નહિ રહે પણ પુષ્પની પાંખડીથી ય એ તને સુંવાળો, મજાનો, મોહક લાગશે. કઠોર કષ્ટને ભોગવવાથી દુર્ગતિના કરોડો ફેરા તૂટી પડતા હોય અને એ ફળ જેને આંખ સામે દેખાતું હોય એને સંયમના કષ્ટમાં કઠોરતાનું દર્શનેય ક્યાંથી થાય ?

આવું સંયમ એને મન તો અમૃતના ઘૂંટડાથી ય વધુ પ્રસન્નતા આપનારૂં જ ન બને ?

ભઈલા, ફરી કહું છું. ભવભીરુ બનજે. સંયમજીવન જીવી જાણવું હોય તો ભવભીરું બની જજે. મારી વાતનો આ તો હજુ પાયો છે. ઈમારત તો વળી બીજી જ ઊભી કરવી છે. સંયમજીવનનો પાયો ભવભીરુતા અને ઈમારત છે ગુરુસમર્પણભાવ. ઈમારત તૈયાર થઇ એટલે એમાં રહેલી સાધનાની શય્યામાં સમતાની સાથે આનંદવિભોર બનીને રહેવાનું, અનુત્તરના દેવો પણ ઈર્ષ્યા કરે એવી મોજ માણવાની.

છતાં મેં પહેલી વાત પાયાની કરી. ઈમારત પણ પાયા વિના તો ક્યાં ઊભી કરવી ? પણ આ પાયો એવો છે કે, એ ઊભો થયો એટલે ઈમારતને ઊભી થતાં વાર જ ન લાગે. ભઈલા, ભવથી ગભરાયો, પાપથી ભડકીને જે ભાગ્યો એ ક્યાં જઇને ઊભો રહેવાનો વારુ ? પાપને પણ જે મૂઠીમાં ચોળી નાંખે છે, પાપના બાપને ય જે પોતાના પગ નીચે કચડી શકે છે, પાપના તાપથી જે કદીય આકર્ષાતા નથી એવા ગુરુદેવના શરણે ગયા સિવાય બીજે ક્યાં જઇને ઊભવું ? પાપથી ભાગ્યા પણ પાપ ઊંઘમાં ય ન કનડે, જાગતાં ય બનાવી ન જાય તેવી કાબેલિયત તો ગુરુ-ભગવંત સિવાય કોણ શીખવી શકે ?

ગુરુ પંચમહાવ્રત-વિશુદ્ધ હોય પછી ગમે તેવા કઠોર હોય, ગમે તેવા વિલક્ષણ પ્રકૃતિવાળા હોય પણ ભઈલા, તારે તો તેને ગૌતમ જ ધારવા હોં ! ભવસાગરમાં ડગમગતી નાવના એ જ સફળ સુકાની છે એ રીતે સદૈવ તારા આત્માને ભાવિત કરવો. એટલું જ નહિ, પણ પતિવ્રતા સ્ત્રી પોતાના પતિની સેવામાં જ જેમ સદૈવ નિરત હોય; એ વાસણ માંજે કે માથે બેડું લઇને તળાવે પાણી ભરવા જાય, છોકરાને નવડાવે કે ધવડાવે પણ એનું મન તો એના પતિમાં જ ચોંટેલું હોય, એ જ રીતે તું ભણતો હોય કે ગણતો હોય, મોટો બડભાગી વક્તા બનીને દેશના દેતો હોય કે છાપરે ચડીને શાસનના કાર્યો કરવા પોકાર પાડતો મોટી માનવમેદનીને સંબોધતો હોય, પણ હૈયે તો એ ગુરુ જ રમતા હોય, હોઠે એનો જ નામોચ્ચાર ચાલતો હોય, માથે એ શિરછત્ર જ દેખાતા હોય. ભઈલા ! સાધુતાનો પમરાટ માણી જાણવો હોય તો ગુરુને ન ખોઈશ, ગુરુને ન ભૂલીશ, ગુરુને ન અવગણીશ. ગુરુ દીવો ગુરુદેવતા... એ શ્લોક તારા હૈયે લગાડી નાંખજે.

પછી ચાલ્યો જજે સાધનાની કેડીએ સપાટાભેર ! તારા તારક ગુરુભગવંતના ચૂમતો રહેજે ચરણ. લેજે એમનું સાન્નિધ્ય, ધ્યાતો રહેજે એ ધર્મપૂત ગુરુદેવનું ધ્યાન. પછી તે સાધનાની ફલશ્રુતિ તરીકે તારી ભવભીરુતા જ તને તારી જાતનો ગુરુ બનાવી દેશે. તારો સમર્પિતભાવ સમસ્ત ભવ્યાત્માનું ગુરુપદ અર્પશે, પણ તો ય ગુરુદેવને તો તસુભર પણ વેગળા ન મૂકીશ. ઓ ભઈલા, તુંહી...તુંહી...ના તેના ગાનમાં બસ ગાંડો બની રહેજે.

જા, જા, હવે તું જા ને. મેં રોકી રાખ્યો. તારો સમય લીધો. હશે, ભઈલા, આ વાત તને ખૂબ જ લાભદાયી બનશે. એ તારા જીવના દેદાર બદલી નાંખશે, તારા દિમાગને તર કરી નાંખશે, તારા દિલને ઠારી દેશે. તારું જીવન ધન્ય બનશે. તું કૃતપુણ્ય બનીશ. સહુ તને જીવનની ઉન્નત ગતિનું લક્ષ્ય બનાવશે. તારું જીવન પ્રેમથી ભરાશે, તારું હૈયું પ્રેમનું સરોવર બનશે. તારી આંખોમાં પ્રેમ છલકાશે. અરે ! તારા રોમરોમમાં પ્રેમભર્યાં સરોવરો ઊભરાઈ જશે.

ભઈલા, તારા માર્ગે જતાં તને અનેક સાધકો અનેક પ્રકારની, ભાતભાતની સલાહો આપશે, અનેક વાતો સુણાવશે. એ બધા પાસે મારી વાતની તતૂડી તો બિચારી કાંઇ જ કિંમતની નહિ હોય, છતાં જીવનના સમગ્ર અનુભવમાંથી, જીવનની સમગ્ર સાધનામાંથી, જીવનમાં ઝીંકાયેલાં અનેક તોફાનો અને તુમુલોમાંથી, જીવનમાં થઇ ગયેલાં મનના સેંકડો વલણોમાંથી મેં આ નવનીત તારવ્યું છે. મારે મન તો એની કિંમત નવલખા હારથી ય અધિક છે. આની પાસે સુરતરુના ફળ પણ મારે મન કશી વિસાતમાં નથી.

ભઈલા, જા તારા માર્ગે. અનંત આશિષો મારા અંતરથી તને અર્પું આ મંગળમય પ્રસંગે. અને સાથે સાથે ફરી કહી દઉં કે તારી સમગ્ર શક્તિના ભોગે પણ તું ભવભીરુતાને પ્રાપ્ત કરજે. તારી કાયાના શતશઃ ટુકડા કરવા પડે તો કરીને પણ તારા અનન્ય તારક, અનન્ય સહાયક, તારા જીવનસર્વસ્વ એ પ્રાણદાતા, સંયમદાતા, મુક્તિદાતા તારા પિતાને, એ તારી વહાલી માને સદૈવ સમર્પિત રહેજે. એ ભાવસમર્પણની કાંકરીને પણ ખરવા દઈશ ના. જા ભઇલા, તારું કલ્યાણ હજો. ભવોભવ તને ભાવસમર્પણની સ્પર્શના હજો. તારો નિસ્તાર શીઘ્ર થજો.